# દૈનિક મુંબઈ સમાચાર


સૌરાષ્ટ્ર આવૃત્તિ

R.N.I. No. GUJ GUJ /2013/58486 ★

મુંબઈથી પ્રસિદ્ધ થતું ■ સ્થાપનાઃ ૧ જુલાઈ ૧૮૨૨ ■ પુસ્તકઃ ૨૦૨ ■ Volume 66 ■ Issue 217 ■ વિક્રમ સંવત ૨૦૭૯

■ નિજ શ્રાવણ વદ - 30 ■ મુંબઈ ■ MUMBAI SAMACHAR ■ www.bombaysamachar.com ■ 14 September 2023, Thursday ■ REGD.No. MCS/058/2018-20

ગુરુવાર, ૧૪ સપ્ટેમ્બર ૨૦૨૩, કિંમત ₹ ૧૦.૦૦ | લાડકી પૂર્તિ | LIKE & FOLLOW: /Mumbaisamachar4u

વાંચો સાતમા પાને રાષ્ટ્રસંત પૂ. ગુરુદેવ નમ્રમુનિની કલમે નમ્રવાણી

# મીડિયા ટ્રાયલ પર સુપ્રીમ કોર્ટની લાલ આંખ ગૃહ મંત્રાલય બે મહિનામાં ગાઈડલાઈન બનાવે

(અમારા પ્રતિનિધિ તરફથી)

સુપ્રીમ કોર્ટે કેન્દ્રીય ગૃહ મંત્રાલયને ૨ મહિનાની અંદર ફોજદારી કેસોમાં મીડિયા બ્રીફિંગ અંગે માર્ગદર્શિકા તૈયાર કરવાનો નિર્દેશ આપ્યો છે. ચીફ જસ્ટિસ ડીવાય ચંદ્રચુડની આગેવાની હેઠળની બેન્ચે કહ્યું હતું કે પક્ષપાતી રિપોર્ટિંગને કરને લોકો માની બેસે છે કે આરોપીએ ગુનો કર્યો છે.

બેન્ચે કહ્યું કે કેટલીકવાર મીડિયા રિપોર્ટ્સ પીડિતની પ્રાઈવસીનું પણ ઉલ્લંઘન કરે છે. બેન્ચે તમામ રાજ્યોના પોલીસ મહાનિર્દેશકો (ડીજીપી) ને આદેશ આપ્યો છે કે તેઓ ગુનાહિત કેસોમાં પોલીસ મીડિયા બ્રીફિંગ માટે નિયમો તૈયાર કરવા અંગે ગૃહ મંત્રાલયને એક મહિનાની અંદર સૂચનો આપે. સુપ્રીમ કોર્ટે કહ્યું કે, 'તમામ ડીજીપીએ એક મહિનાની અંદર ગૃહ મંત્રાલયને માર્ગદર્શિકા માટે તેમના સૂચનો આપવા. આ સાથે નેશનલ હ્યુમન રાઇટ્સ કમિશન (એનએચઆરસી)ના સૂચનો પણ ધ્યાનમાં લઈ શકાય. સુપ્રીમ કોર્ટે ઈલેક્ટ્રોનિક મીડિયામાં રિપોર્ટિંગની નવી પદ્ધતિઓ અંગે પણ ધ્યાન દોર્યું મૂક્યો હતો. ચીફ જસ્ટિસે આને ખૂબ જ મહત્વનો મુદ્દો ગણાવતા કહ્યું કે, એક તરફ લોકોને માહિતી આપવી જરૂરી છે, તો બીજી તરફ જો તપાસ દરમિયાન કોઈપણ પ્રકારના પુરાવા જાહેર થઇ જાય તો તેની અસર તપાસ પર પડી શકે છે. આ સાથે આરોપીઓના અધિકારો અંગે વાત કરતા સુપ્રીમ કોર્ટે કહ્યું કે મીડિયા ટ્રાયલ કરીને કોઈને ફસાવવાનું અયોગ્ય છે. સુનિશ્ચિત કરવું જોઈએ કે કોઈ પણ ઘટસ્ફોટની મીડિયા ટ્રાયલ ન થવી જોઈએ જેથી આરોપીને અગાઉથી ગુનેગાર ગણવામાં ન આવે.

સુપ્રીમ કોર્ટ મીડિયા બ્રીફિંગ દરમિયાન પોલીસ દ્વારા અપનાવવામાં આવેલી પદ્ધતિઓ અંગેની અરજી પર સુનાવણી કરી રહી હતી, જેની તપાસ ચાલી રહી છે. હવે આ કેસની સુનાવણી આવતા વર્ષે જાન્યુઆરી ૨૦૨૪ના બીજા સપ્તાહમાં થશે.

છેલ્લા એક મહિના કરતાં વધુ સમયથી મેઘરાજાએ સૌરાષ્ટ્રમાં વિરામ લીધો છે. જેના કારણે ખેતરમાં મગફળી સહિતના ઉભા પાક સૂકાઈ રહ્યા હોવાથી જગતને તાત પણ ચિંતિત બન્યો હતો. જો કે આજ રાજકોટ જિલ્લાના ગોંડલ તાલુકાના ગ્રામ્ય વિસ્તારમાં લાંબા વિરામ બાદ મેઘરાજાનું ધમાકેદાર આગમન થયું હતુ.

## મહારાષ્ટ્રના લાતુરમાં ખીચડી ખાતા ૧૫ બાળકો બીમારઃ પ્રિન્સિપાલ સસ્પેન્ડ

લાતુર (મહારાષ્ટ્ર)ઃ મહારાષ્ટ્રના લાતુર જિલ્લામાં એક જિલ્લા પરિષદ શાળાના બાળકોમાં ફૂડ પોઇઝનિંગના લક્ષણો દેખાયા બાદ શાળાના પ્રિન્સિપાલને સસ્પેન્ડ કરી દેવામાં આવ્યા છે. પ્રાથમિક શિક્ષણ અધિકારીએ જણાવ્યું હતું કે ઉદગીર તહસીલના ટોંડરમાં જિલ્લા પરિષદ શાળાના બાળકોમાં ફૂડ પોઈઝનિંગના લક્ષણો દેખાયા બાદ આ શાળાના પ્રિન્સિપાલ ઈન્ચાર્જને સસ્પેન્ડ કરી દેવામાં આવ્યા છે અને તેમની સામે તપાસ શરૂ કરવામાં આવી છે. તેમણે કહ્યું હતું કે રસોઈયા સામે પણ કાર્યવાહી કરવામાં આવશે.

મળતી માહિતી મુજબ સ્કૂળના વિદ્યાર્થીઓને ભોજનમાં ખીચડી અને રાંધેલા ચણા પીરસવામાં આવ્યા હતા. ભોજન કર્યા બાદ ૮૭માંથી ૧૫ વિદ્યાર્થીઓમાં ફૂડ પોઈઝનિંગના લક્ષણો દેખાયા હતા. તેમને તાત્કાલિક સારવાર માટે ઉદગીરની સરકારી હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. બાકીના ૭૨ બાળકોની શાળામાં જ તહેસીલ આરોગ્ય અધિકારી દ્વારા તપાસ અને સારવાર કરવામાં આવી હતી. સારવાર બાદ તમામ બાળકોની હાલત સ્થિર છે.

## ભાવનગરની બસને રાજસ્થાનમાં અકસ્માતઃ ૧૨નાં મોત, ૨૦ ઘવાયા

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભાવનગરઃ ગોહિલવાડ પંથકમાંથી યાત્રાળુઓને મથુરા દર્શને લઇ જઇ રહેલી બસને રાજસ્થાનના ભરતપુર નજીક થયેલા ગમખ્વાર અકસ્માતમાં ૧૨ યાત્રાળુઓના કમકમાટી ભર્યા મોત થયાં હતાં જ્યારે ૨૦ યાત્રાળુઓ ઘાયલ થતા તમામને નજીકની હોસ્પિટલે ખસેડવામાં આવ્યાં હતા જેમાં ચારથી વધુની હાલત નાજુક બતાવાઇ રહી છે. આ ઘટનાને પગલે ભાવનગર પંથકમાં અરેરાટી ફેલાઇ ગઇ હતી. બીજી બાજુ અકસ્માતની જાણ થતાં વડા પ્રધાન નરેન્દ્ર મોદી, રાષ્ટ્રપતિ દ્રોપદી મુર્મૂ, કેન્દ્રીય ગૃહ પ્રધાન અમિત શાહ અને ગુજરાતના મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલે ઊંડા દુઃખની લાગણી વ્યક્ત કરી હતી. તેમજ મૃતકના વારસદારોને ક્રમશઃ બે લાખ અને ચાર લાખની સહાયની જાહેરાત કરી હતી.

રાજસ્થાનના ભરતપુર જિલ્લામાં બુધવારે સવારે ભાવનગરના યાત્રાળુઓની બસ અને ટ્રક વચ્ચે સર્જાયેલા અકસ્માતમાં ૧૨ યાત્રાળુઓનાં મોત થયાં હતા જેમાં અનેકની હાલત ગંભીર હતી, ૨૦થી વધુ લોકો ઘાયલ થયા હતા. પોલીસે ઘટનાસ્થળે પહોંચી રાહત અને બચાવ કામગીરી હાથ ધરી હતી. યાત્રાળુઓની આ બસ ભાવનગરથી ઊપડી હતી અને મથુરા તરફ જઈ રહી હતી.બસ ગુજરાતથી મથુરા જઈ રહી હતી ત્યારે જયપુર-આગરા હાઈવે પર નદબઈ પોલીસ સ્ટેશનની હદમાં જયપુર આગરા નેશનલ હાઈવે પર હન્તરા પુલ નજીક બસ બગડી હતી. ડ્રાઇવરે ત્યારે બસને ઊભી કરી દીધી હતી અને તેનું રિપેરિંગ કરી રહ્યો હતો. ત્યારે એકાએક આવેલા એક ટ્રકે બસને ટક્કર મારી હતી જેના પગલે આ દુર્ઘટના સર્જાઈ હતી.

પોલીસે આપેલી માહિતી અનુસાર ૧૧ લોકો ઘટનાસ્થળે જ મૃત્યુ પામી ગયા હતા. જ્યારે ૨૦ જેટલા લોકો ઘાયલ થયા હતા. તેમને હોસ્પિટલ સારવાર અર્થે ખસેડાયા હતા જેમાં વધુ એકનું મોત થયું હોવાનું જાણવા મળે છે. આ ગમખ્વાર અકસ્માતમાં અંતુભાઈ લાલજીભાઈ ગયાણી (ઉ.વ. ૫૫ વર્ષ), નંદરામ ભાઈ મથુરભાઈ ગયાણી (ઉ.વ.૬૮ વર્ષ), લલ્લુભાઈ દયાભાઈ ગયાણી, ભરતભાઈ ભીખાભાઈ, લાલજીભાઈ મનજીભાઈ, અંબાબેન જીણાભાઈ, કંબુબેન પોપટભાઈ, રામુબેન ઉદાભાઈ, મધુબેન અરવિંદભાઈ દાગી, અંજુબેન થાપાભાઈ અને મધુબેન લાલજીભાઈ ચૂડાસમાનાં મોત થયાં હતાં. દરમિયાન ઇજાગ્રસ્ત બાબુભાઈએ જણાવ્યું હતું કે, "અમારી બસમાં ડ્રાઇવર કંડક્ટર અને રસોયા સહિત ૬૪ મુસાફરો સવાર હતા. રાજસ્થાનના ભરતપુર નજીક બસની ડિઝલ પાઇપ ફાટતા બસ રોડની સાઇડમાં ઊભી હતી. તે સમયે કેટલાક લોકો બસની પાછળ ઊભા હતા. ટ્રક દ્વારા પાછળથી ટક્કર મારતા બસની પાછળ ઊભેલા ૧૧ લોકો અને બસની અંદર પાછળની સીટમાં બેસેલ ૧ વ્યક્તિ મળી કુલ ૧૨ લોકોનાં મોત થયાં છે. ઇજાગ્રસ્ત વ્યક્તિઓને ભરતપુરની આર. બી. એમ હોસ્પિટલ ખાતે દાખલ કરવામાં આવ્યા છે. મૃતકો ભાવનગર જિલ્લાના તળાજા તાલુકાના દિહોર ગામના રહેવાસી હોવાનું સામે આવ્યું છે. અકસ્માતની જાણ મૃતક અને પરિવારજનોને થતા જ પરિવારજનો રાજસ્થાન જવા માટે રવાના થઈ ચૂક્યા છે.

## I.N.D.I.A vs ભારત વિવાદ વચ્ચે બ્લુ ડાર્ટનો મોટો નિર્ણય તેના નામમાં 'ભારત' ઉમેર્યું

નવી દિલ્હીઃ દેશનું નામ ઇન્ડિયાથી બદલીને ભારત કરવાને લઈને રાજકીય વર્તુળોમાં ચાલી રહેલા વિવાદ વચ્ચે લોજિસ્ટિક્સ કંપની બ્લુ ડાર્ટે એક મોટી જાહેરાત કરી છે. કંપનીએ હવે તેની પ્રીમિયમ સર્વિસ ડાર્ટ પ્લસનું નામ બદલીને ભારત ડાર્ટ કરી દીધું છે, એમ બ્લુ ડાર્ટે બુધવારે એક કંપની ફાઇલિંગમાં જણાવ્યું હતું અને ઉમેર્યું હતું કે તે ભારતની વિશાળ જરૂરિયાતોને પૂરી કરવા માટેની કંપનીની અતૂટ પ્રતિબદ્ધતાને પ્રતિબિંબિત કરે છે. બ્લુ ડાર્ટે પોતાની પ્રીમિયમ સર્વિસ ડાર્ટ પ્લસનું નામ બદલતા હવે આ સેવા 'ભારત ડાર્ટ' તરીકે ઓળખાશે.

ઉલ્લેખનીય છે કે, રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ દ્વારા ૯ સપ્ટેમ્બરે G-20 કાર્યક્રમ દરમિયાન ભારત મંડપમ ખાતે આયોજિત ડિનર માટે મોકલવામાં આવેલા આમંત્રણ પત્રમાં ઇન્ડિયાને બદલે ભારત શબ્દનો ઉલ્લેખ કરવામાં આવ્યો હતો. તેમાં લખવામાં આવ્યું હતું કે આ આમંત્રણ 'ભારતના રાષ્ટ્રપતિ' દ્વારા મોકલવામાં આવ્યું છે. જેને લઈને રાજકીય ગરમાવો શરૂ થઈ ગયો હતો. આ મુદ્દો સોશિયલ મીડિયા પર પણ ચર્ચાનો વિષય બન્યો હતો. એવી અટકળો પણ છે કે ૧૮ સપ્ટેમ્બરથી શરૂ થઈ રહેલા સંસદના આગામી વિશેષ સત્રમાં દેશનું ઔપચારિક નામ બદલીને 'ભારત' કરવા પર ચર્ચા થઈ શકે છે. G20 સમિટમાં વડા પ્રધાન નરેન્દ્ર મોદીના સંબોધન દરમિયાન તેમની સામેની નેમપ્લેટ પર પણ ભારત નામનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. બ્લુ ડાર્ટ એક્સપ્રેસ લિમિટેડે તેના તમામ શેરધારકોને આ ફેરફાર સ્વીકારવાની અપીલ કરી છે.

## કેરળમાં નિપાહ વાયરસના પાંચ કેસ ૭૦૦ લોકોમાંથી ૭૭ હાઈ રિસ્ક પર

(અમારા પ્રતિનિધિ તરફથી)

કેરળમાં ગઈકાલે બુધવારે નિપાહ વાયરસના ચેપનો વધુ એક કેસ નોંધાતા રાજ્યના આરોગ્ય વિભાગની ચિંતા વધવા લાગી છે. આ સાથે રાજ્યમાં નિપાહના દર્દીઓની સંખ્યા વધીને પાંચ થઈ ગઈ છે. રાજ્યના આરોગ્ય પ્રધાન વીણા જ્યોર્જે જણાવ્યું હતું કે રાજ્ય સરકારે ચેપનો ફેલાવાને રોકવા માટે કન્ટેઈનમેન્ટ ઝોન બનાવ્યા છે. દર્દીઓના સંપર્કમાં આવેલા ૭૦૦ જેટલા લોકોની યાદી બનાવવામાં આવી છે. તેમાંથી ૭૭ લોકોને હાઈ રિસ્ક કેટેગરીમાં રાખવામાં આવ્યા છે.

આ જ સપ્તાહમાં નિપાહ વાયરસના ચેપને કારણે કેરળ રાજ્યમાં બે દર્દીઓના મોત પણ થયા હતા. રાજ્યના આરોગ્ય પ્રધાને એવી પણ આશંકા વ્યક્ત કરી હતી કે સમગ્ર રાજ્યમાં ચેપ ફેલાઈ જવાનો ભય છે. રાજ્ય સરકારે ચેપને રોકવા માટે ઘણા પગલાં લીધાં છે. હાઈ રિસ્ક કેટેગરીમાં રાખવામાં આવેલા લોકોને તેમના ઘરની બહાર ન નીકળવા માટે કહેવામાં આવ્યું છે.

આ રોગને કારણે જીવ ગુમાવનારા બંને દર્દીઓ જે માર્ગો પરથી પસાર થયા હતા એ માર્ગો લોકોને વિશે માહિતગાર કરવામાં આવ્યા છે, લોકો તે માર્ગોથી દુર રહેવા સલાહ આપવામાં આવી છે. કોઝિકોડ જિલ્લામાં જાહેર તહેવારો અને અન્ય કાર્યક્રમો પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે. કોઝિકોડ જિલ્લાની ૯ પંચાયતોના ૫૮ વોર્ડને કન્ટેઈનમેન્ટ ઝોન બનાવવામાં આવ્યા છે.

અહીં માત્ર ઈમરજન્સી સેવાઓને જ મંજૂરી આપવામાં આવી છે. આવશ્યક ચીજવસ્તુઓનું વેચાણ કરતી દુકાનોને સવારે ૭:૦૦ થી સાંજના ૫:૦૦ વાગ્યા સુધી ખોલવાની છૂટ છે. ફાર્મસીઓ અને આરોગ્ય કેન્દ્રો માટે કોઈ સમય મર્યાદા નથી. કન્ટેઈનમેન્ટ ઝોનમાં આવતા નેશનલ હાઈવે પર બસોને ન રોકવા માટે કહેવામાં આવ્યું છે.

કોઝિકોડમાં એક ૯ વર્ષનો બાળક પણ નિપાહ વાયરસથી સંક્રમિત છે, જેની સારવાર માટે સરકારે આઈસીએમઆર પાસેથી મોનોક્લોનલ એન્ટિબોડીઝ મંગાવી છે. બાળક વેન્ટિલેટર સપોર્ટ પર છે. આ વખતે કેરળમાં ફેલાઈ રેહેલો નિપાહ ચેપ બાંગ્લાદેશનો સ્ટ્રેઈન છે. તેનો ઇન્ફેકશન રેટ ઓછો છે, પરંતુ તેનો ડેથ રેટ દર વધારે છે.






## ઉત્તરાખંડથી યુપી સુધી વરસાદ

નવી દિલ્હીઃ આગામી દિવસોમાં દેશના કેટલાક ભાગોમાં વરસાદી માહોલ જોવા મળશે. હવામાન વિભાગના જણાવ્યા અનુસાર, આજે એટલે કે ૧૪ સપ્ટેમ્બર અને ૧૫ સપ્ટેમ્બરે પૂર્વ ભારતના રાજ્યોમાં ચોમાસું સક્રિય થશે. તે જ સમયે, મધ્ય ભારતમાં ૧૪ થી ૧૭ સપ્ટેમ્બર અને પશ્ચિમ ભારતમાં ૧૫ થી ૧૭ સપ્ટેમ્બર દરમિયાન ચોમાસાની વરસાદની ગતિવિધિઓ જોવા મળશે. આ સિવાય રાજસ્થાન અને ઉત્તરાખંડમાં પણ વરસાદ જોવા મળશે.

નવી દિલ્હી હવામાન વિભાગના જણાવ્યા અનુસાર આજે એટલે કે ગુરુવારે નવી દિલ્હીમાં લઘુત્તમ તાપમાન ૨૬ ડિગ્રી અને મહત્તમ તાપમાન ૩૫ ડિગ્રી નોંધાઈ શકે છે. સાથે જ આજે અહીં હળવો વરસાદ અથવા ઝરમર ઝરમર વરસાદ પણ જોવા મળી શકે છે. હવામાન વિભાગના જણાવ્યા અનુસાર નવી દિલ્હીમાં ૧૫ સપ્ટેમ્બરથી વરસાદની તીવ્રતા વધી શકે છે. નવી દિલ્હીમાં રવિવાર સુધી દરરોજ વરસાદની આગાહી કરવામાં આવી છે. ઉત્તર પ્રદેશના હવામાન વિભાગના જણાવ્યા અનુસાર આજે ઉત્તર પ્રદેશની રાજધાની લખનૌમાં લઘુત્તમ તાપમાન ૨૭ ડિગ્રી અને મહત્તમ તાપમાન ૩૪ ડિગ્રી રહેશે. આ સાથે આજે લખનૌમાં વાદળ છવાયેલા રહેશે અને વાવાઝોડાની સાથે એક-બે વરસાદી ઝાપટા જોવા મળશે. ગાઝિયાબાદની વાત કરીએ તો આજે અહીં લઘુત્તમ તાપમાન ૨૬ ડિગ્રી અને મહત્તમ તાપમાન ૩૪ ડિગ્રી રહેશે. આ સાથે અહીં આંશિક વાદળછાયું વાતાવરણ રહેશે. હવામાનની આગાહી કરતી એજન્સી સ્કાયમેટ અનુસાર, આજે ઓડિશા, તટીય આંધ્રપ્રદેશ, છત્તીસગઢ, મધ્યપ્રદેશ, વિદર્ભ અને તેલંગાણામાં કેટલાક સ્થળોએ ભારે વરસાદ સાથે હળવાથી મધ્યમ વરસાદની શક્યતા છે. આ સાથે ઉત્તરાખંડ, હિમાચલ પ્રદેશ, ઉત્તર પંજાબ, હરિયાણાના ભાગો, પશ્ચિમ મધ્ય પ્રદેશ, પૂર્વ રાજસ્થાન, ઝારખંડ, ઉત્તર પ્રદેશ, બિહાર, પશ્ચિમ બંગાળ, લક્ષદ્વીપ, આંદામાન અને નિકોબાર ટાપુઓ, સિક્કિમ, ઉત્તરપૂર્વ ભારતમાં હળવો વરસાદ જોવા મળી રહ્યો છે. મરાઠવાડામાં હળવો વરસાદ પડી શકે છે. જમ્મુ અને કાશ્મીર, દિલ્હી, પૂર્વ ગુજરાત, મધ્ય મહારાષ્ટ્ર, આંધ્રપ્રદેશના દક્ષિણ કિનારા, આંતરિક કર્ણાટક અને તમિલનાડુમાં હળવો વરસાદ શક્ય છે.

## રેલવે અધિકારીના ઘરેથી મળી આવી કરોડોની રોકડઃ CBIએ કરી ધરપકડ

ગોરખપુરઃ કેન્દ્રીય તપાસ એજન્સી સીબીઆઇએ ભ્રષ્ટાચારના આરોપમાં ધરપકડ કરાયેલા ઉત્તર પ્રદેશના ગોરખપુર જિલ્લાના એક વરિષ્ઠ રેલવે અધિકારીના ઘરેથી ૨.૬૧ કરોડ રૂપિયાની રોકડ રિકવર કરી છે.

મળતી માહિતી મુજબ ઉત્તર પૂર્વ રેલવે, ગોરખપુરના અધિકારી કે.સી. જોશીની મંગળવારે સાંજે કોન્ટ્રાક્ટર પાસેથી ૩ લાખ રૂપિયાની લાંચ લેવાના આરોપમાં ધરપકડ કરવામાં આવી હતી. કોન્ટ્રાક્ટરે સેન્ટ્રલ બ્યુરો ઑફ ઇન્વેસ્ટિગેશન (CBI) નો સંપર્ક કર્યો હતો અને ફરિયાદ કરી હતી કે તેની કંપની ઉત્તર પૂર્વ રેલવે (NER) ને ઉત્પાદનો અને સેવાઓ પૂરી પાડે છે અને તેને કરારના આધારે ત્રણ ટ્રક સપ્લાય કરવાનો કોન્ટ્રાક્ટ મળ્યો હતો, જેના માટે તેને મહિને ૮૦,૦૦૦ રૂપિયા મળવાના હતા. કોન્ટ્રાક્ટરે આરોપ લગાવ્યો હતો કે જોશી સરકારી ઈ-માર્કેટપ્લેસ (GeM) વેબસાઈટ પરથી તેની ફર્મનું રજિસ્ટ્રેશન રદ કરવાની અને તેનો કોન્ટ્રાક્ટ સમાપ્ત કરવાની ધમકી આપીને ૭ લાખ રૂપિયાની લાંચ માંગી રહ્યો હતો.

અધિકારી વિરુદ્ધ ફરિયાદ મળ્યા બાદ , CBIએ મંગળવારે છટકું ગોઠવ્યું હતું અને ફરિયાદી પાસેથી લાંચ લેતા આરોપી જોશીને રંગે હાથે પકડી લીધો હતો. આ પછી સીબીઆઈએ ગોરખપુર અને નોઈડામાં આરોપી રેલવે અધિકારી કે.સી. જોશીના રહેણાંક મકાનોની તપાસ કરી હતી અને તેના ઘરમાંથી ૨.૬૧ કરોડ રૂપિયા રિકવર કર્યા હતા.

સીબીઆઇ અધિકારીઓએ આરોપીનો મોબાઇલ ફોન, ફાઇલો અને હાર્ડ ડિસ્ક જપ્ત કરી છે. આરોપી રેલવે અધિકારીને લખનઊ લાવવામાં આવ્યો છે. તેની પૂછપરછ જારી છે. તપાસમાં આરોપીએ અનેક ચોંકાવનારા ખુલાસા કર્યા છે. તેને સીબીઆઇની સ્પેશિયલ કોર્ટમાં રજૂ કરવામાં આવશે. સીબીઆઇ આરોપીને રિમાન્ડ પર લેવાની તૈયારી કરી રહી છે

## સંસદના વિશેષ સત્રનો એજન્ડા જાહેર

નવી દિલ્હીઃ ૧૮મી સપ્ટેમ્બરથી સંસદનું પાંચ દિવસના વિશેષ સત્રનું આયોજન કરવામાં આવ્યું છે. આ પાંચ દિવસના સત્રમાં વિવિધ ખરડાઓ પર ચર્ચા કરવામાં આવશે. બુધવારે સરકારે આ અંગેની યાદી બહાર પાડી હતી. પ્રથમ દિવસે સંસદની ૭૫ વર્ષની યાત્રા પર વિશેષ ચર્ચા હાથ ધરવામાં આવશે, જેમાં સંવિધાન સભાથી સંસદની હજુ સુધીની કામગીરીના મહત્ત્વના વિષયો પર ચર્ચા કરવામાં આવશે. ચીફ ઈલેક્શન કમિશનર અને અન્ય ઈલેક્શન કમિશનરની નિમણૂક અંગેનો ખરડો ચર્ચા કરવા અને પસાર કરાવવાનું કામકાજ હાથ ધરાશે. ગયા ચોમાસુ સત્રમાં આ ખરડો રાજ્યસભામાં દાખલ કરવામાં આવ્યો હતો.

સંવિધાન સભાથી શરૂ કરી સંસદની ૭૫ વર્ષની યાત્રા-સિદ્ધિઓ, અનુભવો, સ્મૃતિ અને શું શીખવા મળ્યું તેના પર ચર્ચા હાથ ધરવામાં આવશે. સંસદના જૂના ભવનમાંથી સંસદની કાર્યવાહી નવા ભવનમાં શરૂ કરાશે, તેવી પણ સંભાવના છે. ધ એડવોકેટ્સ (અમેન્ડમેન્ટ) ખરડો, ૨૦૨૩ અને ધ પ્રેસ એન્ડ રજિસ્ટ્રેશન ઑફ પીરિયોડિકલ્સ ખરડો ૨૦૨૩ પણ વધુ કાર્યવાહી માટે લોકસભામાં રજૂ કરાશે. ત્રીજી ઑગસ્ટે રાજ્યસભામાં ખરડો પસાર કરવામાં આવ્યો હતો. ધ પોસ્ટ ઓફિસ ખરડો, ૨૦૨૩ ૧૦ ઑગસ્ટે રાજ્યસભામાં દાખલ કરવામાં આવ્યો હતો તે લોકસભામાં દાખલ કરવામાં આવશે, તેવું અધિકૃત બુલેટિનમાંથી જાણવા મળ્યું છે. ■

## સુરતમાં ૩૫ સ્થળે આઇ.ટી.ના દરોડા

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ સુરતમાં બુધવારે સવારે ડાયમંડ અને જ્વેલર્સ સાથે સંકળાયેલા ત્રણ ગ્રુપના ૩૫થી વધુ સ્થળોએ દરોડા પાડવામાં આવ્યા હતા. આવકવેરા વિભાગના આ મોટા ઓપરેશનથી ડાયમંડના વેપારીઓમાં સન્નાટો ફેલાઇ ગયો હતો. આ દરોડા દરમિયાન મોટા પાયે કરચોરી પકડવાની શક્યતા વ્યક્ત થઇ રહી છે.

સૂત્રોના જણાવ્યા અનુસાર સુરતમાં બુધવારે સવારથી ઇન્કમટેક્સ વિભાગની ટીમ દ્વારા પોલીસ સાથે સપાટો બોલાવવામાં આવ્યો હતો. એક જાણીતા જ્વેલર્સને ત્યાં હાલ સર્ચ ઓપરેશન હાથ ધરવામાં આવ્યું હતું. ■

મુંબઈ સમાચાર LIKE & FOLLOW: /Mumbaisamachar4u

## એક્સ્ટ્રા અફેર

ભરત ભારદ્વાજ
feedback@bombaysamachar.com

# નાગાલેન્ડમાં યુસીસી વિરોધી ઠરાવ સામે ભાજપ કેમ ચૂપ?

ભાજપ દેશભરમાં યુનિફોર્મ સિવિલ કોડ (યુસીસી) લાવવાની વાતો કરી રહ્યો છે અને તેનો વિરોધ કરી રહેલાંની ઝાટકણી કાઢી રહ્યો છે. સોશિયલ મીડિયા પર સક્રિય ભક્તોની ફૌજ તો યુનિફોર્મ સિવિલ કોડ (યુસીસી)નો વિરોધ કરનારાંને મુસલમાનોના દલાલ અને દેશવિરોધી પણ ગણાવી રહ્યા છે ત્યારે હમણાં એક રસપ્રદ ઘટના બની.

નાગાલેન્ડમાં નેશનલ ડેમોક્રેટિક પ્રોગ્રેસિવ પાર્ટી (એનડીપીપી)ની સરકાર છે અને મુખ્યમંત્રી પદે નેફ્યૂ રિયો છે. એનડીપીપી ભાજપના નેતૃત્વ હેઠળના એનડીએનો હિસ્સો છે અને ભાજપ મુખ્યમંત્રી નેફ્યૂ રિયોની સરકારમાં ભાગીદાર પણ છે. નાગાલેન્ડ વિધાનસભાએ હમણાં સર્વસંમતિથી એક ઠરાવ પસાર કર્યો કે, કેન્દ્ર સરકારના પ્રસ્તાવિત યુનિફોર્મ સિવિલ કોડ (યુસીસી)નો નાગાલેન્ડમાં અમલ ના કરાય. વિધાનસભાએ બીજો પણ એક ઠરાવ પસાર કર્યો છે કે, ફોરેસ્ટ કન્ઝર્વેશન (એમેડમેન્ટ) એક્ટનો પણ નાગાલેન્ડમાં અમલ ના કરાય.

યુનિફોર્મ સિવિલ કોડ (યુસીસી)નો આ સીધો વિરોધ છે ને આ વિરોધમાં ભાજપ પણ ભાગીદાર છે કેમ કે, વિધાનસભામાં સર્વસંમતિથી થયેલા ઠરાવમાં ભાજપના ધારાસભ્યોએ પણ સૂર પુરાવ્યો હતો, આ ઠરાવની તરફેણમાં મત આપ્યો હતો. ભાજપના ધારાસભ્યોએ યુનિફોર્મ સિવિલ કોડ (યુસીસી)નો અમલ પોતાના રાજ્યમાં નહીં કરવાના ઠરાવને ટેકો આપ્યો એ બદલ ભાજપે કોઈ પગલાં તો લીધાં નથી જ પણ એક હરફ પણ ઉચ્ચાર્યો નથી.

સોશિયલ મીડિયા પર યુનિફોર્મ સિવિલ કોડ (યુસીસી) મુદ્દે હાકલા પડકારા કર્યા કરતી નવરી જમાત પણ ચૂપ છે. એ લોકોને તો નાગાલેન્ડ વિધાનસભામાં આવો ઠરાવ પસાર થયો હશે તેની પણ ખબર નહીં હોય કેમ કે એ લોકો તો ભાજપની નેતાગીરી જે ચૂરણ ચટાડે એ ચાટીને ઓકવાનું કામ કરે છે. ભાજપના નેતા આ મુદ્દે બોલતા નથી તેથી સોશિયલ મીડિયાના કૂવામાંના એ દેડકાઓને બહાર શું બન્યું તેની ખબર જ નહીં હોય.

ખેર, એ કૂપમંડુકોની વાત કરીને સમય બગાડવા જેવો નથી કેમ કે મૂળ મુદ્દો ભાજપનાં બેવડાં ધોરણોનો છે. ભાજપ યુનિફોર્મ સિવિલ કોડ (યુસીસી) લાવવાની જોરશોરથી વાતો કરે ને તેમની જ સરકાર યુનિફોર્મ સિવિલ કોડ (યુસીસી) વિરોધી ઠરાવ પસાર કરે તેને શું કહેવાય ? અમે કરીએ એ લીલા ને બીજાં કરે એ છિનાળું.

બીજા કોઈ કૉંગ્રેસ કે ભાજપ વિરોધી પક્ષનું શાસન હોય એવા રાજ્યમાં આવો ઠરાવ પસાર થયો હોત તો અત્યાર લગી તો ભાજપની નેતાગીરીઓએ આભ તૂટી પડ્યું હોય એવો દેકારો મચાવી દીધો હોત પણ અત્યારે ભાજપની બોલતી બંધ છે. કારણ? અમે કરીએ એ લીલા ને બીજાં કરે એ છિનાળું.

આ વલણ એ વાતનો પણ પુરાવો છે કે, ભાજપ માટે સિદ્ધાંતો નહીં પણ સત્તા મહત્ત્વની છે. સત્તાને ખાતર ભાજપ યુનિફોર્મ સિવિલ કોડનો વિરોધ કરનારાંનો તળવાં પણ ચાટી શકે છે તેનો આ પુરાવો છે. ભાજપને સિદ્ધાંત વહાલા હોય તો તેણે સ્પષ્ટ રીતે મેસેજ આપવો જોઈએ કે, યુસીસી મુદ્દે ભાજપ કોઈ બાંધછોડ નહીં કરે, ભલે અમારા ધારાસભ્યો કેમ ના હોય. ભાજપે એવો મેસેજ આપવાના બદલે ચૂપકીદી સાધી છે.

ભાજપે હિંદુ આદિવાસીઓને ખાતર નાગાલેન્ડમાં યુસીસીનો અમલ નહીં કરવાનું વલણ અપનાવ્યું હોત તો પણ એમ માનીને મન મનાવીએ કે, હિંદુત્વના ખાતર ભાજપ આ બાંધછોડ કરી રહ્યો છે પણ એવું જરાય નથી. નાગાલેન્ડમાં ૮૮ ટકા પ્રજા ખ્રિસ્તી ધર્મ પાળે છે તેથી યુનિફોર્મ સિવિલ કોડનો અમલ ના થાય તેનો ફાયદો હિંદુ આદિવાસીઓને નહીં પણ ખ્રિસ્તીઓને થવાનો છે. મતલબ કે સત્તાને ખાતર ખ્રિસ્તીઓને પંપાળીને પણ ભાજપ યુસીસીમાં બાંધછોડ મુદ્દે તૈયાર છે.

ફોરેસ્ટ કન્ઝર્વેશન (એમેડમેન્ટ) એક્ટ વિવાદાસ્પદ છે ને તેના કારણે જંગલોનો નાશ થશે એવી આશંકા વ્યક્ત કરાઈ રહી છે. આ સંજોગોમાં નાગાલેન્ડ વિધાનસભાએ ફોરેસ્ટ કન્ઝર્વેશન (એમેડમેન્ટ) એક્ટનો અમલ નહીં કરવાનો ઠરાવ કર્યો ને ભાજપના ધારાસભ્યોએ તેને ટેકો આપ્યો એ સમજી શકાય કેમ કે વાત રાજ્યનાં હિતની છે. યુસીસીનો વિરોધ તો આદિવાસી પરંપરાના નામે ચોખ્ખેચોખ્ખું ખ્રિસ્તીઓનું તુષ્ટિકરણ છે ને દેશના હિતમાં પણ નથી એ જોતાં ભાજપ તેના વિરોધને સાંખી લે છે એ આઘાતજનક કહેવાય.

નાગાલેન્ડમાં યુસીસીનો અમલ કરવા સામેનો વિરોધ પાછો નવો નથી કે જેથી રાતોરાત આ ઠરાવ લાવી દેવાયો હોય ને ભાજપની નેતાગીરી ઉંઘતી ઝડપાઈ હોય. વાસ્તવમાં ત્રણેક મહિના પહેલાં જ મુખ્યમંત્રી નેફ્યૂ રિયોના નેતૃત્વમાં ૧૨ સભ્યોનું નાગાલેન્ડ સરકારનું પ્રતિનિધિમંડળ કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહને મળેલું.

આ બેઠકનું કારણ નાગાલેન્ડ ટ્રાન્સપરન્સી પબ્લિક રાઈટ્સ એડવોકેસી એન્ડ ડાયરેક્ટ-એક્શન ઓર્ગેનાઈઝેશન (NTPRADAO)ની ધમકી હતી. આ સંગઠને ધમકી આપેલી કે, નાગાલેન્ડ વિધાનસભા બહારના એટલે કે કેન્દ્રની ભાજપ સરકારના દબાણને વશ થઈને યુસીસીની તરફેણમાં બિલ પસાર કરશે તો તમામ ૬૦ ધારાસભ્યનાં સત્તાવાર નિવાસોને આગ લગાવી દેવામાં આવશે. આ ધમકીથી ફફડી ગયેલા નેતાઓ શાહની શરણમાં દિલ્હી દોડી ગયેલા.

આ બેઠક પછી રીયોએ જાહેરાત કરેલી કે, શાહે તેમને આશ્વાસન આપ્યું છે કે કેન્દ્ર સરકાર યુનિફોર્મ સિવિલ કોડના દાયરામાંથી ખ્રિસ્તીઓ અને આદિવાસી ક્ષેત્રોના અમુક હિસ્સાને છૂટ આપવા અંગે વિચારી રહી છે. રાજ્ય સરકારે સત્તાવાર રીતે આ જાહેરાત કરી ને એ વખતે પણ કેન્દ્ર સરકારે કે ગૃહ મંત્રાલયે આ મામલે કોઈ પ્રતિક્રિયા આપી નહોતી.

નાગાલેન્ડ વિધાનસભાના ઠરાવ પ્રમાણે, નાગાલેન્ડ એક ખ્રિસ્તી રાજ્ય છે અને બંધારણની કલમ ૩૭૧ (અ) પ્રમાણે રાજ્યનાં લોકોની ધર્મની બાબતમાં કેન્દ્ર કોઈ દખલ નહીં કરી શકે. આ દલીલ તો મુસલમાનોને પણ લાગુ પડે ને બીજાં ધર્મનાં લોકોને પણ લાગુ પડે કેમ કે બંધારણમાં તો બધાં માટે પર્સનલ લો છે.

યુસીસીનો અમલ કરવાનો આવે ત્યારે એ બધું નાબૂદ થવાનું જ છે તેથી નાગાલેન્ડને લગતી કલમ પણ નાબૂદ કરી જ શકાય પણ નાગાલેન્ડના રાજકારણીઓ એવું નથી ઈચ્છતા ને ભાજપ તેમાં સૂર પુરાવી રહ્યો છે. રિયો ભાજપના નથી તેથી ભાજપ તેમને કશું ના કરી શકે પણ પોતાના ધારાસભ્યો સામે તો પગલાં લઈ શકે પણ ભાજપ એ કરવા પણ તૈયાર નથી તેનો મતલબ શો? ■

## આજનું પંચાંગ

**પંડિત જિતેન હરિહર મહેસાણાવાળા**

(દક્ષિણાયન સૌરશરદઋતુ), ગુરુવાર, તા. ૧૪-૯-૨૦૨૩
બૃહસ્પતિ પૂજન, પીઠોરી અમાવસ્યા, દર્શ અમાવસ્યા.

- ભારતીય દિનાંક ૨૩, માહે ભાદ્રપદ, શકે ૧૯૪૫
- વિક્રમ સંવત ૨૦૭૯, શા. શકે ૧૯૪૫, નિજ શ્રાવણ વદ-૩૦
- જૈન વીર સંવત ૨૫૪૯, માહે નિજ શ્રાવણ, તિથિ વદ-૩૦
- પારસી શહેનશાહી રોજ ૩૦મો અનેરાન, માહે ૧લો ફરવરદીન, સને ૧૩૯૩
- પારસી કદમી રોજ ૩૦મો અનેરાન, માહે ૨જો અર્દીબહેશ્ત, સને ૧૩૯૩
- પારસી ફસલી રોજ ૨૪મો દીન, માહે ૮મો આવા, સને ૧૩૯૨
- મુસ્લિમ રોજ ૨૮મો, માહે ૨જો સફર, સને ૧૪૪૫
- મીસરી રોજ ૨૯મો, માહે ૨જો સફર, સને ૧૪૪૫
- નક્ષત્ર પૂર્વાફાલ્ગુની મધ્યરાત્રિ પછી ક. ૨૮-૫૩ (તા. ૧૫મી) પછી ઉત્તરા ફાલ્ગુની.
- ચંદ્ર સિંહમાં
- ચંદ્ર રાશિ નામાક્ષરઃ સિંહ (મ, ટ)
- સૂર્યોદયઃ મુંબઈ ક. ૦૬ મિ. ૨૭, અમદાવાદ ક. ૦૬ મિ. ૨૭ સ્ટા. ટા.,
- સૂર્યાસ્તઃ મુંબઈ ક. ૧૮ મિ. ૪૧, અમદાવાદ ક. ૧૮ મિ. ૪૩ સ્ટા. ટા.
- -: મુંબઈ સમુદ્રમાં ભરતી ઓટ :-
- ભરતી : સવારે ક. ૧૧-૫૨, રાત્રે ક. ૨૩-૫૬
- ઓટઃ સાંજે ક. ૧૭-૪૮, મધ્યરાત્રિ પછી ક. ૦૫-૪૩ (તા. ૧૫)
- વ્રત પર્વાદિઃ વિક્રમ સંવત ૨૦૭૯, 'આનંદ' નામ સંવત્સર પ્રારંભ, શાલિવાહન શક સંવત ૧૯૪૫, 'શોભન' નામ સંવત્સર, નિજ શ્રાવણ કૃષ્ણ - અમાવસ્યા. બૃહસ્પતિ પૂજન, પીઠોરી અમાવસ્યા, દર્શ અમાવસ્યા, વૃષભ પૂજન, માતૃકા દિન, દર્ભાહરણ, અમાવસ્યા વૃદ્ધિતિથિ છે. અન્વાધાન.
- શુભાશુભ દિનશુદ્ધિઃ શુભ કાર્ય વર્જ્ય છે.
- મુહૂર્ત વિશેષઃ મહારાષ્ટ્રમાં પીઠોરી અમાસના ઉત્સવની ઉજવણી ખેડૂતો, પશુ પાલકોમાં મહિમા ધરાવે છે. આજરોજ બળદ પૂજનનો મહિમા છે. તીર્થ યાત્રા, નાશિક-ત્ર્યંબકેશ્વર -હરિદ્વાર -રિષિકેશ-પ્રયાગ, સંગમ ઈત્યાદિમાં સ્નાનનો મહિમા. ખાખરાના વૃક્ષનું પૂજન.
- શ્રાવણ પર્વ મહિમાઃ બૃહસ્પતિ પૂજન, શ્રી દત્તમંદિર તીર્થ, સ્વામિ સમર્થ આદિ-ગુરુ મંદિર યાત્રાનો મહિમા છે. મંત્રનો સાર એ છે કે મહાદેવ સદાચારતા, સમર્થતા અને સંરક્ષક શક્તિનો પ્રત્યક્ષ બોધ પ્રદાતા છે, જેમ કાકડી વેલમાંથી જાતે જ અલગ થઈ લચી પડે છે એમ જ વિના કોઈપણ કષ્ટ મારું મૃત્યુ થાય. મૃત્યુ તો વિધાતાએ કર્મ પ્રારબ્ધ અનુસાર નિશ્ચિત કરેલું જ હોય છે, પણ જીવનકાળમાં જાણ્યે અજાણ્યે પણે કરેલાં કર્મ વ્યાધિરૂપે ભોગવવાં જ પડે છે તેનું શું? આને દૃષ્ટિ સમક્ષ રાખીને નિમ્નદર્શિત મંત્ર રચ્યો છે.
ત્ર્યંબકં યજામહે । જ્ઞાતાજ્ઞાત યત્ કિંચિત્ કર્મ કૃતેન મયા । ક્ષમસ્વમામ્ । ક્ષમસ્વમામ્ । તત્ સર્વાત મુક્તિ પ્રદો ભવ । મામુદ્ધારયોદ્ધારયા ।। ત્ર્યંબકં મહાદેવ ।
શિવ કલ્યાણકારી છે. જીવ-શરીર-આત્માના આશ્રય દાતા શીવ છે.
- આચમનઃ ચંદ્ર-ગુરુ ત્રિકોણ સુખી લગ્ન જીવન. ખગોળ જ્યોતિષઃ ચંદ્ર-ગુરુ ત્રિકોણ. સૂર્ય ઉત્તરા ફાલ્ગુનીમાં.
- ગ્રહ ગોચરઃ સૂર્ય-સિંહ, મંગળ-કન્યા, વક્રી બુધ-સિંહ, વક્રી ગુરુ-મેષ, શુક્ર-કર્ક, વક્રી શનિ-કુંભ, રાહુ-મેષ, કેતુ-તુલા, વક્રી હર્ષલ-મેષ, વક્રી નેપ્ચ્યુન-મીન, વક્રી પ્લુટો-મકર. ■

## મુખ્બિરે ઈસ્લામ

અનવર વલિયાણી
anwar.v@bombaysamachar.com

# હઝરત અબૂબ, સિદ્દીક સિરિયાથી મક્કા પહોંચ્યા ત્યારે અબૂ જહલે તેમને શું કહ્યું?

હઝરત અબૂબક્ સિદ્દીક રદ્દિયલ્લાહો અન્હો એક ઉદાર પ્રમાણિક વેપારી હતા. વેપાર અર્થે આપ મક્કાથી સિરિયા જતા હતા ત્યારે સિરિયાની સરહદ નજીક રાતવાસો કરવા આપ હઝરત રદ્દિયલ્લાહો અન્હોનો કાફલો રણ પ્રદેશના એક અવાવરા ખ્રિસ્તી દેવળ પાસે પહોંચ્યો. જ્યાં છેલ્લાં સો વર્ષથી યાદે ઈલાહીમાં મશગૂલ રહેતા એક પાદરી સાથે આપ હઝરત (રદ્દિ.)ની મુલાકાત થઈ. આપનો મુબારક હાથ ચૂમી લેતાં ઈસાઈ પાદરીએ તેમને થયેલ આસમાની બશારત (વધામણા)ની વાત કરતાં કહ્યું કે, આજે મારી વાતો પર કદાચ આપને વિશ્વાસ નહીં આવે પણ ધ્યાનથી સાંભળો. મક્કામાં અલ્લાહ તઆલાના અંતિમ નબી ટૂંક સમયમાં જાહેર થશે. આપ એ અંતિમ નબીના ખાસ સાથીદાર હશો. અંતિમ નબીની જે નિશાનીઓનું વર્ણન અમારી કિતાબોમાં છે (યાદ રહેવું ઘટે કે પયગંબર હઝરત ઈસા અલૈયાહ સલ્લામ્ પર નાઝિલ (ઊતરેલ) ઈશ્વરીય કિતાબ ઈંજલ (બાઈબલ)માં અલ્લાહ તઆલાઓ સ્પષ્ટ સંકેત આપેલ છે, કે ઈસા (અ.સ.) પછી હજુ એક પયંગબર આખરી નબી તરીકે આ ધરતી પર પધારશે. જેનું નામ 'અહમદ' હશે. હઝરત મુહંમદ (સલ)નું એક નામ એહમદ પણ છે. એમાં આપ હઝરત અબૂબક્ સિદ્દીક (રદ્દિ)નો પણ ઉલ્લેખ છે અને આપનું સંપૂર્ણ વર્ણન પણ એમાં છે. એટલે સુધી કે આપના કાંડાના તલનો પણ ઉલ્લેખ કરવામાં આવ્યો છે. જો આપ ઈબ્રાની ભાષા જાણતા હો તો અમારી કિતાબોમાં આપનું વર્ણન વાંચી શકો છો.

દેવળ પાસેના બીજા ઓરડામાં હઝરત અબૂબક્ સિદ્દીક (રદ્દિ.)ના આરામની વ્યવસ્થા કરવામાં આવી. રાતભર આપ પાદરીની વાતો પર ઊંડો વિચાર કરતા રહ્યા. બીજા દિવસે સવારમાં જ્યારે આપ ત્યાંથી રવાના થયા ત્યારે ઘરડા પાદરીએ કહ્યું કે, હઝરત! જ્યારે આપ (રદ્દિયલ્લાહો અન્હો)ને ફૈઝાને ઈલાહી (કૃપા, મહેરબાની)થી નવાઝવામાં આવે ત્યારે મને ભૂલતા નહીં, મારા માટે અવશ્ય દુઆ ફરમાવશો. પાદરીની આંખો અશ્રુભીની હતી.

હઝરત અબૂબક્ સિદ્દીક (રદ્દિ) ત્યાંથી રવાના થયા. કેટલોક સમય સિરિયા દેશમાં રોકાયા પછી રાત દિવસ મુસાફરી કરતા રહ્યા અને મક્કા શહેરની નિકટ પહોંચતા આપને એ ઈસાઈ પાદરીએ કહેલી વાતો યાદ આવી ગઈ. શહેરમાં દાખલ થતા આપ હઝરતની સામે અબૂ જહલ આવી પહોંચ્યો અને કહ્યું, આપ ઘણા સમય પછી પાછા ફરી પણ રહ્યા છો એટલે આપને કદાચ ખબર મળી નહીં હોય, કે અહીં મક્કામાં શું નવા જૂની થઈ રહી છે.

હઝરત અબૂબક્ સિદ્દીક (રદ્દિ.)એ ફરમાવ્યું, હું ઘણા સમય પછી પાછો ફર્યો છું એટલે મને અહીંની કાંઈ ખબર નથી.

અબૂ જહલે કહ્યું, અબ્દુલ્લાહના પુત્ર (હઝરત) મુહમ્મદ (સલ્લલ્લાહે વસલ્લમ્)ને તો આપ ઓળખો છો, એ પોતાના કબીલાના ઘણા જ ઉત્તમ માણસ છે. આખું શહેર એમની શરાફત (નિષ્ઠા, સદાચાર)ના ગુણ ગાય છે. પણ થોડાક સમયથી (હઝરત) મુહમ્મદ (સલ.) એક નવી અજીબોગરીબ વાત શરૂ કરી છે. તેઓ પોતાના ખુદાનો અંતિમ નબી પોતાને કહે છે અને કહે છે કે એક ફરિશ્તો મારી પાસે આસમાનથી વહી (દિવ્યવાણી) લાવે છે. હવે તો તેઓ ખુલ્લમખુલ્લા આપણા બાપ દાદાઓના ખુદાઓનું અપમાન પણ કરે છે. આપણા ખુદાઓથી દ્રોહ કરીને તેઓ લોકોને અણદીઠા (અદૃશ્ય) ખુદાની ઈબાદત કરવાનું કહે છે. મક્કા શહેરના રહેવાસીઓ તેમના પર ક્રોધિત થઈ ગયા છે. હમણા તો અબૂ તાલિબની ઝમાનતના કારણે તેમની પાસે કોઈ પ્રકારનાં પગલાં શક્ય નથી. પણ યાદ રાખજો કે જે દિવસે એ પોતાના ભત્રીજાની તરફેણ કરવાનું છોડી દેશે. એ દિવસે મક્કાની ધરતી તેમના માટે તંગ થઈ જશે. મક્કામાં, કોમમાં, કબીલાઓમાં આપ (રદ્દિયલ્લાહો અન્હો)ની બુદ્ધિ અને ગંભીરતા મશહૂર છે. આપની વાતોનું વજન પડે છે. અમને ઉમ્મીદ (આશા) છે કે આ દાવાને કચડી નાખવામાં આપ અમારી સહાયતા કરશો.

અબૂ જહલની વાતો સાંભળીને હઝરત અબૂબક્ સિદ્દીક રદ્દિયલ્લાહ અન્હોની નજર સામે નવજીવન, એક નવું ભવિષ્ય ચમકવા લાગ્યું. અંધકારમાંથી પ્રકાશ તરફ લઈ જતી એ હકીકતને લેખના આવતા અંકના ૪થા અને છેલ્લા ભાગમાં વાંચીશું. ઈન્શા અલ્લાહ.

**- કબીર સી. લાલાણી**

### આ ત્રણ મિત્રોમાં તમે કોની પસંદગી કરશો

એક માણસ હતો. તેના ત્રણ મિત્રો હતા. જેઓ પ્રત્યેક પળે સાથે રહેતા અને એકબીજાનો સંગ છોડતા નહોતા. આ માણસ આમાંના બે મિત્રો સાથે વધુ સદ્ભાવના દાખવતો જ્યારે ત્રીજા મિત્રની અવગણના કરતો. તેની સાથે ભેદભાવ રાખતો. આમ છતાં ત્રીજો મિત્ર તેની સાથે કોઈ સ્વાર્થ વગર તેનો સંગાથ છોડતો નહોતો.

એક વખત આ માણસ વિકટ પરિસ્થિતિમાં સપડાયો. કોઈક આરોપસર સિપાહીઓ તેને પકડીને લઈ ગયા અને ન્યાયાધીશ સમક્ષ હાજર કર્યો. આ બાબતની જાણ ત્રણે મિત્રોને કરવામાં આવી અને વિનંતી કરાઈ કે કોઈ ઉપાય કરી આ પરિસ્થિતિમાંથી પોતાને છોડાવવામાં આવે.

ન્યાયાધીશ બહુ હડક હતા. આથી એક મિત્રે અહીંતહીંના બહાના શોધી છટકી ગયો.

બીજો મિત્ર કોર્ટના દ્વાર સુધી તો આવ્યો પણ ન્યાય મંદિરની અંદર ન આવતા દરવાજાની બહાર જ ઊભો રહ્યો.

જ્યારે ત્રીજો મિત્ર કે જેના પ્રત્યે તે ભેદભાવ અને અણગમો રાખતો હતો, જેના પર તેને વિશ્વાસ નહિવત્ હતો તે વિના સંકોચે આગળ આવ્યો અને ન્યાયાધીશ સમક્ષ મિત્ર નિર્દોષ હોવાની સાક્ષી આપી. ન્યાયાધીશને તેની વાતમાં સંપૂર્ણ વિશ્વાસ હતો પરિણામે તેણે આ માણસને નિર્દોષ છોડી મુક્યો.

**બોધઃ** આ ત્રણ મિત્રો પૈકી પ્રથમ મિત્ર તે ધન. બીજો મિત્ર સગાંસંબંધીઓ અને ત્રીજો મિત્ર એટલે આમાલ (કર્મ). પ્રત્યેક વ્યક્તિના પછી તે પુરુષ હોય કે સ્ત્રી! તેના આ ત્રણ મિત્રો અવશ્ય હોય છે. જ્યારે માનવીની રૂહ (આત્મા) દેહ છોડે છે અને સર્વશક્તિમાન 'ન્યાયાધીશ' આગળ હાજર થાય છે ત્યારે મિત્રોમાં જેના પ્રત્યે તેને બહુમાન હતું તે 'માલ' અને 'દૌલત' તેને પ્રથમ છોડી જાય છે. બીજો મિત્ર 'સગાં' અને 'સંબંધી'ઓ કોર્ટના દરવાજા સુધી એટલે કે કબ્ર સુધી પહોંચાડી આઘાપાછા થઈ જાય છે. જ્યારે કે ત્રીજો મિત્ર કે જેના પ્રત્યે બહુ સદ્ભાવના દાખવી નહીં તે મિત્ર એટલે 'આમાલ' (કર્મ) કે જેણે છેવટ સુધી સાથ છોડ્યો નહીં અને 'ન્યાયાધીશ' સમક્ષ તેના નિર્દોષ હોવાની સાક્ષી આપી આકરી સજાથી તેને બચાવી લીધો.

સુજ્ઞ વાચક મિત્રો! તમે આ ત્રણ 'મિત્રો'માં સૌથી પહેલી પસંદગી કોની કરશો? હજુ શું વિચારો છો? સીના પર હાથ રાખીને, મન કહે તે નહીં, પણ દિલ કહે તેની પુકાર સાંભળો. હજી પણ મોડું થયું નથી.

**અમલ સે ઝિંદગી બનતી હય,**
**જન્નત ભી, જહન્નમ્ ભી;**
**યહ ખાકી અપની ફિતરત મેં,**
**ન નૂરી હય ન નારી હય.**

* * *

### આજનો સંદેશ

હસદ અર્થાત્ ઈર્ષા કરનારાનો અમલ (આચરણ) છઠ્ઠા આસમાન સુધી પણ નથી પહોંચતો તેને રસ્તામાંથી તેના મોં પર પટકી દેવામાં આવે છે. તે દુનિયા અને આખેરત (પરલોક) બંનેમાં પરેશાન રહે છે.

* દુનિયામાં પોતાના હસદને કારણે અને આખેરતમાં અઝાબ (યાતના, સજા)ના કારણે પરેશાન થતો રહેતો હોય છે.

* ખબરદાર, પરવરદિગારનાં કાર્યો પર એતરાજ (વાંધો, વિરોધ, શંકા) નહીં કરજો. એમ પણ નહીં બોલજો કે-

* હવા કેટલી બધી ગરમ અથવા ઠંડી છે,

- અથવા એમ કહેવું કે-

* કાશ, મને ખુદાએ માલદાર બનાવ્યો હોત!

* કાશ, મને શફા (તંદુરસ્તી) આપી હોત!

* કાશ, મારી ઔલાદ મારું મકાન, મારી મિલ્કત બચી જાત!

* કાશ, આમ થયું હોત અથવા આમન થયું હોત તો સારું થાત!

- આવું બધું બોલવું અલ્લાહની મસ્લેહત (ભેદ, મરજી, ઈચ્છા) પર એતરાજ (વાંધો) કરવા સમાન છે અને આખી ગણતરી છૂપા શિર્ક (અલ્લાહની બરોબર કોઈને સરખાવવાના મહા પાપ)માં થાય છે, ગુનામાં થાય છે. ■

# લિબિયાના પૂરનો મરણાંક ૫,૮૦૦થી વધુ

ડેર્નાઃ લિબિયાના પૂર્વ વિસ્તારમાં સ્થિત ડેર્નામાં રાહત બચાવ કાર્યકરોને બુધવારે ૨૦૦૦થી વધુ મૃતદેહો મળી આવ્યા હતા. ડેનિયલ વાવાઝોડાને પગલે ભારે વરસાદથી રવિવારે બે ડેમ તૂટી ગયા હતા અને ધસમસતા જળપ્રવાહથી દરિયાકિનારે આવેલા શહેરમાં ભારે તારાજી સર્જાઈ હતી. સમગ્ર લિબિયાના પૂર્વના વિસ્તારોમાં મરણાંક ૫,૮૦૦થી વધુ થયો હોવાનું અધિકારીઓ ભય સેવી રહ્યા છે. યુનાઈટેડ નેશન્સની એક એજન્સીએ કહ્યું કે ઓછામાં ત્રીસ હજાર લોકોનું સ્થળાંતર કરવામાં આવ્યું છે. ધ ઈન્ટરનેશનલ ઓર્ગેનાઈઝેશન ફોર માઈગ્રેશન કહ્યું કે માર્ગોને વ્યાપક નુકસાન થવાથી બચાવ રાહત ટુકડીઓ માટે શહેરમાં જવું મુશ્કેલ બન્યું છે.

પૂર્વી લિબિયાના આરોગ્ય પ્રધાન ઓથમેન અબ્દુલજલીલે કહ્યું કે બુધવારે સવારે ૨,૦૦૦થી વધુ મૃતદેહો મળી આવ્યા છે અને તેમાંથી અડધાથી વધુની સામૂહિક કબરોમાં અંતિમવિધિ કરવામાં આવી હતી. લિબિયાના પડોશી દેશો ઈજિપ્ત, અલઝિરિયા, ટ્યુનિશિયા તથા તુર્કીએ અને યુએઈ જેવા અન્ય દેશોએ બચાવ ટુકડીઓ અને અન્ય જીવનજરૂરી સાધનો મોકલ્યા છે. ■



**કવાયતઃ** ઈજિપ્તમાં યોજાયેલ 'બ્રાઈટ સ્ટાર ૨૦૨૩' કવાયત દરમિયાન ડિરેક્ટર જનરલ ઍર (ઑપરેશન્સ) ઍર માર્શલ સૂરત સિંહે આઈએએફની ટુકડીની મુલાકાત લીધી હતી. (એજન્સી)

# રાજકોટ જિલ્લા પંચાયતનાં નવા પ્રમુખ પ્રવીણા રંગાણી

અમદાવાદઃ રાજકોટ જિલ્લા પંચાયતના પ્રમુખ તરીકે પ્રવીણા રંગાણી, ઉપપ્રમુખ પદે રાજુ ડાંગર ઉપરાંત કારોબારી ચેરમેન તરીકે પી.જી. કિયાડાની નિમણૂક કરવામાં આવી હતી. નવનિયુક્ત મહિલા પ્રમુખ પ્રવીણા રંગાણીએ જણાવ્યું કે, ગ્રામ્ય વિસ્તારની મહિલાઓના વિકાસ માટે કામ કરીશ. રાજકોટ જિલ્લા પંચાયતમાં કુલ ૩૬ બેઠક છે. જેમાં ભાજપ પાસે ૨૪ અને કોંગ્રેસ પાસે માત્ર ૧૨ બેઠકો છે. આગામી અઢી વર્ષની ટર્મમાં જનરલ કેટેગરીના મહિલાની પસંદગી કરવાની હોવાનું રોટેશન સરકારે જાહેર કર્યું હતું. જે અંતર્ગત જિલ્લા પંચાયતનાં પ્રમુખ તરીકેની જવાબદારી રાજકોટ તાલુકાની કુવાડવા બેઠકનાં પ્રવીણા સંજયભાઈ રંગાણીને સોંપવાનો નિર્ણય કરવામાં આવ્યો હતો. ■

# ભાદરવી પૂનમના મહામેળાની તડામાર તૈયારીઓઃ

## ૨૦મી સુધીમાં કામ પૂરા કરવા સમિતિઓને સૂચના

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ અંબાજી ખાતે દર વર્ષે યોજાતો ભાદરવી પૂનમનો મહામેળો આ વર્ષે તા. ૨૩ થી ૨૯ સપ્ટેમ્બર-૨૦૨૩ દરમ્યાન યોજાનાર છે. આ મહામેળાની તૈયારીઓને આખરી ઓપ આપવા અંબાજી ખાતે શ્રી આરાસુરી અંબાજી માતા દેવસ્થાન ટ્રસ્ટના ચેરમેન કમ બનાસકાંઠા જિલ્લા કલેકટર વરુણકુમાર બરનાવાલના અધ્યક્ષસ્થાને અધિકારીઓની બેઠક યોજાઇ હતી. અંબાજી ભાદરવી પૂનમના મેળાની વ્યવસ્થા જાળવવા માટે કલેક્ટર દ્વારા સ્વચ્છતા, કાયદો અને વ્યવસ્થા સહિત જુદી જુદી ૨૮ જેટલી સમિતિઓની રચના કરવામાં આવેલી છે. તેમને પોતાને સોંપેલી કામગીરી આગામી તા. ૨૦ સપ્ટેમ્બર પહેલાં પૂર્ણ કરવા કલેકટરે તાકીદ કરી હતી.

કલેક્ટરે જણાવ્યું હતું કે અંબાજી આવતા પદયાત્રિકોને જરૂરી તમામ સુવિધાઓ સરળતાથી મળે અને સરસ દર્શન થાય તે માટે આપણે સૌએ સેવાભાવના સાથે કાળજીપૂર્વક કામગીરી કરવાની છે.

મેળા દરમિયાન સતત સ્વચ્છતા, યાત્રિકોની સુરક્ષા સહિત આરોગ્ય, આકસ્મિક સારવાર, મેળા દરમ્યાન પીવાના પાણીની સુવિધા, સતત વીજ પુરવઠો જાળવવા, દૂધ વિતરણ વ્યવસ્થા અને ખાદ્ય સામગ્રી વિતરણ તથા ચકાસણી, વાહન વ્યવહારને લગતા જાહેરનામાઓના અમલ માટે અંબાજી તરફના પ્રવેશમાર્ગો પરના નિયંત્રણ અને પાર્કિંગ, હોટલ અને ગેસ્ટ હાઉસ, ધર્મશાળા તપાસણી, પ્રવાસી વ્યવસ્થાપન અને યાત્રાળુઓ આવાસ, ગબ્બર ઉપર સંચાલન, ૫૧ શક્તિપીઠ અને લાઇટ એન્ડ સાઉન્ડ શૉ, રખડતાં ઢોરોનું નિયંત્રણ, સાંસ્કૃતિક કાર્યક્રમો, વી.આઇ.પી. પ્રોટોકોલ અને લાયઝન, ભોજન વ્યવસ્થા, પ્રસાદ વ્યવસ્થા, ભંડારા ગણતરી, ઇમરજન્સી રીસ્પોન્સ, વાહનોની ચકાસણી તથા પાસ આપવાની કામગીરી, મેળામાં વિખૂટાં પડેલ તેમજ ગુમ થયેલ બાળકો માટે હેલ્પ સેન્ટર અંગેની કામગીરી, અંબાજી ગ્રામ પંચાયત વ્યવસ્થા સંકલન, બેઝ કેમ્પ, પ્રચાર-પ્રસાર અને અંબાજી મંદિર વ્યવસ્થાપન સમિતિની કામગીરી અંગે વિસ્તૃત સમીક્ષા કરીને જરૂરી માર્ગદર્શન અને સૂચના આપી હતી. ■

# ગુજરાત એ દેશના અગ્રણી રાજ્યોમાં સ્થાન ધરાવે છેઃ રાષ્ટ્રપતિ

## વિધાનસભામાં રાષ્ટ્રીય ઈ-વિધાન એપ્લિકેશનનું ઉદ્ઘાટન

(અમારા પ્રતિનિધિ તરફથી)

ગાંધીનગરઃ ગુજરાત વિધાનસભા, ગાંધીનગર ખાતે આજે ભારતનાં રાષ્ટ્રપતિ શ્રીમતી દ્રૌપદી મુર્મૂજીના વરદ હસ્તે વિધાનસભા અધ્યક્ષ શંકરભાઈ ચૌધરી અને મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલની ઉપસ્થિતમાં ગુજરાત વિધાનસભા ખાતે 'રાષ્ટ્રીય ઈ-વિધાન એપ્લિકેશનું ઉદ્‌ઘાટન કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે રાષ્ટ્રપતિએ જણાવ્યું હતું કે વર્ષ ૧૯૬૦માં ગુજરાત રાજ્યની રચના થઈ ત્યારથી ગુજરાત વિધાનસભાએ હંમેશાં સમાજના હિતમાં કામ કર્યું છે.

આજે ઇ-એસેમ્બલીનું ઉદ્‌ઘાટન એ એક મહત્ત્વપૂર્ણ પગલું છે જે આ ગૃહને ડિજિટલ હાઉસમાં પરિવર્તિત કરશે. રાષ્ટ્રીય ઇ-વિધાન એપ્લિકેશન દ્વારા આ ગૃહના સભ્યો સંસદ અને દેશની અન્ય વિધાનસભાની શ્રેષ્ઠ પદ્ધતિઓ શીખી અને અપનાવી શકે છે.

તેમણે વિશ્વાસ વ્યક્ત કર્યો હતો કે એક રાષ્ટ્ર એક એપ્લિકેશનના ધ્યેયથી પ્રેરિત આ પહેલ ગુજરાત વિધાનસભાની કામગીરીમાં વધુ ઝડપ અને પારદર્શિતા લાવશે અને ગૃહની સમગ્ર પ્રક્રિયા પેપરલેસ હોવાથી પર્યાવરણનું પણ રક્ષણ થશે. રાષ્ટ્રપતિએ જણાવ્યું હતું કે ગુજરાત અનેક માપદંડો પર દેશના અગ્રણી રાજ્યોમાં સ્થાન ધરાવે છે. સ્ટાર્ટઅપ ઇકો-સિસ્ટમના સંદર્ભમાં અને રૂફ ટોપ સોલર પાવર જનરેશન અને વિન્ડ એનર્જી પ્રોડક્શનમાં ફ્રન્ટલાઈન રાજ્યોમાંનું એક છે.

રાષ્ટ્રપતિએ એવું પણ કહ્યું હતું કે કોઈપણ રાજ્યની આર્થિક પ્રગતિમાં માનવ સંસાધન મહત્ત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે.

તેમણે ઉમેર્યું હતું કે માનવ સંસાધનોના વિકાસ માટે લોકોને સારી આરોગ્ય વ્યવસ્થા, ગુણવત્તાયુક્ત શિક્ષણ, વીજળી અને પાણી જેવી પ્રાથમિક સુવિધાઓ પૂરી પાડવી મહત્વપૂર્ણ છે. ગુજરાત સરકારે આ પાસાં પર સંપૂર્ણ ધ્યાન આપ્યું છે તે જાણીને તેમને આનંદ થયો. સરકારના પ્રયાસોથી કન્યા શિક્ષણ, શિક્ષક-વિદ્યાર્થી ગુણોત્તર, નોંધણી ગુણોત્તર અને જાળવણી દરમાં અભૂતપૂર્વ સુધારો થયો છે. તેમણે ગ્રામીણ વિસ્તારોમાં ત્રિ-સ્તરીય આરોગ્ય પ્રણાલી દ્વારા પૂરી પાડવામાં આવતી સારી તબીબી સેવાઓની પ્રશંસા કરી હતી જેણે માતા મૃત્યુનું પ્રમાણ અને બાળ મૃત્યુદરમાં ઘટાડો કર્યો હતો.

ગૃહમાં મહિલા પ્રતિનિધિત્વ વિશે રાષ્ટ્રપતિએ કહ્યું હતું કે, જ્યારે મહિલાઓ દરેક ક્ષેત્રમાં શ્રેષ્ઠ પ્રદર્શન કરી રહી છે, પછી તે વિજ્ઞાન અને તકનિક હોય, સંરક્ષણ હોય કે રમતગમત, રાજકારણમાં પણ તેમનું પ્રતિનિધિત્વ વધવું જોઈએ. તેમણે કહ્યું કે દેશભરની શૈક્ષણિક સંસ્થાઓની તેમની મુલાકાત દરમિયાન, તેમણે જીવનમાં આગળ વધવાની અને દેશ અને સમાજ માટે કંઈક કરવાની છોકરીઓની આકાંક્ષા જોઈ. તેમણે ઉમેર્યું હતું કે મહિલાઓને યોગ્ય તકો આપવામાં આવે છે, તેઓ પુરુષો સાથે ખભેખભા મિલાવીને રાષ્ટ્ર નિર્માણમાં યોગદાન આપી શકે છે. તેમણે હાઇલાઇટ કર્યું કે દેશના સર્વાંગી વિકાસ માટે અડધી વસ્તીની ભાગીદારી ખૂબ જ મહત્ત્વપૂર્ણ છે.

જી-૨૦ સમિટ દરમિયાન ગ્લોબલ બાયોફ્યુઅલ એલાયન્સની રચનાનો ઉલ્લેખ કરતાં રાષ્ટ્રપતિએ વધુમાં કહ્યું હતું કે, પર્યાવરણીય સંરક્ષણ અને ઊર્જા આત્મનિર્ભરતા માટે આંતરરાષ્ટ્રીય સૌર ગઠબંધન પછી ભારતના નેતૃત્વમાં આ એક બીજું મહત્ત્વનું પગલું છે.

તેમણે ઉમેર્યું હતું કે ગુજરાત જેવા રાજ્ય માટે આ એક સારી તક છે જે ઊર્જાના નવીન અને બિન-પરંપરાગત સ્રોતોને પ્રોત્સાહન આપે છે. રાષ્ટ્રપતિએ કહ્યું હતું કે, લોકોના જીવનને સરળ બનાવવા માટે ટેકનોલોજી એ એક મહત્ત્વપૂર્ણ માધ્યમ છે અને ઇ-વિધાન ધારાસભ્યોને લોકો સાથે જોડાયેલા રહેવામાં વધુ મદદ કરશે. તેઓ ઈચ્છતાં હતાં કે સંસદીય શિષ્ટાચાર અને ગરિમા જાળવી રાખીને તેઓ આ ગૃહમાં લોકકલ્યાણની ચર્ચા કરવા માટે એક નવું ધોરણ સ્થાપિત કરશે. તેમણે ભારપૂર્વક જણાવ્યું હતું કે તેમના પ્રયાસો માત્ર ગુજરાતને વધુ સમૃદ્ધ રાજ્ય બનાવવા માટે જ નહીં, પરંતુ વર્ષ ૨૦૪૭ સુધીમાં ભારતને સંપૂર્ણ વિકસિત રાષ્ટ્ર બનાવવામાં પણ મહત્ત્વપૂર્ણ રહેશે.

આ પ્રસંગે મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલે જણાવ્યું હતું કે, સરકારની ફાઈલો હવે ઓનલાઇન પ્રોસેસ થાય છે અને આવી વિવિધ વિભાગોની ૧૦ લાખથી વધુ ફાઈલો પ્રોસેસ કરીને પેપરલેસ ગવર્મેન્ટની દિશામાં ગુજરાતે નક્કર કદમ ભર્યું છે.

વિધાનસભા અધ્યક્ષ શંકરભાઈ ચૌધરીએ ભારતના રાષ્ટ્રપતિનું સ્વાગત કરતા કહ્યું હતું કે, આ રાષ્ટ્રીય ઈ-વિધાન એપ્લિકેશન (નેવા) એ વડા પ્રધાન નરેન્દ્રભાઈ મોદીના વિઝન હેઠળ 'વન નેશન, વન એપ્લિકેશન' ના ઉદ્દેશ્ય સાથે પેપરલેસ વિધાનસભાનો પ્રોજેક્ટ છે. વિધાનસભાના આ ત્રીજા સત્રથી નેવા એપ્લીકેશનના અમલીકરણ સાથે આ વિધાનસભા હવે ફિઝિકલમાંથી ડિજિટલ થઈ ગઈ છે. વિધાનસભાની કામગીરીને લગતા તમામ દસ્તાવેજો ડિજિટલ ફોર્મેટમાં રજૂ થવાના કારણે દર વર્ષે લગભગ ૨૫ ટન કાગળની બચત થશે. ■

# ગુજરાતના મુખ્ય પ્રધાને રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મૂને બનાસકાંઠાની બહેનોની હાથવણાટ સાડી આપી ભેટ

અમદાવાદઃ રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મૂએ ઈ-વિધાનસભાનું લોકાર્પણ કર્યું હતું. પૂર્વે રાજ્યના મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલે હાથ વણાટની સાડી ભેટ આપીને તેમને આવકાર્યાં હતા. તો રાષ્ટ્રપતિ મુર્મૂએ ગુજરાત વિધાનસભામાં પોતાનું વક્તવ્ય આપવાની શરૂઆત મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલને તેમના કાર્યકાળના બે વર્ષ પૂર્ણ કરવાની શુભેચ્છા પાઠવવાથી કરી હતી.

ગુજરાત વિધાનસભાના સંબોધન માટે આવેલા રાષ્ટ્રપતિનું સ્વાગત ગુજરાત રાજ્યના મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલે કર્યું હતું. આ સ્વાગત વખતે બનાસકાંઠાની બહેનોએ હાથથી વણેલી સાડી આપીને આવકારવામાં આવ્યા હતા. વિધાનસભા અધ્યક્ષે રાષ્ટ્રપતિનું શાલથી સ્વાગત કર્યું અને એક ઐતિહાસિક છબી પણ અર્પણ કરી હતી.

ગુજરાત માટે આજનો દિવસ ઐતિહાસિક બની રહેશે. માનનીય રાષ્ટ્રપતિ શ્રીમતી દ્રૌપદી મુર્મૂજીએ આજે ગુજરાત વિધાનસભામાં વન નેશન, વન એપ્લિકેશનની સંકલ્પના સાકાર કરતી નેશનલ ઇ-વિધાન એપ્લિકેશન પ્રોજેક્ટ અંતર્ગત ડિજિટલ હાઉસનું ઉદ્‌ઘાટન કર્યું હતું. ■

# ભાવનગરની બસનો અકસ્માતઃ મૃતદેહોને વતન લાવવા એમ્બ્યુલન્સની વ્યવસ્થા

ભાવનગરઃ રાજસ્થાનમાં સ્થાનિક વહીવટીતંત્ર બુધવારે ભરતપુર બસ અકસ્માતમાં માર્યા ગયેલા મુસાફરોના મૃતદેહોને ગુજરાતમાં તેમના વતન લઈ જવા માટે એમ્બ્યુલન્સની વ્યવસ્થા કરી છે, જ્યારે અન્ય ૩૩ લોકોને બસમાં લાવવામાં આવશે, એમ એક અધિકારીએ જણાવ્યું હતું. ૧૨ મૃતકો અને ૧૧ ઇજાગ્રસ્તો ભાવનગર જિલ્લાના દિહોર ગામના વતની છે.

ભાવનગરના કલેક્ટર આર.કે.મહેતાએ જણાવ્યું હતું કે રાજસ્થાનના ભરતપુર જિલ્લામાં બુધવારે વહેલી સવારે અકસ્માત થયો હતો. રાજસ્થાનમાં સ્થાનિક વહીવટીતંત્રે મૃતદેહોને તેમના વતન સુધી લઈ જવા માટે એમ્બ્યુલન્સની વ્યવસ્થા કરી છે અને અન્ય ૩૩ સુરક્ષિત મુસાફરોને મોકલવા માટે બસની વ્યવસ્થા કરવામાં આવી રહી છે. (પીટીઆઈ) ■

# ભાવનગરના યાત્રાળુઓનાં અકસ્માતમાં મોત અંગે વડા પ્રધાને દુઃખ વ્યક્ત કર્યું

અમદાવાદઃ ભાવનગરથી મથુરા દર્શન કરવા નીકળેલા યાત્રાળુઓની બસને રાજસ્થાનના ભરતપુર પાસે થયેલા અકસ્માતમાં ૧૧ થી વધુ યાત્રાળુઓનાં મોતની ગટના અંગે વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ ઊંડા દુઃખની લાગણી વ્યક્ત કરી હતી. આ ઉપરાંત કેન્દ્રીય ગૃહ પ્રધાન અમિત શાહ, રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મૂ અને ગુજરાતના મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલે પણ શોક વ્યક્ત કર્યો હતો.

રાજસ્થાનના ભરતપુરમાં બુધવારે વહેલી સવારે ભાવનગરના યાત્રાળુઓની બસનો અકસ્માત થતાં ૧૧ જેટલા યાત્રાળુઓનાં મોત થયાં હતાં અને ૧૨થી વધુ લોકો ઘાયલ થવાની ઘટનાની જાણ થતાં વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ મૃતકોના પરિવારજનોને ૨-૨ લાખ રૂપિયા અને ઇજાગ્રસ્તોને ૫૦-૫૦ હજાર રૂપિયાની આર્થિક સહાયની જાહેરાત કરી છે. ગુજરાત સરકાર દ્વારા રાજસ્થાનમાં થયેલા માર્ગ અકસ્માતની કરુણ ઘટનામાં ગુજરાતના જે યાત્રિકોએ જીવ ગુમાવ્યો તે પ્રત્યેકના પરિવારજનને રૂ. ૪ લાખ અને ઇજાગ્રસ્તોને રૂ. ૫૦,૦૦૦ ની સહાય કરાશે. દુઃખની આ ઘડીમાં રાજ્ય સરકાર મૃતકો અને ઇજાગ્રસ્ત યાત્રિકોનાં સ્વજનોની પડખે છે. ■

# રાજયમાં બળાત્કારના ૧૧ આરોપીઓને ફાંસી અને ૬૮ને આજીવન કેદની સજા થઇ છેઃ સંઘવી

(અમારા પ્રતિનિધિ તરફથી)

ગાંધીનગરઃ ગુજરાત વિધાનસભાના ચોમાસુ સત્રના પ્રથમ દિવસે જ કોંગ્રેસના ધારાસભ્યએ રાજ્યમાં મહિલાઓની સુરક્ષાની બાબતે સરકારને ભીડવવાનો પ્રયાસ કર્યો હતો. જોકે ગૃહ રાજ્ય પ્રધાને મહિલાઓની સુરક્ષાના મામલે ઉઠાવેલા સવાલોના જવાબમાં કહ્યું હતું કે, રાજ્યમાં બળાત્કારના ૧૧ આરોપીને ફાંસીની સજા આપવામાં આવી છે. ૬૮ આરોપીને આજીવન કેદની સજા કરવામાં આવી છે. રાજ્ય પોલીસે બળાત્કાર જેવા ગુનામાં ૨૪ કલાકમાં ચાર્જશીટ ફાઇલ કરી હતી. સુરતમાં બળાત્કારના ગુનામાં આરોપીને ૬૦ દિવસમાં ફાંસીની સજા ફટકારવામાં આવી હતી.

ગુજરાત વિધાનસભા ગૃહમાં રાજ્યની મહિલાઓના સુરક્ષાના મામલે કોંગ્રેસના ધારાસભ્ય તુષાર ચૌધરી અને શૈલેશ પરમારે એવો સવાલ ઉઠાવ્યો હતો કે, રાજ્યમાં મહિલા સુરક્ષા માટે કમિટી ક્યારે બનાવવામાં આવશે.

કોંગ્રેસ ધારાસભ્ય તુષાર ચૌધરીએ નેશનલ ક્રાઇમ બ્યુરો દ્વારા જાહેર કરવામાં આવેલા બળાત્કાર અને મહિલા અત્યાચારના આંકડા રજૂ કરતાં જણાવ્યું હતું કે, ગુજરાતમાં દર વર્ષે ૫૫૦ મહિલાઓ બળાત્કારનો ભોગ બને છે. રાજ્યમાં દર મહિને ૪૫ મહિલાઓ પર બળાત્કાર થાય છે. રાજ્યમાં દર મહિને ૧૦૦ મહિલાઓ પર હુમલા થાય છે. આ મહિલાઓની સુરક્ષા માટે રાજ્ય સરકારે કોઇ કમિટી બનાવી છે કે નહીં અથવા રાજ્ય સરકાર કમિટી બનાવવા માગે છે કે નહીં. આ ઉપરાંત કોંગ્રેસના ધારાસભ્ય શૈલેષ પરમારે મહિલા સુરક્ષા માટે કમિટી ક્યારે બનાવશો તેની માહિતી સરકાર પાસે માગી હતી.

રાજ્યમાં મહિલા સુરક્ષા અને કમિટી બનાવવા બાબતે ગૃહ રાજ્ય પ્રધાન હર્ષ સંઘવીએ જણાવ્યું હતું કે, રાજ્યમાં બળાત્કાર જેવો એક પણ ગુનો ન નોંધાય તે માટે પોલીસ રાત દિવસ કામગીરી કરી રહી છે. દેશમાં અન્ય રાજ્ય કરતાં ગુજરાતમાં ક્રાઇમ રેટ ખૂબ ઓછો છે. દેશમાં બળાત્કારનો ક્રાઇમ રેટ ૪.૮ છે જ્યારે ગુજરાતનો ક્રાઇમ રેટ ૧.૮ છે.

સંઘવીએ કોંગ્રેસના ધારાસભ્ય શૈલેષ પરમારના પ્રશ્નનો જવાબ આપતાં જણાવ્યું હતું કે, મહિલા સુરક્ષા સમિતિ મામલો ૨૭ વર્ષથી પેન્ડિંગ નથી. કમિટી ૨૦૧૪ અને ૨૦૧૭માં બનાવવામાં આવી હતી પણ સમય પૂર્ણ થઇ ગયો છે. મહિલા સુરક્ષા માટે સમિતિ ઝડપી બનાવીશું. ૨૭ વર્ષમાં ગુજરાતના ખૂણે ખૂણે મહિલાઓને સુરક્ષા ભાજપે આપી છે. ■

# ગુજરાતમાં દારૂબંધીને પડકારતી અરજીઓની ૯મી ઓક્ટોબરે હાઇ કોર્ટમાં સુનાવણી શરૂ થશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાતમાં વર્ષોથી ચાલી રહેલી દારૂબંધી વચ્ચે પણ વર્ષે દહાડે કરોડો રૂપિયાનો વિદેશી અને દેશી દારૂ પકડાય છે, દારૂબંધીના ફાયદાની સાથો સાથે ગેરફાયદા પણ ઘણાં છે તેમજ સમાનતાથી જીવવાના અને ખાવા-પીવાના અધિકારનું હનન થતું હોવાના દાવા વચ્ચે ગુજરાત હાઇ કોર્ટમાં થયેલી અરજીઓની હવે ૯મી ઓક્ટોબરથી સુનાવણી થશે. એક દેશ, એક કાયદાની હિમાયત કરતા અનેક નાગરિકોએ દારૂબંધીના કાયદાને નાબૂદ કરવા હાઈ કોર્ટમાં અરજી કરી છે.

ગુજરાત હાઇ કોર્ટ ગુજરાત પ્રોહિબિશન એક્ટ, ૧૯૪૯ની બંધારણીય માન્યતાને પડકારતી અરજીઓની સુનાવણી કરશે. આ કેસ ૧૨મી સપ્ટેમ્બરે ડિવિઝન બેંચ સમક્ષ લાવવામાં આવ્યો હતો. અરજદાર પક્ષે આ કેસની પ્રાથમિક સુનાવણીની માગ કરી હતી. આ કાયદાની શરૂઆતના સાત દાયકાથી વધુ સમય વીતી ગયો છે, જે શરૂઆતમાં બોમ્બે પ્રોહિબિશન એક્ટ તરીકે ઓળખાતો હતો. જો કે, કાયદાની અંદરની વિવિધ જોગવાઈઓની બંધારણીય માન્યતા ચકાસણી હેઠળ આવી છે. ઑગસ્ટ ૨૦૨૧માં ગુજરાત હાઇ કોર્ટના તત્કાલીન ચીફ જસ્ટિસ વિક્રમ નાથ અને જસ્ટિસ બિરેન વૈષ્ણવની આગેવાની હેઠળની ગુજરાત હાઈ કોર્ટની બેન્ચના અગાઉનાં અવલોકનો અને તારણોને ધ્યાનમાં રાખીને આ અરજીઓની સુનાવણી ગુણવત્તાના આધારે કરવામાં આવશે.

રાજ્યમાં દારૂબંધીના કાયદાને પડકારતી અરજી ૨૦૧૮માં થઈ હતી. ત્રણ ગુજરાતના રહેવાસીઓએ પ્રથમ અરજી દાખલ કરી હતી. તેમની ફાઇલિંગમાં તેઓએ પ્રોહિબિશન એક્ટની કેટલીક કલમો અને બોમ્બે ફોરેન લિકર રૂલ્સ, ૧૯૫૩ હેઠળ નિર્ધારિત વિવિધ નિયમો સામે વાંધો ઉઠાવ્યો હતો. ત્યારબાદ ૨૦૧૯ માં વિવિધ પૃષ્ઠભૂમિનું પ્રતિનિધિત્વ કરતા વાદીઓ દ્વારા વધારાની પાંચ અરજીઓ સબમિટ કરવામાં આવી હતી, જે તમામે કાયદાને પડકાર્યો હતો.

અરજદારોએ ગોપનીયતાના અધિકાર પર તેમની પડકારનો આધાર રાખ્યો છે, જેને સુપ્રીમ કોર્ટ દ્વારા ૨૦૧૭ થી અનેક ચુકાદાઓમાં મૂળભૂત અધિકાર તરીકે સ્થાપિત કરવામાં આવ્યો છે. ખાસ કરીને, બંધારણના અનુચ્છેદ ૧૪ હેઠળ સમાનતાના અધિકારના ઉલ્લંઘનનો આક્ષેપ કરીને, રાજ્ય બહારના પ્રવાસીઓ માટે આરોગ્ય પરમિટ અને કામચલાઉ પરમિટ સંબંધિત વિભાગો પર પ્રશ્નો ઊભા થયા છે. ■

# સુરતમાં છ બાંગ્લાદેશી પકડાયાંઃ તમામ પાસેથી ભારતીય આધારકાર્ડ-પાસપોર્ટ મળ્યાં

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ સુરત શહેરમાંથી છ બાંગ્લાદેશીઓને ઝડપી પાડવામાં આવ્યા હતા. તમામ લોકો પાસેથી ભારતીય આધાર કાર્ડ અને પાસપોર્ટ મળી આવતા એસઓજી પોલીસ હરકતમાં આવી હતી.

સૂત્રોના જણાવ્યા મુજબ સુરત શહેરમાંથી એસઓજી પોલીસે શહેરના અલગ-અલગ વિસ્તારમાંથી કુલ છ બાંગ્લાદેશીઓને ઝડપી પાડવામાં આવ્યા હતા.

જેમાં ઉધના, પુણા અને સારોલી વિસ્તારમાંથી બે-બે બાંગ્લાદેશી ઘૂસણખોરો ઝડપાયા હતા. પોલીસે તપાસ કરતા પકડાયેલા છ બાંગ્લાદેશીઓ પાસેથી ભારતીય આધાર કાર્ડ મળી આવ્યા હતા. તેમજ ઘૂસણખોરો પાસેથી બાંગ્લાદેશી હોવાના પુરાવાઓ પણ મળ્યા હતાં. પોલીસે બાંગ્લાદેશી પાસેથી પાસપોર્ટ જપ્ત કરી વધુ તપાસ હાથ ધરી હતી. ■

# બિપરજોય વાવાઝોડામાં ગુજરાતને થયેલા નુકસાન બદલ કેન્દ્ર સરકારે હજુ સુધી કાંઇ જ આપ્યું નથી

અમદાવાદઃ જૂન મહિનામાં બિપરજોય વાવાઝોડું ગુજરાતના દરિયાકાંઠે ટકરાયું હતું. જેના કારણે સૌરાષ્ટ્ર અને કચ્છ સહિતના વિસ્તારોમાં ભારે નુકસાન થયું હતું. ત્યાર બાદ વાવાઝોડાથી પ્રભાવિત જિલ્લાઓમાં નુકસાનની સ્થળ આકારણી માટે કેન્દ્ર સરકારની બે ઇન્ટર-મિનિસ્ટેરિયલ ટીમ ગુજરાતની ચાર દિવસની મુલાકાતે આવી હતી. આ ટીમોએ વાવાઝોડા પ્રભાવિત વિસ્તારોની રૂબરૂ મુલાકાત કરીને નુકસાન અંગે સ્થળ આકારણી કરી હતી. ત્યારબાદ રાજ્ય સરકાર દ્વારા વાવાઝોડાથી ગુજરાતને રૂ.૧૭૯૭.૮૨ કરોડનું નુકસાન થયું હોવાની કેન્દ્રીય ટીમ સમક્ષ રજૂઆત કરવામાં આવી હતી. રાજ્ય સરકારે કેન્દ્ર પાસે રૂ. ૭૦૦ કરોડની સહાય માગી હતી પરંતુ કેન્દ્રે રાજ્ય સરકારને હજી સુધી કોઈ સહાય ચૂકવી નથી.

ગુજરાત વિધાનસભાના સત્રમાં કોંગ્રેસના મહિલા ધારાસભ્ય ગેનીબેન ઠાકોરના સવાલના જવાબમાં સરકારે કહ્યું હતું કે, રાજ્ય સરકારે કેન્દ્ર પાસે ૭૦૦ કરોડની સહાય માગી હતી, પરંતુ કેન્દ્ર તરફથી કોઈ સહાય આપવામાં આવી નથી. બિપરજોય વાવાઝોડા બાદ કેન્દ્ર સરકારની બે ઇન્ટર-મિનિસ્ટેરિયલ સેન્ટ્રલ ટીમ બિપરજોય વાવાઝોડાથી પ્રભાવિત જિલ્લાઓમાં નુકસાનની સ્થળ આકારણી માટે ગુજરાતની ચાર દિવસની મુલાકાતે આવી હતી. આ ટીમ સમક્ષ ગુજરાત સરકાર દ્વારા બિપરજોય વાવઝોડાથી ગુજરાતમાં થયેલા નુકસાનનો આંકડો રજૂ કરવામાં આવ્યો હતો. ગુજરાતમાં વીજળી અને તેને લગતી સેવાને ૯૦૯ કરોડથી વધુનું નુકસાન, રોડ અને બિલ્ડીંગ વિભાગને ૭૦૨ કરોડનું નુકસાન, પોર્ટ અને ટ્રાન્સપોર્ટને ૭૨.૭૨ કરોડનું નુકસાન તો કૃષિને ૨૦ કરોડના નુકસાનની રજૂઆત કરવામાં આવી હતી. ■

# ગુજરાત હાઈ કોર્ટમાં એડવોકેટના રૂમમાં એસીમાં શોર્ટ સર્કિટથી આગ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ અમદાવાદના એસજી હાઇવે પર આવેલી ગુજરાત હાઈ કોર્ટમાં આગ લાગી હતી. એડવોકેટના રૂમમાં એસીમાં શોર્ટ સર્કિટથી આગ લાગ્યાનું સામે આવ્યું હતું. ફાયરબ્રિગેડની ત્રણ ગાડીઓ અધિકારીઓ સાથે ઘટનાસ્થળે પહોંચી હતી. ફાયરબ્રિગેડના જવાનો દ્વારા પાણીનો મારો ચલાવી આગને કાબૂમાં લેવામાં આવી હતી. જોકે આ ઘટનામાં કોઇ જાનહાનિ થઈ ન હોવાનું જાણવા મળ્યું છે. મળતી માહિતી મુજબ ગુજરાત હાઇ કોર્ટના ગેટ નંબર ૫ની અંદર એડવોકેટના રૂમમાં એસીમાં શોર્ટ સર્કિટને કારણે આગ લાગી હતી. આથી ઘટનાની જાણ ફાયરબ્રિગેડને કરવામાં આવતા ત્રણ ગાડી ટીમ સાથે પહોંચી હતી. આગથી ધુમાડાના ગોટેગોટા જોવા મળ્યા હતા. જોકે, ફાયરના જવાનોએ પાણીનો મારો ચલાવી આગ પર કાબૂ મેળવ્યો હતો. ફાયર બ્રિગેડના જણાવ્યા મુજબ ગુજરાત હાઇ કોર્ટ નંબર ૫ પાસે આવેલા ડિસ્પેચ વિભાગના એસીમાં આગ લાગી હતી. જેના પગલે ફાયર બ્રિગેડની ગાડીઓએ ત્યાં પહોંચીને આગ પર કાબૂ મેળવ્યો હતો. ■

# સુરતમાં બે નંબરમાં ભંગાર ખરીદતા વેપારીઓ સામે જીએસટીની કાર્યવાહી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ સુરતમાં ડોકટરો અને મલ્ટિમીડિયા સંચાલકોને ત્યાં દરોડા બાદ હવે એસજીએસટીએ ભંગારના વેપારીઓ સામે કાર્યવાહી હાથ ધરી છે.

બોગસ બિલિંગ કાંડમાં જે વેપારીઓએ આઇટીસીનો ઉપયોગ કર્યો છે એવા મૂળ લાભાર્થીઓને વિભાગે સાણસામાં લીધા છે. હાલ તમામ જગ્યાએ અધિકારીઓ હિસાબી ચોપડા ચકાસીને ખરીદી-વેચાણની ખરાઈ કરી રહ્યા છે. આઇટીસીના લાભનો આંકડો રૂ.૧૦ કરોડનો છે જે હજી વધે એવી શક્યતા છે. અત્રે એ જીએસટીના ધ્યાને આવ્યું છે કે મોટાભાગના ભંગારના વેપારીઓ રોજનો ૧૦-૧૦ કરોડનો વેપાર કરે છે. તાંબાની એક ટ્રક ૪૦ લાખથી ઉપરની ઊતરે છે.

મળતી માહિતી મુજબ એસજીએસટીએ કડોદરા, કામરેજ, કતારગામ સહિતના વિસ્તારોમાં ભંગારના વેપારીઓને ત્યાં તપાસ આદરી છે. બોગસ બિલિંગ કાંડમાં આ વેપારીઓએ રૂ. ૧૦ કરોડથી વધુની આઇટીસી લીધી છે અને તેની રિકવરી પ્રક્રિયા હવે શરૂ થઈ છે. બોગસ બિલિંગમાં આ વેપારીઓએ ખરીદી અને વેચાણનાં બિલમાં ભારે ગોબાચારી આચરી હોવાની શંકા છે. ખાસ કરીને અધિકારીઓ ખરીદીની ખરાઈ કરી રહ્યા છે.નહાલ અધિકારીઓ રૂ.૧૦ કરોડથી વધુની આઇટીસી પરત મેળવવા પ્રયાસ કરી રહ્યા છે. રિકવરી પ્રોસેસ શરૂ કરી દીધી છે.

તાજેતરમાં જ બે મહિના સુધી બોગસ બિલિંગ સામે કડક કાર્યવાહી થઈ હતી, જેના અનુસંધાનમાં હવે આઇટીસીનો લાભ લેનારાઓને ત્યાં તપાસ શરૂ કરાઈ છે. ભંગારના વેપારીઓ મોટાભાગે અલંગ તરફથી આવતો ભંગાર બેનંબરમાં ખરીદે છે. માલ વેચવા ખરીદીનાં બોગસ બિલો લે છે અને તેના પર આઇટીસી પણ કલેઇમ કરે છે. ■

# ગુજરાત વિધાનસભામાં જીએસટી સુધારા વિધેયક બહુમતીથી પસાર

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાત વિધાનસભામાં બુધવારે ગુજરાત જીએસટી સુધારા વિધેયક બહુમતીથી પસાર કરવામાં આવ્યું હતું. આ સુધારા વિધેયકની કલમ ૨૭ના સુધારા પર કોંગ્રેસના ધારાસભ્યોએ સરકારને ઘેરવાના પ્રયાસો કર્યા હતા અને સવાલો ઉઠાવ્યા હતા.

કલમ ૨૭ હેઠળ ઓનલાઇન અને ઓફલાઇન ગેમિંગને લઇને કોંગ્રેસના ધારાસભ્ય અર્જુન મોઢવાડીયા, સી.જે ચાવડા, શૈલેષ પરમારે સરકાર પર સવાલો ઉઠાવ્યા હતા. રાજ્યમાં ઓનલાઇન ગેમિંગ પર છૂટછાટ આપવા બાબતે પોતાનાં મંતવ્યો રજૂ કર્યાં હતાં.

આ અંગે કોંગ્રેસ ધારાસભ્ય અર્જુન મોઢવાડિયાએ જણાવ્યું હતુ કે ટેક્સ ભરનારા હેરાન ન થાય અને ટેક્સ ચોરી કરનાર છૂટી ના જાય તેવી વ્યવસ્થા ઊભી કરવી જોઇએ. સટ્ટા બાબતે ગુજરાત હંમેશાં વિરોધમાં હતું, પણ હવે વિદેશની લોટરી, જુગાર ગુજરાતમાં બેસીને જ રમી શકાશે. ઓનલાઈન કે ઓફલાઈન જુગારમાં કોઈ જીતતું નથી માત્ર બુકીઓ જ જીતે છે. ઘરને બરબાદ કરનારા આ રોગને માન્યતા ન આપવી જોઈએ.

ઓનલાઈન ગેમમાં જે ટેક્સ લગાવવામાં આવ્યો છે જેમાં ઘોડા દોડ, કેસીનો સહિતની વિવિધ ઓનલાઈન ગેમ પર ટેક્સ લગાવવામાં આવ્યો છે. કલમ ૨૬માં લખ્યું છે કે, લોટરી, સટ્ટા, જુગાર શબ્દનો બિલમાં અલગ ઉપયોગ કર્યો છે.

રાજ્ય નાણાપ્રધાન કનુ દેસાઈ કોંગ્રેસના ધારાસભ્યે ઉઠાવેલા સવાલોના જવાબ આપતાં જણાવ્યુ કે, દેશમાં ૪૪ કરોડ લોકો ઓનલાઈન ગેમ રમે છે. ૩૧-૮-૨૩ સુધી રાજ્યમાં ૧૧,૫૪,૫૮૫ લોકો ટેક્સ પેયર્સ છે, જેમાંથી ૯૩૯૬૧ લોકો ટેક્સ ભરે છે. જેમાં હવે ૨૭,૭૦૦ લોકોનો પણ વધારો થયો છે.

જીએસટીના સમયસર અમલ ન થવા પાછળ ભાજપ નહીં પણ કોંગ્રેસ જવાબદાર છે. કેન્દ્ર સરકારે રાજ્યોને જીએસટીમાં ૧૪ ટકાનો વધારો આપ્યો છે.

ગુજરાતને ૫ વર્ષમાં જીએસટીમાં ૮૦ હજાર કરોડની આવક થઇ છે. જે કોંગ્રેસ મિત્રો સવાલો ઉઠાવી રહ્યા છે તેમણે એ પણ જાણવું જોઇએ કે ગુજરાતમાં પેટ્રોલ ૯૬ રૂપિયાના ભાવે મળે છે જ્યારે રાજસ્થાનમાં ૧૦૮ રૂપિયા લિટરનો ભાવ છે.

કોંગ્રેસના શાસનમાં લોટરી અમલમાં હતી. જીએસટી બિલમાં સુધારાથી કોઇ પણ પ્રવૃત્તિને શરૂ કરવાનું લાયસન્સ મળતું નથી. ઓનલાઇન ગેમ પર ૨૮ ટકા ટેક્સ લગાવવામાં આવ્યો છે. આ ટેક્સ ઓનલાઇન ગેમ અટકાવવા માટે લગાવવામાં આવ્યો છે. ■

# અમરેલીના રેવન્યૂ વિસ્તારમાં એક સાથે ૧૧ સિંહ લટાર મારતા દેખાયા

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ અમરેલી જિલ્લામાં સિંહોના ટોળા ના હોય કહેવતને ખોટી ઠેરવતી ઘટના બની હતી. જિલ્લાના ખાંભા પંથકમાં એક સાથે ૧૧ જેટલા સિંહોનું ટોળું આવી ચડ્યું હતું. આ ઘટનાનો વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થયો હતો.

સૂત્રોના જણાવ્યા મુજબ ખાંભામાં ભાડ ગામના લાલધાર રેવન્યુ વિસ્તારમાં એકસાથે ૧૧ જેટલા સિંહોનું ટોળું શિકારની શોધમાં આવી ચડ્યું હતું. આ ઘટનાનો વીડિયો વાયરલ થયો હતો. જેમાં શિકારની શોધમાં એક સાથે સિંહ, સિંહણ અને સિંહ બાળ એક સાથે લટાર મારતા દેખાયા હતા. એક સાથે મોટી સંખ્યામાં સિંહો આવી ચડવાને કારણે રહીશોમાં ફફડાટ ફેલાયો હતો. આ ઘટનાની જાણ થતા વન વિભાગે તપાસ હાથ ધરી હતી. ■

# સુરતમાં પાણીની ટાંકીમાં પડી જતાં માસૂમનું મોત

અમદાવાદઃ સુરત શહેરના જહાંગીરપુરા વિસ્તારમાં એક બાંધકામ સાઈટ પર બાળકીનું અંડર ગ્રાઉન્ડ પાણીની ટાંકીમાં પડી જતાં મોત નીપજ્યું હતું. ઘટનાને પગલે પરિવારમાં શોકનું મોજું ફરી વળ્યું હતું.

પ્રાપ્ત માહિતી અનુસાર મૂળ દાહોદનાં કાજુ વહનિયા સુરતમાં જહાંગીરપુરા વિસ્તારમાં આવેલી બાંધકામ સાઈટ પર પરિવાર સાથે રહે છે. ઉર્વશી બે ભાઈ સાથે બાંધકામ સાઈટ પર રમી રહી હતી. તે દરમિયાન ઉર્વશી ક્યાંય મળી રહી ન હતી. પરિવારે શોધખોળ કરી છતાં પત્તો લાગ્યો ન હતો. જેથી પોલીસને જાણ કરી હતી. ■

# ઈન્ડિગોની ફ્લાઈટમાં મહિલાની છેડતી, ફ્લાઈટ લેન્ડ થયા પછી આરોપીની ધરપકડ

મુંબઈ/ગુવાહાટીઃ ઈન્ડિગોની ફ્લાઈટમાં પ્રવાસ કરી રહેલી મહિલા પ્રવાસી સાથે પુરુષે છેડતી કરવાનો આરોપ મૂક્યો હતો. આ ઘટના મુંબઈથી ગુવાહાટીની ફ્લાઈટમાં બન્યા પછી ફ્લાઈટ ગુવાહાટી એરપોર્ટ પર લેન્ડ થયા પછી આરોપીની ધરપકડ કરવામાં આવી હતી. મુંબઈથી ગુવાહાટી વચ્ચે (ઈન્ડિગો ફ્લાઈટ) ૬ઈ-૫૩૧૯માં પ્રવાસ કરી રહેલા મહિલાએ પુરુષ પ્રવાસીએ છેડતી કરી કરી હોવાની ફરિયાદ કરી હતી. આ મુદ્દે પ્રવાસીઓએ એ શખસને પકડીને ગુવાહાટી પોલીસને સોંપ્યો હતો. ફરિયાદીએ સ્થાનિક પોલીસમાં એફઆઈઆર કરાવી હતી અને આ મુદ્દે જરુરી તપાસ કરવામાં આવશે, એવું પોલીસે આશ્વાસન આપ્યું હતું.

૧૦ સપ્ટેમ્બરે મુંબઈથી ગુવાહાટી જતી ફ્લાઈટમાં એક મહિલા પ્રવાસીની પુરુષે છેડતી કરી હતી. પીડિતાએ ફરિયાદ કર્યા પછી આરોપીને ગુવાહાટી પોલીસે ધરપકડ કરી હતી, પરંતુ ધરપકડ કરાયેલા આરોપીની વિશેષ જાણકારી આપી નહોતી.

ગયા મહિના દરમિયાન ફ્લાઈટમાં મહિલાની છેડતી કરવાનો બનાવ બન્યો હતો.

૧૬મી ઓગસ્ટે સ્પાઈસ જેટની દિલ્હી-મુંબઈ ફ્લાઈટમાં એક વીડિયો સોશિયલ મીડિયા પર પણ વાઈરલ થયો હતો. આ વીડિયોમાં પણ મહિલાની છેડતી કરવામાં આવી હોવાનું જણાવ્યું હતું. આ મુદ્દે દિલ્હી મહિલા પંચના પ્રમુખ સ્વાતિ માલીવાલે પણ એક્શન લીધા હતા અને ઘટના મુદ્દે દિલ્હી પોલીસ અને ડીજીસીએને નોટિસ મોકલી હતી.

# લોકલ ટ્રેન બાદ હવે રિક્ષાચાલકોએ કરી આવી હરકત, સોશિયલ મીડિયા પર વીડિયો થયા વાઈરલ...

મુંબઈઃ પશ્ચિમ રેલવેમાં લોકલ ટ્રેનમાં પ્રવાસીઓ ગાંજો પી રહ્યા હોવાનો વીડિયો હજી તાજો જ છે ત્યાં થાણે નજીક આવેલા કલવામાં પણ આવી જ ચોંકાવનારી ઘટના સામે આવી છે. આ ઘટનાનો વીડિયો સોશિયલ મીડિયા પર વાઈરલ થઈ રહ્યો છે. પોલીસે પણ તાત્કાલિક કાર્યવાહી કરી છે. પરંતુ રેલવે સ્ટેશનની બહાર જ ધોળા દિવસે આવી ઘટના બનતાં પ્રવાસીઓની સુરક્ષાનો મુદ્દો એરણ પણ આવ્યો છે.

કલવા રેલવે સ્ટેશનની બહાર ઈસ્ટમાં આવેલા રિક્ષાસ્ટેન્ડ પર રિક્ષાચાલકો બિન્ધાસ્ત નશો કરતાં હોવાનો વીડિયો વાઈરલ થયો હતો. ડોંબિવલીમાં રિક્ષાચાલકે મહિલાનું અપહરણ કર્યું હોવાની ઘટના હજી તાજી જ છે ત્યાં કલવામાં બનેલી આ ઘટના ખરેખર ખૂબ જ ચોંકાવનારી છે.

કલવા રેલવે સ્ટેશન પર રિક્ષાચાલકો ગાંજો ફૂંકી રહ્યા હોવાનો દાવો સોશિયલ મીડિયા પર વાઈરલ થઈ રહેલાં આ વીડિયોમાં કરવામાં આવ્યો છે. પરિણામે પ્રવાસીઓ અને એમાં પણ ખાસ કરીને મહિલાઓની સુરક્ષા સામે સવાલ ઉપસ્થિત થયો છે.

મુખ્ય પ્રધાન એકનાથ શિંદેના થાણેમાં આવી ઘટનાઓ બની રહી હોવાને કારણે નાગરિકોમાં રોષની લાગણી વ્યક્ત કરાઈ રહી છે.

દરમિયાન આ વીડિયો વાઈરલ થતાં જ કલવા પોલીસે એની નોંધ લઈને તાત્કાલિક કાર્યવાહી હાથ ધરી હતી. પોલીસ આ રિક્ષાચાલકની શોધ હાથ ધરી હતી. આની સાથે સાથે જ પોલીસે આ પ્રકારની ઘટના સહન નહીં કરવામાં આવે એવો ઈશારો પણ કલવા પોલીસે આપ્યો હતો.

ગયા અઠવાડિયે શનિવારે રિક્ષા સ્ટેન્ટ પાસે કેટલાક યુવકો ગાંજો પી રહ્યા હોવાનો વીડિયો અમારા સુધી આવ્યો હતો અને અમે એક ટીમ બનાવી છે. આ યુવકોને અમે કલવા રેલવે સ્ટેશનની આસપાસમાં સર્ચ ઓપરેશન હાથ ધરવામાં આવતા વિનોદ ગુપ્તા, ગજાનન સાળુંખે અને મોહમ્મદ શેખની ધરપકડ કરી છે. તેમનો ચોથો સાથીદાર ફરાર છે. આ બાબતે વધુ તપાસ હાથ ધરવામાં આવી છે. આ ત્રણેય આરોપી રિક્ષાચાલક હોઈ તેઓ કલવા ઈસ્ટમાં જ રહે છે. તેમની પાસે ગાંજો ક્યાંથી આવ્યો એ બાબતની તપાસ હાથ ધરવામાં આવી છે.

# એમએમઆરડીએ બીકેસી ખાતે મીઠી નદીના કિનારે મનોરંજન કેન્દ્ર અને સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સ ઊભા કરશેઃ ટેન્ડરમાં રસ મોળો મળતાં પ્રોજેક્ટ ઘોંચમાં છે

## બિલ્ડિંગની અગાશી પર બે હેલિપેડ હશે અને એર એમ્બ્યુલન્સ બેઝ તરીકે તેનો વપરાશ કરાશે

મુંબઈઃ એમએમઆરડીએએ બીકેસી ખાતે મીઠી નદીના કિનારે મનોરંજન કેન્દ્ર અને સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સ ઊભા કરવાનો નિર્ણય લીધો છે. આ મનોરંજન કેન્દ્રની અને સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સની નઅડચણ-વપરાશ-હસ્તાંતરણ કરોથના તત્ત્વ પર ઊભા કરવા માટે એમએમઆરડીએએ મે મહિનામાં રસ ધરાવનારાઓ પાસેથી ટેન્ડર મગાવ્યાં હતાં. જોકે આ ટેન્ડરની મુદતમાં સમયાંતરે વધારો કરવામાં આવ્યો હોવાથી પ્રોજેક્ટ વિલંબમાં મુકાય એવાં ચિહ્નો દેખાઈ રહ્યાં છે.

બીકેસીમાં જી બ્લોકમાં મીઠી નદીને અડીને આવેલા નઆર.જી. ૨૨-અથ અને નઆર.જી. ૨૩-બથ ખાતે ૮.૩૭ હેક્ટર અને નઆર.જી. ૬' ખાતે ૨.૪૭ હેક્ટર એમ કુલ ૧૦.૮૪ હેક્ટર જગ્યા છે. આ જગ્યા મનોરંજન કેન્દ્ર માટે આરક્ષિત છે. આ જગ્યા પર એમએમઆરડીએએ મનોરંજન કેન્દ્ર અને સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સ ઉભારવાનો નિર્ણય લીધો છે. આ કોમ્પ્લેક્સની મુખ્ય ખાસિયત એટલે કે મનોરંજન કેન્દ્ર અને સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સની બિલ્ડિંગની અગાશી પર બે હેલિપેડ પણ બાંધવામાં આવશે. તેમ જ એર એમ્બ્યુલન્સ બેઝ તરીકે આ હેલિપેડનો વપરાશ કરવામાં આવશે.

આ અંગેના પ્રસ્તાવને ઓથોરિટીની ૧૫૪મી બેઠકમાં મજૂરી આપવામાં આવી હતી. નઅડચણ-વપરાશ-હસ્તાંતરણ કરોથના તત્ત્વ પર આ પ્રોજેક્ટ ઊભો કરવામાં આવશે. આ મહત્ત્વાકાંક્ષી પ્રોજેક્ટને ઉભારવા માટે એમએમઆરડીએએ મે મહિનામાં ટેન્ડર મગાવ્યાં હતાં. મનોરંજન કેન્દ્ર અને સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સમાં થનારી મહેસૂલ પૈકી અધિક ભંડોળ એમએમઆરડીએને આપનારા ટેન્ડર ભરનારને કોન્ટ્રેક્ટ આપવામાં આવશે. ખાસ વાત તો એ છે કે આ જગ્યા ૩૦ વર્ષ માટે સંબંધિત કોન્ટ્રેક્ટરને આપવામાં આવશે.

મે મહિનામાં બહાર પાડવામાં આવેલા ટેન્ડર અનુસાર ૧૭મી જૂન સુધીની મુદત આપવામાં આવી હતી. જોકે આ ટેન્ડરની મુદતમાં વધારો કરવામાં આવ્યો હતો. ત્યાર બાદ જુલાઈમાં ટેન્ડરની મુદતમાં વધારો કરવામાં આવ્યો હતો. હવે ફરી એક વાર મુદત વધારો આપવામાં આવ્યો છે. ટેન્ડર ભરવાની છેલ્લી તારીખ ચોથી સપ્ટેમ્બર રાખવામાં આવી હતી અને છઠ્ઠી સપ્ટેમ્બરે આ ટેન્ડર ખુલ્લું મુકાવાનું હતું. જોકે હવે ટેન્ડર ખુલ્લું મૂકવાની છેલ્લી તારીખ ૨૯મી સપ્ટેમ્બર રાખવામાં આવી છે. હવે ત્રીજી ઓક્ટોબરે ટેન્ડર ખુલ્લું મૂકવામાં આવશે. ટેન્ડર ભરવામાં રસ ધરાવનાર ન હોવાને કારણે એમએમઆરડીએ દ્વારા વારંવાર ટેન્ડરની મુદતમાં વધારો કરવામાં આવી રહ્યો છે અને એને કારણે જ આ પ્રોજેક્ટમાં વિલંબ થઇ રહ્યો છે.

# છ વર્ષમાં બ્લડબેંકોએ દર્દીઓની કરી છે ઉઘાડી લૂંટઃ કાઉન્સિલ

## નિશ્ચિત કરાયેલા દરની સરખામણીએ વધુ પૈસા વસૂલીને રૂ. ૧૪૭ કરોડની લૂંટ ચલાવાઇ

મુંબઈઃ નેશનલ બ્લડ ટ્રાન્સફ્યુઝન કાઉન્સિલે બ્લડ બેંકોમાં મળતા બ્લડ અને તેના ઘટકોના ભાવ નિશ્ચિત કર્યા છે. આ ભાવ અનુસાર બ્લડ બેંકોએ દર્દી કે તેના પરિવારજન પાસેથી બ્લડનું વેચાણ કરવું બંધનકારક છે. જોકે ૨૦૧૪થી ૨૦૧૯ના છ વર્ષના સમયગાળામાં બ્લડ બેંકોએ દર્દીઓ પાસેથી બ્લડ માટે નિશ્ચિત ભાવની સરખામણીએ વધુ પૈસા વસૂલીને રૂ. ૧૪૭ કરોડની લૂંટ ચલાવી હોવાનું જાણવા મળ્યું હતું.

બ્લડ અને તેમાંના ઘટકો ઉપલબ્ધ કરવા માટે બ્લડ બેંક દર્દી અને તેના પરિવારજન પાસેથી વધારાના ભાવ વસૂલતા હોવાની ફરિયાદ રાજ્ય બ્લડ ટ્રાન્સફ્યુઝન કાઉન્સિલ પાસે આવી હતી. આ ફરિયાદને આધારે કાઉન્સિલે સંબંધિત બ્લડ બેંકોએ વસૂલેલી ફીના પાંચ ગણા વધુ દંડ કરવાનો નિર્ણય ૨૦૨૦માં લીધો હતો. જોકે એ પહેલાં બ્લડ બેંકોએ કરેલી લૂંટ વસૂલવા માટે કાઉન્સિલ અને એફડીએ પ્રશાસને કમર કસી હતી. તે અનુસાર વધારાની ફીની ૨૦ ટકા રકમ કાઉન્સિલ પાસે જમા કરવાનો નિર્દેશ આપવામાં આવ્યો હતો. જોકે બ્લડ બેંકોએ તેના પર વાંધો ઉઠાવ્યો હતો. આને કારણે કાઉન્સિલે ઓડિટિંગ કરવા માટે એકાઉન્ટિંગ ફર્મની નિમણૂક કરી હતી. આ કંપનીએ આપેલી માહિતી અનુસાર મુંબઈની બાવીસ ખાનગી બ્લડ બેંકોએ વધારાની ફીમાંથી રૂ. ૧૪૭ કરોડ જમા કર્યા હોવાનું ઉઘાડું પડ્યું હતું. માહિતી અધિકારી કાર્યકર્તા ચેતન કોઠારીને માહિતી અધિકારમાંથી કાઉન્સિલે ઉક્ત માહિતી આપી હતી.

# અદાલતોએ આરબીઆઈની આર્થિક નીતિમાં હસ્તક્ષેપ ન કરવો જોઈએઃ હાઈ કોર્ટ

મુંબઈઃ રિઝર્વ બૅન્ક ઓફ ઈન્ડિયા (આરબીઆઈ) દેશના અર્થતંત્રના ઘડતરમાં અત્યંત મહત્ત્વની ભૂમિકા ભજવે છે અને આરબીઆઈના અર્થતંત્રના નિયમન અંગેના નિર્ણયોમાં અદાલતોએ હસ્તક્ષેપ કરવાથી દૂર રહેવું જોઈએ એમ બોમ્બે હાઇ કોર્ટે જણાવ્યું હતું. ૨૦૧૬ની નોટબંધી દરમિયાન આરબીઆઈના અધિકારીઓએ નીતિ નિયમોનું ઉલ્લંઘન કર્યું હોવાનો આક્ષેપ કરતી અરજી રદ કરતી વખતે હાઈ કોર્ટે આ ટિપ્પણી કરી હતી.

ન્યાયમૂર્તિ એ. એસ. ગડકરી અને ન્યાયમૂર્તિ શર્મિલા દેશમુખની ખંડપીઠે ૮ સપ્ટેમ્બરે મનોરંજન રોયની અરજી રદ કરી હતી. ટેક્સ અંગેના કામકાજમાં જનતાને મદદરૂપ થવાનો દાવો કરનારા શ્રી રોયે ૫૦૦ અને ૧૦૦૦ રૂપિયાની નોટ ચલણમાંથી પાછી ખેંચવામાં આવી ત્યારે ચોક્કસ આરબીઆઈ અધિકારીઓએ કથિત રૂપે અનીતિ આચરી હતી એની સ્વતંત્રપણે તપાસ કરવાની માગણી કરી હતી. ખંડપીઠે આદેશમાં જણાવ્યું છે કે આ અરજી કેવળ હવાતિયાં છે અને અધૂરી તેમજ ઉપજાવેલી માહિતીના આધારે અરજદાર એ પ્રક્રિયાને કૌભાંડ માની બેઠો છે. અદાલતે જણાવ્યું છે કે 'ચલણી નોટ અંગે આરબીઆઈનો નિર્ણય વૈધાનિક પગલું હતું જેમાં નિષ્ણાતોની સમિતિનો સાથ હતો. મામૂલી કારણોસર એની પૂછપરછ ન કરી શકાય. ૨૦૧૬નો નોટબંધીનો નિર્ણય નીતિ વિષયક બાબત હતી. અન્ય કોઈ હેતુ પુરવાર ન થયો હોવાથી એ નીતિ વિષયક નિર્ણય યોગ્ય અને જનતાના હિતમાં હતો.' (પીટીઆઈ)

# 'એમ્બ્યુલન્સ' તરીકે વપરાતી ઓટો-ટૅક્સીઓ પર દંડ વસૂલાતા બીજેપી ટ્રાન્સપોર્ટ સેલે મહારાષ્ટ્રના મુખ્ય પ્રધાનને ફરિયાદ કરી

મુંબઈઃ ભાજપ ટ્રાન્સપોર્ટ સેલના પ્રમુખ હાજી અરાફાત શેખે મહારાષ્ટ્રના મુખ્ય પ્રધાન એકનાથ શિંદેને પત્ર લખીને ઓટો અને ટૅક્સી ડ્રાઇવરો માટે ઇચલાન રદ કરવા જણાવ્યું છે. તેઓ નાગરિકોને હૉસ્પિટલો સુધી લઈ જવામાં અને ગેટ સુધી પહોંચવામાં પણ મદદ કરે છે.તાજેતરમાં બે અલગ-અલગ કેસોમાં, ઓટો અને ટૅક્સી ડ્રાઇવરોને તેઓ દર્દીઓને હૉસ્પિટલના પરિસર સુધી લઈ જતા હતા ત્યારે ગેરકાયદેસર પાર્કિંગ માટે દંડ ફટકારવામાં આવ્યો હતો. એક કેસમાં ડ્રાઈવર ગર્ભવતી મહિલાને લઈ જઈ રહ્યો હતો અને તેને ગેટ સુધી પહોંચવામાં મદદ કરી હતી અને જ્યારે તે પાછો ફર્યો હતો ત્યારે તેને જણાયું કે ગેરકાયદે પાર્કિંગ માટે પોલીસે તેના પર દંડ કર્યો છે. અન્ય એક કિસ્સામાં, એક ઓટો ડ્રાઈવર વરિષ્ઠ નાગરિકને હૉસ્પિટલમાં લઈ ગયો હતો ત્યારે તેને ગેરકાયદે પાર્કિંગ માટે દંડ ફટકારવામાં આવ્યો હતો. શેખે વધુમાં કહ્યું હતું કે ઓટો અને ટૅક્સી ડ્રાઇવરોને એવા વિસ્તારોમાં વાહનો પાર્ક કરવા બદલ દંડ કરવામાં આવે છે જ્યાં તેમને ચાના બ્રેકની જરૂર હોય અથવા શૌચાલયમાં જાય. તેઓ દરરોજ માત્ર રૂ. ૫૦૦ થી રૂ. ૧,૦૦૦ કમાય છે અને દંડ રૂ. ૧,૦૦૦ અને તેથી વધુ છે.

## ક્લાસિફાઈડ

### ૯. લગ્ન સંબંધી

■ ખુશહિત મેરેજબ્યુરો યોગ્ય જીવનસાથી માટે સંપર્ક ઉર્મિલાબેન 8879576963. (દહેજ નહીં). (૧૩૬૦૯-એ)

### ૧૪. નોકરી ખાલી છે

■ નામાંકિત કંપનીમાં જોઈએ - નિવૃત્ત / બેન્કર્સ / ગૃહિણી. ફિક્સ પગાર + પ્રોત્સાહનોઃ 9820683569. (બી-૧૨૮૫૭)

### ૧૯. ફેક્ટરી વર્કશોપ

**વસઈ - કામણ**

**સાતીવલી- વાલીવ- હાઇવે- સિરસાડ- પોમણ- બાપાને- સસુનવધર- ઇન્ડસ્ટ્રીયલ- ગાળા- શેડ- યુનિટ- પ્લોટ- લેવા-વેચવા-ભાડેથી - ગોપીભાઈ - 9326472399 જીતેન્દ્રભાઈ - 9320404145. (૧૧૮૪૨-સી)**

**વસઈ**

ઈન્ડસ્ટ્રીયલ ગાળા, પ્લોટ, લેવા - વેચવા ભાડેથી. રૂષભ ઉપાધ્યાય :- 9049625073. હિતેષ ઉપાધ્યાય :- 9326470109, 7977545225. (એસડીબી-૧૪૭૬)

**વસઈ - કામણ**

ઈન્ડસ્ટ્રીયલ ગાળા લેવા, વેચવા, ભાડેથી સંપર્કઃ- રાજેશ દડીયા 9326495003 / 9322762805. (૧૧૭૮૮-એ)

### ૩૨. જમીન - મિલકત

**સ્પેશલ ઓફર 50% છૂટ**

**અમે ગુજરાત અને મહારાષ્ટ્રમાં ખેતીની જમીન ખરીદવા માટે 100% કાયદેસર ખેડૂતો બનાવીએ છીએ. કોંકણમાં 11 ગુંઠા માત્ર 5 લાખમાં. તમામ સુવિધાઓ સાથે. સંપર્કઃ 9930323044. (૧૩૩૮૪-સી)**

### ૩૩. ધંધાદારી

**MEDICLAIM**

Family Foalter Mediclaim Policy (5,00,000/- to 2,00,00,000/-) No Age Limit, No Medical Report Protibilty available details. Dilipbhai: 91366 21227. (SDB-1494)

### ૩૫. જ્યોતિષ ભવિષ્ય

**અંબિકા જ્યોતિષ**

જન્માક્ષરથી સગાઈ, લગ્નમાં, વ્યાપારમાં સફલતા ઘરમાં અશાંતિ (કાંદિવલી) - 9136808000. (૧૩૫૦૩-એ)

### ૪૪. પેસ્ટ કન્ટ્રોલ

**એસ પેસ્ટીસાઈડ**

(૧૯૯૩થી) ઉધઈ, વાંદા, માંકડ કાંદિવલીઃ 9833523290, 9220789533, ચીરાબજારઃ 9029181030. (૧૩૫૭૪-સી)

### ૫૨. કુરીઅર્સ

**મનસ્વી પાર્સલ**

યુરોપ, અમેરિકા, ન્યુઝીલેન્ડ, ઓસ્ટ્રેલીયા, કેનેડા, દુનિયાભરમાં સસ્તામાં મોકલવા. 9820194719/ 7208019515. (૧૩૧૯૨-સી)

**મુંબઈ સમાચાર**

વાચકોને આથી ભલામણ કરવાની કે આ પ્રકાશનમાં પ્રસિદ્ધ થતી કોઈપણ જાહેરખબરના સંદર્ભમાં પૈસા મોકલતા અગાઉ કે તબીબી ભલામણના આધારે થતા ખર્ચ અથવા તો તેવા જ પ્રકારની કોઈપણ વચનપૂર્તિ કરતા અગાઉ અધિકૃત પૂછપરછ અને સલાહ લેવી. મુંબઈ સમાચાર જૂથ જાહેરાતની કોઈપણ સેવા કે ઉત્પાદનો અંગે કોઇ જ દાવાની ચકાસણી કરતું નથી. પ્રીન્ટર, પબ્લિશર, તંત્રી, મુંબઈ સમાચાર જૂથ પબ્લિકેશનનાં માલિકો તેનાથી ઉપસ્થિત થતાં કોઈપણ પરિણામ કે દાવા જો જાહેરાતકારો નકારે તો તેની જવાબદારી લેશે નહીં.

email id for advertisement: samacharadvt@gmail.com

## જૈન મરણ

**કચ્છી વિશા ઓશવાળ જૈન**

ગઢશીશાના મણીલાલ કેશવજી ખેરાજ દેઢીયા (ઉ.વ. ૬૫) તા. ૧૧-૯-૨૩ના અવસાન પામેલ છે. કસ્તુરબેન કેશવજી ખેરાજના સુપુત્ર. સ્વ. પુષ્પાના પતિ. નેહાના પિતા. સતીષ, વિરેન્દ્રના ભાઇ. ખીમઇબાઇ કુંવરજી ડાહ્યા ગડાના જમાઇ. પ્રાર્થના રાખેલ નથી. એડ્રેસઃ મણીલાલ કેશવજી દેઢીયા, ૨/૩૯, લક્ષ્મણ કેણે બિલ્ડીંગ, સૂર્યપ્રકાશ વાડી, ડોંબીવલી (ઇ.).

શેરડીના રમેશ વિશનજી ખીંયશી હરીયા (ઉ.વ. ૭૦) ૧૧-૯-૨૩ના અવસાન પામેલ છે. દમયંતી વિશનજીના સુપુત્ર. પુષ્પા (રચના)ના પતિ. મોનીલ, જીનલના પિતા. કાંતીલાલ, વિનોદ, સ્વ. નુતનના ભાઇ. રાયણના પોપટલાલ રવજી ગડા (સુરત)ના જમાઇ. ચક્ષુદાન-ત્વચાદાન કરેલ છે. પ્રાર્થના રાખેલ નથી. ઠે. રમેશ વી. હરીયા, ૧૦૨/બી, માધવવાડી, ૨/૨૫, ન્યુ બિલ્ડીંગ, દાદર (ઇસ્ટ).

કોટડી મહાદેવપુરીના કસ્તુર કાંતીલાલ દેઢીયા (ઉ.વ. ૭૧) તા. ૧૨-૯-૨૩ના અવસાન પામેલ છે. ગંગાબેન ગોસર સવરાજના પુત્રવધૂ. કાંતીલાલના ધર્મપત્ની. મનીષા (હીના), કીર્તી (કુસુમ) હેતલના માતુશ્રી. પ્રેમાબેન જેઠાલાલના પુત્રી. પુષ્પા, ધનવંતી સાકરચંદ, સાભરાઇના પ્રીતી હેમરાજ, ઉનડોઠના રસીલા કાંતીલાલ, મો. રતાડીયાના દમયંતી લક્ષ્મીચંદ, ચીયાસરના ચંદન સુધીર, સંસાર પક્ષે પ.પૂ. મુનિરાજ મહોત્સવરક્ષિત સાગરના બેન. પ્રાર્થના રાખેલ નથી. ચક્ષુદાન કરેલ છે. નિ. કાંતીલાલ દેઢીયા, રૂ.નં. ૧૦, ગણપત નિવાસ, સંગીતાવાડી, ડોંબીવલી (ઇસ્ટ).

ડુમરાના સ્વ. મણીબેન ગાંગજી શાહનંદના જમાઇ માંડવી હાલે મોટા લાયજાના શાહ પ્રભુલાલ જેવત ઉર્ફે કારાભાઇ (ઉ.વ. ૮૨) તા. ૧૧-૯-૨૩ના અવસાન પામેલ છે. તે સ્વ. ચાંદુબેન જેવત લધાના પુત્ર. કમળાબેનના પતિ. રીટા, પ્રજ્ઞેશના પિતા.

કોટડી મહાદેવપુરીના મોહનલાલ દેઢીયા (ઉ.વ. ૮૫) તા. ૧૨-૯-૨૩ના અવસાન પામ્યા છે. જેઠીબેન હીરજી શવરાજ દેઢીઆના સુપુત્ર. સ્વ. હેમલતાના પતિ. નરેન્દ્ર, રીનાના પિતા. રતીલાલ, પ્રેમજી, ધીરજ, સ્વ. તલકચંદ, ભોજાયના ઝવેરબેન વસનજી, બાડાના મણીબેન મણીલાલ, સાભરાઇના કલ્પના કાંતીલાલ (બાસોદા), ભોજાયના ધનબાઇ તલકશી, મેરાઉના લક્ષ્મીબેન અરવિંદ, નવાવાસના મંજુલા (મીના) વિજયના ભાઇ. વિઢના કુંવરબાઇ તેજપાર વેલજીના જમાઇ. પ્રાર્થના રાખેલ નથી. ઠે. નરેન્દ્ર દેઢીઆ, ૨૩-૬, ગુલાબ વ્યુ, ક્યુબીક મોલની બાજુમાં, સી.જી. રોડ, ચેમ્બુર, મુંબઇ-૭૪.

મોખાના માતુશ્રી પાનબાઇ પદમશી દેઢીયા (ઉ.વ. ૮૯) તા. ૧૨-૯-૨૩ના દેહ પરીવર્તન કરેલ છે. તે હાંસબાઇ દેવજી દેઢીયાના પુત્રવધૂ. સ્વ. પદમશી દેવજીના ધર્મપત્ની. પ્રભા, ચેતના, ભાવનાના માતુશ્રી. પત્રીના મમીબાઇ, મણીબાઇ પ્રેમજી નાનજીના સુપુત્રી. ગુણાનુવાદ સભા રાખેલ નથી. ઠે. ભાવના કિરણ ગાલા, વી-૭-૧૦૩ વિનય નગર, ટાટા મોટરની પાછળ, મીરા ભાયંદર રોડ, મીરા રોડ-૪૦૧૧૦૭.

કોડાયના હરખચંદ ભવાનજી છેડા (ઉ.વ. ૯૭) તા. ૧૨-૯-૨૩ના સુરત મધ્યે અવસાન પામ્યા છે. માતુશ્રી દેવકાબેન ભવાનજી રવજી, માતુશ્રી સુંદરબેન વેલજી રવજીના સુપુત્ર. સ્વ. મધુલતાબેનના પતિ. જીતેન્દ્ર, જ્યોતી, અંજલીના પિતાશ્રી. સ્વ. ખુશાલભાઈ, સ્વ. નરોત્તમભાઈ, અમૃતલાલના મોટાભાઈ. સમાઘોઘાના માતુશ્રી મમીબાઈ લખમશી વીરજી સાવલાના જમાઈ. પ્રાર્થના રાખેલ નથી. નિ. જીતેન્દ્ર છેડાઃ બીર/૧૦૦૨, કચ્છી સર્વોદય નગર, પી. એલ. લોખંડે માર્ગ, ગોવંડી (વેસ્ટ), મુંબઈ-૪૦૦૦૪૩.

**ઝાલાવાડી દશા શ્રીમાળી સ્થાનકવાસી જૈન**

થાનગઢ હાલ બોરીવલી ગં.સ્વ. લીલાવતીબેન (ઉ.વ. ૯૨) તે સ્વ. ભાઈચંદ ગુલાબચંદ દોઢીવાલાના ધર્મપત્ની તા. ૧૨-૯-૨૩ના અરિહંતશરણ પામેલ છે. તે સ્વ. જશવંતભાઇ, નયનાબેન નિરજનકુમાર તુરખીયા, મિલનભાઈના માતુશ્રી. સ્વ. નલીનીબેન અને રાજુલના સાસુ. તે લીંબડી નિવાસી સ્વ. ડાયાલાલ ત્રિભોવનદાસ શેઠના બહેન. તે રુજીતા, અશ્રીતા, મૃણાલ તથા દીપાલી, ઇશાનીના દાદી. પ્રાર્થના સભા તથા લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**ઝાલાવાડી સ્થાનકવાસી જૈન**

ઘાંગ્રઘાં હાલ ભાયંદર (વે) સ્વ. શાંતાબેન વાડીલાલ પ્રેમચંદ શાહનાં પુત્ર સ્વ. નવીનભાઈનાં ધર્મપત્ની પ્રફુલ્લાબેન (ઉ.વ. ૭૭) તે પ્રશાંત તથા મેહુલનાં માતુશ્રી. વર્ષા તથા હેમાલીનાં સાસુ. વિનોદભાઈ, રાજેશભાઈ, મુકેશભાઈ, કલ્પનાબેન રાજેન્દ્ર શાહ, નયના નિલેશ શેઠ તથા હિના હેમંત શાહનાં ભાભી. પિયર પક્ષે પાલીતાણા નિવાસી હાલ ભાવનગર સ્વ. જયાબેન લાલચંદ મેઘજી કપાસીની સુપુત્રી તા. ૧૨-૯-૨૩ને મંગળવારનાં અવસાન પામેલ છે. લૌકિક વ્યવહાર તથા પ્રાર્થનાસભા બંધ રાખેલ છે. ૫૦૬, શિવ દર્શન ટાવર, પદ્માવતી કોમ્પ્લેક્સ, ૯૦ ફીટ રોડ, ભાયંદર (વેસ્ટ).

**ઝાલાવાડી દશા શ્રીમાળી મૂર્તિપૂજક જૈન**

સ્વ. કાંતાબેન ચંદુલાલ શાહ (હાલ ઘાટકોપર)ના પુત્રવધૂ સ્વ. પિયુષકુમારના ધર્મપત્ની મીનાબેન (ઉ.વ. ૬૭) તે રીશીત અને પૂર્વીના મમ્મી. બીનીશા અને જીગીશકુમારના સાસુ. તે સ્વ. મંજુલાબેન કેશવલાલ શાહની સુપુત્રી. (હાલ ગોરેગાંવ), તે હંસાબેન પ્રતાપભાઈ, મીનાક્ષીબેન જીતેન્દ્રભાઈ, સ્વ. દમયંતીબેન, સ્વ. વિમુબેન, સ્વ. સ્મીતાબેન, મંજુબેન બુધાલાલ, સુરેખાબેન સુબોધભાઈના ભાભી તે તા. ૧૨-૯-૨૩ના અરિહંતશરણ પામેલ છે. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**વાગડ વિ. ઓ. જૈન**

ગામ ગાગોદરના સ્વ. કાનજી છેડા (ઉં. વ. ૬૯) સોમવાર, ૧૧-૯-૨૩ના મુંબઈ મધ્યે અરિહંતશરણ થયેલ છે. ગં. સ્વ. મોંઘીબેન ભીમશી નરપારના પુત્ર. સ્વ. અમૃતબેન/ગુણવંતીના પતિ. અમિત, પ્રકાશ, સચીનના પિતાશ્રી. ડિમ્પલ, કરીશ્માના સસરા. દિવાળીબેન, મણશી, પદમશી, જવેરના ભાઈ. આધોઈના ગંગાબેન વિસનજી નાથા ડાઘાના જમાઈ. પ્રાર્થના રાખેલ નથી. ઠે. ધાકે કોલોની સોસાયટી, અપના બજારની બાજુમાં, બિલ્ડીંગ નં. ૬, બી/૪૦, અંધેરી-વેસ્ટ.

ગામ પેથાપર હાલે થોરીયારીના સ્વ. ભારમલ લધા ગડા (ઉં. વ. ૯૦) અવસાન પામેલ છે. તે રાણીબેનના પતિ. રમણીક, કિશોર, સ્વ. જવેર, કમળા, ચંપા, કેશર, ધનવંતી, રમીલાના પિતાશ્રી. અમૃતા, જયશ્રી, સ્વ. પદમશી, સ્વ. હેમરાજ, બાબુલાલ, લાલજી, અમરશી, દિનેશના સસરા. રોનક, જૈનિક, હિત, ધ્રુતિના દાદા. રૂચી, કરણના દાદાજી સસરા. ગામ થોરીયારીના સ્વ. ખેતઈબેન કરશનના જમાઈ. પ્રાર્થના ગુરુવાર, ૧૪-૯-૨૩ના ૧૦ થી ૧૧.૩૦. પ્રાર્થના પછી બરવિધી રાખેલ છે. પ્રાર્થના સ્થળઃ અચલગચ્છ, હરદેવી સોસાયટી ગેટ નં. ૩, ગુફા રોડ, જોગેશ્વરી ઈસ્ટ.

**ઘોઘારી વિશા શ્રીમાળી જૈન**

તણસાના હાલ મુંબઈ અરવિંદભાઈ ચત્રભુજ વોરા (ઉં. વ. ૮૫) તે લીલમબેનના પતિ. આશા, નેહા અને ગૌતમના પિતા. તપન અને આતમીના સસરા. ગુણવંતભાઈ, મનુભાઈ, સ્વ. નિર્મલાબેન, પુષ્પાબેન અને રંજનબેનના ભાઈ. સાસરા પક્ષે ભગવાનદાસ પ્રભુદાસ શાહના જમાઈ. મંગળવાર, ૧૨-૯-૨૩ના અરિહંતશરણ પામેલ છે. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

## પારસી મરણ

મીનુ નોશીર ગાંધી તે મરહુમ ફીલોમીનાનાં ખાવીંદ, તે મરહુમો બાનુબઈ તથા નોશીર ગાંધીનાં દીકરા. તે પીરાન, ફરઝાદ તથા મહારૂખ ગાંધી કાનાડેનાં બાવાજી. તે રૂખશાના તથા રીના ગાંધી અને વિનાયક કાનાડેનાં સસરાજી. તે સામી, સાયરસ તથા મરહુમ ફીરોઝનાં ભાઈ. તે રૂસ્તમનાં મમાવાજી તથા મેહેરાનનાં બપાવાજી. (ઉ.વ. ૭૭) ઠેઃ બી-વિંગ, ૪૦૭, ૪થે માળે, પારસી પંચાયત કોમ્પ્લેક્સ, ગોરેગાંવ (ઈ), મુંબઈ-૪૦૦૦૬૩. ઉઠમણાંની ક્રિયાઃ તા. ૧૪-૯-૨૩એ બપોરના ૩.૪૫ વાગે, સાલસેત અગિયારી છેજી. (અંધેરી-મુંબઈ).

## મરણ નોંધ માટે ખાસ સૂચના

કોરોના વાઇરસની હાલની પરિસ્થિતિને ધ્યાનમાં લઇને મરણ નોંધ આપવા માટે 'મુંબઈ સમાચાર'ના કાર્યાલય સુધી આવવાને બદલે ઇ-મેલથી મોકલી શકાશે. લેટરહેડ પર મરણનોંધ મોકલવા ઉપરાંત ડેથ સર્ટિફિકેટ અથવા લાકડાની રસીદ સાથે મોકલવી અનિવાર્ય રહેશે.

ઇ-મેલઃ samachar.bombay@gmail.com

- વ્યવસ્થાપક

## હિન્દુ મરણ

**કડવા પાટીદાર**

લાડોલ હાલ કાંદિવલી ગં. સ્વ. સીતાબેન કાનજીભાઈ પટેલ (ઉ.વ. ૮૩) તે ૧૩/૯/૨૩ના શ્રીજીશરણ પામેલ છે. તે જીતુભાઇ, લતાબેન, દિપીકાબેન, જીજ્ઞાબેનના માતુશ્રી. શોભા, રાકેશ, પરેશ તથા ચૈતન્યના સાસુ. પ્રાર્થનાસભા રાખેલ નથી. લૌકિક વ્યવહાર બંધ છે.

**દેસાઈ સઇ સુથાર જ્ઞાતિ**

ગામ ઇંગરોડા (ભાડ) હાલ ભાંડુપ ચંદ્રિકાબેન જેન્તીભાઇ ભગવાનભાઇ હિંગુ (ઉ.વ. ૫૩) તે ૧૦/૯/૨૩ના રામચરણ પામેલ છે. તે જીતેશ, ચાંદની, પૂનમના માતુશ્રી. રમેશભાઈ, સ્વ. પ્રભાબેન, લીલીબેન, લાભુબેન, રેખાબેન, મુકેશભાઈ, મનસુખભાઇ, કમલેશભાઈના ભાઈના પત્ની. સ્વ. ત્રિભોવનભાઈ કરમશીભાઈ ભરખડાના દીકરી. ગીરીશભાઈ, વિનોદભાઈ, ભરતભાઈ, પુષ્પાબેન, મંજુબેનના બહેન. હરેશ, દયા તથા તુષારના સાસુ. પ્રાર્થનાસભા ૧૪/૯/૨૩ના ૩.૩૦ થી ૫.૩૦, દેસાઈ સઇ સુથાર જ્ઞાતિ, અશોક ચક્રવર્તી રોડ ૪, સ્વયંભુ ગણપતિ મંદિર પાસે, કાંદિવલી ઈસ્ટ.

**ઝાલાવાડી સઇ સુથાર**

સુરેન્દ્રનગર હાલ વડોદરા ગં. સ્વ. શારદાબેન કસ્તુરચંદ પરમાર (ઉ.વ. ૭૭) તે ૧૨/૯/૨૩ના શ્રીજીશરણ પામેલ છે. તે જયશ્રી મુકેશ, મીના રાજેશ, અનિતા પિયુષના સાસુ. મીના ભાષ્માંક સોલંકી, લતા હેમત, રીટા જગદીશ, નીલ્યુના નરેન પરમારના કાકીજી. પિયરપક્ષે મઢાદ નિવાસી સ્વ. લલીતાબેન ચીમનલાલ સોલંકીના દીકરી. પિન્કેશ, ધ્રુવ, ધ્વનીલ, પાર્થ, આદિત્યના દાદી.

**પરજીયા સોની**

મૂળ ગામ સતાપર (નાગપુરવાળા) હાલ દહિંસર ગં. સ્વ. કુસુમબેન ધાનક (સોની) (ઉ.વ. ૮૯) તા. ૧૧-૯-૨૩ને સોમવારે શ્રીજીચરણ પામ્યા છે. તે સ્વ. નાથાલાલ જાદવજી ધાનક (સોની)ના ધર્મપત્ની. તે કોઠા વીસોત્રીવાળા સ્વ. ગોરધનદાસ રામજીભાઈ વાયાના દીકરી. તે રાજેન્દ્ર, અશોક, રેખા, મીના, સીમાના માતુશ્રી. તે કલ્પનાબેન તથા પ્રજ્ઞાબેન, બાબુલાલ, ચંદુલાલ, જીજ્ઞેશકુમારના સાસુ. તે પારુલ, નયન, સમીર, અભિષેક, ક્રિષ્ના શ્યામકુમાર સતિકુંવરના દાદીમાં. પ્રાર્થનાસભાઃ તા. ૧૪-૯-૨૩ ગુરુવાર ૧૧.૦૦ થી ૧૨.૦૦, સ્થળઃ ડી. કે. હોલ, સોની વાડી, શિમ્પોલી ક્રોસ રોડ, બોરીવલી વેસ્ટ.

**સુરતી દશા નાગર વણિક**

સુરત હાલ મુંબઈ પુષ્પા લલિતમોહન મુગટવાળા (ઉ.વ. ૮૬), ૧૨-૯-૨૩ના શ્રીજીશરણ પામેલ છે. તે સ્વ. લલિતમોહનના પત્ની. હેમંત, રસેશ, રાજેશના માતા. હેમા, પ્રીતિના સાસુ. કિંજલ, બીજલના દાદી. પ્રાર્થનાસભા, લૌકિક વ્યવહાર બંધ છે.

**ઝાલાવાડી સઈ સુથાર**

ભોયકા, હાલ મલાડ (પૂર્વ) ચિમનલાલ મોહનલાલ સોલંકીના ધર્મપત્ની ઉર્મિલાબેન (ઉ.વ. ૭૪) તા. ૧૦-૯-૨૩ના દેવલોક પામ્યા છે. તે યોગેશભાઈ, અનિલભાઈ તેમજ હેતલબેનના માતુશ્રી. અ.સૌ. સોનલ, કલ્પનાના સાસુમા. ચિ. જય તેમ જ આસીતાના દાદીમા. ભવ્યના નાનીમા. તે રોહિશાળાના નિવાસી લાલજીભાઈ મનજીભાઈ હાલારી (પરમાર)ના દીકરી. તેમની સાદડી તા. ૧૪-૯-૨૩, ગુરુવારના ૪.૦૦થી ૬.૦૦. પિયર પક્ષની સાદડી સાથે રાખેલ છે. શરાફ માતૃ મંદિર, પોદાર પાર્ક, મલાડ (પૂર્વ).

**કચ્છી લોહાણા**

ચંદ્રકાંત ઠક્કર (ગજરીયા) (ઉ.વ. ૭૪) ગામ-અંજાર કચ્છ, હાલ મુંબઈ તે સ્વ. શાંતાબેન દેવજી લધુભાઈના સુપુત્ર. નિર્મળાબેનના પતિ. તે સુનીલ તથા દીપા ધર્મેશચંદ્રના પિતાશ્રી. તે સ્વ. ભગવાનજી મુલજી સોઢાના જમાઈ. તે સ્વ. મહેન્દ્રભાઈ, પ્રવિણભાઈ, હરીશભાઈ તથા કંચનબેન ભરતભાઈ પૂંજાણીના ભાઈ. શ્રેયા, કૃપા રાજ ગણાત્રાના દાદા-નાના તા. ૧૨-૯-૨૩ના મંગળવારે શ્રીજીચરણ પામ્યા છે. તેમની પ્રાર્થનાસભા તા. ૧૪-૯-૨૩ના ગુરુવારે શ્રી બ્રાહ્મણ સમાજ, ૧લે માળે, જોશી લેન, રામજી આશર સ્કૂલની સામે, એમ.જી. રોડ, ઘાટકોપર (ઈ). ૫થી ૭ લૌકિક વ્યવહાર બંધ છે.

**કપોળ**

રાજુલાના (હાલ અમેરિકા) સ્વ. સરસ્વતીબેન કાનજીભાઈ દોશીના પુત્ર દક્ષેશ (ઉ.વ. ૭૨) તેઓ જ્યોતિના પતિ. જુલી શીલ અને એમી જયના પિતાશ્રી. હસમુખ-સુશીલા, ધ્રુવ-હંસા, રમેશ-મિતા, નરેન્દ્ર-મિનાક્ષી, સ્વ. પ્રબોધ-પદમા, વિનય-વાસંતીના ભાઈ. શ્વસુર પક્ષે સ્વ. ઉર્મિલા હરકીસનદાસ સંઘવીના જમાઈ. ભરત, મનોજ, નીતા ધીરેન્દ્ર ગોરડિયાના બનેવી. નીલા સંઘવી, બીનાના નણંદોઈ તા. ૮ સપ્ટેમ્બરના રોજ શ્રીજીચરણ પામ્યા છે. લૌકિક ક્રિયા બંધ રાખેલ છે.

**હાલાઈ લોહાણા**

મૂળ ગામ પોરબંદર હાલ બોરીવલીના મુકેશભાઈ (ઉં. વ. ૬૪) તે સ્વ. શાંતાબેન ત્રિકમદાસ સામાણીના પુત્ર. છાયાબેનના પતિ. તર્જની, હર્ષિલના પિતા. ભાવનાબેન અશ્વિન સચદેવ, ઝરણા હરેશ પોબારી, રીટા મુકેશ ઠક્કરના ભાઈ. સ્વ. તુલસીદાસ લક્ષ્મીદાસ અમલાણીના જમાઈ બુધવાર, ૧૩-૯-૨૩ના શ્રીજીચરણ પામ્યા છે. લૌકિક વ્યવહાર બંધ છે.

**હા. લોહાણા**

ભીખાલાલ (ઉં. વ. ૮૪) સ્વ. મણિબેન નાથાલાલ ચંદારાણાના પુત્ર. તે સ્વ. માલતીબેનના પતિ. સોના, ગૌરાંગના પિતા. ગં. સ્વ. નિર્મળાબેન ચંદ્રકાંત ઠક્કર, સ્વ. ભારતીબેન હરિવલ્લભ ગણાત્રા, ગં. સ્વ. પ્રવિણાબેન પ્રવિણભાઈ મોદી, સુરેશ, ચંદ્રકાન્તના મોટાભાઈ. સ્વ. રમાબેન પ્રાણવલ્લભદાસ કાપડિયાના જમાઈ મંગળવાર, ૧૨-૯-૨૩ના શ્રીજીચરણ પામેલ છે. પ્રાર્થના તથા લૌકિક વ્યવહાર રાખેલ નથી.

**કંઠી ભાટિયા**

મુંગણી જામનગર હાલ ઘાટકોપર મનવી (બીના) મુકેશ ભાટિયા (ઉં. વ. ૫૮) તે મિતેન તથા સાગરનાં માતુશ્રી. સુદર્શના તથા દૃષ્ટિના સાસુ. તે નીતા દિલીપ ભાટિયાના જેઠાણી. તે સ્વ. નિર્મળાબેન મંગળદાસ ગાંધીના પુત્રી. તે સ્વ. દીપક. અ. સૌ. રેખા, હિના તથા ચેતનના બહેન ૧૨-૯-૨૩ના શ્રીજીચરણ પામેલ છે. પ્રાર્થનાસભા ગુરુવાર, ૧૪-૯-૨૩ના ૪.૩૦ થી ૬. સ્વામિનારાયણ મંદિર, ૯૦ ફીટ રોડ, ઘાટકોપર (પૂર્વ). લૌકિક વ્યવહાર બંધ છે.

| મરણ ખબર માટેની સૂચના | મૃત્યુનોંધ સાંજે ૭-૩૦ સુધી જ સ્વીકારવામાં આવશે | (૧) મરનારનું નામ (૨) તારીખ (૩) ઉંમર (૪) ક્યાં ગુજરી ગયા છે એ જગ્યા (૫) માતાનું નામ (૬) પિતાનું નામ (૭) ગમે તે ત્રણ સગાઈ (૮) પ્રાર્થનાસભા સ્થળ, તારીખ, સમય. મૃત્યુનોંધ આપનારે ઉપર જણાવ્યા મુજબની વિગતો જ પોતાના લેટરહેડ પર લખીને આપવાની રહેશે. સગાઈરૂપે લખાયેલાં વધારાના નામોની કાપકૂપ થાય તો એ માટે કોઈ સંવાદને સ્થાન રહેશે નહીં. (૫૦ શબ્દથી વધારે નહીં). - વ્યવસ્થાપક |
|---|---|---|

# કિશોરનું અપહરણ કરીને ₹ ૩૦ લાખની ખંડણી માગી: ત્રણની ધરપકડ

પુણે: ૧૪ વર્ષના કિશોરનું અપહરણ કરીને તેના છુટકારા માટે પરિવારજનો પાસે રૂ. ૩૦ લાખની ખંડણી માગવા બદલ ત્રણ જણની ધરપકડ કરવામાં આવી હતી.

આરોપીઓની ઓળખ તેજન લોખંડે, અર્જુન રાઠોડ અને વિલાસ મ્હસ્કે તરીકે થઇ હોઇ તેઓ હૉટેલ ખોલવા માગતા હતા અને તેમને નાણાંની જરૂર હતી. આથી તેમણે કિશોરના અપહરણની યોજના બનાવી હતી.

પોલીસના જણાવ્યા અનુસાર પિંપરી-ચિંચવડના તાથાવડે વિસ્તારમાંથી મંગળવારે સવારે ભંગારના વેપારીના ૧૪ વર્ષના પુત્રનું અપહરણ કરવામાં આવ્યું હતું.

કિશોરના પરિવારે આ પ્રકરણે ફરિયાદ નોંધાવ્યા બાદ પોલીસે ટીમ તૈયાર કરી તપાસ આદરી હતી. (પીટીઆઇ)■

# દસમા ધોરણની વિદ્યાર્થિનીનો વિનયભંગ: ડ્રૉઇંગ ટીચરની ધરપકડ

થાણે: થાણેમાં આવેલી સ્કૂલમાં દસમા ધોરણની વિદ્યાર્થિનીનો કથિત વિનયભંગ કરવા પ્રકરણે ૪૮ વર્ષના ડ્રૉઇંગ ટીચરની ધરપકડ કરવામાં આવી હતી.

પોલીસના જણાવ્યા અનુસાર મહિના અગાઉ આ ઘટના બની હતી અને પોલીસે મંગળવારે યોગેશ આહિરેની ધરપકડ કરી હતી.

કલવા વિસ્તારમાં આવેલી સ્કૂલમાં ભણતી વિદ્યાર્થિની ૯ ઑગસ્ટે ડ્રૉઇંગ ટીચરને બોલાવવા માટે શિક્ષકોની રૂમમાં ગઇ હતી ત્યારે આરોપીએ તેની સાથે ખરાબ વર્તન કરીને તેને અયોગ્ય રીતે સ્પર્શ કર્યો હતો. ઉપરાંત તેણે અભદ્ર ભાષાનો ઉપયોગ પણ કર્યો હતો. આ ઘટનાથી વિદ્યાર્થિની ચોંકી ગઇ હતી અને તે પોતાની ક્લાસરૂમમાં પાછી ફરીને રડવા લાગી હતી. બાદમાં અન્ય વિદ્યાર્થિની તેને પ્રિન્સિપાલ પાસે લઇ ગઇ હતી અને તેણે પ્રિન્સિપાલને તમામ હકીકત જણાવી હતી. (પીટીઆઇ)■

# અંધેરીમાં ₹ ચાર કરોડનું મેફેડ્રોન ડ્રગ્સ પકડાયું: વસઇના બે યુવકની ધરપકડ

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: મુંબઈ ક્રાઇમ બ્રાન્ચે અંધેરી વિસ્તારથી રૂ. ચાર કરોડની કિંમતનું મેફેડ્રોન ડ્રગ્સ પકડી પાડી બે યુવકની ધરપકડ કરી હતી. યુવકોની ઓળખ અરશદ અહમદ મોબીન શેખ (૨૬) અને ઇમરાન નૂર મોહંમદ મેમન (૨૬) તરીકે થઇ હોઇ તેઓ વસઇના રહેવાસી છે. આ ગુનામાં ફરાર મહિલાની પોલીસ હવે શોધ ચલાવી રહી છે.અંધેરી પશ્ચિમના ડી. એન. નગર વિસ્તારમાં બે યુવક ડ્રગ્સ લઇને આવવાના છે, એવી માહિતી ક્રાઇમ બ્રાન્ચ યુનિટ-૯ના ઇન્ચાર્જ દયા નાયકને મળી હતી. આથી પોલીસ ટીમે મંગળવારે ગિલ્બર્ટ હિલ રોડ પર મુન્શી નગરમાં સ્કૂલ નજીક છટકું ગોઠવ્યું હતું અને ત્યાં આવેલા બે યુવકને શંકાને આધારે તાબામાં લીધા હતા.બંને યુવકની તલાશી લેવામાં આવતાં તેમની પાસેથી રૂ. ચાર કરોડની આંતરરાષ્ટ્રીય બજાર કિંમતનું મેફેડ્રોન ડ્રગ્સ મળી આવ્યું હતું. ■

# મુંબઈને ચકાચક બનાવવા ૧૮૦૦ કર્મચારી અને ૨૦૦ મશીન લાગ્યા કામે

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: મુંબઈ મહાનગરના મુખ્ય પરિસરની સાથે જ નાના-મોટા રસ્તા, ગલીઓ, ફૂટપાથ અને સાર્વજનિક શૌચાલયોને સ્વચ્છ, સુંદર અને ચકાચક બનાવવા માટે દરરોજ ૧,૮૦૦ કર્મચારી અને લગભગ ૨૦૦ મશીનની મદદ લેવામાં આવી રહી હોવાનો દાવો મુંબઈ મહાનગરપાલિકાએ કર્યો છે.

મુંબઈના તમામ સાર્વજનિક સ્થળો, મુખ્ય રસ્તા અને પરિસરની નિયમિત રીતે સફાઈ થાય છે, તે મુજબ જ અન્ય નાના રસ્તા, ગલીઓ, વસતી તેમ જ સાર્વજનિક શૌચાલયની સફાઈ પર ભાર આપવામાં આવી રહ્યો છે. પાલિકા કમિશનર અને પ્રશાસક ઈકબાલસિંહ ચહલે તમામ ૨૪ વૉર્ડ અને સંબંધિત ખાતાને તે મુજબ પગલા લેવાની સૂચના આપી હતી.

કમિશનરના આદેશ મુજબ પાલિકાના ઘનકચરા વિભાગે પાલિકાના ૧,૪૨૭, બિનસરકારી સંસ્થાના ૨૪૧, તો કૉન્ટ્રેક્ટ પર ૮૦ એમ કુલ ૧,૭૪૮ મનુષ્યબળને સફાઈ માટે નીમ્યા છે. તે પ્રમાણે જ જેસીબી, ડંપર વગેરે મળીને કુલ ૧૮૬ વાહનોને તહેનાત કરવામાં આવ્યાં છે. આ તમામ મનુષ્યબળ અને મશીનની મદદથી સફાઈ કરવામાં આવી રહી છે.

# સનાતન ધર્મ પર ટિપ્પણી કરવા બદલ ઉદયનિધિ સ્ટાલિન સામે કેસ નોંધવામાં આવ્યો

થાણે: અહીંની મીરા રોડ પોલીસે સનાતન ધર્મ પરની ટિપ્પણી અંગેની ફરિયાદ બાદ તમિલનાડુના મંત્રી ઉદયનિધિ સ્ટાલિન વિરુદ્ધ એફઆઈઆર નોંધી છે. ડીએમકે નેતા ઉદયનિધિ સ્ટાલિને તાજેતરમાં સનાતન ધર્મને લોકોમાં વિભાજન અને ભેદભાવને પ્રોત્સાહન આપવા માટે દોષી ઠેરવ્યો અને કહ્યું કે તેને નાબૂદ કરવો જોઈએ.એક સ્થાનિક રહેવાસીની ફરિયાદના આધારે, મીરા રોડ પોલીસે મંગળવારે રાત્રે સ્ટાલિન વિરુદ્ધ ભારતીય દંડ સંહિતાની કલમ ૨૯૫-એ (ઇરાદાપૂર્વક અને દૂષિત કૃત્યો, તેના ધર્મ અથવા ધાર્મિક માન્યતાઓનું અપમાન કરીને કોઈપણ વર્ગની ધાર્મિક લાગણીઓને ઠેસ પહોંચાડવાના હેતુ) અને ૧૫૩-એ (ધર્મ, જાતિ, જન્મ સ્થળ, રહેઠાણ, ભાષા વગેરેના આધારે વિવિધ જૂથો વચ્ચે દુશ્મનાવટને પ્રોત્સાહન આપવું) હેઠળ એફઆઈઆર નોંધી છે.

ફરિયાદીએ દાવો કર્યો હતો કે સ્ટાલિનની ટિપ્પણીથી સનાતન ધર્મનું પાલન કરનારાઓની ધાર્મિક લાગણીઓને ઠેસ પહોંચી છે. (પીટીઆઈ)

# વૃંદા કરાત વિરુદ્ધ ગુનો નોંધાયો

મુંબઈ: ખાદ્ય સુરક્ષા અને જાહેર વિતરણ પ્રણાલી સંબંધી સમસ્યાઓ સામે 'ગેરકાયદે' વિરોધ કરવા બદલ પોલીસે મંગળવારે સીપીઆઇ (એમ)નાં નેતા વૃંદા કરાત અને ઓલ ઇન્ડિયા ડેમોક્રેટિક વુમન્સ એસોસિયેશન (એઆઇડીડબ્લ્યુએ)ના સભ્યો વિરુદ્ધ એફઆઇઆર દાખલ કર્યો હતો, એમ અધિકારીએ જણાવ્યું હતું.મુંબઈ પાલિકા મુખ્યાલય નજીક આઝાદ મેદાનમાં સેંકડો મહિલાઓએ ખાદ્ય અધિકારની માગણી કરતાં બેનરો અને પ્લેકાર્ડ સાથે વિરોધ કર્યો હતો.એઆઇડીડબ્લ્યુએની ઓફિસ આ જ વિસ્તારમાં છે અને સંસ્થાએ નજીકના ફૂટપાથ પર વિરોધ કરવા પરવાનગી માગી હતી, પરંતુ પોલીસે પરવાનગી નકારી હતી અને આવી પ્રવૃત્તિ માટે જગ્યા નિર્ધારિત કરાઇ છે તે આઝાદ મેદાનની અંદર વિરોધ કરવા જણાવ્યું હતું. (પીટીઆઇ)■



**સુખકર્તા, દુ:ખહર્તા:** ગણેશોત્સવને હવે ગણતરીના દિવસો બાકી રહ્યા છે ત્યારે ભક્તો પોતાના ઘરે ગણેશજીના આગમનની તૈયારીમાં લાગી ગયા છે. એના ભાગરૂપે મૂર્તિકાર પણ ગણેશજીની મૂર્તિને આકાર આપવામાં વ્યસ્ત છે. આવી જ તૈયારીના ભાગરૂપે મૂર્તિકારે કતારબંધ મૂર્તિઓ બનાવીને સજ્જ કરી હતી. (જયપ્રકાશ કેળકર)

**કોવિડ-૧૯ બોડી બેગની ખરીદી કૌભાંડ**

# કિશોરી પેડણેકરની ત્રણ કલાક પૂછપરછ કરાઇ

મુંબઈ: કોવિડ-૧૯ પીડિતો માટે બોડી બેગની ખરીદીમાં કથિત કૌભાંડ સંબંધમાં મુંબઈનાં ભૂતપૂર્વ મેયર કિશોરી પેડણેકર બુધવારે ફરીથી મુંબઈ પોલીસની આર્થિક ગુના શાખા (ઇઓડબ્લ્યુ) સમક્ષ હાજર થયાં હતાં. પેડણેકર સવારના ૧૧ વાગ્યે ઇઓડબ્લ્યુની ઓફિસમાં પહોંચ્યાં હતાં અને બાદમાં તેમની ત્રણ કલાક સુધી પૂછપરછ કરવામાં આવી હતી.

પેડણેકરને સોમવારે પણ બોલાવવામાં આવ્યાં હતાં અને તેમની બે કલાક સુધી પૂછપરછ કરવામાં આવી હતી. એફઆઇઆરમાં પેડણેકર અને અન્ય બે જણનાં નામ છે.

ભાજપના નેતા કિરીટ સોમૈયાએ નોંધાવેલી ફરિયાદને આધારે ઉદ્ધવ ઠાકરે જૂથના નેતા પેડણેકર અને મહાપાલિકાના બે વરિષ્ઠ અધિકારી વિરુદ્ધ ભારતીય દંડસંહિતાની કલમ ૪૨૦ (છેતરપિંડી), ૧૨૦-બી (ફોજદારી કાવતરુ) સહિતની કલમો હેઠળ ગુનો દાખલ કરાયો હતો.

ફરિયાદમાં આક્ષેપ કરવામાં આવ્યો હતો કે મહામારી દરમિયાન આરોગ્ય સુવિધાઓનું વ્યવસ્થાપન, મૃત દર્દીઓ માટેની બોડી બેગ, માસ્ક અને અન્ય વસ્તુઓની ખરીદીમાં અનિયમિતતા અને ભંડોળની ઉચાપત કરવામાં આવી હતી.

પેડણેકર નવેમ્બર, ૨૦૧૯થી માર્ચ, ૨૦૨૨ સુધી મુંબઈનાં મેયર હતાં. હવે મહાપાલિકાની જનરલ બોડીની મુદત સમાપ્ત થઇ છે અને નવી ચૂંટણીઓ હજી જાહેર થઇ નથી.

આ કેસની તપાસ ચાલુ છે અને આ તબક્કે કસ્ટડીમાં પૂછપરછની જરૂર નથી એમ કહીંને હાઇ કોર્ટે ૬ સપ્ટેમ્બરે પેડણેકરને ચાર સપ્તાહ સુધી ધરપકડ સામે વચગાળાનું રક્ષણ આપ્યું છે. હાઇ કોર્ટે નિર્દેશ આપ્યા છે કે પેડણેકરે તપાસમાં સહકાર આપવો અને ૧૧, ૧૩ તથા ૧૬ સપ્ટેમ્બરે ઇઓડબ્લ્યુ સામે પૂછપરછ માટે હાજર રહેવું.

આગોતરા જામીન અરજીમાં પેડણેકરે દાવો કર્યો છે કે તેમને ખોટી રીતે આ કેસમાં સંડોવવામાં આવ્યાં છે અને તેમની વિરુદ્ધ ફરિયાદ રાજકીય પ્રેરિત છે.

તેમણે દાવો કર્યો છે કે શિવસેનામાં ભાગલા પડ્યા પછી ફરિયાદ નોંધાઇ હતી એ ઉદ્ધવ ઠાકરે સાથે હોવાથી પોતાને લક્ષ્ય બનાવવામાં આવી રહી છે. (પીટીઆઇ)




**જાલનાનો પ્રત્યાઘાત મુંબઈમાં:** જાલના ખાતે મહિલા, નાનાં બાળકો અને વૃદ્ધો પર થયેલા અમાનુષી લાઠીચાર્જના વિરોધમાં મરાઠા મોરચા ક્રાંતિ દ્વારા આમરણ ઉપવાસ કરવામાં આવ્યા હતા. નાયબ મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસ આ ઘટનાની જવાબદારી લે અને તત્કાળ રાજીનામું આપે એવી માગણી આંદોલનકારીઓએ કરી હતી. (જયપ્રકાશ કેળકર)

# અતિક્રમણો હટાવવા તમામ સરકારી યંત્રણાઓ એકત્ર કામ કરશે

મુંબઈ: મુંબઈ મહાનગરમાં ઠેર-ઠેર ઊભા થઈ ગયેલા અતિક્રમણો સામે હટાવવા માટે વિવિધ સરકારી એજેન્સીઓએ આપસમાં સમન્વય સાધીને કાર્યવાહી કરવી અને પોલીસ પ્રશાસને પણ અતિક્રમણ નિર્મૂલનની કાર્યવાહી દરમિયાન પૂરતો પોલીસ બંદોબસ્ત ઉપલબ્ધ કરી આપવો એવો એવો નિર્દેશ મુંબઈ મહાનગરપાલિકાના કમિશનર અને પ્રશાસક ઈકબાલસિંહ ચહલે આપ્યો છે.

હાઈ કોર્ટના આદેશ મુજબ રાજ્ય સરકારે બનાવેલી અતિક્રમણ નિર્મૂલન (સ્થાયી) સમિતિની બેઠક મંગળવાર, ૧૨ સપ્ટેમ્બરના પાલિકા મુખ્યાલયમાં કમિશનર ઈકબાલસિંહ ચહલના નેતૃત્વમાં યોજાઈ હતી. આ બેઠકમાં એડિશનલ કલેક્ટર (અતિક્રમણ નિર્મૂલન), ઍરપોર્ટ ઑથોરિટીના આસિસ્ટન્ટ મેનેજર (લેન્ડ મૅનેજમેન્ટ), આસિસ્ટન્ટ પોલીસ કમિશનર, મીઠાગરના સુપ્રિટેન્ટડન્ટ સહિત પાલિકાના અધિકારીઓ હાજર રહ્યા હતા.

નોંધનીય છે કે મુંબઈ મહાનગરપલિકામાં બૃહનમુંબઈ મહાનગરપાલિકા, કલેકટર ઑફિસ, મુંબઈ મેટ્રોપોલિટન રિજન ડેવલપમેન્ટ ઑથોરિટી, એસઆરએ, મ્હાડા, રેલવે, પોર્ટ ટ્રસ્ટ, ઍરપોર્ટ ઑથોરિટી, મિઠાગર સહિત વિવિધ સરકારી યંત્રણા કાર્યરત છે. સરકારી સંસ્થાના જમીનના પ્લોટ પર અતિક્રમણ હટાવવા સંદર્ભમાં તમામ સંબધિત યંત્રણાએ સમન્વયવ સાધીને કાર્યવાહી કરવી તેમ જ આવનારા તહેવારના સમયમાં પોલીસ પ્રશાસન સાથે યોગ્ય રીતે સમન્વય સાધીને અતિક્રમણ હટાવવાની કાર્યવાહી હાથ ધરવી એવો નિર્દેશ પણ કમિશનરે આપ્યો હતો.

જુદી જુદી સરકારી એજેન્સીઓ દ્વારા હાથ ધરવામાં આવતી અતિક્રમણ નિર્મૂલનની કાર્યવાહીની તમામ માહિતી અને વિગતો યોગ્ય રીતે સાચવી રાખવી, જેથી કરીને ભવિષ્યમાં તપાસ અને કોર્ટના કામકાજ માટે આ માહિતી મહત્ત્વપૂર્ણ બની શકે છે એવી સલાહ પણ આ દરમિયાન કમિશનરે આપી હતી.

### કાટમાળ નાખનારા પર નજર રાખવા સીસીટીવી

મુંબઈ મહાનગરમાં જુદી જુદી સરકારી યંત્રણાના પ્લોટ પર મોટાભાગે રાતના સમયે ડેબ્રીજ (કાટમાળ) નાખવામાં આવે છે, તેને કારણે તે પ્લોટ પર રહેલા વૃક્ષો અને મૅનગ્રોવ્ઝને તો નુકસાન થાય છે પણ સાથે જ રસ્તા પર કદરૂપા બને છે. તેથી પાલિકા અને પોલીસ યંત્રણાએ જુદા જુદા ઠેકાણે સીસીટીવી કેમેરા બેસાડવા અને સ્થાનિક પોલીસ અધિકારી અને પાલિકાના આસિસ્ટન્ટ કમિશનરે ખાસ તેના પર ધ્યાન આપવાનું રહેશે. તેમ જ પાલિકા પાસે રહેલી ઈન્ફૉર્મેશન ટૅક્નોલૉજી સિસ્ટમનો ઉપયોગ કરવા માટે અન્ય સરકારી એજેન્સીઓએ પણ આગળ આવવું એવું પણ કમિશનરે કહ્યું હતું.

# સરકારી નોકરીઓમાં ભરતી માટે નવ એજન્સીઓનો ઉપયોગ યુવાનોને નુકસાન કરશે: અરવિંદ સાવંત

મુંબઈ: રાજ્ય સરકાર અને તેને સંલગ્ન તંત્રોમાં મર્યાદિત મુદતની ભરતી માટે નવ એજન્સીઓના ઉપયોગની મહારાષ્ટ્ર સરકારની યોજના યુવાનો માટે નુસકાનકારક સાબિત થશે, એમ શિવસેના (ઉદ્ધવ ઠાકરે જૂથ)ના નેતા અરવિંદ સાવંતે જણાવ્યું હતું. લોકસભામાં દક્ષિણ મુંબઈનું પ્રતિનિધિત્વ કરતા સાંસદ અરવિંદ સાવંતે એક પત્રકાર પરિષદમાં રાજ્યના સરકારી ઠરાવના સંદર્ભમાં જણાવ્યું હતું કે એ ઠરાવ અનુસાર નવ એજન્સીઝ સ્કિલ્ડ અને સેમિ-સ્કિલ્ડ કક્ષાના ઉમેદવારોની ભરતી કરશે. તેઓ જેમની ભરતી કરાય તેમની પાસેથી ૧૫ ટકા કમિશન પણ લેશે.

અરવિંદ સાવંતે જણાવ્યું હતું કે આ રીતે નોકરી મેળવનારના પગારમાંથી અલગ અલગ રકમો કપાયા પછી તેની કુલ ગણતરી કરતાં કર્મચારીના હાથમાં ફક્ત ૬૦ ટકા રકમ આવશે. એ કર્મચારીઓને પાંચ વર્ષે પહેલી વેતનવૃદ્ધિ પ્રાપ્ત થશે. આ પગલું રોજગાર મેળવવા ઇચ્છુક યુવાનોને નુકસાન કરશે. તેમાં કાયમી નોકરીની કોઈ બાંયધરી નથી. વળી આ જોગવાઈ આરક્ષણો બાબતે પણ સવાલો ઊભા કરે છે. (એજન્સી)




# લોઅર પરેલના રહેવાસીઓને ગણપતિ બાપ્પા ફળશે

## રેલવે ઓવરબ્રિજ ગણેશોત્સવ પહેલાં ખુલ્લો મુકાય એવી શક્યતા

મુંબઈ: છેલ્લાં પાંચ વર્ષથી રખડેલા લોઅર પરેલના રેલવે ઓવરબ્રિજને ગણેશોત્સવ પહેલાં ખુલ્લો મૂકવામાં આવે એવી શક્યતા જણાઇ રહી છે. ગણેશોત્સવ પહેલાં બ્રિજ ખુલ્લો મૂકવામાં આવે એ માટે સ્થાનિક રહેવાસીઓનું દબાણ વધવા લાગ્યું હતું. લોઅર પરેલ નાગરિક બ્રિજ નાગરિક કૃતિ સમિતિએ બુધવારે સાંજે આંદોલન કરવાનો ઈશારો આપ્યો હતો. જોકે એ પહેલાં જ પ્રશાસને બ્રિજ ખુલ્લો મૂકવા માટે હિલચાલ શરૂ કરી દીધી છે.

લોઅર પરેલ (ડિલાઈલ રોડ) બ્રિજ જોખમી થઇ ગયો હોવાને કારણે જુલાઈ, ૨૦૧૮ના રોજ બંધ કરી દેવામાં આવ્યો હતો. વિવિધ અડચણોને કારણે પુલનું કામ રખડી પડ્યું હતું. લોઅર પરેલ રેલવે સ્ટેશન નજીક એન.એમ. જોશી માર્ગ અને ગણપતરાવ કદમ માર્ગ પર આ પુલ બાંધવાનું કામ ચાલી રહ્યું છે. લોઅર પરેલના પુલની પશ્ચિમ દિશાની એક બાજુ જૂન મહિનામાં ખુલ્લી મૂકવામાં આવી હતી. એ સમયે આખો બ્રિજ ખુલ્લો મૂકવા માટે જુલાઈ મહિનાની મુદત આપવામાં આવી હતી. જોકે આ મુદત નીકળી ગઇ હતી.ગણેશોત્સવના સમયમાં લોઅર પરેલ, કરીરોડ, લાલબાગ વિસ્તારમાં ભાવિકોની મોટા પ્રમાણમાં ભીડ ઊમટતી હોય છે. આને કારણે ગણેશોત્સવ પહેલાં આ પુલ શરૂ કરવામાં આવે એવી માગણી કરવામાં આવી હતી. પુલ વિભાગે એવી તૈયારી શરૂ કરી હતી. જોકે ત્યાર બાદ મુદત સુદ્ધાં પણ ઓક્ટોબર મહિના સુધી વધારી દેવામાં આવી હતી. આને કારણે સ્થાનિકોમાં ભારે પ્રમાણમાં રોષ ભભૂકી ઊઠ્યો હતો. હવે કરીરોડ તરફ જનારી દિશા ગણેશોત્સવ પહેલાં શરૂ કરવામાં આવશે, એવું પુલ વિભાગનું કહેવું છે. પાયાભૂત સુવિધા વિભાગના નાયબ કમિશનર ઉલ્હાસ મહાલેએ એની પુષ્ટિ પણ આપી હતી.



# ફન વર્લ્ડ

'મુંબઈ સમાચાર'ના ફન વર્લ્ડમાં તમને રસપ્રદ માહિતી મળશે અને સાથે મજા પણ આવશે. પ્રત્યેક કોયડાના સાચા જવાબ આપનારા વાચકોનાં જ નામ અહીં પ્રગટ કરવામાં આવશે. વાચકોએ તેમના જવાબ ઈ-મેઇલથી શુક્રવારે સાંજે ૬:૦૦ સુધી મોકલવાના રહેશે. ત્યાર પછી મોકલેલા જવાબ સ્વીકારાશે નહીં. વાચકોએ જવાબ funworld1822@gmail.com પર મોકલવાના રહેશે.

## ભાષા વૈભવ...

મરાઠી - ગુજરાતી સમાનાર્થી શબ્દોની જોડી બનાવો

| A | B |
|---|---|
| संच | આયોજક |
| संग्राम | ઉછેર |
| संगोपन | લડાઈ |
| संग्रहणी | સાધન, સામગ્રી |
| संघटक | ઝાડો, અતિસાર |

## ઓળખાણ પડી?

લગ્ન પ્રસંગે વરના હાથમાં લટકતો રાખવામાં આવતા આ દીવાની ઓળખાણ પડી? એની સાથે સ્ત્રીઓ ભાવ ભર્યા ગીતો ગાઈ, વાતાવરણ મંગલમય બનાવી આગળ વધતી હોય છે.



અ) કુળદીપક   બ) દિવેલ દીવો
ક) રામણદીવો   ડ) ઘડી દીવો

## ગયા વખતનો ઉકેલ

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ આ | ૨ ગ | ૩ તા | સ્વા | ૪ ગ | તા | | ૫ સા | ૬ મે | ૭ લ |
| ૮ પ | ગ | લી | | મા | | ૯ દ | ર | વા | જા |
| ૧૦ વ | ન | | ૧૧ પ | ર | મા | ર | | ૧૨ ત | મ |
| ડા | | | દા | | | ૧૩ મિ | ૧૩અ સી | | ણી |
| ઈ | | ૧૪ અ | વ | કા | ૧૫ શ | યા | ન | | |
| | ૧૬ મ | વા | લી | | ૧૭ કો | ન | | | ૧૮ ઉ |
| ૧૯ સં | સ્કા | ર | | ૨૦ વા | રુ | | | ૨૧ ઉ | ચ્ચ |
| મે | | ન | | સ | | ૨૨ પં | ૨૩ ચ | | સ્ત |
| ૨૪ લ | ૨૫ ડ | વા | ડ | | ૨૬ વિ | ચા | ર | | રી |
| ૨૭ ન | ગ | ર | | ૨૮ ર | જ | ત | | ૨૯ લ | ય |

## શબ્દલાલિત્ય

સતીશ વ્યાસ

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | | | ૪ | ૫ | ૬ | | ૭ |
| ૮ | | | | ૯ | | ૧૦ | | | |
| | | ૧૧ | ૧૨ | | ૧૩ | | | ૧૪ | |
| ૧૫ | | | ૧૬ | | | | ૧૭ | | |
| | | ૧૮ | | | | ૧૯ | | ૨૦ | |
| | ૨૧ | | | | ૨૨ | | ૨૩ | | |
| ૨૪ | | | | ૨૫ | | ૨૬ | | | ૨૭ |
| | | | | ૨૮ | | | | | |
| | | ૨૯ | ૩૦ | | | ૩૧ | | ૩૨ | |
| ૩૩ | | | ૩૪ | | | | | ૩૫ | |

**આડી ચાવી**

૧. અમુક (૪)
૪. ચર્ચા, સામસામા સવાલ જવાબ (૫)
૮. ચિન્હ, પગેરું, બાતમી (૩)
૧૦. ખપત, માગણી (૨)
૧૧. કોતરણી કરવી તે (૫)
૧૪. ચોખ્ખું (૨)
૧૫. સ્મરણ (૨)
૧૬. --- તંત્ર એટલે ખોરાક પચાવતું તંત્ર (૩)
૧૭. છેલ્લું, અંતિમ (૩)
૨૦. બહેનના દાદાનો દીકરો (૨)
૨૧. ખેતરમાંથી પાક ઉતારવો તે (૩)
૨૨. વિશાળ અંતરિક્ષ (૪)
૨૪. સૂરજ ઊગે તે (૩)
૨૬. જીત, ફતેહ (૨)
૨૮. છથી આઠ વચ્ચેનો મુકામ (૨)
૨૯. સૂરવાળ, સૂંથણું (૩)
૩૧. કડવું, પ્રકરણ, વિભાગ (૪)
૩૩. ધૂળ (૨)
૩૪. --- જોષીડો એમ કરી બોલ્યો (૪)
૩૫. ટુકડી (સૈન્યની), પાંખડી (૨)

**ઊભી ચાવી**

૧. જૈનોનું ઉદયપુર પાસેનું યાત્રાસ્થાન (૫)
૨. --- મગ એટલે ડગુમગુ, અસ્થિર (૨)
૩. લાડકવાયો, વહાલો, (૩)
૫. રોબ, રુઆબ, રોફ (૩)
૬. ટાલ છે, તો માથે પહેરો (૨)
૭. દગો કરી ફટકો મારવો તે (૫)
૯. કૃતિનાં ઘટકોની ગોઠવણી (૪)
૧૨. સાધના, ઇંદ્રિયદમન (૨)
૧૩. ભૂલ હોય તો --- પકડો (૨)
૧૪. અવકાશવાળું, સગવડે, અનુકુળતાએ (૪)
૧૮. પરવા ના રાખવી તે (૫)
૧૯. મોટું વહાણ (૩)
૨૧. --- દાવા એટલે ખટપટ (૨)
૨૩. દેહદમન (૪)
૨૪. સત્તાયુક્ત, પ્રમાણિત (૪)
૨૫. ફેલાવું તે, બ્રોડકાસ્ટિંગ (૪)
૨૭. અંદાજ, અનુમાન, કલ્પના (૪)
૩૦. --- હાથ રળિયામણા (૨)
૩૧. કળા, માત્રા, ગુંજન (૨)
૩૨. રાત્રે સૂરજ કે ચંદ્ર તો ના જ હોય (૨)

## ગુજરાત મોરી મોરી રે

અટપટી રીતે સમજાવતા સંબંધને ઓળખી કાઢો. કોઈ પુરુષના સગા કાકાના દાદાનો એકમાત્ર પુત્ર એ પુરુષને શું થાય એ જરા દિમાગ દોડાવી જણાવો જોઉં.

અ) કાકા   બ) ફુવા   ક) પિતા   ડ) દાદા

## જાણવા જેવું

૪ ઑક્ટોબર, ૧૯૫૭ના દિવસે સોવિયેત સંઘ દ્વારા દુનિયાનો પ્રથમ કૃત્રિમ ઉપગ્રહ સ્પુતનિક -૧ પ્રક્ષેપિત કરવામાં આવ્યો એ પછી સોવિયેત સંઘ અને યુ.એસ. દ્વારા અંતરીક્ષ અન્વેષણના કાર્યક્રમ શરુ થયા. ૩૧ જાન્યુઆરી, ૧૯૫૮ના રોજ અમેરિકાનો પ્રથમ ઉપગ્રહ એક્સપ્લોરર - ૧ પ્રક્ષેપિત કરાયો હતો. એ પછી બંને દેશ દ્વારા જુદા હજારો ઉપગ્રહો અને અંતરીક્ષયાનો સફળતાપૂર્વક પ્રક્ષેપિત કરવામાં આવ્યાં છે.

## સુડોકુ-૪૮૮૮

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૪ | | | | | ૨ | | | |
| | | ૬ | ૮ | ૩ | | | | |
| ૫ | | | ૧ | | ૯ | ૮ | ૬ | |
| ૭ | | ૯ | | | | | | |
| | ૮ | ૪ | | | | ૨ | ૭ | |
| | | | | | | ૪ | | ૬ |
| | ૪ | ૨ | ૩ | | ૮ | | | ૯ |
| | | | | ૫ | ૪ | ૭ | | |
| | | | ૯ | | | | | ૨ |

અહીં એક ચોરસ આપ્યું છે જેમાં નવ બોક્સ છે અને દરેકમાં નવ ખાનાં છે.૧) દરેક બોક્સમાં એકથી નવ સુધીનો આંક આવવો જોઈએ. ૨) દરેક આડી અને ઊભી હરોળમાં આંક આવવો જોઈએ. અહીં પણ કોઈ આંક રહી ન જવો જોઈએ.

## સુડોકુ-૪૮૮૭

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૨ | ૫ | ૯ | ૩ | ૭ | ૬ | ૪ | ૮ | ૧ |
| ૧ | ૭ | ૮ | ૪ | ૯ | ૫ | ૨ | ૬ | ૩ |
| ૩ | ૪ | ૬ | ૮ | ૧ | ૨ | ૫ | ૯ | ૭ |
| ૮ | ૬ | ૪ | ૧ | ૫ | ૭ | ૩ | ૨ | ૯ |
| ૯ | ૧ | ૭ | ૬ | ૨ | ૩ | ૮ | ૪ | ૫ |
| ૫ | ૨ | ૩ | ૯ | ૮ | ૪ | ૭ | ૧ | ૬ |
| ૬ | ૩ | ૫ | ૨ | ૪ | ૯ | ૧ | ૭ | ૮ |
| ૭ | ૮ | ૨ | ૫ | ૬ | ૧ | ૯ | ૩ | ૪ |
| ૪ | ૯ | ૧ | ૭ | ૩ | ૮ | ૬ | ૫ | ૨ |

## ચતુર આપો જવાબ

### માથું ખંજવાળો

આપેલા વાક્યમાં આપણે ત્યાં અને વિદેશમાં પણ ધામધૂમથી ઉજવાતો તહેવાર સંતાયો છે એ શોધી કાઢો જોઉં.

સલાહ અનેકની લેવાની, પણ નિર્ણય જાતે લેવાના. કોઈના તાલ પર નાચવું નહીં.

## નોંધી રાખો

વિચાર કરવાની આદત ક્યારેય છોડવી નહીં. કારણ કે સતત વિચાર કરવાથી નવી નવી કલ્પનાઓ મનમાં આકાર લેતી રહે છે અને નિષ્ફળ રહેલી કોશિશો વિસરી જવાય છે.

## માઈન્ડ ગેમ

અગાઉના સોવિયેત સંઘમાંથી ૧૯ એપ્રિલ, ૧૯૭૫ના દિવસે અવકાશમાં તરતા મૂકવામાં આવેલા ભારતના પ્રથમ ઉપગ્રહનું નામ જણાવો.

અ) બાણભટ્ટ   ૨) વિક્રમ એસ
૩) આકાશવીર   ૪) આર્યભટ્ટ

## ગયા ગુરુવારના જવાબ

**ભાષા વૈભવ**

| A | B |
|---|---|
| पाखरु | પક્ષી |
| पांघरुण | ઓછાડ |
| पाचकळ | મૂર્ખ |
| पाचारण | આમંત્રણ |
| पाचोळा | ખરેલા સૂકા પાન |

**ગુજરાત મોરી મોરી રે**
નણદોઇ

**ઓળખાણ પડી?**
ઇંઢોણી

**માઈન્ડ ગેમ**
શનિ

**ચતુર આપો જવાબ માથું ખંજવાળો**
મર્ચન્ટ

## ફનવર્લ્ડમાં ઉમળકાભેર ભાગ લઈ સાચા જવાબ આપનારા વાચકોનાં નામ અહીં આપ્યાં છે. અભિનંદન.

(૧) કિશોરકુમાર જીવણદાસ વેદ ૨). સુભાષ મોમાયા ૩). શ્રદ્ધા આસર ૪). ભારતી બૂચ ૫). મહેન્દ્ર લોઢાવિયા ૬). વિભા મહેશ્વરી ૭). લજિતા ખોના ૮). ખૂશરુ કાપડિયા ૯). રસિક જૂથાણી (ટોરન્ટો, કેનેડા), ૧૦) ડૉ. પ્રકાશ કટકિયા ૧૧). હર્ષા મહેતા ૧૨). ભારતી કટકિયા ૧૩). મહેશ સંઘવી ૧૪). મુલરાજ કપૂર ૧૫). જ્યોતિ ખાંડવાલા ૧૬). પુષ્પા પટેલ ૧૭). મનીષા શેઠ ૧૮). ફાલ્ગુની શેઠ ૧૯). મીનળ કાપડિયા ૨૦). રજનિકાન્ત પટવા ૨૧). સુનિતા પટવા ૨૨). હરીશ મનુભાઇ ભટ્ટ ૨૩). ભાવના કર્વે ૨૪). મહેશ દોશી ૨૫). અંજુ ટોલિયા ૨૬). પુષ્પા ખોના ૨૭). પ્રવીણ વોરા ૨૮). દિલિપ પરીખ ૨૯). નિખીલ બેન્ગાલી ૩૦). અમિષી બેન્ગાલી ૩૧). ગિરીશ બાબુભાઇ મિસ્ત્રી ૩૨). નયના ગિરીશ મિસ્ત્રી ૩૩). સુરેખા દેસાઇ ૩૪). ઇનાક્ષીબેન દલાલ ૩૫). જ્યોત્સના ગાંધી ૩૬). રમેશ દલાલ ૩૭). હિના દલાલ ૩૮). અરવિંદ કામદાર ૩૯). નિતિન જે. બજારિયા ૪૦). શિલ્પા શ્રોફ

## કથા કોલાજ (સાતમા પાનાનું ચાલુ)

મારી બીજી બે બહેનોને સાચવવાની જવાબદારી મેં ઉઠાવી લીધી હતી. બાળપણથી જ હું થોડી મ્હોંફાટ હતી, પરંતુ સાથે જ હિંમતવાળી અને મજબૂત પણ હતી. હું લગભગ ૧૫ વર્ષની હતી ત્યારે ગામના મુખીના દીકરા સુરેશચંદ્રએ મને રસ્તા પરથી ઉઠાવીને એની મોટર સાઈકલ પર નાખી. એ મારી છાતી પર અને પાછળના ભાગ પર હાથ ફેરવવા માંડ્યો. મેં એને મોટર સાઈકલ રોકવાનું કહ્યું, પણ એણે મારી વાત સાંભળી નહીં. છેલ્લે, મેં એને એક થપ્પડ મારી અને એના હાથમાં બચકું ભર્યું.

મોટર સાઈકલ અટકી ગઈ. હું ઉતરી અને મેં એના મોઢા પર બીજી થપ્પડ મારીને એને કહ્યું, 'મેં મલ્લાહ કી બેટી હું, ઈસકા મતલબ યે નહીં હૈ કિ, તુમ ગાજર-મૂલી કી તરહ મુજે ખેત સે ઉખાડ લો.' (ક્રમશ)■

## ભારતની વીરાંગનાઓ (સાતમા પાનાનું ચાલુ)

હતું, પણ એ સપનું શાંતિ તિગ્ગાના જીવનનો અગત્યનો હિસ્સો બની ગયું. ઓલિવ ગ્રીન ડ્રેસ પહેરીને બંદૂક ચલાવવી એના જીવનનું ધ્યેય બની ગયું. જોકે બે બાળકોની મા હોવું અને નોકરી કરતાં કરતાં ધ્યેયને પૂરું કરવું એ ઝાંઝવાના જળ સમાન હતું, પણ શાંતિએ થાળીનો ચાંદ પકડવા બીડું ઝડપ્યું.

સેનામાં ભરતી થવા માટે શાંતિ તિગ્ગાએ ખૂબ મહેનત કરી. મનમાં લેશમાત્ર ભય રાખ્યા વિના ટેરિટોરિયલ આર્મી માટેની જેટલી લેખિત પરીક્ષાઓ હતી તે બધી જ પાસ કરી. ૧૫ નવેમ્બર ૨૦૧૦થી ૧૫ ડિસેમ્બર ૨૦૧૦ સુધી ભરતી પ્રશિક્ષણ ચાલ્યું. પછી જયારે ફિઝિકલ ટેસ્ટ આપવાની થઈ ત્યારે હજારો પુરુષોની ભીડમાં શાંતિ તિગ્ગા એકમાત્ર સ્ત્રી હતી. પણ એનાથી એ વિચલિત ન થઈ. બીજું કોઈ હોય તો એનું જોમ કદાચ ઓસરી જાય, પણ શાંતિનો જુસ્સો ચરમ પર હતો. એણે પોતાનું ધૈર્ય અને મનોબળ ટકાવી રાખ્યું. પુરુષોને ટક્કર આપવાની હામ હતી એના હૈયામાં.

શારીરિક પરીક્ષણ દરમિયાન શાંતિ તિગ્ગા પુરુષોથી મૂઠી ઊંચેરી પુરવાર થઈ. દોઢ કિલોમીટરની દોડમાં શાંતિ બધા પુરુષ દોડવીરોથી આગળ નીકળી ગઈ. એણે પાંચ સેકન્ડ વહેલી દોડ પૂરી કરી. પચાસ મીટરની દોડ માત્ર બાર સેકન્ડમાં પૂરી કરીને શાંતિ તિગ્ગાએ વિક્રમ સર્જ્યો. ત્યાર પછી નિશાનબાજીમાં પણ એણે તમામ પુરુષોને હંફાવ્યા. શાંતિએ ભરતી માટેના તાલીમ કેમ્પમાં પોતાના ફાયરિંગ પ્રશિક્ષકને અચંબિત કરી દીધેલા. એ પ્રશિક્ષક શાંતિના બંદૂક સાથે ખેલવાના નિરાળા ઢંગથી બેહદ પ્રભાવિત થયેલા. શાંતિને માર્ક્સમેન એટલે કે લક્ષ્યવેધી તરીકેનું સૌથી ઊંચું પદ મળ્યું. આ રીતે તમામ પરીક્ષાઓ પાસ કર્યા પછી શાંતિ તિગ્ગાને બેસ્ટ ટ્રેની-શ્રેષ્ઠ તાલીમી ઘોષિત કરવામાં આવી. પાંત્રીસ વર્ષની ઉંમરે શાંતિ તિગ્ગા ૯૬૯ રેલવે એન્જિનિયર રેજીમેન્ટ ઓફ ટેરિટોરિયલ આર્મી - પ્રાદેશિક સેનામાં જોડાઈ ગઈ. બે બાળકોની માતા અને સેનાની પહેલી મહિલા જવાન તરીકે શાંતિ તિગ્ગાની રાષ્ટ્રપતિ પ્રતિભા પાટિલે સન્માનિત કરેલી.

શાંતિ તિગ્ગાએ સેનામાં ભરતી થયેલી પહેલી મહિલા જવાન તરીકે ઈતિહાસ રચ્યો, પણ પછી ફરી એક વાર એની કુંડળીના અશાંતિના ગ્રહે માથું ઊંચક્યું. બન્યું એવું કે નોકરીના આરંભિક દિવસોમાં જ શાંતિએ બદનામીનું કલંક વહોરવું પડ્યું. શાંતિ તિગ્ગા નાણાં લઈને લોકોને નોકરી અપાવે છે એવો એના પર આરોપ મુકાયો. શાંતિ પર શારીરિક હુમલાઓ પણ થવા લાગ્યા. ૯ મે, ૨૦૧૩ના દિવસે કેટલાક લોકોએ શાંતિ તિગ્ગાનું અપહરણ કર્યું. થોડા સમય પછી દેવપાની ગામમાં રેલવે ટ્રેક પર એક થાંભલા સાથે દોરડાથી બંધાયેલી અવસ્થામાં શાંતિ મળી આવી. એની આંખો પર સફેદ પટ્ટી બાંધેલી હતી.

તાબડતોબ શાંતિને હૉસ્પિટલમાં દાખલ કરવામાં આવી. પોલીસ તપાસ શરૂ થઈ. હૉસ્પિટલના શાંતિ તિગ્ગાના કમરાની સુરક્ષા વધારી દેવામાં આવી. શાંતિએ પોલીસને જણાવ્યું કે, અપહરણકારોએ પોતાને કોઈપણ પ્રકારની ઈજા પહોંચાડી નથી. જોકે શાંતિનું અપહરણ શા માટે કરાયું હતું એ કોયડો ઉકેલવા પોલીસ મથતી રહી.

પાંચ દિવસ પછી, ૧૪ મે, ૨૦૧૩ના શાંતિ તિગ્ગા હૉસ્પિટલના કમરામાં આવેલ બાથરૂમમાં ગયેલી. ઘણો સમય થયો છતાં એ બહાર ન આવી, એટલે એના દીકરાએ પોલીસને ચેતવણી આપતી ઘંટડી વગાડી. પોલીસ દોડી આવી. બાથરૂમનો દરવાજો તોડી નાખ્યો. જોયું તો શાંતિ તિગ્ગાનો મૃતદેહ છત સાથે લટકતો હતો. રહસ્યમય સંજોગોમાં મોત થયું હોવાથી શાંતિના પરિવારે એની હત્યાની શંકા વ્યક્ત કરી, પણ કોઈ પુરાવા ન મળતાં પોલીસે શાંતિના મૃત્યુને આત્મહત્યા ગણાવીને કેસ બંધ કરી દીધો. શાંતિ તિગ્ગાના સંઘર્ષમય જીવન અને રહસ્યમય મૃત્યુ અંગે જાણીને એટલું જ કહી શકાય કે, ન જાણ્યું જાનકીનાથે કે સવારે શું થવાનું છે! ■

## કેરોલિના રીપર (આઠમા પાનાનું ચાલુ)

ગુનેગાર પકડવાનું. સમજ ગયે જી?''

''પણ સર હવે કેસ એટીએસ પાસે છે ને?''

''પણ ભાઈ, આ વિસ્તાર તમારો છે. તમારા વગર હું શું કરી શકું? તમે સતત સાથે ને સાથે જ હશો. શું સમજ્યા જી?'' આ એકલા તમારું કે એકલા મારું કામ નથી. બરાબર ને જી?''

* * *

મહાજન પરિવારના લાંબા ઈતિહાસમાં ક્યારેય પોલીસ સ્ટેશનના પગથિયા ચડવાનો વારો આવ્યો નહોતો. આકાશ મહાજન લાપતા હોવાની ફરિયાદ લખાવાયા બાદ ઘરમાં એક પ્રકારની બેચેની અને અજંપો છવાઈ ગયા હતા, જે ડર-ફફડાટને છુપાવવાનું આવરણ હતું.

માલતીએ કિરણને હિમ્મત બંધાવી. ''બેટા, તું જરાય મન પર લેતી નહીં. મને ગળા સુધી ખાતરી છે કે આમાં તારો જરાય વાંક નથી. હોઈ જ ન શકે. આકાશ બાળપણથી છે જ તોફાની, ન સમજાય એવો.''

કિરણ કંઈ ન બોલી, ન બોલી શકી. મમતાએ એનો હાથ પોતાના હાથમાં લઈ લીધો. ''ભાભી, ભાઈના રૂમમાં ચેક કરી જુઓ. કદાચ કોઈ ઉપયોગી જાણકારી મળે.''

''ના, ના. તેમણે એ રૂમમાં મારા માટે નો એન્ટ્રી જાહેર કરી હતી. કહેતા કે એ મારી અલગ દુનિયા છે. એકલાની દુનિયા છે. ક્યારેય એમાં પગ ન મૂકતી મને પૂછ્યા વગર.''

''પણ બેટા સવાલ એની સલામતીનો છે. આમાં તું ક્યાં આદેશ આપે છે. જા આકાશની મમ્મી તને પરમિશન આપે છે, ઓર્ડર આપે છે.''

મમતાએ પણ આંખથી આજીજી કરી. કિરણ પરાણે ઊભી થઈ. તે આકાશના પર્સનલ રૂમના દરવાજે પહોંચી. હેન્ડલ પર હાથ લગાવ્યો તો ડર લાગ્યો કે હમણાં આકાશ ત્રાડ પાડશે. તેણે માંડમાંડ દરવાજો ખોલ્યો. અંદર નજર નાખતા જાણે પોતે કોઈ અલગ જ ગ્રહ જોતી હોય એવી લાગણી થઈ. બેડ નજીકના ટેબલ પર થોડા કાગળિયા હતા. ફોનના બિલ, ક્રેડિટ કાર્ડના સ્ટેટમેન્ટ, ધંધાના પેપર્સ વગેરે. તેણે કબાટ ખોલ્યો. એનાં વૉર્ડરોબમાં આડેધડ કપડાં લટકતા હતા. આમાંથી અમુક શર્ટ-પેન્ટ કિરણે ક્યારેય જોયા નહોતા. અમુક શર્ટ-પેન્ટ, સ્પ્રે, બેલ્ટ હજી પેક હતા. કદાચ કોઈએ આપેલી ગિફ્ટ હશે. એક નાના ડ્રોઅરમાં કફલીન્ક, વીંટી, બ્રેસલેટ દેખાયા. ''આ બધું આકાશ પહેરતો હશે ખરો?''

કબાટ બંધ કરીને એ પલંગ પર બેસવા ગઈ. અચાનક અટકી ગઈ, જાણે આકાશ જોતો ન હોય. અર્ધ-ગોળાકાર ફરીને તે ટિપોય પાસે આવી. એનું ધ્યાન નીચેના ડ્રોઅર પર ગયું. તેણે આંગળીથી ડ્રોઅર ખોલ્યું. અંદર જે દેખાયું એ જોઈને કિરણ એકદમ સ્તબ્ધ થઈ ગઈ, ડઘાઈ ગઈ. એ બે ડગલા પાછળ હટી ગઈ. એ ત્યાં જ ફસડાઈને બેસી પડી ને આંખમાં આંસુ વહેવા માંડ્યા. માથું ફાટફાટ થવા માંડ્યું. તેણે બે હાથે માથું પકડી લીધું. એને થયું કે પોતે મોટેથી ચીસ પાડે. પણ અવાજ ગળામાં જ અટકી ગયો. એ ત્યાં જ પડી ગઈ.(ક્રમશ)■

## લાફ્ટર આફ્ટર (આઠમા પાનાનું ચાલુ)

માટે હાનિકારક છે.... બી.પી. જેવા રોગ પણ એમાંથી જ થાય છે, સમજ્યા? ટીચર, જો હું ખોટો ન હોઉં તો જીવવિજ્ઞાનનો તાસ તો હવે પછી છે.. આ તો ગુજરાતીનો તાસ છે. ચૂપ ચૂપ... ચાંપલા... તારું જ્ઞાન તારી પાસે રાખ, સમજ્યો...? આપણે નેતાજીને રિક્વેસ્ટ કરીએ તો કેવું...? આપણે એમને કહીએ કે, 'વાયબ્રન્ટ ગુજરાત'માં 'વાંચે ગુજરાત... રમે ગુજરાત', બસ, એમ જ લખે. ગુજરાત અંતર્ગત... અક્ષર સુધારે ગુજરાત એવો એક આખા વર્ષનો કાર્યક્રમ જ ફાળવી દે.. અને એ માટે મોટી રકમનું વિકાસફંડ પણ ફાળવી દે તો... અક્ષરના અક્ષર સુધરે અને અભિયાન ચલાવનારનાં ઘર પણ સુધરે...

ચલો ચલો... હવે બહુ શિખામણ આપી... એ તો સોટી મારવાની સરકારે મનાઈ ફરમાવી છે એટલે... બાકી, એકેએક આજે મારી અડફેટે આવી જાત, સમજ્યા? અને ધ્યાનથી સાંભળો, બજારમાં અક્ષર સુધારવાની એક બુક બહાર પડી છે, બધાં કાલે બજારમાંથી વેચાતી લઈ આવજો અને હા, એક વધારાની કોપી મારા માટે પણ લઈ આવજો... પણ ટીચર તમે તો હવે રિટાયર્ડ થવાનાં...!

રિટાયર્ડ થયા બાદ ઘરે બેસીને શું કરીશ...? એટ લિસ્ટ, અક્ષર તો સુધારીશ... ખરું ને? ■

## સંબંધોને પેલે પાર (સાતમા પાનાનું ચાલુ)

પણ એમાં પૂરાઈ જતી હતી. એ જ હાજરી હવે જો ખટકતી હોય તો એના બે કારણ હોય શકે. આપણા વર્તનથી આપણું પાર્ટનર હદ બહાર ઉબાઈ ગયું હોય અથવા તો આપણાથી બેટર બીજું કોઈ અન્ય એને મળી ગયું હોય. બેમાંથી કોઈ એક કારણ આપણા પ્રિયજનના પ્રાયોરિટી લિસ્ટમાંથી આપણા પર પૂર્ણવિરામ લાવી દે છે. જો આપણે આપણા સકારાત્મક વર્તન થકી પાર્ટનર પર અડીંગો જમાવી દઈએ તો બીજા કારણનો સવાલ જ પેદા થતો નથી.

આ સમસ્યાનું સમાધાન થઈ શકે એમ છે જો આપણે ઈચ્છીએ તો. જો આપણે આપણી ડિમાન્ડ, નીડને કે આપણા હર સમયે હક જતાવવાની બાબતને કંટ્રોલમાં રાખી શકીએ તો. માગવા કરતાં આપવા પર વધુ ભાર મૂકીએ તો. આપણામય બનાવવા કરતાં એનામાં ઓતપ્રોત થવાની મથામણ કરીએ તો. સંપૂર્ણ રીતે એનો સ્વીકાર કરી શકીએ તો. એના સ્વ સાથે ટકરાવમાં ન ઊતરીએ તો. પોતાની જાતને વધુને વધુ નિખારીને, અપગ્રેડ કરીને, ખામીઓ શોધી એને દૂર કરીને પ્રિયજનનું કાયમી રીલેક્સ સ્ટેશન બની શકીએ. એ કદાચ આપણાથી દૂર જવાનું ઈચ્છે તોય ન જઈ શકે. અરે દૂર જવાની ઈચ્છા પણ ન થાય. કદાચ આપણને ડ્રોપ કરી દે તો પણ એની યાદોમાંથી આપણને બાકાત ન કરી શકે. અન્ય વ્યક્તિ સાથે રિલેશનશિપ આગળ વધારે તો પણ આપણી યાદોમાંથી ન છૂટી શકે. દરેક સંબંધનો આધાર સમજણશક્તિ ઉપર છે. જો બેમાંથી એક પાત્ર પણ વધુ મેચ્યોર હોય તો એ સંબંધ જળવાઈ રહે છે. સ્મરણોમાં સચવાઈ રહે છે, પરંતુ પીછેહઠ કરનાર વ્યક્તિનો નિર્ણય સ્વીકારી ન શકનાર પાત્ર આજીવન પીડાતું રહે છે. એ પીડામાંથી મુક્તિ માટે સામા પાત્રના નિર્ણયને મનથી સ્વીકારી લો. અને સૌથી અગત્યનું એ કે કોઈ એકનું ઈનવોલ્વમેન્ટ ઝીરો થાય જ નહીં એની પૂરેપૂરી તકેદારી રાખવી જોઈએ. એકબીજાની મરજી અને ઈચ્છાઓનું માન જળવાઈ રહે એનું ધ્યાન રાખવું જોઈએ. એકબીજાના ગમાં અણગમાને બરાબર સમજીને એ મુજબ સંબંધમાં સેટીસફેક્શન જાળવવું જોઈએ. આસપાસમાં જોવા મળતા અન્ય લોકો કે આપણા મિત્રો સાથે પાર્ટનરની તુલના કરવાથી કાયમ બચવું જોઈએ. એકબીજાના કામ અને પ્રોફેશનને આદર સાથે માન આપવું જોઈએ. ખામીઓ કે કુટેવો વગરનો માણસ મળવો અશક્ય છે, આ વાતનો મગજના છેલ્લા કોષ સુધી સ્વીકાર થયેલો હોવો જોઈએ. આપણી દુનિયા સિવાય પણ એની પોતાની દુનિયા છે, એનેય મહત્ત્વ આપવું જોઈએ. માત્ર ગમતી વ્યક્તિ પર જ ફોકસ કરવાના બદલે એને ગમતી પ્રવૃત્તિઓ તરફ પણ નજર જવી જોઈએ. આપણા વર્તુળનું કેન્દ્રબિંદુ જે છે એના વર્તુળનો પરિઘ કાયમ લક્ષ્યમાં લેવાવો જોઈએ.

**ક્લાઈમેક્સઃ** તારી 'હા' જેટલી અગત્યની હતી એટલી જ તારી 'ના' અગત્યની હશે. એ સાંભળ્યા બાદ હું જરાય નાસીપાસ નહીં થાઉં, પરંતુ તું મારા નાસીપાસ નહીં થવાને સહન કરી શકીશ? ■



## ઉલઝનની આરપાર

કેતકી જાની
feedback.ladki@bombaysamachar.com

# દીકરાની વહુ માટે અવઢવ છે મૂંઝવણ દૂર કરશો

**સવાલઃ** મારે એક દીકરો અને એક દીકરી છે. દીકરી પરણીને સાસરે સુખી છે. હવે મારા દીકરા માટે જોઈએ છીએ. તેને ચાર-પાંચ છોકરીઓમાંથી જે પસંદ પડી તે છોકરીને ભાઈ નથી, પિતા પણ નથી. માતાની જવાબદારી તેના પર છે. તે કમાય પણ છે. છતાં તેને વહુ બનાવવા મારા પતિ અને મારા બંનેના મનમાં અવઢવ છે. આની સાથે લગ્ન કરશે તો મારા પુત્ર ઉપર તેની સાસુનું ઘર સંભાળવાની પણ જવાબદારી આવશે? તેની સાસુ અમારા ઘરમાં તૂટ પડાવશે? તે છોકરી અમને અને તેની માને સંભાળી શકશે? મારા દીકરાને સાસરીનો સપોર્ટ જ નહીં ને? પણ દીકરો બીજી છોકરીઓ માટે ઘસીને 'ના' જ કહે છે, શું કરવું?

**જવાબઃ** ભાઈ વગરની બહેન સાથે લગ્ન કરવાથી જે તે પુરુષ માટે ભવિષ્યમાં સાસરીનો દરવાજો બંધ થઈ જાય, આવું આજેય તમારા જેમ અનેકો વિચારો છે તે ખરેખર યોગ્ય છે? તમે જ વિચારો કે તમારે માત્ર એક દીકરી માત્ર સંતાન હોય અને તેના વિશે આવી વાતો થતી હોત તો તમને કેવું લાગત? દીકરો કમાય વહુ પણ કમાય બંને એકમેકને પ્રેમ - વિશ્વાસથી સંભાળતા રહી સુખી સંપન્ન દામ્પત્યજીવન ભોગવતા હોય તે પછી સુધ્ધાં શા માટે તે સાસરે જઈ જોડાં ઉતારે તો જ જીવન સાર્થક તેવા વાહિયાત ખ્યાલો રાખવા જોઈએ? તમારા દીકરાને પસંદ છે તેમ જ તે દીકરીને પણ જીવનસાથી તરીકે તમારો દીકરો પસંદ હોય તો તમે મનમાં લેશમાત્ર કચવાટ રાખ્યા વગર તેમને લગ્ન કરવાની સંમતિ આપી દો. જે દીકરી પોતે કમાઈને પોતાનું અને 'મા'નું ધ્યાન રાખે છે, તેને તમારો સહયોગ મળશે તો તે શા માટે તેની માતા સાથે તમારું પણ ધ્યાન નહીં રાખી શકે? અને આમ જોવા જઈએ તો તમે અને તમારા પતિ તમારા પુત્રની જવાબદારી છો, ઘરમાં વહુ તરીકે જે આવે તે દીકરી પર આ જવાબદારી ના જાય તે જોવાનું કામ તમારું-તમારા પતિનું અને તમારા પુત્રનું છે. થનાર 'વહુ' પોતે કમાય છે, તો તે હાલ જે રીતે તેની માતાની જરૂરિયાતો પૂરી કરે છે, તેમ જ આગળ પણ પૂરી કરતી રહે તે માટે તેને સુગમતા આપો. તમારા દીકરાએ ચોક્કસ આ બધો વિચાર કર્યો જ હશે, માટે મનમાં ખોટી શંકા-કુશંકા ઊભી થવા દઈ શરૂઆતમાં જ સારા પ્રસંગના દૂધમાં કુવિચારોનું મેળવણ ના નાખો. આમ કરવાથી તમારું જ નુકસાન થશે. કેમ કે જો તમે કોઈપણ અહીં લખ્યો તે મુદ્દો ઊભો કરી તમારા પુત્ર કે તે દીકરી આગળ વાત કરશો તો તમારી જ હલકી માનસિકતા તેમની આગળ વ્યક્ત થશે. ભવિષ્યમાં પછી તમે વહુને સાચા મનથી અપનાવશો તો પણ તેના મનમાં તમારા વિશે અભાવ ઉદ્ભવી શકે. જીવન એમનેમ જ સુંદર, સહજ નથી બનતું તેના માટે માણસાઈ, પ્રેમ, કર્તૃત્વ અને ત્યાગ કરવો જેવાં તત્ત્વોને જીવનમાં ઉતારી કુટુંબ સાચવવું પડે છે. તમે એક હાથ પ્રેમથી આપશો શરૂઆતથી જ તો આવનાર બંને હાથથી પ્રેમ આવશે જ, તેવી શ્રદ્ધા રાખો. તે દીકરીના પગાર ઉપર જો તમારી નજર હોય તો તે તદ્દન અશોભનીય છે. હા, ક્યારેક તો દરેકના મનમાં ખરાબ વિચારો આવે જ તમારા મનથી પણ કોઈ ક્ષણે આવા વિચારો કર્યા હોય તો તેને હંકારી સકારાત્મક વિચારસરણી રાખો. તે પોતાની 'માતા'ને ભલે તેના પગારથી સંભાળે, તમારા દીકરાના ભાગનું સુખ તેને તેના નસીબ પ્રમાણે મળશે જ, ઉદાંત સમજણ રાખી વિચારો કે આપણે હંમેશાં કહીએ છીએ. કે 'કોઈ કોઈનું નથી' પણ આજે તમારા સામે પરિસ્થિતિ છે, જેમાં તમે કોઈ માટે કંઈક કરી કોઈના છો તેમ બની શકે તેમ છે. આ તક ઝડપી લો. જે વ્યક્તિને તમે જાણતા નથી તેના માટે નકારાત્મક વિચારી તે તમારા ઘરમાં તૂટ પડાવે તેવું શા માટે વિચારવું? તમારો દીકરો તમને બંનેને સંભાળવાની ફરજ સુપેરે નિભાવશે તો તે તેની 'માતા'ને સંભાળવાની જવાબદારી જેમ નિભાવે છે તેમ ચોક્કસ નિભાવશે. દીકરાને જીવનસાથીનો સમજણભર્યો સપોર્ટ અને તમારો વાત્સલ્યભર્યો સપોર્ટ મળશે તો તેના જીવનમાં જ તેને બીજા કોઈ સપોર્ટની જરૂર જ નહીં રહે બહેન, માટે 'કરો કંકુના' અસ્તુ. ■






# અગિયાર વર્ષની છોકરી, ત્રીસ વર્ષનો પતિઃ વિદ્રોહની સજા

કાજલ ઓઝા-વૈદ્ય
feedback.ladki@bombaysamachar.com

**કથા કોલાજ**

(ભાગ ૨)

**નામઃ ફૂલનદેવી**
**સ્થળઃ ૪૪, અશોક રોડ, નવી દિલ્હી**
**સમયઃ બપોરે ૧.૩૦ વાગ્યે, ૨૫ જુલાઇ, ૨૦૦૧**
**ઉંમરઃ ૩૭ વર્ષ**

મલ્લાહ જાતિના લોકો ખૂબ ગરીબ અને માનસિક રીતે પણ પછાત કારણ કે, સદીઓથી એમણે જમીનદારોની ગુલામી કરીને પોતાનો જીવનનિર્વાહ કર્યો છે. ૧૯૮૫માં 'ભારત કે લોગ' નામનો એક બૃહદ રિપોર્ટ તૈયાર કરવામાં આવ્યો, જેમાં મળતી માહિતી મુજબ ૩૫૩૯ હિન્દુ સમુદાય, ૫૮૪ મુસલમાન સમુદાય, ૩૩૯ ખ્રિસ્તી સમુદાય, ૧૩૦ શીખ સમુદાય, ૯૩ બૌધ્ધ સમુદાય, ૧૦૦ જૈન સમુદાય, ૯ પારસી સમુદાય, ૭ યહુદી સમુદાય સિવાય ૪૧૧ એવા કબીલા છે જે વિભિન્ન આદિવાસી રિવાજોને માને છે. ભારતમાં કુલ ૪૬૩૫ જાતિ છે જેમાં ૩૦૦૦ જેટલી હિન્દુ જાતિ છે, જેમાં ૭૫૧ અનુસૂચિત જાતિ છે અને જેમાં એક મલ્લાહ જાતિ છે.

હું આવી મલ્લાહ જાતિની દીકરી છું. અમારી જ્ઞાતિ, અમારી જાતિ અને જ્ઞાતિમાં દીકરીઓને ભણાવવાનો રિવાજ નથી બલ્કે, બીજી દીકરીનાં જન્મ પર માને રડવું આવે એવી સ્થિતિ આજે પણ છે. મારો ભાઇ ખૂબ જ નાનો અને ચાર બહેનો પછી સૌથી છેલ્લો. મારા પિતા એક સીધાસાદા સરળ માણસ. યમુનાના ઘાટ પર હોડી ચલાવવાનું કામ કરે. મારા દાદાજીએ બે એકર જમીનમાંથી એક એક એકર બંને દીકરાઓને આપી, પણ મારા કાકા બિહારીલાલે અમારી જમીન પડાવી લીધી. અમે જમીન ઉપર જ ઘર બાંધીને રહેતાં હતાં, પરંતુ અમારે ઘર છોડી દેવું પડ્યું અને ગામની બહાર એક નાનકડી ઝૂંપડી બાંધવી પડી. હું દસ વર્ષની હતી, પણ મારા કાકા બિહારીલાલ અને એના દીકરા મયાદીન સામે મેં જોરશોરથી અવાજ ઉઠાવ્યો. ખેતરની બરોબર વચ્ચોવચ બેસી ગઈ, મેં કહ્યું, 'ચલાવો હવે હળ!' ગામના લોકો ભેગાં થઈ ગયાં. એમના માટે તો આ તમાશો જ હતો. નવાઈની વાત એ છે કે, બધા જ જાણતાં હતા કે હું સાચી છું તેમ છતાં કોઈએ મને સાથ ન આપ્યો. ઉપરથી, મારી માને કહ્યું, 'છોકરી જાત કા ઈતના બડબોલા હોના અચ્છી બાત નહીં હૈ.' મારા કાકાએ મજૂર બોલાવીને અમારું લીમડાનું ૨૦-૨૫ વર્ષ જૂનું ઝાડ કપાવી નાખ્યું. મયાદીન ત્યાં ઊભો રહીને ઝાડ કપાવતો હતો ત્યારે મેં ગુસ્સામાં મયાદીનના માથામાં ઈંટ મારી. એને છ ટાંકા આવ્યા. જમીન તો અમને પાછી ન મળી, પણ ગામ લોકોની શરમે બિહારીલાલે અમને અમારા ઘરમાં રહેવા દેવા પડ્યા.

મયાદીને અમને રાત-દિવસ હેરાન કરવા માંડ્યા. અમારે વારંવાર ઝઘડા થતા. અંતે, કંટાળીને મારી માએ મને એની ફોઇની દીકરીને ત્યાં મોકલી આપી. ત્યાં કંઇ જુદું નહોતું, મારી માસનો દીકરો અડધી રાત્રે મારા બિસ્તરમાં આવી જતો. હું મારી માસીને કશું કહી શકતી નહીં... એક દિવસ મેં મારી માસીના દીકરાને એનું માથું પકડીને ભીંતમાં એટલી વાર ભટકાવ્યું કે, એ બીજી વાર મને છેડવાનું ભૂલી ગયો. હું આવું સહન કરી શકું એવો મારો સ્વભાવ જ નહોતો. મેં મનોમન નક્કી કરી લીધું કે, હું હવે અહીંયા નહીં રહું. મારા પિતાના એક મિત્રની નાવમાં બેસીને હું મારે ગામ પાછી આવી ગઈ.

હું પાછી આવી એ જોઈને મયાદીનને ખૂબ ગુસ્સો ચડ્યો. એ અમારે ઘેર આવીને ખૂબ લડ્યો, મેં એ દિવસે બધાની સામે મયાદીનને માર્યો. પડોશીઓની સામે પોતાની બેઈજ્જતી થઈ એ મયાદીનથી સહન ન થયું. ૧૧ વર્ષની છોકરી આવા મોટા ૨૦ વર્ષના છોકરાને ટોળાંની સામે કૂટે, એ બિહારીલાલ અને મયાદીન માટે નાક કપાવવા જેવું હતું. મયાદીને પોતાનું વેર લીધું. એણે મારી માને ડરાવી કે, ચાર ચાર દીકરીનાં લગ્ન કરવા સરળ નથી. ગામના લોકોએ એક પછી એક આવીને મારી બહેનો સાથે ખરાબ વર્તન કરશે. એણે મારી માને સમજાવી કે, 'એણે દીકરીઓને નાની ઉંમરે જ પરણાવી દેવી જોઈએ.' ભોળી ગણો કે મૂરખ, પણ મારી પણ મારી મા એની વાતમાં આવી ગઇ.પયાદીને એને લાલચ આપી કે જો એ મારા લગ્ન મયાદીલ મિત્ર પુત્તીલાલ સાથે કરી દેશે તો મયાદીન એમની જમીન પાછી આપી દેશે. મેં મારી માને ઘણી સમજાવી કે, 'આ એક ઝાંસો છે. મયાદીન ક્યારેય જમીન પાછી આપવાનો નથી...' પણ, હું ખૂબ નાની હતી અને મારી વાત કોઈએ સાંભળી નહીં. મારા પિતાનું મૃત્યુ થઈ ચૂક્યું હતું એટલે બિહારીલાલ હવે અમારા પરિવારના વડા તરીકે પોતાની હકુમત ચલાવતા હતા. અંતે ૧૧ વર્ષની છોકરીનાં લગ્ન ૩૦ વર્ષના પુત્તીલાલ સાથ કરી દેવામાં આવ્યા.

પુત્તીલાલ સાથેના લગ્ન પછી મારી સ્થિતિ ખૂબ ખરાબ હતી. ૩૦ વર્ષનો માણસ શરાબી હતો. એ રોજ મારી સાથે બળાત્કાર કરતો. મારે રસોઈ બનાવવી પડતી. બકરીઓ ચરાવવી પડતી, ઘર સાફ રાખવું પડતું અને એ બધું કર્યા પછી રાત્રે નશાની હાલતમાં હું ગમે તેટલી ચીસાચીસ કરું એ સાંભળતો નહીં ને એણે બહુ વાર હાથ જોડીને, કરગરીને વિનંતી કરી હતી કે, 'હું તારું બધું કામ કરીશ પણ, મને થોડી મોટી થવા દે... પછી શરીરનો વિચાર કરજે', પરંતુ એ ભૂખ્યા રાક્ષસની જેમ મારા શરીરને ચૂંથતો. એક દિવસ બકરીઓ ચરાવવાને બહાને હું એના ગામથી નીકળીને મારે ગામ પહોંચી.

મેં મારી માને કહી દીધું, 'હું હવે પાછી ત્યાં નથી જવાની.' માએ મને ખૂબ મારી, પણ હું કોઈ રીતે માની નહીં. બિહારીલાલ અને માયાદીને ભેગા થઈને મને ધમકાવી, ડરાવી, પણ મેં પુત્તીલાલને ઘેર જવાની ચોખ્ખી ના પાડી દીધી. એમના હાથ હેઠા પડ્યા એટલે એમણે નવો રસ્તો અપનાવ્યો. મયાદીને પેંતરો રચીને ગામના એક ગુજ્જરને ત્યાંથી મેં ચોરી કરી છે એવો આરોપ મૂક્યો. એણે પોલીસ કમ્પ્લેઈન કરી. ખરેખર મેં કોઈ ચોરી કરી જ નહોતી... તેમ છતાં અમારે ઘરેથી એણે જે કહ્યું હતું એવું ઘરેણું અને પૈસા મળ્યા. હું તો જાણતી જ હતી કે, આ બધું નાટક છે, પણ મારી વાત કોણ સાંભળે?

પોલીસ મને પકડીને પોલીસ સ્ટેશન લઈ ગયા અને ત્યાં મારી સાથે બે રાત લગાતાર બળાત્કાર કરવામાં આવ્યો. આ બે દિવસ મારી મા વારંવાર પોલીસ થાણાની બહાર બેસી ગઇ. એણે ખૂબ વિનંતી કરી, પરંતુ એમણે મને છોડી નહીં. અંતે, બે દિવસ પછી ચેતવણી આપીને મને છોડવામાં આવી ત્યારે મારું શરીર ફરી એકવાર ચૂંથાઇને લીરેલીરા થઇ ગયું હતું, પણ મારું મન કોઇ પત્થર જેવું જડ અને મગજ વળ ખાધેલી દોરી જેવું કઠણ થઇ ગયું હતું. પુત્તીલાલ મને લેવા આવ્યો, પણ મેં પથરા મારીને એને દૂરથી જ ભગાડ્યો.

હવે હું મારી માની સાથે જ રહેતી હતી. ઠાકુર જમીનદારો અને ગુજ્જરોના ખેતરોમાં મજૂરી કરતી.

(જુઓ પાનું ૬) ▶▶

# ...અને પછી જીવતરની જાહોજલાલીને જતાં જોવી પડે છે!

જાનકી કળથિયા
feedback.ladki@bombaysamachar.com

**સંબંધોને પેલે પાર**

હવા, પાણી, ખોરાકને બાદ કરતાં માણસજાત માટે સૌથી વધુ જરૂરી જો કોઈ વસ્તુ હોય તો એ લાગણી છે. લાગણીભૂખ્યો માણસ ચપટીક લાગણી માટે વલખાં માર્યા કરે છે. આપણી જાત માટે અન્યનું પેમ્પર કરવું એ જાણે ફરજિયાત બની જાય છે. પ્રિયજન પાસેથી લાગણી મેળવવાની દોડમાં ક્યાંક આપણે આપણી જાતથી જ દૂર થઈ જતાં હોઈએ છીએ. આ સ્થૂળ જગતમાં નાશવંત એવું આપણું શરીર જીવનમાં ક્યારેક તો એવા સ્ટેજ પર આવી જ જાય છે કે જ્યારે એ અન્ય પાસેથી પ્રેમાળ સ્પર્શ ઈચ્છે, વ્હાલું વ્હાલ ઈચ્છે, હૈયે ટાઢક આપતું હેત ઈચ્છે છે. અને દરેક વ્યક્તિને આ અધિકાર પણ છે. કોઈકને ઝંખવાનો, કોઈકને ઈચ્છવાનો, કોઈકને પામવાનો... પણ એનાથીય વધુ અગત્યનું એ કે કોઈકને તરબોળ કરી દેવું, કોઈના પર જાતને સમર્પિત કરી દેવી, કોઈક માટે લૂંટાઈ જવું, કોઈકમાં સઘળું ન્યોછાવર કરી દેવું, કોઈકને આપણામાં ભીંજવી નાખવું, કોઈકને હૃદયના ઊંડાણમાં ઊતરવા દેવું. ત્યાં સુધી કે આપણાથી દૂર ગયા પછીય આપણામાંથી બહાર ન નીકળી શકે, પણ આપણે શું કરીએ છીએ? આપણે તો માત્ર ઝંખીએ છીએ. પ્રિયજનના પ્રેમમાં જાતને ભુલાવી દેવા કરતાં એને આપણામય કરી દેવાના અભરખા વધુ હોય છે. આપવાના બદલે માત્ર માગવા પર ફોકસ કરાય છે. મોકળાશના બદલે બાંધીને રાખવામાં આવે છે. ઊંડાણની મજા લેવાના બદલે કિનારે હલેસાં મરાય છે. ઈનશોર્ટ અનેક સારા પાસાઓને સાઈડમાં રાખી એકાદ બે નબળી બાબતોને લઈને રિસામણા મનામણાંનો દૌર શરૂ થવા લાગે. બસ આ પડાવ જ છે જ્યાં રિલેશનશિપ ક્રાઈસિસ શરૂ થવા લાગે છે. બેમાંથી એક પાત્ર જે મેચ્યોર હોય તે સંબંધની દોરી કસીને પકડી રાખે અને બીજું ગૂંગળાઈને જીવવા કરતાં એમાંથી આઝાદી ઝંખે.

શું સંબંધ કોઈ એક વ્યક્તિના લીધે તૂટે છે અથવા બચે છે? શું બેમાંથી એક વ્યક્તિનું ઈનવોલ્વમેન્ટ સમય જતાં ઝીરો થઈ જાય છે? એકની અનિચ્છા હોવા છતાંય રિલેશનમાં કેમ બ્રેકઅપ થાય છે? બન્નેની મરજીથી જ આગળ વધ્યા હતાં તો છૂટા પડતી વખતે બીજાની મરજી છે કે કેમ એવું જાણ્યા વગર કેમ અલગ થઈ જવાય છે?

આ પ્રકારના ઘણાંય પ્રશ્નો એક લેડીએ મને પૂછ્યા. એમની વાત પરથી લાગ્યું કે આવા પ્રશ્નો માત્ર એ એક જ સ્ત્રીને નથી, એવી ઘણીબધી વ્યક્તિઓ છે જે રિલેશનશિપ ક્રાઈસિસમાંથી પસાર થાય છે. સંબંધમાં જોડાયા ત્યારની અનહદ ખુશીઓના વળતાં પાણી શરૂ થવા એ સંબંધના વેન્ટિલેટર પર આવી ગયાની નિશાની છે. ત્યાંથી હેમખેમ પાછા ફરવું એ રેરેસ્ટ ઘટના કહી શકાય.



એ હદે એ વ્યક્તિને આપણામય બનાવી દેવાતી હોય છે કે સામી વ્યક્તિ ગૂંગળામણ અનુભવવા લાગે. પિંજરે પૂરાયેલ પંછીની જેમ આપણામાં કેદ થયેલું પ્રિયજન એમાંથી છૂટવા મથે. એ જ પ્રિયજન જેની સાથે મળીને લાઈફની યાદગાર પળો જીવી હોય. યાદગાર શમણાંઓ સેવ્યા હોય. સેલ્ફીથી લઈને છેલ્લી ઘડી સુધીના સાથની ભીંતરના કેનવાસ પર સુંદર મજાની સજાવટ કરેલી હોય. એક એક દિવસ અને એ દિવસની દરેક ક્ષણોમાંથી એ વ્યક્તિ ખસતી જ ન હોય. એ જ વ્યક્તિનું ઇનવોલ્વમેન્ટ સમય જતાં ઘટવા માંડે, બિલકુલ ન બરાબર થઈ જાય ત્યારે અન્ય વ્યક્તિ ત્યાં જ ઊભી રહીને પોતાના જીવતરની જતી જાહોજલાલીને જોયા કરે છે. પોતાની અનિચ્છા હોવા છતાંય પ્રિયજનની વિદાયને વધાવવા વલખાં માર્યા કરે છે. પોતાની જાત સાથે જતે દહાડે સમાધાન કર્યા કરે છે.

માન્યું કે આઝાદી અને મોકળાશ એ દરેક સંબંધની મૂળભૂત જરૂરિયાત છે, પણ એનો મતલબ જરાય એવો ન હોવો જોઈએ કે પાર્ટનરની ઈચ્છા શું છે એ જાણવામાં પણ ન આવે, કારણ કે સંબંધની શરૂઆત વખતે બન્નેની ઈચ્છા કે મરજીથી જ આગળ વધ્યા હતાં. સપનાઓની શરૂઆત વખતે એકમેકની હાજરી અનાયાસે

(જુઓ પાનું ૬) ▶▶

# ભારતીય સેનાની પહેલી જવાનઃ શાંતિ તિગ્ગા

ટીના દોશી
feedback.ladki@bombaysamachar.com

**ભારતની વીરાંગનાઓ**

જેના બાળવિવાહ થયાં હોય અને કુમળી વયે બે બાળકોની માતા બન્યાના થોડા સમય પછી પતિનું મૃત્યુ થાય એવા સંજોગોમાં સ્ત્રીની સ્થિતિ કેવી થાય?

એની સ્થિતિ શાંતિ તિગ્ગા જેવી થાય... ઉરાંવ આદિવાસી પરિવારની શાંતિ તિગ્ગાને માથેથી ઘરનો મોભ કહેવાય એવું છત્ર દૂર થઈ ગયા પછી એણે જીવનમાં જબરો સંઘર્ષ કર્યો. પડકારને એણે ઝીલી લીધો. આકરા સંઘર્ષ અને અથાક પરિશ્રમને પગલે શાંતિ તિગ્ગા ભારતીય સેનાની પહેલી મહિલા જવાન બની.

શાંતિ તિગ્ગા પશ્ચિમ બંગાળના જલપાઈગુડી જિલ્લાની રહેવાસી. જન્મ ૧૯૭૬માં... એનું બાળપણ સંઘર્ષમય વીત્યું. કુટુંબની આર્થિક સ્થિતિ કથળેલી હોવાથી શાંતિ ઝાઝું ભણી ન શકી. સત્તર વર્ષની માસૂમ વયે એનાં બાળવિવાહ થયેલાં. નાની ઉંમરના લગ્નને પગલે વીસ વર્ષની નાની ઉંમરે જ બે બાળકોની માતા બની. પતિ રેલવેમાં નોકરી કરતો. એના પગારમાંથી ઘરનું ગુજરાન જેમતેમ ચાલી જતું. ઝાઝી મુશ્કેલી વેઠવી પડતી નહોતી. પરંતુ શાંતિના નસીબમાં શાંતિ નહોતી. અશાંતિ નામનો ગ્રહ એની જન્મકુંડળીમાં કુંડળી મારીને બેઠેલો. સમય આવ્યે એની અસર વર્તાઈ. બે બાળકોની માતા બન્યાના થોડા વર્ષ પછી ૨૦૦૫માં શાંતિ તિગ્ગાના પતિનું મૃત્યુ થયું. શાંતિની ઉંમર માંડ ત્રીસેક્ની. ઘરના મોભીના ગામતરે ચાલ્યા જવાથી શાંતિ અને બાળકો નોધારાં થયાં. પણ શાંતિએ હાર ન માની. પતિ રેલવેમાં નોકરી કરતો હતો, એથી રહેમરાહે શાંતિને પતિની જગ્યાએ નોકરી મળી. ઘર ચલાવવા અને બાળકોના ઉછેર માટે શાંતિ નોકરી કરવા લાગી. શાંતિને પશ્ચિમ બંગાળના જલપાઈગુડી જિલ્લાના





ચાલસા રેલવે સ્ટેશન પર પોઈન્ટમેન તરીકે નિયુક્ત કરવામાં આવી.

પોઈન્ટમેન પરિચાલન વિભાગની મહત્ત્વપૂર્ણ કડી હોય છે. પોઈન્ટમેનની ફરજ રેલવે ક્રોસિંગ પર કે પ્લેટફોર્મ પર દ્વારની પહેરેદારી કરવાની છે. આવતીજતી બધી ટ્રેનોને જોઈને કોઈ ટ્રેનમાં મુશ્કેલી છે કે નહીં એ નક્કી કરવાનું કામ પણ પોઈન્ટમેનનું હોય છે. પોઈન્ટમેન પાટા પાસે ઊભા રહીને ટ્રેન આવતાં પહેલાં પાટા બદલે છે. ટ્રેનની દિશા પણ પોઈન્ટમેન જ નક્કી કરે છે. ઉપરાંત પોઈન્ટમેન રેલગાડીના ડબ્બા જોડવાથી માંડીને એને એન્જિન સાથે જોડવાનું જોખમી કામ પણ કરે છે. જયારે ટ્રેનને એન્જિનથી છૂટી પાડી દેવામાં આવે ત્યારે ટ્રેન હલે નહીં, એ માટે ટ્રેનના અંતિમ ડબ્બાના પૈડાંની આગળ લોઢાના પંક્ચર્સ લગાવવાનું કામ પણ પોઈન્ટમેનની ફરજમાં આવે છે. એને રેલગાડીનું ઈન્ટરલોકિંગ પણ કહી શકાય. પોઈન્ટમેન તરીકે પાંચ વર્ષ નોકરી કર્યા પછી શાંતિ તિગ્ગાને ભારતીય સેનામાં જવાનો મોકો મળ્યો. શાંતિ બાળપણથી જ સેનામાં જવાની ઈચ્છુક હતી. કારણ કે એના ઘણા સંબંધીઓ સેનામાં કાર્યરત હતા. વર્ષ ૨૦૧૦માં શાંતિ તિગ્ગાને ટેરિટોરિયલ આર્મી વિશે ખબર પડી.

ટેરિટોરિયલ આર્મી એટલે પ્રાદેશિક સેના. પ્રાદેશિક સેનામાં ભરતી થવું એ સ્વૈચ્છિક સેવા છે. પ્રાદેશિક સેના ભારતીય સેનાનું જ એક એકમ છે. પ્રાદેશિક સેના સુરક્ષાની બીજી હરોળ પણ કહેવાય છે. પ્રાદેશિક સેના અંગેની માહિતી મળ્યા પછી શાંતિ તિગ્ગાએ ૯૬૯ રેલવે એન્જિનિયર રેજીમેન્ટ ટેરિટોરિયલ આર્મીમાં પ્રવેશ મેળવવા ૨૦૧૧માં અરજી કરી. ઓફિસર રેન્કની નીચેની પોસ્ટ પર આ પહેલાં કોઈ પણ મહિલાની ભરતી કરાઈ નહોતી. શાંતિ તિગ્ગાને આ વાતની જાણ થઈ. પોતે ઓફિસર રેન્ક નીચેની પોસ્ટ પર દાવેદારી કરનારી પહેલી જ મહિલા હોવાનું જાણ્યા પછી શાંતિ ગભરાઈ નહીં. એણે પાછીપાની ન કરી. પ્રજ્વલિત દીવાની વાટની જેમ પોતાનું સપનું સંકોર્યે રાખ્યું. ટેરિટોરિયલ આર્મીમાં ભરતી થવું આમ તો એનું સપનું

(જુઓ પાનું ૬) ▶▶

**પર્યુષણ પર્વ વ્યાખ્યાનમાળા**

**નમ્રવાણી**



-રાષ્ટ્રસંત પરમ ગુરુદેવ શ્રી નમ્રમુનિ મહારાજ સાહેબ

# મારી ક્ષમાપનામાં
## Speed Breaker: CHEATING

સંસારમાં ઘણા લોકો કહેતા હોય છે, તેણે મને દગો આપ્યો, તેણે મારી સાથે માયા-કપટ કર્યા, તેણે મારી સાથે cheating કરી, તેણે મારી સાથે મીઠી મીઠી વાત કરી, મને છેતરી લીધો.

ભગવાન કહે છે, તેણે તને છેતર્યાં નથી, તે pastમાં જે action કરી હતી, એનું જ reaction આવ્યું છે.

જેણે કોઈને છેતર્યાં ન હોય, તેને આ જગતમાં કોઈ છેતરી જ ન શકે.

ગુસ્સો કર્યા પછી વ્યક્તિને proud feel ન થાય, કદાચ પસ્તાવો થાય પણ cheating કર્યા પછી તો વ્યક્તિને proudની feelings આવતી હોય છે.

મોટા ભાગની વ્યક્તિની અંદરમાં જે ડંખ હોય, જે કાંટાની જેમ ખૂંચતો હોય, જે અંદરથી negative ભાવ લાવતો હોય, જે મનને અશાંત કરતો હોય, જે ઊંઘને disturb કરતો હોય, એ હોય cheatingનો ભાવ, એ હોય છેતરાયાનો ભાવ!

પરમાત્માનો વારસ ક્યારેય કોઈની સાથે માયા-કપટ ન કરે. એ પોતાનું નુકસાન સહન કરી લે, પણ સામેવાળાને નુકસાન કરવાનો વિચાર ક્યારેય ન કરે.

યાદ રાખજો, સ્વાર્થ cheatingનો શ્વાસ હોય છે. સ્વાર્થ વિના ક્યારેય કોઈ, કોઈને cheat ન કરે.

cheating એ જ વધારે કરે, જે પોતાને વધારે બુદ્ધિવાળા માનતા હોય, સરળ વ્યક્તિને ક્યારેય કોઈની સાથે cheating કરવાનો વિચાર ન આવે.

સત્યથી વધારે બતાડવું, એને show કહેવાય અને show પણ એક પ્રકારની -cheating કહેવાય.

સામેવાળી વ્યક્તિ પ્રત્યે અંદરમાં જરાપણ લાગણી નથી, છતાં બહારથી મીઠી મીઠી વાત કરી, લાગણીનો show કરવો, એ પણ cheating કહેવાય.

કદાચ પગ નીચે કીડી ચગદાઈ જાય, તો મનમાં હાયકારો થઈ જાય કે, મારાથી એક જીવ મરી ગયો, મને એનું પાપ લાગ્યું પણ ક્યારેય artificial smile કોઈને આપો, ત્યારે એવું લાગે કે, તમે પાપ કરો છો?

ભગવાને કહ્યું છે; જેટલું હિંસાનું પાપ, એટલું જ માયાનું પાપ! cheating એટલે માયા, cheating એટલે છળ-કપટ!

ભગવાને ૧૮ પ્રકારના પાપસ્થાનક બતાવ્યા છેઃ હિંસા, જૂઠ, ચોરી, અબ્રહ્મ, પરિગ્રહ, ક્રોધ, માન, માયા, લોભ, આદી એ અઢારે પાપસ્થાનકમાં એકસરખું પાપ લાગે છે.

જ્યારે artificial smile આપતા હો, ત્યારે feel થાય કે, હું 'માયા' નામનું પાપ કરું છું, જે એક જીવની હિંસા જેટલું જ છે! ના, નથી થતું.

પહેલાંના શ્રાવકોની નિષ્ઠા હતી, જેવા અંદર એવા જ બહાર! તેઓ ક્યારેય artificial show કરવાવાળા ન હતાં, તેઓ transparent હતાં. Transparencyને પરમાત્માએ એક સાધના કહી છે, એક પ્રકારની તપસ્યા કહી છે કેમ કે, પારદર્શક બનવામાં ઘણી બધી પીડા સહન કરવી પડે.

પરમાત્માનો સાચો વારસદાર જેવો અંદર હોય, એવો જ બહાર હોય.

જેમ સિંહણનું દૂધ ભરવા માટે સોનાનું પાત્ર જોઈએ, તેમ વીરના વારસદાર બનવા માટે હૃદયનું શુદ્ધ પાત્ર જોઈએ.

આ કાળમાં સર્વ શ્રેષ્ઠ ધર્મ શું છે?

Pure heart એ સૌથી first અને સૌથી શ્રેષ્ઠ ધર્મ છે.

તમે કહેશો, ગુરુદેવ! આ કાળમાં pure heart અને transparent રહીએ તો ડગલે અને પગલે લોકો cheat કરી જાય.

યાદ રાખજો, જેટલાં પણ આત્માઓ cheat થાય છે, તે થોડા સમય માટે cheat થાય છે પણ લાંબા સમય માટે તો success જ થાય છે. કેમ કે, pure heart વાળાના પુણ્ય દિવસે દિવસે વધતાં હોય છે અને cheat કરવાવાળાના પુણ્ય દિવસે દિવસે ઘટતાં હોય છે.

જેનામાં cheatingનો nature ન હોય, તે સદાય પ્રગતિ કરતા હોય.

સંબંધનો શ્વાસ વિશ્વાસ હોય છે.

Cheatingના કારણે જ્યારે એ વિશ્વાસ તૂટે છે, ત્યારે એટલું દુઃખ થાય, એવી વેદના થાય, જેના કારણે ગુસ્સો આવે, ગુસ્સો દ્વેષ લાવે અને દ્વેષ જનમ જનમનું વેર બની જાય.

માટે જ. જનમ જનમના વેરની ક્ષમાપના અને આ જનમની cheatingની ક્ષમાપના કરી લેવી, એ જ આ ભવને સુધારવાનો અને સાર્થક કરવાનો ઉપાય છે.

'મેં તમારી સાથે cheating કરી છે', આ શબ્દો કહેવા માટે પણ હિંમત જોઈએ અને સરળતા રાખવાની કિંમત ચૂકવવાની તૈયારી હોવી જોઈએ.

જે આ પ્રકારે કબૂલ કરે છે, તેના કર્મો હળવા થઈ જાય છે અને જે પોતાની cheating કબૂલ નથી કરતાં, તેના કર્મો ભારે થઈ જાય છે.

માત્ર cheating કરવાનું છોડવાનું નથી, અંદરમાં જેટલાં cheatingના સંસ્કારો પડેલાં હોય, તે સંસ્કારોને પણ શૂન્ય કરી દેવાના છે.

**સંસાર છૂટે કે ન છૂટે, પણ જેની cheating છૂટી જાય, તે સંસાર સાગરને પાર કરી, કિનારે પહોંચી જાય છે.**

જેનો લોભ અને સ્વાર્થ ઘટે, એની cheating ઘટે.

લોભ હોય પોતાના statusનો, નામનો, પોતાની પ્રતિષ્ઠાનો!

જેનામાં cheatingની વૃત્તિ હોય, તે ક્યારેય વીતરાગી ન બને.

તમને કદાચ કોઈ છેતરી જાય તો ભલે છેતરી જાય, કોઈ દગો કરી જાય તો ભલે કરી જાય, તમારે એક જ વાક્ય યાદ રાખવાનુંઃ મારે સરળ બનવું છે, મારે પારદર્શક બનવું છે.

જે સરળ બને છે, તે સિદ્ધ થાય છે.

પારદર્શક બનવું એટલે pure heart ના બનવું. Pure heart એ પરમાત્મા બનવાનું step છે.

આ જગતમાં બધાં માનતા હોય કે, અમે એક બીજાના છીએ, પણ બધાં પોતપોતાના સ્વાર્થના હોય છે. સ્વાર્થીને સ્વાર્થ પૂરો કરવા, કોઈને cheat કરતાં ક્ષણની પણ વાર ન લાગે.

પરમાત્માનો વારસ ક્યારેય સ્વાર્થી ન હોય. સ્વાર્થી ન હોય એટલે તેને કોઈને cheat કરવાનો વિચાર પણ ન આવે. એ તો સરળ, પારદર્શક અને pure heart વાળો હોય.

**cheating બચવા આપો Selfcommand:**

**सोहि उज्जुय भूयस्स...** પરમાત્માએ કહ્યું છે, જે સરળ હોય તે સિદ્ધ થાય.

માટે જ, આ ભવમાં self ને command આપો,

**'મારે cheating કરવી નથી, મારે સરળ બનવું છે.**
**મારે કોઈને છેતરવા નથી, મારે કોઈની ભોળપનો લાભ લેવો નથી.'■**

# લાઈફમાં હવે ચિયર્સ જેવું કંઈ બચ્યું નથી

ખાર પોલીસ સ્ટેશને મોના લાપતા હોવાની ફરિયાદ લખાવીને ઘરે આવ્યા બાદ વિકાસનું મન અંજપો અનુભવી રહ્યું હતું. ''શા માટે? શા માટે મોના આવું કરે છે જીજુ સાથે? પોતે જ જીદ કરીને લવ-મેરેજ કર્યા પછી વાંધો આવ્યો ક્યાં?''

એક શિક્ષિત, આઈ.ટી. એન્જિનિયર્સ અને એથિકલ હેકર તરીકે વિકાસ ખૂબ વ્યસ્ત રહેતો હતો, પરંતુ અત્યારે કામમાં જરાય મન ચોટતું નહોતું. ''પહેલેથી જ સૌને ખબર હતી કે મોનાનો સ્વભાવ એકદમ અલગ હતો. ઉછાંછળી કહી શકાય એ હદની બિન્દાસ હતી. એને રોકટોક જરાય ન ગમે. મસ્તી, પાર્ટી અને બેફિકરાઈથી જીવવું ગમે. ક્યારેક પપ્પા, મમ્મી કે પોતે ટોકે તો પણ મોઢું તોડી લેવામાં બેવાર વિચારતી નહીં. હકીકતમાં તો જીજુના પ્રેમમાં નહોતી. એના પ્રોફેશનના ગ્લેમર ભણી આકર્ષાઈ હતી. મોટા મોટા લોકોને મળવું, એમના તરફથી મળતા માનપાન, ન્યૂઝ પેપરમાં છપાતું નામ અને નામાંકિતોની પાર્ટીમાં આમંત્રણ એ બધાથી મોના અંજાઇ ગઈ હતી, પણ એમાં જીજૂનો શો વાંક?'' એ તો એકદમ જેન્ટલમેન છે, કેરિંગ છે. સાસરિયામાં ય બધી ફ્રિડમ આપી. કહો કે વધુ પડતી છૂટછાટ આપી. મોનાએ ક્યારેય પોતાના સિવાય બીજા વિશે ન વિચાર્યું.''

પોતાની બહેન વિશે આવું વિચારવું ગમતું નહોતું પણ હકીકતને કેવી રીતે ટાળી શકાય? વિકાસને આઠ મહિના અગાઉ જીજાજી સાથે લીધેલી ડ્રિન્કવાળી ઘટના યાદ આવી ગઇ. ન્યૂઝ પેપરમાં ફ્રન્ટ પેજ પર ગૌરવ પુરોહિતની બાયલાઈન જોઈને વિકાસે અભિનંદન આપવા ફોન કર્યો, તો ગૌરવે ડિનર પર બોલાવી લીધો. વિકાસે આગ્રહ કર્યો કે પ્રેસ ક્લબમાં મળીએ પણ ગૌરવ ધરાર તૈયાર ન થયો. મેટ્રો સિનેમાની પાછળના એક નાનકડા બારના ફેમિલી રૂમમાં બંને બેઠા. સાવ એકલા. ઓર્ડર કરીએ એ સિવાય કોઈ ડિસ્ટર્બ ન કરે એવી સૂચના ગૌરવે નીચે કાઉન્ટર પર આપી દીધી.

વિકાસને થોડું વિચિત્ર લાગ્યું. એને થયું કે ફ્રન્ટ પેજ સ્કુપના સેલિબ્રેશન માટે બંને ડિનર પર મળ્યા છે. પણ ગૌરવ વધુ પડતો ગંભીર દેખાયો.




વ્હિસ્કીના ગ્લાસનું ચિયર્સ કરીને ગૌરવે ગ્લાસ નીચે મૂકી દીધો. ''લાઈફમાં હવે ચિયર્સ જેવું કંઈ બચ્યું નથી.''

''શું થયું જીજી? ઓફિસ પોલિટિક્સ?''

''ના, એ બધું તો ફોડી લઈએ. તારી બહેન મોના શાંતિથી જીવવા દેતી નથી...''

પછી ગૌરવ પુરોહિત જે બોલતો ગયો એ સાંભળીને વિકાસને પોતાના કાન પર વિશ્વાસ ન બેઠો. ''મોના આવું કરી શકે?''

* * *

''કરંદીકર, તારો સીએમ એક કાંકરે બે પક્ષી મારી ગયો. ગૃહ ખાતું પોતાની પાસે છે એ ફરી સાબિત કરી દીધું. રાયગઢનો પોલીસ વડો વિવેક મોરે મારા ઇશારે ચાલશે એ એને ખબર હતી. એટલે એટીએસને વચ્ચે લાવ્યો. મહારાષ્ટ્રનો એટીએસ હેડ કૌશલ નાગરે એનો વિશ્વાસુ છે,'' વિશ્વનાથ આચરેકરે વ્હિસ્કીનો અડધો ભરેલો ગ્લાસ ટેબલ પર પછાડતા આકરો વસવસો વ્યક્ત કર્યો.

નિશિથ કરંદીકરે ગજવામાંથી રૂમાલ કાઢીને હાથ પર ઉડેલા વ્હિસ્કીના છાંટા સાફ કર્યા. ''સર, એ પોતાની ચાલ ભલેને ચાલ્યા. તમે તો સોગઠી મારવામાં કેટલા ઉસ્તાદ છો એ સૌ જાણે છે. આપના મગજમાં ય કંઈક તો હશે જ ને? એમાં મારે જે કરવાનું હોય એના માટે માત્ર હુકમ છોડી દેજો.''

માંડમાંડ ગ્લાસ હાથમાં ઉપાડીને મોઢાં સુધી લઈ જતા આચરેકરે એક સામટા ત્રણ-ચાર અપશબ્દો ઉચ્ચાર્યા. ''મને છંછેડ્યો છે તો હવે હું શેનો શાંત બેસું. જો ધ્યાનથી સાંભળ. સીએમને જ નહીં એટીએસ ચિફને પણ ખબર પડી જવી જોઈએ કે આ વિશ્વનાથ આચરેકર ચીજ શું છે?''

આટલું બબડીને એ ટેબલ પર ગ્લાસ મૂકવા જરાક નમ્યો તો એકદમ નીચે ગબડી પડ્યો. બે પળ ગુસ્સા અને સ્મિત સાથે એની સામે જોઈ રહ્યા બાદ પરાણે ફરજ નિભાવવા માટે નિશિથ આગળ વધ્યો. પડવા છતાં આચરેકરની કેસેટ ચાલું હતી, ''એક એકને જોઈ લઈશ. હું એક એકને...''




* * *

એટીએસના રાયગઢ એકમના ઇનચાર્જ અને આસિસ્ટન્ટ કમિશનર પરમવીર બત્રાનીનો કાફલો મુરુડ પોલીસ સ્ટેશને આવીને ઊભો રહ્યો. પરમવીર બત્રા સાથેના પાંચ જણાને ઈશારો કરીને એકલા નીચે ઊતર્યા. તેઓ આસપાસ જોતા-જોતા ઈનચાર્જ પ્રશાંત ગોડબોલેની કેબિન બહારની નેઈમ પ્લેટ જોઈને મર્માળુ હસ્યા. હળવેથી ટકોરો મારીને દરવાજો ખોલીને અંદર ડોકિયું કર્યું. ''અંદર આ જાઉ જી?''

ફાઈલમાંથી ઊંચું જોઈને ગોડબોલે એકદમ ઊભા થઈ ગયા. તરત જ આગળ વધીને હળવા સ્મિત સાથે બોલ્યા, ''પ્લીઝ, પ્લીઝ. વેલકમ સર.''

બત્રા બરાબર ગોડબોલેની સામેથી ખુરશી પર બિરાજમાન થયા પણ ગોડબોલે ઊભા જ રહ્યા. ''અરે બૈઠોજી. નો ફોર્માલિટી. હમ તો આપકી મદદ માંગને આયે હય જી.''

ગોડબોલે અચકાટ સાથે બેઠા. અંદરથી ગભરામણ હતી. આજ સુધી એટીએસ વિશે સાંભળ્યું, વાંચ્યું હતું. મુરુડમાં અગાઉ ક્યારેય મોટો કાંડ થયો નહોતો કે એટીએસ પિક્ચરમાં આવે. ગોડબોલે થોડો ટટ્ટાર બેઠો. એ જોઈને બત્રા હસી પડ્યા, ''અરે રિલેક્સ હોકર બૈઠો જી.''

'આઈ એમ ફાઈન સર,' 'થેન્ક્યુ.'

''હમમ. એક કામ કરતે હૈ જી. પહેલે બતાઓ કિ હમે ક્યાં પીલાઓગે જી?''

''સર, જો આપ કહે?''

''આપ ક્યાં પસંદ કરતે હો પીના, ઈસ વક્ત?''

''ચાય.''

'કૈસી.''

''એકદમ સ્ટ્રોંગ, મસાલેવાલી, ઔર કમ સક્કર ઔર દૂધવાલી.''

''અરે વાહ, એક વહ મંગાઓ ઔર બેસ્ટ લસ્સી મંગાવો. ઉપર મલાઈ, કેસર, ડ્રાયફ્રૂટ મારકર. ઠીક હયજી?''

ગોડબોલેએ બેલ મારીને હવાલદારને ઝડપભેર ચા-લસ્સી લાવવાની તાકીદ કરી.

''વેરીર ગુડ જી. અબ દેખો મુરુડ બૉમ્બ બ્લાસ્ટ બારે મેં આપ જો જાનતે હો વો સબ મુઝે બતાઓજી. સબ કા સબ ક્યોં કિ મેં ઇસ મામલે મેં ઠહરા પૂરા કા પૂરા અજ્ઞાની.'' આટલું કહીને બત્રા એકદમ ખડખડાટ હસી પડ્યા.

પ્રશાંત ગોડબોલેએ પોલીસ સ્ટેશને આવેલા ફોનથી લઈને વિગતો આપવાની શરૂઆત કરી. વચ્ચે જરાય ચૂં કે ચા કે હસ્તક્ષેપ કર્યા વગર બત્રા એકચિત્તે બધું સાંભળતા રહ્યા. દશેક મિનિટમાં વાત પૂરી થવામાં હતી ત્યાં હવાલદાર એક મોટી ડિશમાં ચાનો કપ અને લસ્સીનો ગ્લાસ લઈને આવ્યો. તેણે લસ્સીવાળો ભાગ પરમવીર બત્રા અને ચાવાળો ભાગ પ્રશાંત ગોડબોલે તરફ મૂક્યો. બત્રાએ એની સામે જોયું. ધીમેથી 'થેન્ક યુ' કહ્યું ને ઉમેર્યું ''થોડા ઠહરાના જી.''

પ્રશાંતે લસ્સીનો ગ્લાસ ઉપાડીને પરમવીર સામે ધર્યો. પરમવીર હસવા માંડ્યા. ''નહીં જી નહીં. યે આપ કે લિએ હય જી.''

''ક્યાં સર?''

''હા, આપ હમારી લસ્સી પીઓ ઔર હમ આપકી પસંદ કી ચાય પીએંગે જી.''

પછી ચાનો કપ ઉપાડીને બત્રાએ અડધી ચા હવાલદાર તરફ લંબાવી. ''લો હમેં કંપની દોંગે ન જી?'' હવાલદાર અચકાયો પણ ગોડબોલેના ઇશારા બાદ રકાબી લઈ લીધી.'' વો ક્યાં હૈ ના ચાય તો આધી, કિસી કે સાથ હી પીને મેં મજા હય જી.''

બન્ને બત્રાને જોઈ રહ્યા. પણ એ તો ચાની ચૂસકી પીવામાં મશગૂલ થઈ ગયા. હવાલદાર ફટાફટ ચા પીને રકાબી સાથે બહાર નીકળી ગયો.

ગોડબોલેએ લસ્સીનો ઘૂંટડો ભર્યો. એને સારું લાગ્યું. ''સર થેન્કસ ફૉર લસ્સી''

''કમાલ કરતે હો જી. લસ્સી ભી તો આપ કી હી હય જી. ઉસમેં મુઝે કૈસા થેન્કસ જી?''

''સર, ખૂબ લાંબા સમય બાદ લસ્સી પીધી અને ખૂબ સારું લાગ્યું. મસ્ત ઠંડક લાગી પેટમાં.''

''દેખો ભાઈ, અસલી બાત હય ચાહ કી જી. ફિર આયા કુછ પીના, પીલાના... કૈસે એક દૂસરે સે મિલ ગયે ના જી?''

ગોડબોલેને ગમ્યું. તેણે હસીને માથું હલાવીને 'હા' પાડી. બત્રાએ કપ નીચે મૂક્યો. એ જોઈને ગોડબોલે ઝડપભેર લસ્સી પીવા માંડ્યો. ''આરામ સે, આરામ સે જી. મૈં પ્લેન થોડા હું જો ઉડ જાઉંગાજી?''

લસ્સીનો ગ્લાસ મૂકીને ગોડબોલેએ રૂમાલથી હોઠ લૂછ્યા, પછી બત્રા સામે જોયું.

બત્રાએ બે હાથ હળવેકથી ટેબલ પર ફટકાર્યા. ''એકદમ ફ્રેશ કર દિયાજી આપ કી ચાયને. અબ શાયદ દિમાગ ભી જ્યાદા ચલેગા જી.''

''સર, ઔર ક્યાં જાનના હૈ. આપકો?''

''ઔર ક્યાં બાકી હય? સબ કુછ આપને બહુત અચ્છે સે બતાયા જી. વેરી વેરી ગુડ વર્ક જી.''

એટીએસને કેસ સોંપાયા પછી મનમાં પેઠેલા ફફડાટનું સંપૂર્ણ બાષ્પીભવન થવાથી ગોડબોલે એકદમ હળવો થઈ ગયો. ''થેન્ક યુ, પ્લીઝ કંઈ પણ કામ હોય તો કહેજો સર.''

''કામ હોય તો? અરે આ કામ તમારું જ છે... સમજી લો કે આતંકવાદીઓ પોતાનું રાજકારણ રમે છે. હિંસાનું અને વેરનું રાજકારણ. આપણા નેતાઓ પોતાનું રાજકારણ રમતા હોઈ શકે. આપણે બન્નેએ તો એક જ કામ કરવાનું છે. તપાસ કરીને

(જુઓ પાનું ૬) ▶▶

---

# ટીનએજર્સમાં ટાસ્ક જીતવાની તાલાવેલી

શ્વેતા જોષી-અંતાણી
feedback.ladki@bombaysamachar.com

ઉડાન મુગ્ધાવસ્થાથી મધ્યાવસ્થા સુધી

''...આવી અનેક ક્ષણો આવે છે જ્યારે સામાન્ય વ્યક્તિઓ આશા ગુમાવી બેસે, પરંતુ યુસરા જેવી યુવતીઓ અસાધારણ હોય છે જેના માટે તેઓનો ગોલ- ધ્યેય એની દુનિયા અને તેના જીવનનું કેન્દ્રબિંદુ હોય છે એમ કહી સલોની- ધ ફિટનેસ સ્ટારે પોતાની વાત પૂરી કરી.

સલોનીએ વાત પૂરી કરતાવેંત વિહા બોલી ઊઠી, ''મેમ આ મારી ફ્રેન્ડ ડિમ્પી અને સલોની જોકે, હવે આ વચ્ચે બોલબોલ કર્યા કરતી વિહાથી કંટાળેલી પણ એ કંઈ એમ ગાંજી જાય એવી બિલ્કુલ નહોતી. ગમે તેમ તોય એ એક સેલેબ્રિટી ફિટનેસ સ્ટાર મોડલ હતી, ભલે સોશ્યલ મીડિયા પર તોય શું થયું! એણે વિહા અને નવ્યાને રીતસર બહાર તગેડી મુક્યા, ''i want some alone time with dimpy'' એવું બોલી એ સીધી ડિમ્પી તરફ વળી, વિહા વીલા મોં એ પાછી ફરી બહાર સોફા પર ફસડાય અને નવ્યા સાથે સલોની તો જો કેવી છે એ મતલબની ગપસપ ચાલુ કરી તો આ બાજુ ડિમ્પીએ સલોનીને ટૂંકમાં પોતાની આખી વાત વર્ણવી કઈ રીતે વધારે વજનને કારણે તેણીની મમ્મી સુધ્ધાં તેનાથી ભોંઠપ અનુભવે છે અને હવે પછીનો ટાર્ગેટ શું છે તેણીના મનમાં એ પણ કહ્યો.

આખી વાત પૂરી કરી બહાર નીકળેલી ડિમ્પી પાછળ ''હમમ... વિલ મેઈક યુ વીન ધીઝ કોમ્પિટિશન એન્ડ મેની મોર'' એમ બોલી તેણીના ખભ્ભા થપથપાવી સલોની પોતાના સેશન માટે જવા રવાના થઈ ગઈ. વિહાને તો આ વાક્ય સંભળાતા જ પેટમાં તેલ રેડાયું. ડિમ્પીના મેઈક ઓવર અને પછી બ્યુટી પેજન્ટ જો જીતે તો એનો શ્રેય એ પોતાના અને વધીને અમુક મિત્રો સિવાય કોઈ સાથે વહેંચવા માગતી નહોતી પણ, હવે ડિમ્પી જે રીતે સલોનીની સલાહોમાં લપેટાય ગયેલી એ જોતાં મન મનાવ્યા વગર બીજો કોઈ છૂટકો નહોતો એવું તેણીને હાલ ફિલહાલ લાગ્યું.

જોકે, બહાર નીકળતા પહેલા સલોનીની મેનેજરે ફીનો જે મસમોટો આંકડો કહ્યો એ સાંભળી ડિમ્પી સહિત ત્રણેયના હાડ બેસી ગ્યા. ઓહો!! એક લાખ એ પણ ખાલી છ મહિના માટે? ડિમ્પી ઉદાસ થઈ ગઈ કારણકે, તેણીને પ્રેમથી ઉછેરનારી માસી તો હવે આ દુનિયામાં રહી નથી અને મોડલ એવી માં તેણીને કોઈ સપોર્ટ કરશે નહીં તો હવે શું કરવું? ''લ્યો બગડીને બધી વાત, આટલી લાંબી કથા સાંભળી એ પહેલા જ પૈસાનું પૂછી લેવાની જરૂર હતી.'' વિહાએ ટપકું મુક્યુ. તેઓ સામે સંશયભર્યા ચહેરા સાથે જોઈ રહેલી, સખ્ત મેકઅપમાં વિંટળાયેલી મેનેજરને તો તેઓ કાલે આવીશું એમ કહી નીકળી ગયા પણ એ ફરી અહીં ક્યારેય આવવા ના હતા નહીં એ હવે ખબર નક્કી હતી.

બીજા દિવસે સાંજે વિહાના ઘરે ભેગી થયેલી આખી મિત્રમંડળીએ નક્કી કર્યુ કે એક લાખ તો શું દસેક હજાર પણ ફી આપી શકાય એવા પૈસા તેઓ પાસે છે નહીં અને એમ કોઈ સામે હાથ લંબાવી ડિમ્પીની મહેનત કે એષણાને જગજાહેર કરવાની તો બિલ્કુલ જરૂર નથી એટલે બધાએ 'ગૂગલ'ને શરણે જવાનું નક્કી કર્યું.

સલોનીના જ ઈન્સ્ટાગ્રામ એકાઉન્ટમાંથી ફિટનેસ ટિપ્સ, યુટ્યુબ પરથી દરરોજની કસરતના વીડિયોઝ, ડાયેટ ચાર્ટ, વોર્કિંગ, સાઈકલિંગ, વગેરે જેવી અનેક વસ્તુઓના સહારે ડિમ્પીની કવાયત શરૂ થઈ. કહેવાય છે ને કે, કઠોર પરિશ્રમનો કોઈ વિકલ્પ નથી અને એ જો કોઈ ટીનએજર અંકે કરી લે તો તેના માટે સફળતા નિશ્ચિત અને મોટેરાઓ કરતાં વધુ સરળ તેમજ ઝડપી બની રહે છે. ઊગતું, જુવાન લોહી એને જ તો કહેવાતું હશે ને?!

એકબાજુ પૌલોમી દ્વારા બ્યુટી પેજન્ટની તડામાર તૈયારીઓ તો બીજી બાજુ ડિમ્પીને બ્યુટી બનાવવાનો સંઘર્ષ. આવનારા



પચાસ દિવસો બધી રીતે નિર્ણાયક.

સ્કૂલ, ટ્યુશન, ઘર, હોમવર્ક, પ્રોજેકટ્સની ઘટમાળ વચ્ચે વિહા એન્ડ ફ્રેન્ડ્સ ડિમ્પી નામનો નવો ટાર્ગેટ લઈને દોડી રહ્યા હતા. તરુણાવસ્થાએ આવી કોઈપણ વસ્તુ એક પ્રકારનો રોમાંચ, થ્રીલ ઊભું કરતું હોય છે.

સ્નેહા સહિત બધીજ મમ્મીઓને વિહા તેમજ પોતાના દીકરા-દીકરીઓ જે કરી રહ્યા હતા એ વાહિયાત લાગી રહ્યું હતું, પણ ગેન્ગ વિહા માટે અત્યારે એ જીવનમરણનો પ્રશ્ન થઈ પડેલો. પોતાનું વજન ઘટાડવા દિવસ-રાત એક કરી રહેલી ડિમ્પી તેણીના આ નવા અને ગાઢ બની ચુકેલા ફ્રેન્ડ્સ માટે જાતને નસીબદાર માનવા લાગેલી અને નાની નાની વાતમાં ગુસ્સે થવાને બદલે તેનું નિરાકરણ લાવવાની કોશિશ કરવા લાગી, પરંતુ પૌલોમીને જ્યારે જાણ થઈ કે ડિમ્પી બ્યુટી પેજન્ટ માટે દાવેદાર બનવા જઈ રહી છે ત્યારે ડિમ્પીને હિંમત આપવાને બદલે તેની હાંસી ઉડાવી એ ચાલી નીકળી.

''યાર, આ તારી મમ્મી તો જો?'' ત્રિશા બોલી એટલે રીવા એ પણ પૂછ્યું.''એ યાર, તારી સાથે આવું બિહેવિયર શા માટે કરે છે?''

''તું એની સાથે નહોતી રહેતીને? આપણે પ્રાઇમરી ગ્રેડ્સમાં હતા ત્યારે?'' વિહા એ વાત વાળવાનો પ્રયત્ન કર્યો.

''ઓ મેડમ... પ્રાઇમરી અને ગ્રેડ્સ બન્ને એકજ થાય..!. હસતાં હસતાં વિવાને વિહાને ટપારી...

''ના, એવું નહીં..., એવું જ હોય શું હવે... હીહીહીહી એમ હસતા દલીલો કરતા વિહા-વિવાન ''she is jealous of me... મમ્મીને મારી બહુ jealousy છે'' ડિમ્પીના આ શબ્દો સાંભળી ચોંકીને ચૂપ થઈ ગયાં.

શું કોઈ માને સંતાનોની સફળતાની ઈર્ષ્યા થાય? શું જગતની બધી જ સફળતા તમારાં કદમો ચૂમતી હોય તેમ છતાં માતાને એ સાવ ક્ષુલ્લક ઘટના લાગતી હોય એવું બને? અરે આવો વિચાર પણ કેમ આવે?? માને સંતાનની ઈર્ષ્યા થવી અશક્ય છે, આ જગત બહારની બનતી ઘટના છે એવું જો તમે માનતા હોય તો તમારી માન્યતા ખરેખર ભૂલ ભરેલી છે એ સ્વીકારવું રહ્યું. આપણને સાવ વાહિયાત લાગતી અને જેના વિશે ક્યારેયપણ ચર્ચાઓ થતી જ ના હોય એવા દુનિયાના શ્રેષ્ઠતમ ગણાતા સંબંધની એક ડાર્ક સાઈડ જો સ્ત્રી પર હાવી થઈ જાય તો એવા સંજોગોમાં ઊભા થતા તણાવોના તાણાવાણા સમજવા અઘરા છે. (ક્રમશઃ)■

---

# રિટાયર્ડ થયા પછી શું?

પ્રજ્ઞા વશી
feedback.ladki@bombaysamachar.com

લાફ્ટર આફ્ટર

અમે નાનાં હતાં ત્યારે ખેતરે ચલ્લાં ઉડાડવા જતાં. ગોફણમાંથી ઢેફો છૂટે ને તરત જ ચલ્લાં કણસલાં છોડીને આકાશે ઊડવા માંડે. વહેલી સવારે ઊડતાં પંખીઓના કલરવથી ભરાયેલું આકાશ જોવાની ખૂબ મજા આવતી.

હું નાની હતી ત્યારથી બા ને બાપુજી કહેતા, અક્ષર સુધાર... આવા ગંદા અક્ષરવાળી નોટબુક કોણ વાંચશે? આ જ સલાહ શિક્ષક બન્યા બાદ રોજ જ હું મારા વિદ્યાર્થીઓને આપતી આવી છું. પણ જેમ વર્ષો સુધી મેં મારાં બા-બાપુજીની આમન્યા જાળવેલી, તેમ બાળકોએ મારી જાળવી. પણ એક દિવસ મેં બાને કહ્યું હતું, બા, શિખામણ આપનારે પણ પહેલાં સુધરવું પડે. પહેલાં તું તારા અક્ષર જ સુધારે તો સારું.

બા તાડૂકીઃ કેમ, કેમ ? મારા અક્ષર તો આટલા સુંદર છે...! અને પછી બાપુજી તરફ ફરીને બોલી, સાચું કહેજો, મારા અક્ષર કેવા છે ? બાપુજી બોલ્યાઃ તું સાચું કહેવાનું કહે છે એટલે હવે શું થાય...?

વાતમાં મોણ નહીં નાખો... જલદી કહો, મારા અક્ષર કેવા છે ?

તો સાંભળ, રોજ સવારે ગોફણમાંથી પથ્થર છૂટે ને જે ચલ્લાં ઊડાઊડ કરે એવી ઊડાઊડ કરતા તારા અક્ષરો છે! અને પછી બળતામાં ઘી હોમતાં બોલ્યા, ઘરના હિસાબમાં તો એવાં ચલ્લાં ઉડાડે, એવાં ચલ્લાં ઉડાડે કે ભલભલો ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ જીવનભર ગોથાં ખાયા કરે પણ અક્ષરોનો ભેદ, એટલે કે, હિસાબનો તાળો ન જ મેળવી શકે તે ન જ મેળવી શકે...!

જીવનભર બાને હિસાબના ગોટાળા કરવામાં ને કટકી કાઢવામાં અક્ષર જ કામ આવ્યા છે. ને બાપુજી? તો તો હવે મારા ખરાબ અક્ષર પણ મને જીવનમાં ક્યાંક ને ક્યાંક તો કામ આવશે જ આવશે. ખરું ને બા?

ત્યાં બા વચ્ચેથી મારી વાત કાપતાં તાડૂકી, આ તારા બાપુજીના અક્ષર વળી ક્યાં સારા છે તે મારા અક્ષરની સમીક્ષા કરવાના? પોતાના અક્ષર અઢારે અંગ વાંકાંવાળા ઊંટ જેવા છે. લગન પહેલાં ઢગલો કાગળ લખતા, પણ ટપાલીથી લઈને આખા ગામનાં જુવાનિયાં-ઘરડાં-વરડાં બધાં ને બિલ્લોરી કાચનાં ચશ્માં આવી ગયાં પણ એકે કાગળ ઉકેલી શક્યાં નહોતાં.... ને ત્યારે હું પેલી ભગવતીકુમાર શર્માની કવિતા ગાઈ ગાઈને મન મનાવી લેતી હતી કે, કે કાગળ હરિ લખે તો બને... અવર લખે તો એકે અક્ષર નથી ઊકલતો મને, કે કાગળ હરિ લખે તો બને! અરે, અમારા પડોશનો છોકરો એટલે કે મારો ખાસ ફ્રેન્ડ તો મારી બાને કહેતો પણ ખરો કે આજીબા, તમારી આવી હીરા જેવી લાખ રૂપિયાની દીકરી હારુ આવા ગંદા અક્ષરોવાળો જમાઈ તે કાંઈ હોધાતો હોય...!



અરે, જેના અક્ષર નથી ઊકલતા એવા માણસનું મન કેવી રીતે ઉકેલાહે...? એટલે વળી બાપુજી તાડૂક્યા, તે હેં, પેલો તારી બાજુવાળો ભગલો, એવું બોલતો હતો...? તે મને વે'મ તો ગયેલો જ કે એની દાનત તારા તરફ કંઈ હારી નથી...

મારો કાગળ તારે એ ભગલાને હું કામ વાંચવા આપવો જોઈએ ? એમ પણ મારો કાગળ વાંચવા, તારી પાસે દિવ્ય દૃષ્ટિ હોવી જોઈએ, સમજી ? તારા ગામનાં અભણ જુવાનિયાં પાસે એવી દૃષ્ટિ જ નથી કે એ લોકો મારો કાગળ ઉકેલી શકે...! બન્ને તરફ યુદ્ધનાં મંડાણ એવાં જામ્યાં એવાં જામ્યાં કે એમાં મારા અક્ષર તો પૂંછડી દબાવીને છૂમંતર થઈ ગયા-લ્યો, ત્યારે તમતમારે લડો, આ અમે તો ચાલ્યાં રમવા...!

પછી વિદ્યાર્થીઓના નસીબને ભોગે હું ટીચર બની ગઈ અને હિસ્ટરી ફરી રિપીટ પર રિપીટ થવા લાગી. નિબંધની નોટ તપાસતી વેળા મારામાં બિલકુલ હિટલરશાહી સવાર થઈ ગઈ. દરેક નોટમાં ચકરડાં પર ચકરડાં અને દરેકમાં જાતજાતનાં સૂચનો... ગંદા અક્ષર, અસ્વચ્છ લખાણ... નઠારા અક્ષર એ અધૂરી કેળવણીની નિશાની છે... આ તે કાંઈ અક્ષર છે...? ને દરેકને દશમાંથી માંડ માંડ ત્રણ ચાર ગુણ જેમ તેમ આપ્યા.

બીજે દિવસે બાળકો નોટબુક લઈને ધસી આવ્યાં. : ટીચર, આટલા સુંદર અક્ષર છે ને તમે અક્ષર સુધારવાનું કહો છો?

હું-આને તમે સુંદર અક્ષર કહો છો? આટલા ગંદા અક્ષર હશે તો તમારી નોટ કોણ તપાસશે? એસ.એસ.સી. પાસ કરવાનાં પણ ફાંફાં પડી જશે...! અને આજે એસ.એસ.સી. ભણેલાને પણ પટાવાળાની નોકરી સુધ્ધાં મળતી નથી, તો તમે શું ઢોર ચારવાના છો? સોરી, તમને તો ઢોર એટલે શું, એ પણ નથી ખબર! આમ ચલ્લાં ઉડાડવાથી કંઈ હું માર્ક્સ થોડા આપી દેવાની...? જાવ, સારા અક્ષરે દસેદસ નિબંધ બબ્બે વાર લખીને લાવો... પછી તમને પૂરા માર્ક્સ આપીશ.

જેમ મેં ઘણે વર્ષે બા સામે બોલવાની હિંમત કરેલી કે તારા અક્ષર પણ ક્યાં સારા છે, તેમ એક વિદ્યાર્થી પાછળથી બોલ્યોઃ આપણને શિખામણ આપ આપ કરે છે, જરા જાતે અમલ કરે તો કાંઈ વાંધો છે? કાલે બોર્ડ ઉપર જ નિબંધ ટીચરે લખ્યો હતો તે ઘરે જઈને નોટ ઊંધી કરીને વાંચ્યો ત્યારે સમજાયો કે ટીચરે આપણને શું ચીતરાવેલું...! ટીચર પણ સાવ ચલ્લાં જ ઉડાડે છે...!

બાળકો દસ નિબંધ બે બે વાર એટલે કે, વીસ વાર નિબંધ લખવાની સજા પામ્યાં, એટલે છંછેડાયાં... એક-બે બાળકોએ રિક્વેસ્ટ પણ કરી જોઈ... : પ્લીઝ, ટીચર, એમ પણ બધા જ વિષયમાં પુષ્કળ લેસન છે, તેમજ ઑલરેડી ટ્યૂશનનું લેસન તો ખરું જ ખરું... ઉપરથી વીસ વાર નિબંધ... પ્લીઝ, ટીચર, કંઈ ઓછું કરોને... પ્લીઝ ટીચર, સોરી ટીચર, પ્લીઝ ટીચર... હવે અમે તમને ક્યારેય ફરિયાદ નહીં કરીએ કે નિબંધમાં કેમ માર્ક્સ ઓછા મૂક્યા... બસ? ત્યાં પાછળથી એક બોલ્યો, આપણી સરકાર હો ધીરે ધીરે ગુજરાતી કાઢી જ નાખવાની છે, થોડી ધીરજ રાખો... હાયર સેકન્ડરી, સાયન્સમાંથી તો ગુજરાતી ગઈ... ત્યાં બીજો બોલ્યો, ને આ ટીચર હો હવે રિટાયર્ડ થવા પર જ છે... ત્યાં ત્રીજો બોલ્યો, રિટાયર્ડ થવાનાં તો હો હજી અક્ષર સુધર્યા નથી ને પાછાં આપણને મોટાં... ત્યાં ચોથો ઉવાચઃ તમે ટીચર કે કમળનો ક કાઢે તે જોયલો, કે જાણે કની કમર કરીના કપૂર જેવી પતલી પતલી ને આગલી કમાન ફંફાડા મારતા અજગર જેવી... ને ખ તો જાણે આખેઆખો ખટારો ભરેલો હોય એમ ચોતરફથી લદાયેલો...

અને એ સાથે મારામાં લદાયેલો ક્રોધે પણ માઝા મૂકી અને હું બરાડી, વડીલો શું કરે કે પછી ગુરુજન શું કરે તે તમારે જોવાનું નથી, તેઓ શું કરવાનું કહે છે તે આંધળા ભક્તોની જેમ કરવાનું છે... જેમ કે, ગાંધીજીના અક્ષર ભલે ખરાબ હતા, પણ એમણે કહેલું કે નઠારા અક્ષર એ અધૂરી કેળવણીની નિશાની છે, તો છે ને છે, બસ, વાત અહીં પતી જાય છે... ગાંધીજી સામે કંઈ રકઝક થાય ? પણ ગાંધીજીની ભૂલ કંઈ કઢાય છે? ગાંધીજી ગમે તેટલી ભૂલો કરે, તો પછી મારા અક્ષર ઉપર ન જતા, હું શું કહું છું, હું શું શીખવું છું, તેના તરફ તમારે ધ્યાન આપવાનું છે, સમજ્યા? મોટા માણસની ભૂલોમાંથી જ તો આપણે શીખતા રહેવાનું છે. કૃષ્ણ કરે તે લીલા એ વાત હજી ગઈ કાલે જ તમને શીખવી હતી અને આજે ભૂલી પણ ગયા...! ખેર, હવે વધારે ગુસ્સો કરવો શરીર

(જુઓ પાનું ૬) ▶▶

# પુરુષ

કવર સ્ટોરી
મનીષા પી. શાહ
feedback.ladki@bombaysamachar.com

# ૮૩ની કન્યા ૩૭નો વર!



## સોશ્યલ મીડિયા પર મુલાકાત, ઓળખાણ, પ્રેમ, લગ્ન અને...

આયરીશ જોન્સ બ્રિટનની રહેવાસી. ઉંમર વર્ષ ૮૩. મોહમ્મદ ઇબ્રાહિમ ઇજિપ્તનો રહેવાસી. ઉંમર વર્ષ ૩૭. દેશ, ભાષા, સંસ્કૃતિ અને ઉંમરમાં જમીન આસમાનનું અંતર. આ બન્ને વચ્ચે કેવો સંબંધ હોઇ શકે?

આપણામાંથી મોટાભાગના આ સવાલનો તાર્કિક રીતે નકારમાં જવાબ આપે. પરંતુ ઘણી વ્યક્તિ તર્ક અને સમજની બહારનું કરી લેતા હોય છે એ આપણે જાણીએ છીએ. આયરીશ અને મોહમ્મદ વચ્ચે ય એવું જ થયું. બન્ને ફેસબુકના એક ગ્રૂપ મળી ગયાં. આ સોશ્યલ મીડિયા પરની ઓળખાણ ઝડપભેર મૈત્રીમાં ફેરવાઇ ગઇ. હકીકતમાં આયરીશ પહેલી નજરે જ મોહમ્મદના પ્રેમમાં ગળાડૂબ થઇ ગઇ.

આમેય ૧૯૯૩માં પહેલા પતિથી છૂટાછેડા લઇ લીધા પછી તે સાવ એકલવાયું જીવન વિતાવતી હતી. ૨૬ વર્ષથી તો તેણે જૂના પતિને જોયો કે ન એના સંપર્કમાં રહી. જોકે આયરીશનો એક દીકરો હતો ખરો. પરંતુ ૫૫ વર્ષનો પુત્ર પોતાના સંસારમાં ખોવાયેલો હતો. આમેય પશ્ચિમમાં મોટા થયા બાદ સંતાનો ભાગ્યે જ માબાપ સાથે રહેતાં હોય છે.

આયરીશ કદાચ હૂંફ, પ્રેમ, સથવારો અને સહવાસ ઝંખતી હતી. આ વધુ મળવાની આશા મોહમ્મદ ઇબ્રાહિમમાં દેખાઇ. સાચા અને પૂરા કારણ તો આયરીશ જ જાણે પણ એને મોહમ્મદ એટલો બધો ગમી ગયો કે ન પૂછો વાત. બધા અંતરની લેશમાત્ર પરવા કર્યા વગર એ ૨૦૧૯ના નવેમ્બરમાં પ્રિયતમ મોહમ્મદને મળવા છેક ઇજિપ્તના પાટનગર કૈરોમાં પહોંચી ગઇ. સંબંધ ગાઢ થતો ગયો. એકાદ વર્ષ બાદ બન્નેએ લગ્ન કરી લીધાં. હા, ઘે ગોટ. મેરીડ ઇજિપ્તના શર્મ અલ-શેખ નામના શહેરમાં હનીમૂન માટે ગયાં.

બન્નેનો સંબંધ સોશ્યલ મીડિયાની પેદાશ હતો. પતિ-પત્ની સતત પોતાના નવા જીવન અને સુખ વિશે નીતનવી માહિતી સોશ્યલ મીડિયામાં પર મૂકતાં જાય. વયમાં ખૂબ મોટા તફાવતવાળું આ યુગલ સોશ્યલ મીડિયામાં ખૂબ લોકપ્રિય થઇ ગયું છે. કોઇકને આનંદ થાય કે ચાલો એકમેકને યોગ્ય જીવનસાથી મળી ગયું. વળી થોડાને કૌતુક થાય કે આ કપલમાં પટતું કઇ રીતે હશે? તેઓ પોતાના લગ્નજીવન વિશે વિચારીએ શરમાઇ જતા કે કાશ આટલી બધી સમજદારી આપણામાં હોત.

આ એક રીતના કજોડાપણા અને સુખી દામ્પત્ય જીવનને આયરીશ જોન્સ અને મોહમ્મદ ઇબ્રાહિમને સોશ્યલ મીડિયામાં ખૂબ માઇલેજ અપાવ્યું. કહો કે બન્નેને સોશ્યલ મીડિયાએ સ્ટાર બનાવી દીધા. અનેકને ઇર્ષા આવતી હતી.

પરંતુ એક દિવસ આયરીશ જોન્સે ધડાકો કર્યો. બધાને આંચકો આપતી જાહેરાત કરી કે ''હું અને મોહમ્મદ ઇબ્રાહિમ હવે છૂટાં પડી રહ્યાં છીએ. હકીકતમાં હું અને ઇબ્રાહિમ એકમેકથી ખૂબ અલગ છીએ. મને મોહમ્મદ ખૂબ ગમતો હતો. એની એક-એક વાત અને બધી વાત-વર્તણૂંક પસંદ કરતી હતી. પરંતુ એ ખૂબ જટિલ, મુશ્કેલ અને અકળ વ્યક્તિ છે. પ્રેમમાં હોવા છતાં અમે દરેક વાત પર, કોઇ પણ વાત પર વાદવિવાદમાં ઊતરી જતાં હતાં, ઝઘડો કરવા માંડતાં હતાં. હું છૂટાછેડા લેવા સિવાય બીજું કંઇ કરી શકું એમ નહોતી. હું પ્રેમમાં પાગલ થઇ ગયેલી કિશોરી તો નથી જ. હું ૮૩ વર્ષની થઇ છું.''

બીજા પતિ મોહમ્મદ ઇબ્રાહિમથી છૂટા થયા બાદ એકલતા દૂર કરવા શું કર્યું એ પણ આયરીશે સોશ્યલ મીડિયા પર શેર કર્યું. તેણે બિલાડી પાળવાનો નિર્ણય લીધો. આ બિલાડીને પોતાને યોગ્ય સાથીદારનું પ્રમાણપત્ર આપતા આયરીશે લખ્યું. 'મોહમ્મદના ગયાના થોડા દિવસ બાદ મને આ બિલાડી મળી હતી. એ શ્રેષ્ઠ સાથીદાર હોવાનું સાબિત થયું, કારણકે એ ક્યારેય મારી સાથે ઝઘડતી નથી. એ ખૂબ શાંત અને સુંદર છે. તે ખૂબ આનંદી જીવ છે. કોઇ જાતની ધાંધલ, ધમાલ, જીદ કે વિવાદ કરતી નથી. મને એ ખૂબ ગમે છે. તેણે વચન આપ્યું છે કે મને ક્યારેય મોહમ્મદની યાદ આવવા નહિ દે.''

આ સ્ટોરી પર સોશ્યલ મીડિયા પર ખૂબ કમેન્ટસ આવી. મોટાભાગનાનો સૂર, લગભગ સરખો હતો: 'આ તો થવાનું જ હતું.' ■

મેલ મેટર્સ
અંકિત દેસાઈ
feedback.ladki@bombaysamachar.com

# આપણને અંતર્જ્ઞાન પ્રાપ્ત થયું છે ખરું?



ગીતામાં એક જગ્યાએ બહુ સરસ મજાની વાત થઈ છે. એમાં કહેવાયું છે કે જેને અંતરનો આનંદ છે અથવા જેને આત્મસંતોષ થયો છે એ યોગી છે અને એવા યોગીઓ બ્રહ્મરૂપ બની બ્રહ્મનિર્વાણ પામે છે. આપણે તો અહીં જીવનની જ વાતો કરીએ છીએ. એટલે નિર્વાણ કે મોક્ષ સંદર્ભની કે પુનઃજન્મ સંદર્ભની કોઈ વાત નહીં કરીએ, પરંતુ ગીતાની અંતરના આનંદવાળી અને આત્મસંતોષવાળી વાત આપણને અત્યંત ખપમાં આવે એવી છે. વળી, ગીતા તો એમ પણ કહે છે કે જેને આત્મસંતોષ થયો છે કે અંતરનો આનંદ છે એવા લોકો આત્મજ્ઞાની પણ છે. કેવી મોટી વાત છે આ! આત્મજ્ઞાની એ જ થઈ શકે અથવા આત્મજ્ઞાની હોવાનો દાવો એ જ લોકો કરી શકે, જેમને આત્મસંતોષ હોય!

ખૈર, આપણે આત્માના આનંદ વિશે વાત કરીએ. જેમ આપણે મોક્ષની વાત નથી કરવી એમ આત્મજ્ઞાનની વાત પણ હાલ પૂરતી મોકૂફ રાખીએ. આપણે વાત કરીએ માત્ર આત્મસંતોષ અને આત્માના આનંદ વિશે. આ વાતો અત્યંત ભૌતિક સ્તર પર કરીએ. મોટા ભાગે આપણા દુઃખનું કે આપણી પીડાનું મૂળ કારણ આપણું મન જ છે. આપણું મન જ જાતજાતની અપેક્ષાઓ રાખીને બેઠું હોય છે અને આપણું મન જ અવનવી ઝંખનાઓ રાખીને બેઠું હોય છે. ક્યારેક તો આપણું મન એવી અબળખા રાખીને બેઠું હોય છે કે જેને મેળવવા કે પામવા માટે આપણે આખી જિંદગી કારણ વિના દોડાદોડ કરતા રહીએ છીએ.

અંતતઃ થાય શું કે આપણું મન સતત વિચલિત, સતત દોડતું અને સતત અસંતુષ્ટ રહે છે. મનની આ અસંતુષ્ટી જ આપણી અંદર ઉચાટ ઊભો કરે છે અને એને કારણે આપણે અનેક નકામી સ્પર્ધાઓમાં જોતરાઈ જતાં હોઈએ છીએ, જે સ્પર્ધાઓ આપણે ક્યારેય કરવાની જ નથી હોતી. વળી, મનની આ અસંતુષ્ટી કે ઉચાટ આપણને બીજાઓ સાથે પણ ઘર્ષણમાં ઉતારે છે. અને છેલ્લે કંઈ નહીં તો આપણને બીજાની પ્રગતિ કે બીજાનો દબદબો આંતરિક રીતે પ્રભાવિત તો કરતો જ હોય છે.

ઈનશોર્ટ મનની આ ચંચળતા, મનની આ અસંતુષ્ટી અને મનનો આ ઉચાટ આપણને આંતરિક રીતે સતત બળતા, ભડભડતા રાખે છે. એને કારણે આપણે ઘણીવાર ભૌતિક રીતે અત્યંત સંપન્નતા મેળવી હોય તો પણ આપણે દુઃખીના દુઃખી જ રહીએ છીએ. આપણને સતત એવું જ લાગ્યા કરે છે કે બીજાઓ આપણાથી સુખી છે કે બીજાઓ કરતા આપણને ઓછું મળ્યું છે. આ વૃત્તિને કારણે જ આપણને એમ લાગે છે કે આપણા સંબંધોમાં, આપણા ઘરમાં કે આપણા પ્રોફેશનલ ફ્રન્ટ પર પણ આપણા એફર્ટ્સ કે આપણા યોગદાન મુજબનો જશ મળી રહ્યો નથી, પરંતુ એવું નથી હોતું. આપણું જીવન એટલા બધા પરિમાણોથી સર્જાતું હોય છે કે હંમેશાં કોઈ એક બાબત, કોઈ એક મોરચો કે કોઈ એક ખૂણો ખાલી કે અભાવગ્રસ્ત રહેતો હોય છે. વળી, આપણે અનેક સંજોગોનો પણ ભોગ બનતા હોઈએ છીએ એટલે કંઈ દર વખતે આપણને આપણા એફર્ટ્સ મુજબનું પરિણામ નહીં પણ મળે. એટલે આપણે જ અમુક મર્યાદાઓ નક્કી કરી લેવાની છે. આપણે જ અમુક રેખાઓ ખેંચી લેવાની અને આપણે જ મનને અમુક બાબતો માટે કેળવવાનું છે, જેથી આપણો પર્સપેક્ટિવ બદલાય અને આપણા જીવનમાં ગ્રેટિટ્યૂડ આવશે.

જો આપણે અભિગમ બદલીશું અને શું નથી મળ્યું એની જગ્યાએ આપણે ડિઝર્વ નહોતા કરતા તો પણ શું શું મળ્યું છે એની ગણતરી કરીશું તો આપણને ખ્યાલ આવશે કે આપણે કેટલા બ્લેસ્ડ છીએ અને આપણા નસીબે આપણને કેટલો સાથ આપ્યો છે! આ જ આત્મસંતોષ છે. આત્મસંતોષ આવે પછી આપણે શું નથીની ગણતરીઓ કરતા બંધ થઈ જઈએ છીએ અને શું શું પામ્યા છીએ એ વિશે વિચારતા થઈ જઈએ છીએ અને આ વિચાર આપણી અંદર આવતા જ આપણે અંતરથી સમૃદ્ધ થવા માંડીએ છીએ અને એ ક્ષણથી જ આપણી આંતરિક શાંતિની શરૂઆત થતી હોય છે.

આપણા માટે આંતરિક રીતે શાંત હોવું કે આંતરિક રીતે સંતોષી હોવું અત્યંત જરૂરી છે. આપણે આ સ્થિતિ કેળવીશું પછી આપણા જીવનમાં સુખ જ સુખ છે, કારણ કે પછી આપણને અભાવો સ્પર્શતા નથી કે કોઈ દ્વારા થતાં કહેવાતા અન્યાય વિશે આપણને ચિંતા નથી થતી. આ કારણે જ ગીતાકારે કદાચ આ ભાવ ધરાવનાર વ્યક્તિને યોગી કહ્યા છે. કદાચ એટલે જ યોગીઓ ક્યારેય કોઈ ઉપાધિઓમાં નથી પડતા અને હંમેશાં નિજાનંદમાં રહે છે. ■

ક્લોઝ અપ
ભરત ઘેલાણી
feedback.ladki@bombaysamachar.com

# જુવાન હૈયાંનાં ડેટિંગમાં આ 'ઑનેસ્ટિ બોમ્બિંગ' વળી શું છે?



**કોરોનાના કપરા કાળ પછી નૈતિકતાના ઘણાં જૂના નિયમોને પડતાં મૂકી આજની યુવા પેઢી પોતાનાં જીવનસાથીની શોધ માટે કેટલીક નવી રીતિ-નીતિ સાથે ડેટિંગ કરી રહી છે.**

આપણી બોલી અને લિપિ એટલે કે બોલચાલની ભાષા અને લખાણમાં નવા નવા શબ્દો ઉમેરાતાં રહે છે. એમ ન થાય તો બન્ને બંધિયાળ થઈ જાય. જુવોને, છેલ્લાં ત્રણેક વર્ષના આ કોરોના-કાળમાં કેટકેટલા નવા શબ્દો આપણી બોલી ને લખાણમાં ઉમેરાઈ ગયા છે...

જો કે, એ બધા વિશે અહીં વાત નથી કરવી. અહીં વાત કરવી છે થોડા સમયથી ઉમેરાઈ ગયેલાં ત્રણેક શબ્દની. ઉદાહરણ તરીકે એ છે :

**'ગ્રે ડિવોર્સ' -'હાર્ડ બોલિંગ' અને ત્રીજો શબ્દ છે 'ઑનેસ્ટિ બોમ્બિંગ'**

આ ત્રણેયમાં 'ગ્રે ડિવોર્સ'ના અપવાદ સિવાય બાકીના બે શબ્દ હકીકતમાં આજકાલની બહુ પ્રચલિત ઍપ્સમાં એટલે કે ઍપ્લિકેશનમાં વિશેષરૂપે વપરાય છે.

'ગ્રે ડિવોર્સ' એટલે લાંબાં લગ્નજીવન પછી એકબીજાની સહમતીથી છૂટાં પડવું- તલાક લેવા તે જાણીતા દાખલા : 'માઈક્રોસોફ્ટ'ના બિલ ગેટસ-મેલિન્ડા અને 'એમેઝોન'ના જેફ બેજોસ-મેકેન્ઝી સ્કોટ...

બીજી તરફ, 'હાર્ડ બોલિંગ' એટલે કંપનીના ચીફ પોતાના કર્મચારી પાસે જે કામ જોઈતું હોય એ મેળવવા શબ્દો ચોર્યા વગર સ્પષ્ટ વાત કરે તે.

આ બન્ને શબ્દો વચ્ચે ત્રીજો નવો શબ્દ

'ઑનેસ્ટિ બોમ્બિંગ ' એટલે જીવનસાથીની પસંદગી કરવા જાવ ત્યારે એકમેક પોતાની ખામી-ખૂબી વિશે ખુલ્લા મને વાત કરવી એ.

'ગ્રે ડિવોર્સ' વિશે ખાસ ચર્ચાની જરૂર નથી એટલે વાતની શરૂઆત આપણે 'હાર્ડ બોલિંગ'થી કરીએ. ઍપ દ્વારા ડેટિંગ કરતાં યુવક-યુવતીમાં અમુક યુવતી વધુ બોલકી હોય છે. લગ્નજીવન વિશેના એનાં ખ્યાલ-વિચાર એકદમ સ્પષ્ટ હોય છે. 'જોઈએ, પછી વિચારીશું...' એવું બોલવા-ચાલવામાં એ માનતી પણ નથી. લગ્ન પછી એને શું શું જોઈએ છે પોતાની પસંદગીનું ઘર-જોબ-રોજિંદી કામગીરીથી માંડીને બેડરૂમ સુધ્ધાંની પોતાની ઈચ્છા-મહેચ્છા-કામેચ્છા સુધ્ધાંની વાત એ જરાય સંકોચ રાખ્યા વગર વ્યકત કરે છે, જેથી લગ્ન સબંધ બંધાય પછી આમચી બમ્બૈયા ભાષામાં કહીએ તો એને ખાલીપીલી માથાપચી પસંદ નથી!

આમ ડેટિંગ ઍપ પર 'હાર્ડ બોલિંગ'ની નીતિ-રીતિ અપનાવતી લગ્ન ઈચ્છુક કન્યા કોઈ મોટી કોર્પોરેટ કંપનીની સીઈઓ-ચીફ જેવી પક્કી પ્રોફેશનલ -વ્યવસાયિક હોય છે. પોતાના કર્મચારીઓ પાસે જોઈતું કામ કઢાવે. એમાં દલીલ-બહાનાબાજી ન ચાલે એવું જ વલણ પોતાના મેરેજ રિલેશનમાં દર્શાવવામાં એ સહેજે ઊણી ન ઊતરે. આવી 'હાર્ડબોલર' યુવતીનાં મેરેજ કેટલાં લાંબા ટકે એ પણ ચર્ચાનો અલગ વિષય છે.

જો કે, કોરોના-કાળ દરમિયાન જુવાન હૈયાંનાં મન-મેળાપ કરાવી આપતી અનેક ડેટિંગ ઍપમાં અણધાર્યા ફેરફાર આવી ગયાં છે. કોરોનાના પગલે ઝીંકાયેલાં લાંબાં-પહોળાં લોકડાઉનના પ્રતાપે બહુ જાણીતી અને પ્રચલિત એવી ડેટિંગ ઍપ્સ, જેમકે ટિન્ડર-ઓકે ક્યુપિડ- મેચ-હિન્જ પર ૨૦%થી ૬૦% જેટલો ટ્રાફિક-ઉપયોગ વધી ગયો છે. એટલું જ નહીં, ૧૫થી ૨૦% જેટલાં નવા મેમ્બર્સ પણ ઉમેરાયા છે. એમાં કેટલીક ઍપ એની અમુક લાક્ષણિકતાને લીધે સાવ અલગ તરી આવીને એ ખાસ્સી લોકપ્રિય પણ બની છે. આના પ્રતાપે ઍપ દ્વારા થતાં આ ડેટિંગના જમાનામાં જિજ્ઞાસા જગાડે એવો એક મજાનો શબ્દ વહેતો થયો છે.એ શબ્દ છે : 'ઑનેસ્ટિ બોમ્બિંગ'

**હકીકતમાં આ 'ઑનેસ્ટિ બોમ્બિંગ' શું છે?**

એ વાત અમદાવાદના એક પ્રસિદ્ધ મનોચિકિત્સક કંઈક આ રીતે સમજાવે છે.

એ કહે છે:

'આજની યુવા પેઢી માટે આ 'ઑનેસ્ટિ બોમ્બિંગ' વર્ષોથી ચાલી આવતી મોરાલિટિ-નૈતિકતા સામે એક આડકતરી લડત છે-એક ઑનેસ્ટ-પ્રામાણિક પ્રતિક્રિયા છે, કારણ કે આ પેઢી મક્કમતાપૂર્વક માને છે કે આજની કોવિડ જેવી વિકટ પરિસ્થિતમાં અમુક નૈતિક સિદ્ધાંતોનું હવે બહુ મહત્ત્વ નથી રહ્યું. એનો ખોટો ભાર વેંઢારવાને બદલે જે છે એ જિંદગી માણી લેવી જોઈએ..!'

અન્ય એક જાણીતી ડેટિંગ ઍપએ આ 'ઑનેસ્ટિ બોમ્બિંગ' વિશે સ-રસ સર્વેક્ષણ-વિશ્લેષણ કર્યું છે. એ કહે છે કે કોરોના પછી પરિસ્થિતિ એવી ડરામણી-ભયજનક થઈ ગઈ છે કે ડેટિંગ ઍપ પર જીવનસાથીની શોધ ચલાવનારામાંથી ૭૨% યુવક-યુવતી પોતા વિશે ખુલ્લે મને વાત કરવા તૈયાર છે, તો ૮૨% તો એમની પ્રથમ ડેટ વખતે જ કશું છૂપાવ્યા વગર બધું જ કહેવા તત્પર છે. માનસિક-શારીરિક-આર્થિક સ્થિતિ-પરિસ્થિતિને છુપાવવા નથી માગતા. કારણ એ જ કે ડેટિંગને નામે જીવન સાથીની શોધની વાત લંબાયા કરે એને બદલે પહેલી કે પછી ડેટ પર જ એ બન્ને પક્ષ બધું નક્કી કરી નાખવા ઈચ્છે છે.

આ પ્રકારનું કશું જ છુપાવ્યા વગરનું 'ઑનેસ્ટિ બોમ્બિંગ' ભયજનક નથી? આપણા વડીલો તો (ખાસ કરીને છોકરીને) એવી સલાહ દેતાં હોય છે કે 'એણે પોતાનાં ભૂતકાળના પ્રેમસંબંધની વાત ભાવિ જીવનસાથીને કહેવી નહીં. આવી વાત આગળ જતાં એમનાં લગ્ન-સંસારમાં કંકાશનું કારણ ન બની શકે?'

આ પ્રશ્નનો ઉત્તર પુણેની મનો-આરોગ્ય હૉસ્પિટલ સાથે સંકળાયેલા એક ચિકિત્સક દૃઢતા સાથે આપે છે. એ કહે છે:

'ના, આજના જમાનામાં, ખાસ કરીને કોવિડ પછીના માહોલમાં આજની પેઢી માને છે કે જિંદગીનો ભરોસો નથી. કોઈ પણ ક્ષણે કંઈ પણ થઈ શકે એટલે પ્રેમ-લગ્ન જેવાં નાજુક સંબંધમાં એકમેકથી ભૂતકાળની વાત વિશે સંતાકૂકડી રમવાની જરૂર નથી. ભાવિ લગ્નજીવનને વધુ સુરક્ષિત બનાવવા તમે જેટલા પ્રામાણિક રહો એટલું વધુ સારું.

વધુમાં અહીં અમદાવાદના પેલા મનોચિકિત્સક એ પણ ઉમેરે છે કે આજનાં જુવાન હૈયાં 'ઑનેસ્ટિ બોમ્બિંગ'ની ડેટિંગ વખતે સામેની વ્યક્તિને એ પણ સ્પષ્ટ કહી દે છે કે 'તારાં ભૂતકાળના પ્રેમસબંધ-અફેર-લફરાંને હું સ્વીકારી લઉ એટલી જ સહજતાથી તારે મારાં આવાં ભૂતકાળને સ્વીકારી લેવાનો....! ભવિષ્ય માટે પણ આપણી આ જ સમજણ રહેશે' આ પ્રકારના સ્વીકારથી બન્ને પક્ષ વચ્ચે કોઈ ગુનાહિત લાગણી કે કશું ખોટું કર્યાનો ભાવ રહેતો નથી પરિણામે એમનાં ભાવિ સબંધમાં હળવાશ રહે છે એવું સુરતના અન્ય મનોચિકિત્સક પણ સ્પષ્ટપણે માને છે.

કોવિડ સંકટે માનવજાત માટે જે અપૂર્વ કટોકટી સર્જી છે એને લીધે આજની યુવા પેઢીની વર્ષો જૂની કેટલીક માન્યતા કડડભૂસ થઈ ગઈ છે. આ પેઢીને એવો સાક્ષાત્કાર થઈ રહ્યો છે કે જીવન હવે ક્ષણભંગુર છે. મોરાલિટી-નૈતિકતાને વળગી રહેવાનો હવે કોઈ અર્થ નથી રહ્યો એટલે 'હાથે એ સાથે' એ મુજબ જે પણ જીવન મળ્યું છે એને માણી લો...

આવો અભિગમ- તાસિર કેળવી રહેલાં જુવાન હૈયાંને મન તો આ 'ઑનેસ્ટિ બોમ્બિંગ' જ એમનાં માટે બની રહ્યું છે 'ન્યુ નોર્મલ'! ■

# જી-ટવેન્ટી ભારતની અદભૂત સફળતા

## ભારતીયોને વધુને વધુ વિઝા આપવાની પ્રક્રિયા ઝડપી કરાવાશેઃ ક્રિસ્ટોફર એલ્મસ



**ભલે પધાર્યાઃ** નવી દિલ્હી સ્થિત યુએસ એમ્બેસીના પ્રવક્તા ક્રિસ્ટોફર એલ્મસ અને મુંબઈ સ્થિત યુએસ કોન્સ્યુલેટ જનરલના પ્રવક્તા ગ્રેગ પાર્ડોએ બુધવારે 'મુંબઈ સમાચાર'ની મુલાકાત લીધી હતી, ત્યારે 'મુંબઈ સમાચાર'ના તંત્રી નીલેશ દવેએ તેમનું પુષ્પગુચ્છથી સન્માન કર્યું હતું. (જયપ્રકાશ કેળકર)

મુંબઈઃ ભારત દ્વારા જી-૨૦ની પરિષદનું આયોજન એક અદભૂત સફળતા હોવાનું જણાવતાં મુંબઈ સમાચારની મુલાકાતે આવેલા નવી દિલ્હી સ્થિત અમેરિકન (યુએસ) દુતાવાસના પ્રવક્તા ક્રિસ્ટોફર એલ્મસે કહ્યું હતું કે આગામી દિવસોમાં ભારતીયોને વધુમાં વધુ વિઝા આપવાની પ્રક્રિયા ઝડપી બનાવવામાં આવશે. તેમણે ભારત સાથેના વ્યાપારિક સંબંધોને આગળ વધારવા માટે તેમની સરકાર પ્રયત્નશીલ હોવાનું પણ જણાવ્યું હતું.

નવમી અને દસમી સપ્ટેમ્બરે ભારતની આગેવાની હેઠળ જી-ટવેન્ટીની બેઠકમાં અમેરિકાના પ્રમુખ જો બાઈડન સહિત અન્ય દેશના પ્રમુખોએ હાજરી આપી હતી. જી-ટવેન્ટી મોટું અને પ્રતિષ્ઠિત સંગઠન છે અને ભારતે તેનું આયોજન સફળતાપૂર્વક પાર પાડ્યું હતું એમ તેમણે જણાવ્યું હતું.

ભારત અને અમેરિકાના વેપાર-વાણિજ્યના સંબંધો વધુ મજબૂત બને તેના માટે બંને સરકારો નિરંતર પ્રયાસ કરી રહી છે. આ ઉપરાંત, ભારતમાંથી અમેરિકા જનારા વિદ્યાર્થીઓની સાથે અન્ય લોકોની વિઝા પ્રક્રિયા વધુ ઝડપી બનાવવા માટે પણ સરકાર પ્રતિબદ્ધ છે, એમ ક્રિસ્ટોફર એલ્મસે જણાવ્યું હતું.

બુધવારે નવી દિલ્હી યુએસ એમ્બેસીના પ્રવક્તા ક્રિસ્ટોફર એલ્મસ, મુંબઈ સ્થિત યુએસ કોન્સ્યુલેટ જનરલના પ્રવક્તા ગ્રેગ પાર્ડો સહિતના પ્રતિનિધિમંડળે એશિયાના સૌથી જૂના અખબાર 'મુંબઈ સમાચાર'ની ૨૦૦ વર્ષ પૂર્ણ કરવા બદલ અભિનંદન આપવા માટે મુલાકાત લીધી હતી. એ વખતે પ્રતિનિધિમંડળે ભવ્ય હેરિટેજ બિલ્ડિંગમાં ફરીને ઐતિહાસિક પ્રિન્ટિંગ મશીન અને વર્તમાન મશીનોની પણ જાણકારી મેળવી હતી.

# દક્ષિણ મુંબઈને મળશે વધારાનું પાણી

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ દક્ષિણ મુંબઈના પોશ વિસ્તારોમાં બહુ જલદી વધારાનું પાણી ઉપલબ્ધ થવાનું છે. મલબાર હિલમાં આવેલા ૧૩૬ વર્ષ જૂના જળાશયના પુનઃબાંધકામને આડે આવતા વૃક્ષોના સંદર્ભમાં સૂચનો અને વાંધા-વચકા પર ગુરુવારે ભાયખલામાં આવેલા પ્રાણીસંગ્રહાલયમાં ગાર્ડન સુપરિટેન્ડેન્ટની ઓફિસમાં સુનાવણી થવાની છે.

આ પ્રોજેક્ટનો ઉદ્દેશ્ય દક્ષિણ

મુંબઈનો પાણીપુરવઠો વધારવા માટે જળાશયની ક્ષમતા ૧૪૭.૭૮ મિલિયન લિટરથી વધારીને ૧૯૧ મિલિયન લિટર કરવાનો છે. પાલિકાએ ગયા વર્ષે કૉન્ટ્રેક્ટ ફાળવ્યા પછી પણ નવી ટાંકી પર કામ ચાલુ કરી શકાયું નહોતું. આ પ્રોજેક્ટ માટે અમુક વૃક્ષોને કાપવાની આવશ્કયતા જણાઈ હતી. તેથી સમય બચાવવા માટે પાલિકાએ તે દરમિયાન સ્થળ પર અન્ય જરૂરી કામ ચાલુ કરી દીધા હતા. તો પ્રોજેક્ટમાં અસરગ્રસ્ત વૃક્ષોને કાપવા માટે પાલિકાની ટ્રી ઓથોરિટીની મંજૂરીની રાહ જોવાઈ રહી છે.

મળેલ માહિતી મુજબ પાલિકાના અધિકારીઓએ સ્થળ પર ૩૮૯ વૃક્ષોનો સર્વે હાથ ધર્યો હતો અને ૧૮૯ વૃક્ષોને કાપવાની દરખાસ્ત કરી હતી. જ્યારે ૨૦૦ વૃક્ષ ટ્રાન્સપ્લાન્ટ કરવામાં આવ્યા હતા. તે મુજબ નાગરિકો પાસેથી છ સપ્ટેમ્બરના રોજ સૂચનો અને વાંધા મગાવ્યા હતા. સૂચનો અને વાંધા મોકલવાની અંતિમ તારીખ ૧૩ સપ્ટેમ્બર, બુધવાર હતી. પાલિકા દ્વારા વૃક્ષો કાપવાની મંજૂરી મળ્યા બાદ જ નવી ટાંકીનું બાંધકામ ચાલુ થશે. જળાશયની અંદર પાણીનો સંગ્રહ કરવા માટે સાત અલગ અલગ ચેમ્બર છે. પાણીપુરવઠો અવિરત રાખવા માટે દરેક ચેમ્બરમાંથી પાણીને આગામી ચેમ્બરમાં સ્થળાંતરિત કરવામાં આવશે. ત્યારબાદ ચોક્કસ ચેમ્બરના ડિમોલીશન અને પુનઃનિર્માણની કામગીરી ચાલુ કરવામાં આવશે.

## મલબાર હિલ જળાશયના પુનઃ બાંધકામમાં અડચણરૂપ રહેલા વૃક્ષો પર આજે થશે સુનાવણી

મુંબઈ શહેરની પાણીની જરૂરિયાતને પહોંચી વળવા માટે બનાવવામાં આવેલ પહેલું કૃત્રિમ જળાશય હેગિંગ ગાર્ડનની નીચેની તરફ એક ટેકરી પર સ્થિત છે. તે નરીમન પોઈન્ટ, કફ પરેડ, ચર્ચગેટ, કોલાબા, ગિરગાંવ, નેપિયન સી રોડ અને સમગ્ર મલબારહિલ વિસ્તારને પાણીપુરવઠો પૂરું પાડે છે. ૨૦૧૯માં જળાશયના સ્ટ્રક્ચરલ ઑડિટ પછી સુધરાઈએ તેનું પુનઃબાંધકામ કરવાનું નક્કી કર્યું હતું. પાલિકાની સ્થાયી સમિતિએ ફેબ્રુઆરી, ૨૦૨૨માં પ્રસ્તાવને મંજૂરી આપી હતી. પ્રોજેક્ટનો કુલ ખર્ચ ૬૯૮.૫૦ કરોડ રૂપિયા છે, જેમાં ટૅક્સ અને સરચાર્જનો સમાવેશ થાય છે. આ કામ આગામી સાત વર્ષ માટે તબક્કાવાર કરવામાં આવશે અને ૨૦૨૯ના અંત સુધીમાં કામ પૂરું થવાની શક્યતા છે.

# મહારાષ્ટ્રમાં શુક્રવારથી ચોમાસું ફરી સક્રિય

પુણેઃ રાજ્યમાં શુક્રવાર ૧૫મી સપ્ટેમ્બરથી ચોમાસું ફરી સક્રિય થવાની શક્યતા વર્તાઇ રહી છે. આખા રાજ્યમાં ધીમાથી મધ્યમ વરસાદની આગાહી હવામાન ખાતા દ્વારા કરવામાં આવી છે. વિદર્ભ અને મરાઠવાડામાં ભારે વરસાદની આગાહી કરવામાં આવી છે.

સપ્ચેમ્બરમાં રાજ્યમાં વરસાદની સંતાકૂકડી થઇ રહી છે. પાછલાં અઠવાડીએ એક દિવસ વરસેલા વરસાદે ફરી એકવાર લોકોને ગરમીથી હેરાન કર્યા છે. ત્યાં ક્યાંક જળાશયો ઓવરફલો થયા છે તો ક્યાંક ખેડૂતો હજી વરસાદની રાહ જોઇને બેઠાં છે. ત્યારે હવે આ અઠવાડિયે વરસાદ માટે એક સારા સમાચાર આવી રહ્યાં છે. ૧૫મી સપ્ટેમ્બરથી ૧૮ સપ્ટેમ્બર દરમીયાન રાજ્યના વિવિધ વિસ્તારોમાં હલકાથી ભારે વરસાદની આગાહી કરવામાં આવી છે. હવામાન ખાતાના વરિષ્ઠ અધિકારી ડૉ. અનુપમ કશ્યપે કહ્યું કે, ઉત્તર પ્રદેશમાં હવાના ઉપલા સ્તરમાં પવનની ચક્રિય સ્થિતિ નિર્માણ થઇ છે. બંગાળની ખાડીમાં પણ પવનની ચક્રવાતી સ્થિતિ નિર્માણ થઇ છે. બંગાળની ખાડીમાં રહેલ પવનની ચક્રિય સ્થિતિનું રુપાંતર ઓછા દબાણના ક્ષેત્રમાં થાવની પ્રક્રિયા શરુ થઇ ગઇ છે. આ ઓછા દબાણનું ક્ષેત્ર મધ્ય પ્રદેશની દિશામાં આગળ વધવાની શક્યતા છે. તેથી ૧૫મી સપ્ટેમ્બરથી વિદર્ભ, મરાઠવાડા, મધ્ય મહારાષ્ટ્ર અને કોકણ વિભાગમાં ચોમાસુ ફરી સક્રિયા થવાની શક્યતાઓ છે. રાજ્યના અન્ય શહેરોમાં વીજળીના કડાકા સાથે વરસાદ થવાની શક્યતાઓ છે. ૧૫મી સપ્ટેમ્બરથી શરુ થનારો વરસાદ ૧૮મી સપ્ટેમ્બર સુધી રાજ્યના વિવિધ વિસ્તારોમાં યથાવત રહેશે. ત્યાર બાદ વરસાદનું જોર ઓછું થશે એમ હવામાન ખાતા દ્વાર કહેવામાં આવ્યું છે.

# શુક્રવારથી દાદરથી રવાના થનારી સ્લો લોકલ હવે પરેલથી આવશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઇઃ મધ્ય રેલવેના દાદર સ્ટેશન પર પ્લેટફોર્મના એક્સ્ટેન્શનનું કામ હાથ ધરવામાં આવનાર હોવાથી પ્લેટફોર્મ નંબર ૨ બે દિવસ બાદ એટલે કે ૧૫મી સપ્ટેમ્બરથી બંધ કરવામાં આવશે. પરિણામે બે નંબર પ્લેટફોર્મ પરથી રવાના થનારી દાદર લોકલ ટ્રેન શુક્રવારથી દાદરને બદલે પરેલથી રવાના કરવામાં આવશે, એવી માહિતી રેલવે અધિકારીઓએ આપી હતી.

દાદર સ્ટેશન એ મુંબઇમાં લોકલ ટ્રેનોમાં પ્રવાસ કરનારા પ્રવાસીઓ માટે ખૂબ જ મહત્વનું સ્ટેશન છે. આ રેલવે સ્ટેશન પર કાયમ ભીડ જોવા મળે છે. ભીડમાં થનારી હેરાનગતિથી બચવા મુસાફરો દાદરથી રવાના થતી સ્લો લોકલમાં પ્રવાસ કરવાનું

પસંદ કરે છે. પણ હવે આ જ દાદર સ્લો લોકલને દાદરને બદલે પરેલથી શરૂ કરવામાં આવનાર હોવાથી પ્રવાસીઓને કનડગતનો સામનો કરવો પડી શકે છે.

પ્લેટફોર્મના આ વિસ્તરણનું કામ અંદાજે બે મહિના ચાલવાનું હોવાની માહિતી રેલવેના સુત્રો દ્વારા આપવામાં આવી હતી. આ કામ માટે અંદાજે એક કરોડ રુપિયાનો ખર્ચ કરવામાં આવશે. આ કામ અંતર્ગત ૧ નંબરનો પ્લેટફોર્મ ૧૦.૫ મીટરથી વધુ મોટો કરવામાં આવનાર છે. ઉપરાંત આ પ્લેટફોર્મ પર મુસાફરો માટે એસ્કેલેટર પર બનાવવામાં આવનાર છે. તેથી આ કામ પૂર્ણ થયા બાદ મુસાફરોનો પ્રવાસ ઘણો આરામદાયક થશે, એવો વિશ્વાસ વ્યક્ત કરાઈ રહ્યો છે. જ્યાં સુધી આ કામ પૂરું નહીં થાય ત્યાં સુધી મુંબઇગરાને થોડી તકલીફ વેઠવી પડશે. આ કામની અસર પ્લેટફોર્મ નંબર બે પર આવનારી અને જનારી એવી કુલ ૨૨ લોકલ પર પડશે. આ લોકલ હવે દાદાર સ્ટેશન પરથી નહીં પણ પરેલ સ્ટેશન પરથી ઉપડશે. આગળની સૂચના ન મળે ત્યાં સુધી આ દાદર લોકલ હવે પરેલથી રવાના કરવામાં આવશે, એવું અધિકારીએ વધુમાં ઉમેર્યું હતું.

# મુંબઈ મનપા બાંધશે ભાંડુપ પૂર્વ-પશ્ચિમનો જોડનારો પુલ

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ ભાંડુપ (પૂર્વ) અને (પશ્ચિમ)ને જોડનારો કોઈ રસ્તો ન હોવાથી સ્થાનિક રહેવાસીઓને પૂર્વ -પશ્ચિમ વચ્ચે અવરજવર કરવા માટે મુલુંડ-ગોરેગાવ લિંક રોડ અથવા તો વિક્રોલી-જોગેશ્વરી લિંક રોડનો ઉપયોગ કરવો પડે છે. જોકે મુંબઈ મહાનગરપાલિકાએ ભાંડુપ પૂર્વ-પશ્ચિમને જોડનારા પુલ (આરઓબી)નું બાંધકામ કરવાનો નિર્ણય લીધો છે. તે માટે કૉન્ટ્રેક્ટરની નિમણૂક કરવામાં આવી છે. આગામી ત્રણેક વર્ષમાં આ પુલનું કામ પૂરું થવાની શક્યતા છે. આ પુલ માટે લગભગ ૧૦૬ કરોડ રૂપિયાનો ખર્ચ થવાનો છે. પુલના બાંધકામ માટેની મુદત ૩૦ મહિનાની રાખવામાં આવી છે.

ભાંડુપ (પૂર્વ)માં વીર સાવરકર માર્ગ અને ભાંડુપ (પશ્ચિમ)માં એલબીએસ માર્ગને સીધો જોડનારો કોઈ રસ્તો કે પૂલ ન હોવાથી ભાંડુપના નાગરિકોને ચારેક કિલોમીટરનો વધારાનો પ્રવાસ કરવો પડે છે. સ્થાનિક રહેવાસીઓ સહિત નેતાઓ દ્વારા અનેક વખત પૂર્વ-પશ્ચિમને જોડનારા પુલને બનાવવાની માગણી કરવામાં આવી રહી હતી. છેવટે પૂર્વ અને પશ્ચિમને જોડનારા રોડ ઓવર બ્રિજના બાંધકામના પ્લાન પાલિકા કમિશનર તથા પ્રશાસક ઈકબાલસિંહ ચહલ સહિત મધ્ય રેલવે દ્વારા મંજૂરી મળ્યા બાદ આ કામ માટે ટેન્ડર મગાવવામાં આવ્યા હતા.

આ પુલના બાંધકામ માટે જાન્યુઆરી, ૨૦૨૩માં ટેન્ડર મગાવવામાં આવ્યા હતા. ત્યારબાદ ફેબ્રુઆરી મહિનામાં ટેન્ડરમાં ઓછી બોલી લગાવનારી કંપનીને કામ આપવામાં આવ્યું હતું. આ પુલના બાંધકામ માટે લગભગ ૧૦૬ કરોડ રૂપિયા અને કંપનીના સલાહકારને એક કરોડ ૩૯ લાખ રૂપિયા આપવામાં આવવાના છે.

રેલવેના હિસ્સામાં આવતા પુલનું બાંધકામ રેલવેના નિરીક્ષણ હેઠળ કરવામાં આવશે. નવા બાંધવામાં આવનારા આરઓબી લગભગ ૫૩૦ મીટરનો હશે, જેમાંથી ૮૮ મીટરનો હિસ્સો રેલવે પાટા પરથી પસાર થશે. આ પુલની પહોળાઈ ૧૪.૩ મીટરની હશે, જેમાં રાહદારીઓને ચાલવા માટે ફૂટપાથનો પણ સમાવેશ કરવામાં આવશે.

# બ્રિટિશ વડા પ્રધાન ઋષિ સુનકે મુખ્ય પ્રધાનને પૂછ્યો સવાલ, ચુટી કેમ છે? શિંદેએ શું કહ્યું

જળગાંવઃ રાજધાની દિલ્હીમાં આ વર્ષની જી-૨૦ કોન્ફરન્સમાં મુખ્યપ્રધાન એકનાથ શિંદે ઋષિ સુનકને મળ્યા હતા. તેના પરથી હવે મુખ્ય પ્રધાન એકનાથ શિંદેએ ટીકાકારોને જવાબ આપ્યો છે.જળગાંવમાં એક કાર્યક્રમમાં બોલતા, ઉદ્ધવ ઠાકરેએ એકનાથ શિંદેના ફોટાનો ઉલ્લેખ કર્યો, ''તેમણે ઋષિ સુનક સાથે ફોટો પાડ્યો, પણ તમે તેમની સાથે શું વાત કરી હતી? એ પણ જણાવો કે કઈ ભાષા બોલાતી હતી અને શું કહેવામાં આવતું હતું. સારું, તમે જાણો છો કે સુનકે શું કહ્યું? કે ફોટો માત્ર દેખાડો કરવા માટે લેવામાં આવ્યો હતો', એમ કહીને ઉદ્ધવ દ્વારા શિંદેની મજાક ઉડાવવામાં આવી હતી. હવે મુખ્યપ્રધાન શિંદેએ તેનો જવાબ આપ્યો છે.

શિંદેએ જળગાંવમાં સરકારના ''શાસન આપ્લ્યા દારી'' કાર્યક્રમ દ્વારા ઠાકરે પર નિશાન સાધ્યું હતું.

હું દિલ્હીમાં જી-૨૦ સમિટમાં બ્રિટિશ વડા પ્રધાન ઋષિ સુનકને મળ્યો હતો. મહારાષ્ટ્રના મુખ્યમંત્રી હોવાના નાતે હું તેમને મળીને ખુશ હતો. તેથી, અમે ગર્વ અનુભવીએ છીએ કે અમારો માણસ ત્યાં વડા પ્રધાન છે. તેણે મને મળીને સંતોષ પણ વ્યક્ત કર્યો. જો કે, તે અંગે પણ તેઓએ મારી ટીકા કરવાનું શરૂ કર્યું. તેઓ શું કામ મળ્યા, તેઓ કેવી રીતે મળ્યા, તેઓએ શું કહ્યું?, તેઓ કઈ ભાષામાં બોલ્યા? જેવા પ્રશ્નો પૂછવા લાગ્યા.

શું આ પ્રશ્નોનો કોઈ અર્થ છે?, એમ મુખ્ય પ્રધાન એકનાથ શિંદેએ જલગાંવમાં એક કાર્યક્રમમાં પૂછ્યું હતું.

હું તેના વિશે વાત કરવાનો ન હતો, પરંતુ હું હવે તે જાણી જોઈને કહેવા જઈ રહ્યો છું કારણ કે તેમણે આ મુદ્દો ઉખેળ્યો છે. ઋષિ સુનકે મને પૂછ્યું, ચુટી કેવા છે?, હવે ચુટી કોણ છે? એવો સવાલ એકનાથ શિંદેએ હાજર લોકોને પૂછ્યો હતો. તેના પર કેટલાકે જવાબ આપતા ઉદ્ધવ ઠાકરેએ કહ્યું હતું. જે બાદ મુખ્યપ્રધાન શિંદેએ જવાબ આપતાં આ રહસ્યનો પર્દાફાશ કર્યો હતો.

## મરાઠા આરક્ષણ

# જરાંગેએ ઉપવાસ પાછા ખેંચતા પહેલા સીએમ સાથે મુલાકાતની માગ કરી

મુંબઈઃ મરાઠા ક્વોટા કાર્યકર્તા મનોજ જરાંગે ભૂખ હડતાલ પાછી ખેંચતા પહેલા મહારાષ્ટ્રના મુખ્ય પ્રધાન એકનાથ શિંદેને મળવાની માગ કરી છે. જરાંગે મંગળવારે મોડી રાત્રે સીએમ શિંદે સાથે ફોન પર વાત કર્યા બાદ આ માગણી કરી હતી. રાજ્યના ઉદ્યોગ મંત્રી ઉદય સામંત મોડી રાત્રે કાર્યકર્તાને મળ્યા હતા.

અગાઉ મંગળવારે, જરાંગે જણાવ્યું હતું કે તેઓ ૨૯ ઑગસ્ટથી શરૂ કરેલી તેમની અનિશ્ચિત ભૂખ હડતાળને સમાપ્ત કરવા માટે તૈયાર છે પરંતુ જ્યાં સુધી રાજ્ય સરકાર મરાઠવાડા વિસ્તારમાંથી મરાઠા સમુદાયને કુણબી જાતિ પ્રમાણપત્ર આપવાનું શરૂ નહીં કરે ત્યાં સુધી જાલના જિલ્લાના અંતરવાલી સરટી ગામમાં વિરોધ સ્થળ છોડશે નહીં. કાર્યકર્તાએ એમ પણ કહ્યું કે તેમણે મહારાષ્ટ્ર સરકારને એક મહિનાનો સમય આપ્યો છે જેથી રાજ્ય દ્વારા નિયુક્ત સમિતિ મરાઠા આરક્ષણ પર તેનો અહેવાલ તૈયાર કરી શકે.

મહારાષ્ટ્ર સરકારે મંગળવારે જાલના જિલ્લાના અધિક પોલીસ અધિક્ષક રાહુલ ખાડે અને અંબાડ તહસીલના સબ ડિવિઝનલ પોલીસ ઓફિસર મુકુંદ અઘવને આ મહિનાની શરૂઆતમાં અંતરવાલી સરતી ગામમાં મરાઠા ક્વોટા તરફી આંદોલનકારીઓ પર લાઠીચાર્જ કરવા બદલ સસ્પેન્ડ કરવાનો આદેશ જારી કર્યો હતો. રાજ્યના ગૃહ વિભાગ દ્વારા બે અલગ-અલગ સસ્પેન્શન ઓર્ડર જારી કરવામાં આવ્યા હતા. (પીટીઆઈ)

# આપણે બોલીને નીકળી જવાનું ને? વાઈરલ વીડિયો પછી એકનાથ શિંદે ટ્રોલ થયા

મુંબઈઃ મરાઠા આરક્ષણની બેઠક બાદ સહ્યાદ્રી ગેસ્ટ હાઉસ પર મુખ્ય પ્રધાન એકનાથ શિંદે અને બંને નાયબ મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસ અને અજિત પવારનો પ્રેસ કોન્ફરન્સ શરૂ થવા પહેલાંનો એક વીડિયો સામે આવ્યો છે. આ વીડિયો વાઈરલ થવાને કારણે નવો વિવાદ છેડાઈ ગયો છે. મુખ્ય પ્રધાન અને બંને નાયબ મુખ્ય પ્રધાનનો કોન્ફરન્સ પહેલાંનો સંવાદનો આ વીડિયો છે, જેમાં માઈક ચાલુ હોવાનું ત્રણેમાંથી કોઈને ખબર નથી અને તેઓ કંઈક એવું કહી જાય છે કે જેને કારણે વિવાદ છેડાઈ ગયો છે.

મરાઠા આરક્ષણ સંદર્ભે મુંબઈમાં એક સર્વપક્ષીય બેઠક યોજાઈ હતી અને ત્યાર બાદ મુખ્ય પ્રધાન અને બંને નાયબ મુખ્ય પ્રધાનોએ પત્રકારો સાથે સંવાદ સાધ્યો હતો. પરંતુ પત્રકારોની સામે આવ્યા બાદ સવાલ-જવાબ શરૂ થાય એ પહેલાં જ ત્રણેય વચ્ચેની વાત-ચીત સામે આવી છે. ત્રણેય નેતાઓને માઈક ચાલું હોવાની કલ્પના પણ નહોતી એવું આ વીડિયો જોતા સ્પષ્ટ થાય છે.

પત્રકારો સામે આવ્યા બાદ મુખ્ય પ્રધાન શિંદે દેવેન્દ્ર ફડણવીસ અને અજિત પવારને જોતા આપણને શું? બોલવાનું અને નીકળી જવાનું... કહેતાં સાંભળવા મળે છે. આગળ શિંદે એવું પણ કહેતા સાંભળવા મળે છે કે બોલીને નવરા પડી જવાનું...

આ વાક્ય પર અજિત પવારે પણ હા... યસ... એવું કહીને સમર્થન આપ્યું હતું. દરમિયાન દેવેન્દ્ર ફડણવીસે મુખ્ય પ્રધાન શિંદેના કાનમાં માઈક ચાલુ છે એવું જણાવ્યું હતું અને પવારે પણ માઈલને ટચ કરીને હા સંભળાય છે એવું કહ્યું હતું.

આ વીડિયો વિપક્ષના નેતા વિજય વડેટ્ટીવારના ટ્વીટર એકાઉન્ટ પરથી શેર કરવામાં આવ્યો છે. આ વીડિયો પોસ્ટ કરીને વડેટ્ટીવાર જણાવ્યું હતું કે સરકારને માત્ર બોલીને નવરા પડી જવાનું છે. જનતાના સવાલો, સમસ્યાઓના જવાબ કે ઉકેલ તો આપવાના નથી. મુશ્કેલીઓનો ઉકેલ લાવવાને બદલે તેનાથી ભાગનારા નકામી સરકાર રાજ્યનો કારભાર ચલાવી રહી છે, એવા શબ્દોમાં ટીકા કરી હતી.

આ બાબતે મુખ્ય પ્રધાન એકનાથ શિંદેએ સ્પષ્ટતા આપતા જણાવ્યું હતું કે આ વીડિયોને ખોટી રીતે રજૂ કરવામાં આવી રહી છે. તેમણે સોશિયલ મીડિયા પર પોસ્ટ કરીને પોતાનો પક્ષ રજૂ કર્યો હતો. મરાઠા આરક્ષણવિષયક સર્વપક્ષીય બેઠક પૂરી થયા બાદ સહ્યાદ્રિ અતિથિ ગૃહ ખાતે પ્રેસ કોન્ફરન્સ પહેલાં મારો અને નાયબ મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસ, અજિત પવાર સાથેનો માઈક પરનો સંવાદ સોશિયલ મીડિયા પર ખૂટી રીતે રજૂ કરવામાં આવ્યો છે, જે બિલકુલ અયોગ્ય છે.

# શિંદે સરકાર દ્વારા મહારાષ્ટ્ર સાથે ઘોર છેતરપિંડીઃ કૉંગ્રેસ

મુંબઈઃ ભારતીય જનતા પાર્ટી અનામત વિરોધી છે એ વાત સૌ જાણે છે. હાલમાં, રાજ્યમાં ભાજપની આગેવાની હેઠળની શિંદે-ફડણવીસ-પવાર સરકાર ઓબીસી, મરાઠા કે ધનગર સમુદાયને અનામત આપવા માંગતી નથી. તેઓ સત્તાના ભૂખ્યા છે અને સત્તા માટે ગમે તેવા શબ્દો આપીને ગેરમાર્ગે દોરે છે. જો મુખ્યમંત્રી એકનાથ શિંદે કહે કે, ''ચાલો આપણે વાત કરીએ અને મુક્ત થઈએ'' તો આની પાછળ અર્થ શું છે? મહારાષ્ટ્ર પ્રદેશ

કોંગ્રેસ સમિતિના મુખ્ય પ્રવક્તા અતુલ લોંઢેએ જણાવ્યું હતું કે આ શંકાસ્પદ છે.

મુખ્યપ્રધાન ના વાયરલ થયેલા વીડિયો પર બોલતા કોંગ્રેસના મુખ્ય પ્રવક્તા અતુલ લોંઢેએ વધુમાં જણાવ્યું હતું કે, સહ્યાદ્રીમાં મરાઠા આરક્ષણ મુદ્દે બેઠક બાદ પત્રકાર પરિષદ સંબોધતા પહેલા મુખ્યમંત્રી એકનાથ શિંદે, નાયબ મુખ્યમંત્રી અજિત પવાર અને દેવેન્દ્ર ફડણવીસ વચ્ચે વાયરલ થયેલી વાતચીત ગંભીર છે.

આ વાતચીત પરથી સ્પષ્ટ થાય છે કે રાજ્યના વડાઓને અનામત સાથે કોઈ લેવાદેવા નથી. તે વિડિયો પરથી સ્પષ્ટ થાય છે કે સત્તા માટે એક સમુદાયને બીજા સમુદાયની આગળ મૂકવાની અને શિવાજી, શાહુ, ફુલે અને આંબેડકરના મહારાષ્ટ્રને બદનામ કરવાની કોઈ ઈચ્છા નથી. જો મહારાષ્ટ્ર રાજ્યના મુખ્યમંત્રી કહે છે કે ''અમે વાત કરવા માટે મુક્ત રહીશું'', તો તમે જોઈ શકો છો કે આમાં શું છુપાયેલું છે. આ વીડિયોમાં બતાવવામાં આવ્યું છે કે શિવસેનાના સાંસદ સંજય રાઉતે કહ્યું કે મરાઠા આરક્ષણ માટે આંદોલન કરી રહેલા મનોજ જરાંગેનો જીવ લેવા માંગે છે? શિંદે, પવાર અને ફડણવીસે આખા મહારાષ્ટ્રને છેતર્યા છે. મુખ્ય પ્રધાન એકનાથ શિંદેએ કહ્યું છે કે સરકાર મરાઠા આરક્ષણ મુદ્દે સકારાત્મક છે, પરંતુ વાસ્તવમાં તેમાંથી કોઈ પણ અનામત મુદ્દે ગંભીર નથી. અતુલ લોંઢેએ જણાવ્યું હતું કે, રાજ્યના સમગ્ર સમાજે આ સત્તાના ભૂખ્યા લોકોના દંભને ઓળખીને સમયસર સજાગ થઈ જવું જોઈએ.

# રાઘવ ચઢ્ઢા કરતા વધુ છે સંપત્તિ પરિણીતીની

મુંબઇઃ બોલીવુડ અભિનેત્રી પરિણીતી ચોપ્રા અને આપના સાંસદ રાઘવ ચઢ્ઢા જલ્દી જ લગ્ન બંધનમાં બંધાવાના છે. હવે તેમના લગ્નની દરેક અપડેટ જાણવા તેમના ચાહકો ઉત્સુક હોય છે. ત્યારે હવે આ બંનેની નેટવર્થ કેટલી છે એ જાણી લેવા માટે પ્રેક્ષકો ઉત્સુક છે.

એક મીડિયા રિપોર્ટ મુજબ પરિણીતી ચોપ્રાની કુલ સંપત્તી ૬૦ કરોડની આસપાસ છે. બોલીવુડમાં સૌથી વધુ કમાણી કરનારી અભિનેત્રીઓમાં પરિણીતીનું નામ પણ સામેલ છે. ફિલ્મો અને જાહેરાતોના માધ્યમથી પરિણીતી સારી કમાણી કરી લે છે. જ્યારે myneta.info મુજબ રાઘવ ચઢ્ઢા પર કોઇ દેવું નથી. તેની પાસે ૩૭ લાખ રુપિયાનું ઘર છે. રાઘવ ચઢ્ઢાની કુલ સંપત્તી ૫૦ કરોડની આસપાસ છે. તેથી રાઘવ ચઢ્ઢા કરતાં પરિણીતી ચોપ્રા વધુ શ્રીમંત છે.

પરિણીતી ચોપ્રા અને રાઘવ ચઢ્ઢાની સગાઇ ૧૩મી મે ૨૦૨૩ ના રોજ થઇ હતી. દિલ્હીના કપુરથલા હાઉસમાં તેમની સગાઇનો કાર્યક્રમ યોજાયો હતો. પરિવારજનો અને નજીકના મિત્રોની હાજરીમાં તેમની સગાઇ થઇ હતી. આ સગાઇના કાર્યક્રમમાં દિલ્હીના મુખ્ય પ્રધાન અરવિંદ કેજરીવાલ, પંજાબના મુખ્ય પ્રધાન ભગવંત માન પણ હાજર રહ્યાં હતાં. ઉપરાંત બોલવુડ સહિત હોલીવુડમાં પોતાની પ્રતિભા બતાવનાર પ્રિયંકા ચોપ્રાએ પણ સગાઇમાં હાજરી આપી હતી.

# બુલઢાણામાં ફરી મરાઠા ક્રાંતિ મોરચો

મુંબઈઃ બુલઢાણામાં બુધવારે સકલ મરાઠા સમાજ દ્વારા મરાઠા ક્રાંતિ મોરચાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ માર્ચમાં ૩૦ થી ૩૫ હજાર મરાઠા ભાઈઓએ ભાગ લીધો હતો. જેમાં યુવાનોની મોટી ભાગીદારી છે અને કોલેજની યુવતીઓએ પોતાનો પક્ષ રજૂ કર્યો હતો.

જાલના જિલ્લામાં મરાઠા વિરોધીઓ પર થયેલા લાઠીચાર્જના વિરોધમાં અને મરાઠા આરક્ષણની માંગણી માટે આ કૂચ કરવામાં આવી હતી. આ પદયાત્રા નિમિત્તે શહેરમાં મોટો પોલીસ બંદોબસ્ત તૈનાત કરવામાં આવ્યો હતો. તંગદીલીની સ્થિતિ સર્જાવાની શક્યતાને પગલે શહેરની તમામ શાળાઓમાં રજા આપવાનો નિર્ણય લેવાયો હતો.

### મોરચા માટે કેવી તૈયારી...

પ્રાપ્ત માહિતી અનુસાર, બુલઢાણાના જય સ્તંભ ચોકમાં આ સકલ મરાઠા ક્રાંતિ મોરચો યોજાયો હતો. આ પદયાત્રા માટે ૫૦ થી ૬૦ જેટલા મોર્ચરો આવવાના હોવાથી પોલીસ અધિક્ષક સુનિલ કડાસણે પોતે વ્યવસ્થા પર ચાંપતી નજર રાખી રહ્યા હતા, ઉપરાંત ૫ નાયબ પોલીસ અધિક્ષક, ૨૦ પોલીસ ઈન્સ્પેક્ટર, ૪૪ નાયબ પોલીસ ઈન્સ્પેક્ટર અને મદદનીશ પોલીસ ઈન્સ્પેક્ટર, ૬૬૨ પુરુષ અને ૧૬૫ મહિલા પોલીસકર્મીઓ તૈનાત કરવામાં આવ્યા હતા.ટ્રાફિક કર્મચારીઓ તૈનાત કરવામાં આવ્યા હતા.૪૩ સાદા વસ્ત્રોના પોલીસકર્મીઓ અને ૧૫ કેમેરા શોભાયાત્રા પર ચાંપતી નજર રાખી રહ્યા હતા. ૩ રાયોટ કંટ્રોલ યુનિટ તૈયાર રાખવામાં આવ્યા હતા. અહીંના ચોકમાં સર્વત્ર ભગવા ઝંડા ફરકાવવામાં આવ્યા હતા. આ જગ્યાએ મરાઠી ક્રાંતિ મોરચાનું બેનર પણ લગાવવામાં આવ્યું હતું. સવારે ૧૧.૩૦ વાગ્યાથી કૂચ શરુ થઈ હતી. પદયાત્રામાં ભાગ લેનાર વિદ્યાર્થીઓ પોતાની લાગણી વ્યક્ત કરશે અને કલેક્ટર કચેરીમાં કલેકટરને આવેદનપત્ર આપ્યા બાદ જીજાઉ વંદન સાથે પદયાત્રાનું સમાપન થશે.

# બુલઢાણામાં આપઘાતના પ્રયાસ માટે એકની અટકાયત

મુંબઈઃ મરાઠા સમુદાયને આરક્ષણની માગણી સાથે બુલઢાણામાં યોજાયેલા મોરચા દરમિયાન સ્ટેડિયમની ગૅલેરીમાંથી કૂદીને આપઘાતનો પ્રયાસ કરનારા ૪૦ વર્ષીય સંભાજી ભાકરેને પોલીસે અટકાયતમાં લીધો છે. બુધવારે પૂર્વ મહારાષ્ટ્રના બુલઢાણામાં મરાઠા આરક્ષણની માગણી સાથે મોરચો યોજવામાં આવ્યો હતો. મોરચા પૂર્વે બપોરે ૧૨.૩૦ વાગ્યે બુલઢાણાના બોરાખેડીના એક સ્ટેડિયમમાં મરાઠા સમુદાયના લોકો એકઠા

થયા હતા ત્યારે આ ઘટના બની હતી. સરકારી નોકરીઓ અને શિક્ષણ સંસ્થાઓમાં અનામતની માગણી સાથે મોરચો કાઢવા માટે મરાઠા સમુદાયના લોકો બોરાખેડીના સ્ટેડિયમમાં ભેગા થયા હતા. એ વખતે બુલઢાણા પાસેના કાન્દેરી ગામેથી આવેલા સંભાજી ભાકરેએ સ્ટેડિયમની ગૅલેરીમાંથી નીચે કૂદવાનો પ્રયાસ કર્યો હતો. એ વખતે સ્ટેડિયમમાં ફરજ પર હાજર પોલીસ જવાનોએ તેને કૂદતાં રોક્યો હતો.

મધ્ય મહારાષ્ટ્રના જાલના જિલ્લાના અંતરવલી સરતી ગામમાં નેતા મનોજ જરાંગેએ ૨૯ ઑગસ્ટથી બેમુદત ભૂખ હડતાળ શરૂ કર્યા પછી મરાઠા આરક્ષણનો મુદ્દો ફરી જ્વલંત બન્યો હતો. ત્યારપછી છેલ્લા કેટલાક દિવસોથી રાજ્યના વિવિધ ભાગોમાં મરાઠા આરક્ષણના સમર્થનમાં મોરચા યોજાઈ રહ્યા છે. (એજન્સી)

# જયંત પાટીલે સરકારના શાસન આપ્લ્યા દારી કાર્યક્રમની આકરી ટીકા કરી

મુંબઈઃ આગામી થોડા દિવસોમાં મહારાષ્ટ્ર સરકારનો 'શાસન આપ્લ્યા દારી' કાર્યક્રમ બીડ જિલ્લાના પરલી ખાતે યોજાવા જઈ રહ્યો છે, પરંતુ રાષ્ટ્રવાદી કોંગ્રેસ પાર્ટીના પ્રદેશ અધ્યક્ષે તેની ટીકા કરી છે. 'સરકાર આપ્લ્યા દારી... ખર્ચ સામાન્ય લોકોના ખભા પર...' એવા આકરા શબ્દોમાં જયંત પાટિલે સરકારની આકરી ટીકા કરી. પરલી ખાતે આયોજિત કાર્યક્રમના પેવેલિયન માટે ૨ કરોડ ૨૧ લાખ ૯૦ હજાર ૮૫૦ રુપિયાનું ટેન્ડર મંગાવવામાં આવ્યું છે. મુખ્ય પેવેલિયન માટે ૮૧ લાખ ૯૪ હજાર ૧૦૦ રુપિયાના

ટેન્ડર મંગાવવામાં આવ્યા છે. સાઈડ પેવેલિયન માટે રૂ.૬૦ લાખ ૧૪ હજાર ૧૪૦ના ટેન્ડર મંગાવવામાં આવ્યા છે જ્યારે ઈલેક્ટ્રીકલ કામ માટે રૂ.૭૯ લાખ ૮૨ હજાર ૫૧૦ના ટેન્ડર મંગાવવામાં આવ્યા છે. તેથી પ્રદેશ પ્રમુખ જયંત પાટીલે રોષ વ્યક્ત કર્યો છે.

નાયબ મુખ્ય પ્રધાન અજિત પવારે ૧૭ ઓગસ્ટે કૃષિ પ્રધાન ધનંજય મુંડેના પરલી મતવિસ્તારમાં બેઠક યોજી હતી. આ સભામાં ભવ્ય દિવ્ય મંડપ પણ ઊભો કરવામાં આવ્યો હતો.

# પ્રોત્સાહક આર્થિક ડેટા સાથે નિફ્ટી પહેલી વખત ૨૦,૦૦૦ની સપાટીની પાર: સેન્સેક્સમાં સતત નવમાં સત્રમાં આગેકૂચ: ૨૪૫ પૉઈન્ટની તેજી

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: ગઈકાલે મોડી સાંજે જાહેર થયેલા જુલાઈ મહિનાના ઔદ્યોગિક ઉત્પાદનના અને ઑગસ્ટ મહિનાના ફુગાવાના ડેટા પ્રોત્સાહક આવ્યા હોવાથી આજે સ્થાનિક ઈક્વિટી માર્કેટમાં મુખ્યત્વે બૅન્કિંગ, એનર્જી, ટેલિકોમ અને મેટલ શૅરોમાં રોકાણકારોની લેવાલી જળવાઈ રહેતાં બૉમ્બે સ્ટોક એક્સચેન્જના બૅન્ચમાર્ક સેન્સેક્સમાં સતત નવમાં સત્રમાં સુધારો આગળ ધપતા વધુ ૨૪૫.૮૬ પૉઈન્ટની તેજી આવી હતી.

જ્યારે નેશનલ સ્ટોક એક્સચેન્જના બૅન્ચમાર્ક નિફ્ટીએ ૭૬.૮૦ પૉઈન્ટના સુધારા સાથે પહેલી વખત ૨૦,૦૦૦ની સપાટી કુદાવી હતી.

આજે સત્રના આરંભે બૉમ્બે સ્ટોક એક્સચેન્જનો ૩૦ શૅરનો બૅન્ચમાર્ક સેન્સેક્સ ગઈકાલના ૬૭,૨૨૧.૧૩ની સામે ઘટાડા સાથે ૬૭,૧૮૮.૬૪ના મથાળે ખૂલ્યા બાદ સત્ર દરમિયાન નીચામાં ૬૭,૦૫૩.૩૬ સુધી ગબડ્યા બાદ રોકાણકારોની લેવાલી નીકળતાં ઉપરમાં ૬૭,૫૬૫.૪૧ સુધી પહોંચ્યા બાદ અંતે ગઈકાલના બંધ સામે ૦.૩૭ ટકા અથવા તો ૨૪૫.૮૬ પૉઈન્ટ વધીને ૬૭,૪૬૬.૯૯ની સપાટીએ બંધ રહ્યો હતો. તે જ પ્રમાણે નેશનલ સ્ટોક એક્સચેન્જનો ૫૦ શૅરનો બૅન્ચમાર્ક નિફ્ટી ગઈકાલના ૧૯,૯૯૩.૨૦ના બંધ સામે ૧૯,૯૮૯.૫૦ની સપાટીએ ખૂલ્યા બાદ સત્ર દરમિયાન ૧૯,૯૪૪.૧૦થી ૨૦,૦૯૬.૯૦ની રેન્જમાં અથડાઈને અંતે ગઈકાલના બંધ સામે ૦.૩૮ ટકા અથવા તો ૭૬.૮૦ પૉઈન્ટ વધીને ૨૦,૦૭૦ની સપાટીએ બંધ રહ્યો હતો.

વૈશ્વિક નિરુત્સાહી અહેવાલો સાથે સ્થાનિકમાં સત્રના આરંભે બજાર નરમાઈના ટોને ખૂલ્યા બાદ ખાસ કરીને ગઈકાલે જાહેર થયેલા ઔદ્યોગિક ઉત્પાદન અને ફુગાવાના ડેટા પ્રોત્સાહક હોવાથી દેશનું અર્થતંત્ર મજબૂત કામગીરી દાખવી રહ્યું હોવાનું જણાતા બજારનાં સુધારાને ટેકો મળ્યો હોવાનું જિઓજીત ફાઈનાન્સિયલ સર્વિસીસના રિસર્ચ હેડ વિનોદ નાયરે જણાવતાં ઉમેર્યું હતું કે હાલમાં ખાસ કરીને યુકેના અર્થતંત્રમાં પીછેહઠ



અને ક્રૂડતેલના ભાવવધારાએ વૈશ્વિક બજારમાં અનિશ્ચિતતા ઊભી કરી હોવાથી તેમ જ આજે મોડી સાંજે જાહેર થનારા અમેરિકાના ફુગાવાના ડેટા પર રોકાણકારોની નજર હોવાથી તેઓનો અમુક અંશે સાવચેતીનો અભિગમ પણ જોવા મળ્યો હતો. આજે સેન્સેક્સ હેઠળના ૩૦ શૅર પૈકી ૨૦ શૅરના ભાવ વધીને અને ૧૦ શૅરના ભાવ ઘટીને બંધ રહ્યા હતા, જ્યારે નિફ્ટી હેઠળના ૫૦ શૅર પૈકી ૩૧ શૅરના ભાવ વધીને અને ૧૯ શૅરના ભાવ ઘટીને બંધ રહ્યા હતા. સેન્સેક્સ હેઠળના મુખ્ય વધનાર શૅરોમાં આજે સૌથી વધુ ૨.૭૨ ટકાનો વધારો ભારતી એરટેલમાં જોવા મળ્યો હતો. ત્યાર બાદ અનુક્રમે ટિટાનમાં ૨.૪૨ ટકાનો, ઈન્ડસઈન્ડ બૅન્કમાં ૧.૮૨ ટકાનો, એક્સિસ બૅન્કમાં ૧.૫૬ ટકાનો, સ્ટેટ બૅન્ક ઑફ ઈન્ડિયામાં ૧.૩૯ ટકાનો અને એનટીપીસીમાં ૦.૯૮ ટકાનો સુધારો આવ્યો હતો. જોકે, આજે મુખ્ય ઘટનાર શૅરોમાં સૌથી વધુ ૧.૩૪ ટકાનો ઘટાડો મહિન્દ્રા ઍન્ડ મહિન્દ્રામાં જોવા મળ્યો હતો.

ત્યાર બાદ અનુક્રમે લાર્સન ઍન્ડ ટૂબ્રોમાં૧.૧૮ ટકાનો, નેસ્લેમાં ૦.૭૬ ટકાનો, જેએસડબ્લ્યુ સ્ટીલમાં ૦.૬૧ ટકાનો અને ટીસીએસ તથા ટૅક મહિન્દ્રામાં ૦.૪૨ ટકાનો ઘટાડો આવ્યો હતો. વધુમાં ગઈકાલે સ્મોલકેપ અને મિડકેપ ઈન્ડેક્સમાં ઘટાડો જોવા મળ્યા બાદ આજે અનુક્રમે ૦.૮૫ ટકાનો અને ૦.૧૯ ટકાનો સુધારો આવ્યો હતો.

આજે જે સેક્ટોરિયલ ઈન્ડેક્સમાં સુધારાતરફી વલણ જોવા મળ્યું છે તેમાં મુખ્યત્વે ટેલિકોમ ઈન્ડેક્સમાં ૨.૬૨ ટકાનો, પીએસયુ ઈન્ડેક્સમાં ૧.૫૬ ટકાનો, કન્ઝ્યુમર ડ્યુરેબલ ઈન્ડેક્સમાં ૧.૨૪ ટકાનો, એનર્જી ઈન્ડેક્સ અને સીપીએસઈ ઈન્ડેક્સમાં ૧.૧૯ ટકાનો અને ઑઈલ ઍન્ડ ગૅસ ઈન્ડેક્સમાં ૧.૧૩ ટકાનો સુધારો આવ્યો હતો, જ્યારે બેઝિક મટિરિયલ ઈન્ડેક્સમાં ૩.૦૫ ટકાનો, કન્ઝ્યુમર ડિસ્ક્રેશનરી ગૂડ્સ ઍન્ડ સર્વિસીસ ઈન્ડેક્સમાં ૨.૪૦ ટકાનો, ફાઈનાન્સ ઈન્ડેક્સમાં ૧.૫૫ ટકાનો, કેપિટલ ગૂડ્સ ઈન્ડેક્સમાં ૦.૫૨ ટકાનો, ઑટો ઈન્ડેક્સમાં ૦.૩૬ ટકાનો અને આઈટી ઈન્ડેક્સમાં ૦.૩૧ ટકાનો ઘટાડો આવ્યો હતો.

આજે એશિયાના બજારોમાં સિઉલ, શાંઘાઈ અને હૉંગકૉંગની બજાર ઘટાડા સાથે બંધ રહી હતી અને ટોકિયોની બજાર સુધારાતરફી વલણ સાથે બંધ રહી હતી. તેમ જ આજે યુરોપના બજારોમાં પણ મધ્યસત્ર દરમિયાન નરમાઈનું વલણ જોવા મળ્યું હતું.

દરમિયાન આજે આંતરરાષ્ટ્રીય બજારમાં બ્રેન્ટ ક્રૂડતેલના વાયદામાં ભાવ ગઈકાલના બંધ સામે ૦.૬૬ ટકા વધીને બેરલદીઠ ૯૨.૫૬ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા. તેમ જ ડૉલર ઈન્ડેક્સમાં પણ મજબૂત વલણ રહ્યું હોવાના અહેવાલ હતા.

## સોનામાં વધુ ₹ ૭૪નો ઘટાડો, ચાંદીમાં ₹ ૨૫નો સુધારો

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: અમેરિકાનાં ઑગસ્ટ મહિનાના ફુગાવાની આજે મોડી સાંજે થનારી જાહેરાત પૂર્વે લંડન ખાતે સત્રના આરંભે સોના-ચાંદીમાં રોકાણકારોની નવી લેવાલીનો અને અમેરિકી ટ્રેઝરીની યિલ્ડમાં વધારો થવાથી ભાવમાં ઘટાડાતરફી વલણ જળવાઈ રહ્યું હોવાના નિર્દેશો સાથે સ્થાનિક ઝવેરી બજારમાં પણ ખાસ કરીને સોનાના ભાવમાં ૧૦ ગ્રામદીઠ રૂ. ૭૩થી ૭૪નો ઘટાડો આવ્યો હતો, જ્યારે ચાંદીમાં સ્ટોકિસ્ટોની વેચવાલીનું દબાણ રહ્યું હોવા છતાં ઘટ્યા મથાળેથી ઔદ્યોગિક વપરાશકારોની માગનો ટેકો મળતાં ભાવમાં કિલોદીઠ રૂ. ૨૫નો સાધારણ સુધારો આવ્યો હતો. બજારનાં સાધનોના જણાવ્યાનુસાર આજે સ્થાનિકમાં મુખ્યત્વે સોનામાં વૈશ્વિક નિરુત્સાહી અહેવાલે સ્ટોકિસ્ટો અને રોકાણકારોની નવી લેવાલીનો અભાવ તેમ જ વધુ ભાવ ઘટાડાના આશાવાદે જ્વેલરી ઉત્પાદકો અને રિટેલ સ્તરની લેવાલી પણ પાંખી રહેતાં ૯૯.૫ ટચ સ્ટાન્ડર્ડ સોનાના ભાવ ૧૦ ગ્રામદીઠ રૂ. ૭૩ ઘટીને રૂ. ૫૮,૫૫૬ અને ૯૯.૯ ટચ સ્ટાન્ડર્ડ સોનાના રૂ. ૫૮,૭૯૧ના મથાળે રહ્યા હતા. તે જ પ્રમાણે .૯૯૯ ટચ ચાંદીમાં સ્ટોકિસ્ટોની વેચવાલીના દબાણ સામે નવી લેવાલીનો અભાવ રહ્યો હતો, પરંતુ ઘટ્યા મથાળેથી ઔદ્યોગિક વપરાશકારો તથા જ્વેલરી ઉત્પાદકોની માગનો ટેકો મળતાં ભાવ કિલોદીઠ રૂ. ૨૫ના સાધારણ સુધારા સાથે રૂ. ૭૦,૯૨૫ના મથાળે બંધ રહ્યા હતા.



આજે રાત્રે અમેરિકાનાં ઑગસ્ટ મહિનાના કન્ઝ્યુમર પ્રાઈસ ઈન્ડેક્સની જાહેરાત થવાની છે અને ઈંધણના ભાવમાં થયેલા વધારાને કારણે ફુગાવામાં અપેક્ષા કરતાં વધુ વધારો થવાની શક્યતાને ધ્યાનમાં લેતાં આજે અમેરિકી ટ્રેઝરીની યિલ્ડમાં વધારો થવાથી સોનાના ભાવ દબાણ હેઠળ રહ્યા હોવાનું એશિયા પેસિફિકના વિશ્લેષક કેલ્વિન વૉન્ગે જણાવ્યું હતું. આમ રોકાણકારોના સાવચેતીના અભિગમ વચ્ચે આજે લંડન ખાતે સત્રના આરંભે હાજર અને વાયદામાં સોનાના ભાવ ગઈકાલના બંધ સામે ૦.૧ ટકા ઘટીને ઔંસદીઠ ૧૯૧૦.૯૬ ડૉલર અને ૧૯૩૩.૪૦ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા. અત્રે ઉલ્લેખનીય બાબત એ છે કે ગઈકાલે ન્યૂ યોર્ક ખાતે હાજરમાં સોનાના ભાવ એક તબક્કે ઘટીને ગત ૨૫ ઑગસ્ટ પછીની સૌથી નીચી ઔંસદીઠ ૧૯૦૬.૫૦ ડૉલરની સપાટી સુધી પહોંચ્યા હતા. વધુમાં આજે હાજરમાં ચાંદીના ભાવ પણ એક ટકાના ઘટાડા સાથે ગત ૨૧ ઑગસ્ટ પછીની સૌથીની નીચી ઔંસદીઠ ૨૨.૮૬ ડૉલરની સપાટી આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા.

જોકે, આગામી ૧૯-૨૦ સપ્ટેમ્બરની નીતિવિષયક બેઠકમાં ફેડરલ રિઝર્વ વ્યાજદર યથાવત્ રાખે તેવી શક્યતા છે. તેમ છતાં તાજેતરમાં ક્રૂડતેલના ભાવમાં થઈ રહેલા વધારાને ધ્યાનમાં લેતાં ફેડરલ રિઝર્વ આગામી વર્ષ ૨૦૨૪નાં બીજા ત્રિમાસિકગાળા સુધી ઊંચા વ્યાજદર જાળવી રાખે તેવી શક્યતા રૉઈટર્સ દ્વારા કરવામાં અર્થશાસ્ત્રીઓનાં સર્વેક્ષણમાં ફલિત થયું હતું. તેમ જ યુરોપિયન સેન્ટ્રલ બૅન્ક પણ આગામી વર્ષે ફુગાવો ત્રણ ટકાની સપાટીએ જળવાઈ રહેવાની શક્યતા વ્યક્ત કરી છે. આમ હાલની વૈશ્વિક આર્થિક સ્થિતિને ધ્યાનમાં લેતાં રૉઈટર્સના વિશ્લેષક વૉન્ગ તાઉએ આગામી ટૂંકા સમયગાળામાં વૈશ્વિક સોના માટે ઔંસદીઠ ૧૯૦૫ ડૉલરની સપાટી મહત્ત્વની ટેકાની સપાટી પુરવાર થાય તેવી શક્યતા વ્યક્ત કરી હતી.

## ડૉલર સામે રૂપિયો બે પૈસા નરમ

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: આજે વૈશ્વિક વિનિમય બજારમાં ડૉલર ઈન્ડેક્સમાં તેમ જ બ્રેન્ટ ક્રૂડતેલના વાયદામાં મજબૂત વલણ અને ગઈકાલે સ્થાનિક ઈક્વિટી માર્કેટમાં વિદેશી સંસ્થાકીય રોકાણકારોની રૂ. ૧૦૪૭.૧૯ કરોડની ઈક્વિટીમાં ચોખ્ખી વેચવાલી રહી હોવાના નિર્દેશને કારણે સ્થાનિક ફોરેક્સ માર્કેટમાં ડૉલર સામે રૂપિયો બે પૈસાના ઘટાડા સાથે ૮૨.૯૭ના મથાળે બંધ રહ્યો હતો. જોકે, આજે ઈક્વિટી માર્કેટમાં જોવા મળેલા સુધારાતરફી વલણ અને ગઈકાલે જાહેર થયેલા ફુગાવા તથા ઔદ્યોગિક ઉત્પાદનના ડેટા કંઈક અંશે પ્રોત્સાહક રહેતાં રૂપિયામાં મોટું ધોવાણ અટક્યું હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.



આજે સ્થાનિકમાં ડૉલર સામે રૂપિયો ગઈકાલના ૮૨.૯૫ના બંધ સામે સુધારાના અન્ડરટોને ૮૨.૯૨ના મથાળે ખૂલ્યા બાદ સત્ર દરમિયાન નીચામાં ૮૨.૯૯ અને ઉપરમાં ૮૨.૮૯ની રેન્જમાં અથડાઈને અંતે ગઈકાલના બંધ સામે બે પૈસા ઘટીને ૮૨.૯૭ના મથાળે બંધ રહ્યો હતો. આજે સ્થાનિક ઈક્વિટી માર્કેટમાં જોવા મળેલા સુધારા ઉપરાંત ગત જુલાઈ મહિનામાં દેશની ઔદ્યોગિક ઉત્પાદન વૃદ્ધિ પાંચ મહિનાની ઊંચી ૫.૭ ટકાની સપાટીએ રહી હોવાના તેમ જ ગત ઑગસ્ટ મહિનામાં ફુગાવો જુલાઈ મહિનાના ૭.૪૪ ટકા સામે ૬.૮૩ ટકાની સપાટીએ રહ્યો હોવાથી રૂપિયામાં ઘટાડો મર્યાદિત રહ્યો હોવાનું બીએનપી પારિબાસનાં રિસર્ચ એનાલિસ્ટ અનુજ ચૌધરીએ જણાવ્યું હતું.

સૂત્રોના જણાવ્યાનુસાર આજે સ્થાનિકમાં બીએસઈ બૅન્ચમાર્ક સેન્સેક્સ અને એનએસઈ બૅન્ચમાર્ક નિફ્ટીમાં અનુક્રમે ૨૪૫.૮૬ પૉઈન્ટનો અને ૭૬.૮૦ પૉઈન્ટનો સુધારો જોવા મળ્યો હતો. જોકે, વિશ્વ બજારમાં ડૉલર ઈન્ડેક્સ ૦.૦૮ ટકા વધીને ૧૦૪.૭૯ આસપાસ અને બ્રેન્ટ ક્રૂડતેલના વાયદામાં ભાવ ૦.૫૮ ટકા વધીને બેરલદીઠ ૯૨.૫૯ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હોવાથી તેમ જ આજે મોડી સાંજે અમેરિકાનાં ફુગાવાની જાહેરાત થવાની હોવાથી ટ્રેડરોએ વેપારમાં સાવચેતીનો અભિગમ અપનાવ્યો હોવાથી પાંખાં કામકાજને કારણે પણ રૂપિયો દબાણ હેઠળ આવ્યો હોવાનું સૂત્રોએ ઉમેર્યું હતું.

## કોલસાના ઉત્પાદન અને પાવર એકમોને પુરવઠો વધારવા યોજના ઘડવા બેઠક

નવી દિલ્હી: કોલસા ખાતાના કેન્દ્રીય પ્રધાન પ્રલ્હાદ જોશીની અધ્યક્ષતા હેઠળ ગત મંગળવારે દેશમાં કોલસાનાં ઉત્પાદનમાં વધારો કરવા તેમ જ પાવર એકમોને પુરવઠો વધારવા માટેની યોજના ઘડવા માટે મંત્રાલયના ટોચના અધિકારીઓ તથા કોલસા સચિવ અમૃતલાલ મીના સાથે બેઠક યોજીને ચર્ચા કરી હતી. ગત સાલ ખાણોમાં અને પરિવહનમાં કોલસાના સ્ટોકમાં વર્ષાનુવર્ષ ધોરણે ૫૯ ટકા જેટલો વધારો થયો હોવાથી દેશમાં કોલસાનો પર્યાપ્ત પુરવઠો હોવાની બાંયધરી મળી રહી હોવાનો મને આનંદ છે, એમ પ્રલ્હાદ જોશીએ ટ્વિટર પર જણાવતાં ઉમેર્યું હતું કે આગામી મહિનાઓમાં થર્મલ પાવરના એકમોને કોલસાની રવાનગીમાં વધારો કરવા મટે વ્યૂહ ઘડવા માટે કૉલ મંત્રાલયના અધિકારીઓ સાથે ચર્ચા કરવામાં આવી હતી. નાણાકીય વર્ષના બીજા ત્રિમાસિકગાળામાં ગત ૧૦મી સપ્ટેમ્બર સુધીમાં પાવર ક્ષેત્રને કોલસાની રવાનગીમાં ૧૦ ટકાનો વધારો થયો છે. ઉદ્યોગની કૉલસાની જરૂરિયાત સંતોષવા માટે સરકાર પ્રતિબદ્ધ હોવાનું તેમણે જણાવ્યું હતું.

## ઑગસ્ટ મહિનો કોરો જતાં મહારાષ્ટ્રમાં ચાર વર્ષ પછી ખાંડના ઉત્પાદનમાં ઘટાડાની શક્યતા

મુંબઈ: દેશમાં ખાંડના અગ્રણી ઉત્પાદક રાજ્ય મહારાષ્ટ્રમાં લગભગ એક દાયકા પછી આખો ઑગસ્ટ મહિનો વરસાદ વિનાનો જવાને કારણે આગામી ઑક્ટોબર મહિનાથી શરૂ થનારી ખાંડ મોસમ ૨૦૨૩-૨૪માં રાજ્યનાં ખાંડના ઉત્પાદનમાં ચાર વર્ષનો સૌથી મોટો ૧૪ ટકા જેટલો ઘટાડો નોંધાવાની શક્યતા ઉદ્યોગ અને સરકારી અધિકારીઓએ રૉઈટર્સ સમક્ષ વ્યક્ત કરી છે.

ખાંડનાં ઉત્પાદનમાં ઘટાડો થવાથી શક્યત: ફુગાવામાં વધારાની શક્યતાને ધ્યાનમાં લેતાં સરકાર ખાંડની નિકાસને હતોત્સાહિત કરશે આથી ખાંડના આંતરરાષ્ટ્રીય ભાવવધારાને ટેકો મળી રહ્યો છે જે હાલ એક દાયકાની ઊંચી સપાટીની નજીક છે. જોકે, સ્થાનિકમાં ખાંડના ઊંચા ભાવને કારણે બલરામપુર ચીની, દ્વારકેશ સુગર, શ્રી રેણુકા સુગર્સ અને દાલમીયા ભારત સુગર જેવી કંપનીઓના માર્જિનમાં વધારો થવાની સાથે તેઓ ખેડૂતોને સમયસર શૅરડીની ચૂકવણી પણ કરી શકશે.

અત્રે ઉલ્લેખનીય બાબત એ છે કે દેશમાં ખાંડના કુલ ઉત્પાદન પૈકી મહારાષ્ટ્ર એક તૃતિયાંશ હિસ્સો ધરાવે છે અને આગામી વર્ષ ૨૦૨૩-૨૪માં રાજ્યમાં ખાંડનું ઉત્પાદન વર્તમાન મોસમના ૧.૦૫ કરોડ ટન સામે ઘટીને ૯૦ લાખ ટન આસપાસ રહેવાની શક્યતા વેસ્ટ ઈન્ડિયન સુગર મિલ્સ એસોસિયેશનનાં પ્રમુખ બી. બી. થોમ્બારેએ વ્યક્ત કરતાં જણાવ્યું હતું કે આ વર્ષે શેરડીના પાકને વૃદ્ધિના તબક્કામાં પૂરતો વરસાદ ન મળતાં લગભગ તમામ જિલ્લામાં પાકની વૃદ્ધિ અટકી છે.

એકંદરે ઉત્પાદનમાં સતત થઈ રહેલી વધઘટને કારણે ખાંડની વૈશ્વિક બજારને મહારાષ્ટ્ર આંચકા આપતું હોય છે. નોંધનીય બાબત એ છે કે આ વર્ષે ઑગસ્ટ મહિનામાં સાધારણ કરતાં ૫૯ ટકા ઓછો વરસાદ થયો છે. મહારાષ્ટ્રનાં સુગર કમિશનર ચંદ્રકાંત પુલ્કુંદવારે જણાવ્યું હતું કે અમને ખાંડ મિલના પ્રતિનિધિઓએ સમીક્ષાની બેઠકમાં માહિતી આપી હતી કે ઑગસ્ટ મહિનામાં સૂકુ હવામાન અને તાપમાન વધુ રહેતાં આ વર્ષે શેરડીની ઊપજ ઓછી રહેશે. જોકે, પાકને વધુ નુકસાન થતું અટકાવવા સપ્ટેમ્બર મહિનામાં સારા વરસાદની તાતી આવશ્યકતા હોવાનું તેમણે ઉમેર્યું હતું.

એક દાયકામાં પહેલી વખત ઑગસ્ટ મહિનામાં કોરાડુ રહ્યા બાદ રાજ્યના હવામાન ખાતાએ સપ્ટેમ્બર મહિનામાં સરેરાશ વરસાદ થવાની આગાહી કરી છે. ખાંડની નિકાસ માટે મહારાષ્ટ્રની ખાંડના ઉત્પાદનની ભૂમિકા મહત્ત્વની હોવાનું મુંબઈ સ્થિત ગ્લોબલ ટ્રેડિંગ હાઉસનાં ડીલરે નામ ન આપવાની શરતે જણાવ્યું હતું. અત્રે ઉલ્લેખનીય બાબત એ છે કે વર્ષ ૨૦૨૧-૨૨માં મહારાષ્ટ્રમાં ખાંડનું ઉત્પાદન ૧.૩૭ કરોડ ટનની વિક્રમ સપાટીએ રહેતાં સરકારે ૧.૧૨ કરોડ ટન નિકાસને મંજૂરી આપી હતી, જ્યારે વર્ષ ૨૦૨૨-૨૩માં ખાંડનું ઉત્પાદન ઘટીને ૧.૦૫ કરોડ ટન રહેતાં નિકાસ ૬૧ લાખ ટન સુધી સિમિત રહી હતી.

જોકે, રોઈટર્સ સમક્ષ ગયા મહિને સરકારનાં ત્રણ સૂત્રોએ સાત વર્ષના લાંબા સમયગાળા બાદ સરકાર આગામી ઑક્ટોબર મહિનામાં ખાંડની નિકાસ પર પ્રતિબંધ મૂકે તેવી શક્યતા વ્યક્ત કરી હતી.

## વૈશ્વિક ખાદ્યતેલ બજારમાં સુધારાતરફી વલણ છતાં આરબીડી પામોલિનમાં ટકેલું વલણ

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: મલયેશિયાના બુર્સા મલયેશિયા ડેરિવેટીવ્સ એક્સચેન્જ ખાતે આજે ક્રૂડ પામતેલના વાયદામાં ઘટાડાતરફી વલણ અટકીને ૪૪ રિંગિટનો સુધારો આવ્યો હતો, જ્યારે શિકાગો ખાતેના સોયાતેલના વાયદાના પ્રોજેક્શનમાં પણ ૫૯ પૉઈન્ટનો સુધારો દર્શાવાઈ રહ્યો હતો. જોકે, સ્થાનિક જથ્થાબંધ ખાદ્યતેલ બજારમાં આજે આરબીડી પામોલિન સહિત આયાતી તેલના ભાવમાં સાંકડી વધઘટે ટકેલું વલણ રહ્યું હોવાથી અંદાજે ૧૦૦૦થી ૧૨૦૦ ટન આરબીડી પામોલિનના કામકાજો ગોઠવાયા હોવાના અહેવાલ હતા. તેમ જ સેલરિસેલ ધોરણે પણ છૂટાછવાયા વેપાર થયા હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.

બજારનાં સાધનોના જણાવ્યાનુસાર આજે સ્થાનિકમાં ડાયરેક્ટ ડિલિવરી શરતે અંદાજે ૧૦૦૦થી ૧૨૦૦ ટન આરબીડી પામોલિનના વેપાર થયા હતા. જેમાં ગોકુલના જેએનપીટીથી સપ્ટેમ્બર ડિલિવરી શરતે વેપાર ૧૦ કિલોદીઠ રૂ. ૮૨૧માં અને અલાનાના જેએનપીટીથી સપ્ટેમ્બર ડિલિવરી શરતે રૂ. ૮૨૦માં અને ખપોલીથી ડિલિવરી શરતે રૂ. ૮૨૦માં થયા હતા. આ સિવાય સેલરિસેલ ધોરણે આરબીડી પામોલિનના ૧૦ કિલોદીઠ રૂ. ૮૧૮ સુધીના મથાળે વેપાર થયા હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું. જોકે, આજે મોડી સાંજે ડાયરેક્ટ ડિલિવરી શરતે રૂચીના આરબીડી પામોલિનના ભાવ ૧૦ કિલોદીઠ રૂ. ૮૨૮થી ૮૩૦ અને સોયા તથા સન રિફાઈન્ડના રૂ. ૯૦૫ ક્વૉટ થઈ રહ્યા હતા, પરંતુ વેપાર નહોતા.

આજે હાજરમાં વિવિધ દેશી આયાતી ખાદ્યતેલના ૧૦ કિલોદીઠ ભાવમાં આરબીડી પામોલિનના રૂ. ૮૨૦, ક્રૂડ પામતેલના રૂ. ૭૭૨, સોયા રિફાઈન્ડના રૂ. ૮૮૦, સોયા ડિગમના રૂ. ૮૨૮થી ૮૩૦, સન રિફાઈન્ડના રૂ. ૯૧૦, સન ક્રૂડના રૂ. ૮૮૦થી ૮૮૫, સિંગતેલના રૂ. ૧૭૮૦, કપાસિયા રિફાઈન્ડના રૂ. ૮૮૦ અને સરસવના રૂ. ૧૦૩૦ના મથાળે રહ્યા હતા, જ્યારે આજે ગુજરાતના મથકો પર સિંગતેલ અને વૉશ્ડ કૉટનના વેપાર અનુક્રમે ૧૦ કિલોદીઠ રૂ. ૧૭૭૫થી ૧૮૫૦માં અને રૂ. ૮૦૦થી ૮૦૫માં તથા ઈન્દોર ખાતે હાજરમાં સોયા રિફાઈન્ડના વેપાર રૂ. ૮૭૫થી ૮૮૦ આસપાસના મથાળે થયાના અહેવાલ હતા.

## બ્રાસ અને કોપરની અમુક વેરાઈટીઓ સહિતની ધાતુઓમાં પીછેહઠ

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: આંતરરાષ્ટ્રીય વિનિમય બજારમાં ડૉલર ઈન્ડેક્સમાં મજબૂત વલણ રહ્યું હોવાથી આજે લંડન મેટલ એક્સચેન્જ ખાતે સત્રના આરંભે કોપરનાં ભાવમાં જોવા મળેલા ઘટાડાતરફી વલણ તેમ જ અન્ય ધાતુઓમાં મિશ્ર વલણ રહ્યું હોવાના નિર્દેશો સાથે સ્થાનિક જથ્થાબંધ ધાતુ બજારમાં માત્ર કોપર વાયરબાર અને એલ્યુમિનિયમ ઈન્ગોટ્સમાં ઔદ્યોગિક વપરાશકારોની માગને ટેકે ભાવમાં જોવા મળેલા અનુક્રમે કિલોદીઠ રૂ. બે અને રૂ. એકના સુધારાને બાદ કરતાં કોપરની અન્ય વેરાઈટી, લીડ ઈન્ગોટ્સ, ટીન અને નિકલમાં સ્ટોકિસ્ટોની વેચવાલી અને નિરસ માગે ભાવમાં કિલોદીઠ રૂ. ૧થી ૧૮ સુધીનો ઘટાડો આવ્યો હતો, જ્યારે એલ્યુમિનિયમ યુટેન્સિલ્સ સ્ક્રેપ અને ઝિન્ક સ્લેબમાં ટકેલું વલણ રહ્યું હતું.

બજારનાં સાધનોના જણાવ્યાનુસાર આજે વૈશ્વિક નિરુત્સાહી અહેવાલે ચોક્કસ ધાતુઓમાં સ્ટોકિસ્ટોની નફારૂપી વેચવાલીનું દબાણ અને વપરાશકાર ઉદ્યોગ તથા સ્થાનિક ડીલરોની માગ નિરસ રહેતાં ભાવમાં ઘટાડાતરફી વલણ રહ્યું હતું. સૂત્રોના જણાવ્યાનુસાર આજે મુખ્યત્વે નિકલ અને ટીનમાં સ્ટોકિસ્ટોની વેચવાલી આક્રમક રહેતાં ભાવ અનુક્રમે કિલોદીઠ રૂ. ૧૮ ઘટીને રૂ. ૧૭૦૫ અને રૂ. ૧૭ ઘટીને રૂ. ૨૧૫૮ના મથાળે રહ્યા હતા. આ સિવાય નિરસ માગે કોપર કેબલ સ્ક્રેપ અને કોપર સ્ક્રેપ હેવીના ભાવ કિલોદીઠ રૂ. બે ઘટીને અનુક્રમે રૂ. ૭૧૯ અને રૂ. ૭૦૯ના મથાળે અને કોપર



આર્મિચર, કોપર યુટેન્સિલ્સ સ્ક્રેપ, બ્રાસ શીટ કટિંગ્સ, બ્રાસ યુટેન્સિલસ સ્ક્રેપ અને લીડ ઈન્ગોટ્સના ભાવ કિલોદીઠ રૂ. એક ઘટીને અનુક્રમે રૂ. ૬૯૪, રૂ. ૬૫૩, રૂ. ૫૦૮, રૂ. ૪૭૭ અને રૂ. ૧૮૯ના મથાળે રહ્યા હતા.

જોકે, આજે માત્ર કોપર વાયરબાર અને એલ્યુમિનિયમ ઈન્ગોટ્સમાં વપરાશકાર ઉદ્યોગ તથા સ્થાનિક ડીલરોની લેવાલીને ટેકે ભાવ અનુક્રમે કિલોદીઠ રૂ. બે વધીને રૂ. ૭૫૬ અને રૂ. એક વધીને રૂ. ૨૦૭ના મથાળે રહ્યા હતા, જ્યારે એલ્યુમિનિયમ યુટેન્સિલ્સ સ્ક્રેપ અને ઝિન્ક સ્લેબમાં છૂટીછવાઈ માગને ટેકે ભાવ અનુક્રમે કિલોદીઠ રૂ. ૧૭૦ અને રૂ. ૨૨૩ના મથાળે ટકેલાં રહ્યાં હતાં.

## ખપપૂરતા કામકાજે ખાંડમાં ટકેલું વલણ

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

નવી મુંબઈ: મહારાષ્ટ્રની ખાંડ મિલો પર આજે સ્થાનિક તેમ જ દેશાવરોની માગ જળવાઈ રહેતાં સ્મોલ ગ્રેડની ખાંડના ટેન્ડરોમાં વેપાર ક્વિન્ટલે રૂ. ૩૫૯૦થી ૩૬૩૦માં ટકેલા ધોરણે થયાના અહેવાલો હતા. વધુમાં મથકો પર ટકેલું વલણ રહ્યું હોવાથી સ્થાનિક જથ્થાબંધ ખાંડ બજારમાં આજે હાજરમાં સ્ટોકિસ્ટોની નવી લેવાલીનો અભાવ અને રિટેલ સ્તરની લેવાલી છૂટીછવાઈ રહેવાની સાથે નાકા ડિલિવરી ધોરણે પણ ઔદ્યોગિક વપરાશકારોની ખપપૂરતી માગને ટેકે ભાવમાં ટકેલું વલણ રહ્યું હતું. બજારનાં સાધનોના જણાવ્યાનુસાર આજે સ્થાનિકમાં અંદાજે ૨૮થી ૨૯ ટ્રકની આવક સામે સ્ટોકિસ્ટોની નવી લેવાલીનો અભાવ તેમ જ સ્ટોકિસ્ટોની નવી લેવાલીનો અભાવ અને રિટેલ સ્તરની માગ પણ છૂટીછવાઈ રહેતાં ઉપાડ લગભગ ૨૬થી ૨૭ ટ્રકનો રહ્યો હતો. તેમ જ મથકો પાછળ હાજરમાં સ્મોલ ગ્રેડની ખાંડના વેપાર ક્વિન્ટલે રૂ. ૩૭૪૨થી ૩૮૨૨માં અને મિડિયમ ગ્રેડની ખાંડના વેપાર ક્વિન્ટલે રૂ. ૩૮૬૨થી ૩૯૪૨માં ગુણવત્તાનુસાર ટકેલા ધોરણે થયા હતા. વધુમાં આજે નાકા ડિલિવરી ધોરણે પણ ઔદ્યોગિક વપરાશકારો અને સ્થાનિક ડીલરોની લેવાલી એકંદરે પાંખી રહેતાં સ્મોલ ગ્રેડની ખાંડના વેપાર ક્વિન્ટલે રૂ. ૩૬૭૫થી ૩૭૧૫માં અને મિડિયમ ગ્રેડની ખાંડના વેપાર ક્વિન્ટલે રૂ. ૩૭૮૫થી ૩૮૪૦માં ગુણવત્તાનુસાર ટકેલા ધોરણે થયા હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.

# કચ્છમાં કોંગ્રેસની બે તાલુકા પંચાયતો પર ભાજપનો કબજો: તમામ દસ તાલુકા પંચાયતના ભાજપના ફાળે

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજ: સીમાવર્તી કચ્છની તમામ દસ તાલુકા પંચાયતના પ્રમુખ સહિતના હોદ્દેદારોની નિમણૂક પ્રક્રિયા હાથ ધરવામાં આવી હતી, જેમાં કોંગેસ શાસિત લખપત અને અબડાસા તાલુકા પંચાયતની આગામી અઢી વર્ષની સત્તા માટે ચૂંટણી પ્રક્રિયા યોજાઇ હતી જેમાં કોંગ્રેસના સભ્યોએ ભાજપ તરફી મતદાન કરતા બન્ને સ્થળે ભાજપ તરફી પરિણામ જાહેર થયા હતા. કુલ ૧૮ બેઠકો ધરાવતી અબડાસા તાલુકાના પંચાયતમાં ભાજપના ૮ સભ્યોને કોંગ્રેસના ૨ સભ્યોએ સમર્થન આપ્યું હતું, તેમજ લખપતમાં ભાજપની સાત બેઠકોને કોંગી સભ્યોની બે બેઠકનું સમર્થન મળતા આ બેઠકો પર પણ ભાજપને સાત્તામાં સ્થાન મળ્યું છે.

આગામી અઢી વર્ષ માટે યોજાયેલી ચૂંટણીમાં ભાજપે કોંગ્રેસ પાસેથી સત્તા આંચકી લીધી હતી. નવ સભ્ય ધરાવતી કોંગ્રેસ શાસિત તાલુકા પંચાયતના બે સભ્યોએ ભાજપ તરફી મતદાન કરતા ભાજપના પ્રમુખ પદના ઉમેદવાર દયાબા જશુભા જાડેજાને નવ મત મળ્યા હતા, જ્યારે કોંગ્રેસના ઉમેદવાર જેનાબાઈ પડયારને સાત મત મળ્યા હતા. જોકે, કોંગ્રેસમાં એક જ જ્ઞાતિના બે ફોર્મ ભરાયા હતા જેમાં કોંગ્રેસના બીજા ઉમેદવાર સારાબાઇ ઇબ્રાહીમ કુંભારને એકપણ મત મળ્યો ન હતો.

નખત્રાણા પ્રાંત અધિકારી ગૌરાંગ મકવાણા લખપત તાલુકા વિકાસ અધિકારી સંજય ઉપલાણાની ઉપસ્થિતિ વચ્ચે યોજાયેલી આ ચૂંટણીમાં કોંગ્રેસના ભાદરા સીટના સભ્ય ભચીબાઈ ખેંગાર રબારી તેમજ પાનધ્રો સીટના સભ્ય અને કોંગ્રેસમાં કારોબારી ચેરમેન રહેલા દિનેશભાઈ બી સતવારાએ ભાજપ તરફી ટેકો આપ્યો હતો, બીજી તરફ ગત ટર્મની જેમ કોંગ્રેસના નવ તેમજ ભાજપના સાત સભ્યો ધરાવતી કોંગ્રેસ શાસિત લખપત તાલુકા પંચાયતમાં હવે ભાજપના નવ તેમજ કોંગ્રેસના સાત સભ્ય સાથે તાલુકા પંચાયત ભાજપની બની છે.

દરમ્યાન વરાડિયા બેઠક પરથી વિજેતા થયેલા ભાજપના મહાવીર સિંહ જુવાનસિંહ જાડેજા આગામી તાલુકા પંચાયતના પ્રમુખ તરીકે જાહેર થયા છે. કુલ ૧૮ બેઠકમાં ભાજપની ૮ બેઠકને કોંગ્રસના બે સભ્યોએ સમર્થન કરતા ભાજપે ૧૦ બેઠક સાથે કોંગ્રેસ પાસેથી સત્તા આંચકી ભગવો લહેરાવ્યો હતો. ઉપપ્રમુખ તરીકે રમીલા બેન ગજરાના નામની જાહેરાત થતાં ઉપસ્થિત મોટી સંખ્યમાં ભાજપ સમર્થકોએ નવ નિયુક્ત હોદેદારોને શુભકામનાઓ પાઠવી વિજયને વધાવ્યો હતો.

# રાજકોટ જીલ્લા પંચાયતમાં ભાજપનો ભગવો યથાવત



રાજકોટ જિલ્લા પંચાયતની સામાન્ય સભામાં પ્રમુખ તરીકે પ્રવિણાબેન, ઉપપ્રમુખ રાજુ ડાંગર, કારોબારી ચેરમેન કિયાડાની બિનહરિફ વરણી કરવામાં આવી હતી. પ્રમુખ-ઉપપ્રમુખ બન્ને નવા ચહેરાં છે. (તસવીર: પ્રવિણ સેદાણી)

# રાજકોટને પ્રયાગરાજ સહિત ૬ નવી ટ્રેનો મળી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: રાજકોટ સહિત સૌરાષ્ટ્રના યાત્રિકોને દિવાળી પહેલા નવી છ ટ્રેનોની ભેટ મળી છે. અત્યાર સુધી આ તમામ ટ્રેન અમદાવાદથી દોડતી હતી, પરંતુ હવે રાજકોટ સુધી ડબલ ટ્રેક અને ઈલેક્ટ્રિફિકેશનની કામગીરી પૂર્ણ થઇ જતા આ ટ્રેનને રાજકોટ સુધી લંબાવવામાં આવી છે. આ અંગે કેન્દ્રીય રેલવે રાજ્યપ્રધાન દર્શનાબેન જરદોશે ટ્વિટ કરીને માહિતી આપી હતી જેમાં અમદાવાદ-પ્રયાગરાજ સહિત જુદી જુદી ૬ ટ્રેન હવે રાજકોટ સુધી લંબાવવામાં આવી છે.

મળતી માહિતી મુજબ ઓખાથી અમદાવાદ સુધીની રેલવે લાઈનનું ઈલેક્ટ્રિફિકેશન કામ સંપૂર્ણ પૂરું થઇ ગયા બાદ રાજકોટ આવતી જતી ૯ જોડી એટલે કે ૧૮ ટ્રેનને ઇલેક્ટ્રિક બૂસ્ટર મળ્યું છે અને તે હવે ઈલેક્ટ્રિક એન્જિન સાથે દોડવા લાગી છે.

અગાઉ પણ રેલવેની મિટિંગમાં અને રેલવેની જુદી જુદી કમિટીના સભ્યો અને યાત્રિકોની માંગ હતી કે, રાજકોટ ડિવિઝનમાં ડબલ ટ્રેક અને ઈલેક્ટ્રિફિકેશન કામગીરી પૂર્ણ થઇ ગઈ છે તો જે ટ્રેન અમદાવાદ લાંબો સમય સુધી પડી રહે છે તેને રાજકોટ સુધી લંબાવવામાં આવે જેથી રાજકોટ સહિત સૌરાષ્ટ્રના યાત્રિકોને લાભ મળી શકે.

જે ૬ ટ્રેનોની હવે સૌરાષ્ટ્રવાસીઓને સુવિધા મળશે તેમાં ટ્રેન નં.૧૯૪૨૧/૨૨ અમદાવાદ - પટના એક્સપ્રેસ, ટ્રેન નં. ૨૨૯૬૭/૬૮ અમદાવાદ - પ્રયાગરાજ એક્સપ્રેસ, ટ્રેન નં. ૧૯૪૧૩/૧૪ અમદાવાદ - કોલકાતા એક્સપ્રેસ, ટ્રેન નં. ૧૧૦૪૯/૫૦ અમદાવાદ - કોલ્હાપુર એક્સપ્રેસ, ટ્રેન નં. ૨૨૧૩૭/૩૮ નાગપુર - અમદાવાદ એક્સપ્રેસ અને ટ્રેન નં. ૧૨૯૧૭/૧૮ અમદાવાદ-હજરત નિઝામુદ્દીન સંપર્ક ક્રાંતિ એક્સપ્રેસનો સમાવેશ થાય છે.

# ગુજરાતમાં ૧૫મીથી ત્રણ દિવસ વડા પ્રધાનના જન્મ દિવસની ઉજવણી થશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: ગુજરાતમાં ૧૫મીથી ત્રણ દિવસ ભાજપ દ્વારા વડા પ્રધાન નરેન્દ્ર મોદીના જન્મ દિવસની અનોખી રીતે ઉજવણી કરવામાં આવશે. વડાપ્રધાનના જન્મદિવસ નિમિત્તે એમના દ્વારા જ રચિત કાવ્ય સંગ્રહ ‘‘આંખ આ ધન્ય છે‘‘ થી પ્રેરિત રાજય સ્તરની ચિત્ર સ્પર્ધા ‘‘શબ્દ રંગ’’નું આયોજન કરવામાં આવ્યું છે. વડાપ્રધાનના ૭૩માં જન્મદિવસ નિમિત્તે ૭૩ શ્રેષ્ઠ ચિત્રોની પ્રદર્શની તારીખ ૧૫,૧૬,૧૭ સપ્ટેમ્બર જાહેરજનતા માટે ખુલ્લું મુકાશે.

ભારતીય જનતા પાર્ટીના સાંસ્કૃતિક સેલ દ્વારા વડાપ્રધાન નરેન્દ્રભાઇ મોદી સાહેબના ૭૩ મા જન્મદિવસની અનોખી રીતે ઉજવણી કરવામાં આવશે. વિશ્વમાં કદાચ સૌ પ્રથમવાર કોઈ વડાપ્રધાનના જન્મદિવસ નિમિત્તે એમના દ્વારા જ રચિત કાવ્ય સંગ્રહ ‘‘આંખ આ ધન્ય છે‘‘ થી પ્રેરિત રાજય સ્તરની ચિત્ર સ્પર્ધા ‘‘શબ્દ રંગ‘‘ નું આયોજન કરવામાં આવ્યું છે. જે અંતર્ગત ૧૦ થી ૧૫ ઓગષ્ટ દરમિયાન ૧૮ વર્ષથી ઉપરના સ્પર્ધકો પાસેથી ઓનલાઇન ગુગલ ફોર્મ દ્વારા પ્રવેશ અરજી મંગાવવામાં આવી હતી.

સોશિયલ મીડિયાના પ્રચાર થકી ગુજરાતભરમાંથી એક હજારથી વધુ અરજીઓ મળી હતી. તારીખ ૨૮મી ઓગષ્ટના રોજ સ્થાનિક પ્રતિનિધિઓ દ્વારા ગુજરાતભરમાંથી ચિત્રો એકત્ર કરીને કમલમ કાર્યાલય ખાતે મોકલવામાં આવ્યા. જેમાંથી ૭૩ શ્રેષ્ઠ ચિત્રોને ફ્રેમ સાથે મઢીને તારીખ ૧૫,૧૬,૧૭ સપ્ટેમ્બર દરમિયાન આર્ટ ગેલેરી વાઇડ એન્ગલ સિનેમાં પાછળ સવારે ૧૧ થી ૭ જનતા માટે પ્રદર્શન રૂપે ખુલ્લું મુકાશે.

વડાપ્રધાનનરેન્દ્રભાઇ મોદીના ૭૩માં જન્મદિવસ નિમિત્તે ૧૭ સપ્ટેમ્બરના રોજ આ શ્રેષ્ઠ ૭૩ ચિત્રોના કલાકારોને સન્માનિત કરવામાં આવશે. ૭૩ શ્રેષ્ઠ ચિત્રો માથી ૩૩ ચિત્રો મહિલા ચિત્રકારનાં છે.

# જામનગરના બીએસએફના કેપ્ટનનું જમ્મુમાં હાર્ટએટેકને લીધે નિધન

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: જમ્મુ કાશ્મીરમાં બીએસએફમાં કેપ્ટન તરીકે ફરજ બજાવતા જામનગરના વિનુ ગોપીનાથનું જમ્મુમાં હાર્ટએટેકથી નિધન થયું હતું. એસપીજીના કમાન્ડો રહ્યા બાદ બીએસએફમાં જમ્મુ ખાતે ફરજ બજાવતા હતા.

લશ્કરી સેવામાં છેલ્લાં ૩૦ વર્ષ પહેલા ભરતી થયા બાદ પોતાની ફીટનેસને કારણે એસપીજીમાં બ્લેક કેટ કમાન્ડો તરીકે પસંદગી પામ્યા બાદ મહિનાઓની આકરી તાલીમ પછી વિનુ ગોપીનાથન એસપીજી કમાન્ડો તરીકે વીઆઇપી ફરજમાં લાંબો સમય સુધી સોનીયા ગાંધીની સુરક્ષા વ્યવસ્થામાં દિલ્હી ખાતે રહ્યા હતાં. એસપીજી કમાન્ડોના કાર્યકાળની અવધી પુરી થતાં તેઓને બીએસએફમાં કેપ્ટન તરીકે ફરજયુક્ત કરાયા બાદ હાલ તેઓની જમ્મુ ખાતે ફરજ ચાલુ હતી. જે દરમિયાન તેમને હાર્ટ એટેક આવ્યો હતો. તેમને જમ્મુની હોસ્પિટલ ખાતે લઈ જવામાં આવ્યા હતાં. જ્યાં ડોકટરોએ મૃત જાહેર કર્યા હતાં. આ ઘટનાના સમાચાર જામનગર ખાતેના તેના મિત્ર વર્તુળમાં શોકની લાગણી વ્યાપી છે.

# ગોંડલમાં મેઘરાજા વરસ્યા ઉભા પાકને જીવતદાન મળ્યુ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: રાજ્યમાં છેલ્લા બે દિવસથી મેઘરાજાએ ફરી એકવાર વિરામ લીધાં બાદ આખરે રાજકોટ જિલ્લાના ગોંડલમાં ઝાપટાં વરસાવતા ખેડૂતોમાં ખૂશીની લહેર છવાઇ હતી.

અસહ્ય ઉકળાટ અને ભારે બફારા વચ્ચે વાતાવરણમાં અચાનક પલટો આવ્યો હતો. ગોંડલ સહિત આસપાસના ગ્રામ્ય વિસ્તારમાં ક્યાંક ધીમી ધારે તો ક્યાંક ધોધમાર વરસાદ તૂટી પડતાં વાતાવરણમાં ઠંડક પ્રસરી જતાં ગરમીથી ત્રાહિમામ લોકોએ રાહત અનુભવી હતી, જ્યારે ખેડૂતોમાં પણ ખુશી જોવા મળી હતી. હકીકતમાં છેલ્લા એક મહિનાથી વરસાદ ગાયબ રહેતા ખેતરોમાં મગફળી, સોયાબીન અને કપાસ સહિતના પાકો સૂકાઈ રહ્યાં હતા. વરસાદ ખેંચાતા રાજ્ય સરકાર દ્વારા ખેડૂતોને વધુ બે કલાક વીજળી આપવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો. અગાઉ ખેડૂતોને ૮ કલાક વીજળી આપવામાં આવતી હતી. જો કે વરસાદે વિરામ લેતા ખેડૂતોનો પાક સૂકાય નહીં, તે માટે ૧૦ કલાક વીજળી આપવામાં આવી રહી છે. એવામાં આજે વરસાદ પડતા ખેતરમાં પાકને નવું જીવતદાન મળ્યું છે.

# ભાજપ પણ બળવાથી બળ્યુ: સાંતલપુર-હારિજના ૧૦ સદસ્યો સસ્પેન્ડ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: ગુજરાતમાં મહાનરપાલિકાઓ- નગરપાલિકાઓ અને જિલ્લા તાલુકા પંચાયતોના પદાધિકારીઓની અઢી વર્ષની ટર્મ પૂરી થતાં યોજાયેલી નવા પદાધિકારીઓની ચૂંટણીમાં કોંગ્રેસમાં ઠેર ઠેર બળવો થતા કેટલિક પંચાયતો તેને હાથમાંથી સરકી ગઇ છે પરંતુ ભાજપમાં પણ કેટલાક ઠેકાણે સભ્યોએ બળવો કર્યો હતો. સાંતલપુરમાં પ્રમુખ-ઉપપ્રમુખની ચૂંટણીમાં ભાજપના સદસ્યોએ બળવો કરતાં સાંતલપુર તાલુકા પંચાયતના ૯ અને હારિજ તાલુકા પંચાયતના એક સદસ્યને ભાજપમાંથી સસ્પેન્ડ કરવામાં આવ્યા છે. જ્યારે સરસ્વતી અને સિદ્ધપુર તાલુકા પંચાયતમાં કોંગ્રેસના ૬ સદસ્યોએ બળવો કરતાં તેમને સસ્પેન્ડ કરવા જ્યારે પાટણ તાલુકા પંચાયતમાં એક સદસ્ય ગેરહાજર રહેતા તેના સામે પગલાં લેવા પ્રદેશમાં રિપોર્ટ કરવામાં આવ્યો છે.

સાંતલપુર તાલુકા પંચાયતમાં ઉપપ્રમુખની ચૂંટણીમાં ભાજપના ૯ સદસ્યોએ ભાજપના મેન્ડેટ વિરુદ્ધ મતદાન કરતાં પ્રદેશ ભાજપ મોવડી મંડળની સુચનાથી જિલ્લા ભાજપ પ્રમુખ દશરથજી ઠાકોરે શિસ્ત ભંગના પગલાં બદલ તાત્કાલિક અસરથી સાંતલપુર તાલુકા પંચાયતના ૮ સદસ્યોને ભાજપના પ્રાથમિક સભ્યપદથી સસ્પેન્ડ કરાયા છે. જ્યારે હારિજ તાલુકા પંચાયતના અડિયા બેઠકના સદસ્ય હેતલબેન ઉદાજી ઠાકોરને પણ તાત્કાલિક અસરથી ભાજપના પ્રાથમિક સભ્યપદેથી સસ્પેન્ડ કરવામાં આવ્યા હતા.

# રાજકોટમાં ઝૂંપડપટ્ટીઓ દૂર કરીને ૧૦ હજાર ચો.મી. જગ્યા ખુલ્લી કરાઇ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: રાજકોટ મહાનગરપાલિકાની ટાઉન પ્લાનિંગ શાખાએ રૈયા અને મવડી વિસ્તારમાં દબાણ હટાવવાના ભાગરૂપે ઝૂંપડાં અને કમ્પાઉન્ડ વોલ પર બુલડોઝર ચલાવીને ૪ પ્લોટ અને ટી.પી. રોડ પરથી દબાણો હટાવ્યા છે. ટી.પી. શાખાના જણાવ્યા અનુસાર વોર્ડ નં.૧માં ટી.પી. સ્કીમ નં.૨૨-રૈયા (અંતિમ), વોર્ડ નં.૧૦માં ટી.પી. સ્કીમ નં.૫ નાનામવા(અંતિમ), ટી.પી. સ્કીમ નં. ૧૬-રૈયા(અંતિમ) અને વોર્ડ નં.૧૨ના મવડી વિસ્તારના ૧૨ મીટર ટી.પી. રોડને ખુલ્લા કરવાના ભાગરૂપે ડિમોલિશન કરાયું હતું. જેમાં ડ્રીમ સિટી પાસે રહેણાક વેચાણ હેતુના પ્લોટમાંથી ૯ ઝૂંપડાં, બી.ટી. સવાણી હોસ્પિટલ પાછળના વાણિજ્ય હેતુના ૩ પ્લોટમાંથી ૨૨ ઝૂંપડાં અને મવડીની ઉદગમ સ્કૂલ પાછળના ૧૨ મીટર રોડ આડેની ૨૦ મીટરની કમ્પાઉન્ડ વોલ સહિત ૧૦૫૮૯ ચોરસ મીટરની જગ્યા ખુલ્લી કરાઈ છે જેની અંદાજિત બજાર કિંમત રૂ.૭૩.૯૮ કરોડ છે.

સોથી વધુ દબાણ યુનિવર્સિટી રોડ પર આવેલા બી.ટી. સવાણી હોસ્પિટલની પાછળના પ્લોટમાં થયા હતા.

# દામનગરમાં સીનીયર સીટીઝન સાથે ૧.૭૩ લાખની ઓનલાઇન ઠગાઇ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમાદાવાદ: ભાવનગર અને અમરેલી જિલ્લામાં છેલ્લા કેટલાક મહિનનાઓથી ઓનલાઇન ઠગાઇનું પ્રમાણ વધી રહ્યું છે. અમરેલી જિલ્લાના દામનગરમાં રહેતા એક ૬૩ વર્ષીય નિવૃત કર્મચારી ઓનલાઈન ઠગાઈનો ભોગ બન્યા હતા. એક શખ્સ દ્વારા રિમોટ ડેસ્કટોપ એપ્લિકેશન મારફત મોટી રકમ પડાવી લીધી હતી.

અમરેલી સાયબર ક્રાઈમ પોલીસ મથક ખાતે દામનગર ખાતે રહેતા નિવૃત કર્મચારી અજીતકુમાર ચુનીલાલ ભટ્ટે ફરિયાદ નોંધાવી હતી કે, તેમને એક મોબાઈલ નંબર પરથી અજાણ્યા ઇસમનો ફોન આવ્યો હતો અને તેણે મિશો એપ્લિકેશનના સિનિયર એક્ઝિક્યુટિવના નામે ખોટી ઓળખાણ આપી અને વિશ્વાસમાં લઈને ફોનમાં રીમોટ ડેસ્કટોપ એપ્લિકેશન ડાઉનલોડ કરાવડાવીને સ્ટેટ બેન્ક ઓફ ઇન્ડિયાના સેવિંગ એકાઉન્ટમાંથી નેટ બેકિંગ દ્વારા જાણ બહાર જુદા-જુદા પાંચ ટ્રાન્ઝેક્શન કરી કુલ ૧,૭૩,૨૯૯ રૂપિયાની ઉઠાંતરી કરી અને વિશ્વાસઘાત તેમજ ઠગાઈ કરી હતી. આ અંગે અમરેલી સાયબર ક્રાઈમ પોલીસ મથક ખાતે ગુન્હો નોંધાતા બનાવને લઈને પોલીસ દ્વારા વધુ તપાસ શરૂ કરવામાં આવી હતી.

# સીબીએસઇ ધો.૧૦-૧૨ની પરીક્ષાના પ્રેક્ટિસ પેપરો વેબસાઈટ પર મફત ઉપલબ્ધ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: સેન્ટ્રલ બોર્ડ ઓફ સેકન્ડરી એજયુકેશન (સીબીએસઇ)એ વિદ્યાર્થીઓ અને વાલીઓને ચેતવતા એક પરિપત્ર જાહેર કર્યો છે જેમાં જણાવ્યું કે બોર્ડના ધ્યાન પર આવ્યું છે કે કેટલીક શાળાઓ દ્વારા વિદ્યાર્થીઓને ખાનગી પ્રકાશનોના પ્રેક્ટિસ પેપર ખરીદવા કે તેની વેબસાઈટ પરથી એક્સેસ કરવાનું જણાવવામાં આવે છે પરંતુ વાલીઓ આ બાબતે ગેરમાર્ગે ન દોરાય કારણ કે સીબીએસઈની વેબસાઈટ પર તમામ વિષયના પ્રેક્ટિસ પેપર ઓનલાઈન મુકવામાં આવ્યા છે જે કોઈપણ વાલીઓ કે વિદ્યાર્થીઓ નિઃશુલ્ક ડાઉનલોડ કરી શકે છે.

સીબીએસઈએ તાજેતરમાં ધોરણ ૧૦ અને ૧૨ના તમામ મુખ્ય વિષયના પ્રેક્ટિસ પેપરો બહાર પાડ્યા છે. બોર્ડ દ્વારા વેબસાઈટ પર મુકવામાં આવેલા આ પ્રેક્ટિસ પેપર્સ વિદ્યાર્થીઓને ઉચ્ચક્રમની વિચારસરણી, કૌશલ્ય આધારિત પ્રશ્નો હલ કરવામાં અને વિષયોની વૈચારિક સમજ વધારવામાં મદદરૂપ થશે.

જોકે, બોર્ડે વિદ્યાર્થીઓ અને શાળાઓને ચેતવણી પણ આપી છે કે, આ નમૂનાના પેપરો સત્તાવાર વેબસાઇટ પરથી એક્સેસ કરવા જોઈએ અને તેને કોઈપણ ખાનગી પ્રકાશક પાસેથી ખરીદવાની જરૂર નથી. સીબીએસઈ બોર્ડે પરિપત્રમાં કહ્યું છે કે બોર્ડના ધ્યાન પર આવ્યું છે કે શાળાઓ દ્વારા વિદ્યાર્થીઓને કેટલાક ખાનગી પ્રકાશકોની સાઇટ્સ પરથી પ્રેક્ટિસ પેપર્સને ઍક્સેસ કરવા માટે કહેવામાં આવે છે. વિદ્યાર્થીઓએ યાદ રાખવું જોઈએ કે તેમને આ નમૂનાના પેપર માટે કંઈ પણ ચૂકવવાની જરૂર નથી અને તે સીબીએસઇની સત્તાવાર વેબસાઇટ પર મફતમાં ઉપલબ્ધ છે.

# બોટાદના વાવડીમાંથી ખનીજ ચોરી રૂ. ૧૦ લાખનો મુદ્દામાલ જપ્ત કર્યો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: બોટાદ જિલ્લામાં ખનીજ માફિયાઓ બેફામ બન્યા છે ત્યારે ગઢડા તાલુકાના વાવડી ગામે ગૌચરની જમીનમાંથી ગેરકાયદેસર બિલ્ડીંગ લાઈમ સ્ટોન ખનીજનું ખોદકામ કરતા ખનીજ માફિયાઓ પર બોટાદ ખાણ ખનીજ વિભાગે દરોડા પાડતા ખનીજ માફીયામાં ફફડાટ ફેલાયો હતો. આમ ખનીજ વિભાગે સ્થળ પરથી ૨ ચક્કડી મશીન અને ૧ ટ્રેક્ટર મળી કુલ રૂ.૧૦ લાખનો મુદ્દામાલ જપ્ત કર્યો હતો.

મળતી માહિતી મુજબ બોટાદ જિલ્લામાં અને શહેરમાં ખનીજ માફીયાઓ દ્વારા બેફામ ખનીજ ચોરી કરવામાં આવતી હોય છે જેના કારણે ખનીજ વિભાગ અને પોલીસ દ્વારા જિલ્લા અનેકવાર રેડ પાડી ખનીજ માફિયાઓને ઝડપી પાડવામા આવે છે. ત્યારે બોટાદ જિલ્લાના ગઢડા તાલુકાના વાવડી ગામે બોટાદ ખાણખનીજ વિભાગની ટીમ દ્વારા દરોડા પાડવામાં આવ્યા હતા. વાવડી ગામે રહેતા દિનેશ બાબુભાઈ જમોડ દ્વારા ગૌચરની જમીનમાંથી બિલ્ડિંગ લાઇમ સ્ટોન ખનીજનું ગેરકાયદેસર ખોદકામ કરી વહન કરાવવામાં આવતા ખાણખનીજ વિભાગ દ્વારા ૨ ચક્કડી મશીન અને ૧ ટ્રેક્ટર મળી કુલ રૂ.૧૦ લાખનો મુદ્દામાલ ઝડપી પાડવામાં આવ્યો હતો અને કસુરવારો સામે કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી.

# ધ્રોલ માર્કેટીંગ યાર્ડના કામદારોને પુનઃ લેવા આદેશ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: ધ્રોલ માર્કેટીંગ યાર્ડમાં કામ કરતા બે કર્મચારી સંજયસિંહ લાખુભા તથા જીતેન્દ્ર કાનગડને ગેરકાયદેસર રીતે નોકરીમાંથી છૂટા કરતા તેમણે ભારતીય મઝદુર સંઘ મારફત નોકરીમાં પુનઃસ્થાપિત કરવાના કેસો કર્યા હતાં. મળતી માહિતી મુજબ આ કેસમાં યાર્ડ વતી એવો બચાવ કરવામાં આવ્યો હતો કે સરકારના કૃષિ લગત કાયદા સુધારાના કારણે કામની જરૂરીયાત નથી તેમજ આ કામદારો હંગામી અને માત્ર શેષ વસુલાત પુરતા જ રાખેલા જેની હવે જરૂરીયાત નથી તેમજ યાર્ડની આવક ઓછી છે અને આવા રોજમદારને છૂટા કરવા કોઇ કાયદાકીય કાર્યવાહી કરવી જરૂરી નથી.

કામદાર તરફે તેઓ વર્ષોથી કાયમી પ્રકારનું કામ કરતા હતા અને દરેક વર્ષમાં ૨૪૦ દિવસથી વધુ દિવાસે ફરજ બજાવી છે તેમજ નોકરીમાં જુનીયરને ચાલુ રાખી સીનીયર કર્મચારીને છૂટા કર્યા છે. છૂટા કરતી વખતે કાયદામાં રહેલી જોગવાઇઓ મુજબ કોઇ કાર્યવાહી કરી નથી તેવી રજૂઆત કરાઇ હતી. બંને પક્ષોની રજૂઆતો, પુરાવાઓ, કાયદાકીય જોગવાઇઓ વિગેરે લક્ષમાં લઇ મજુર અદાલતના ન્યાયધીશ દ્વારા આ બંને કામદારોને નોકરીમાંથી છૂટા કરવાનું પગલું રદ ઠરાવી ૫૦ ટકા પગાર સાથે નોકરીમાં પુનઃસ્થાપિત કરવા હુકમ કર્યો હતો.

# અમરેલીના ખોડિયાર ડેમમાંથી પાણી છોડી ખેડૂતોનો પાક બચાવાયો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: અમરેલી જિલ્લામાં વરસાદ ખેંચાયો છે. ખેડૂતોની ચિંતામાં વધારો થયો છે ત્યારે ખેડૂતોના મુરજાતા પાકને બચાવવા માટે ખોડિયાર ડેમમાંથી સિંચાઈ માટે પાણી છોડવામાં આવ્યું છે. અહીં ૧૬ કેનાલ મારફત ૪૫૦૦ ખેડૂતોના ખેતર સુધી પિયત માટે પાણી પહોંચી રહ્યું છે.

આ ડેમની કેનાલ હેઠળ અમરેલી અને ધારીના મળી કુલ ૧૫ ગામોનો સમાવેશ થાય છે. હાલમાં ખોડિયાર ડેમમાંથી ૨૦૦ ક્યુસેક પાણી કેનાલમાં છોડવામાં આવી રહ્યું છે.

મળતી માહિતી મુજબ જિલ્લામાં છેલ્લા ૪૫ દિવસ કરતાં વધુ સમયથી મેઘરાજાની પધરામણી થઈ નથી. સિંચાઈની સગવડ ન ધરાવતા ખેડૂતોનો પાક નિષ્ફળ જવાને આરે છે.

જગતનો તાત ચિંતાતૂર બન્યો છે ત્યારે ધારીના ખોડિયાર ડેમમાંથી ખેડૂતોના હિત માટે પાણી આપવાનું આયોજન કરવામાં આવ્યું છે. વરસાદના પ્રથમ રાઉન્ડમાં ખોડિયાર ડેમ ૧૦૦ ટકા ભરાયો હતો. જો કે અત્યારની સ્થિતિએ ખોડિયાર ડેમમાં ૭૩.૮૨ ટકા પાણીનો જથ્થો છે.

વરસાદ ખેંચાતા અમરેલી અને ધારીના ૧૫ ગામોના ખેડૂતોના મુરજાતા પાકને બચાવવા માટે કેનાલમાં કેટલાક દિવસથી ૨૦૦ ક્યુસેક પાણી છોડવામાં આવ્યું છે.

ખોડિયાર ડેમ હેઠળ ૫૦ કિલોમીટર કેનાલ આવેલી છે. જેમાં તરવડા, વાંકીયા, સાજીયાવદર વગેરે ગામનો સમાવેશ થાય છે. ૪૫૦૦ ખેડૂતો હજારો એકર જમીનમાં પિયતનો લાભ લઈ રહ્યા છે. સિંચાઈ વિભાગે જણાવ્યું હતું કે ૪૦ થી ૪૫ દિવસ સુધી પાણી વિતરણ કરવામાં આવશે. ખરા સમયે જ કેનાલમાં પાણી છોડવામાં આવતા ખેડૂતોનો પાક બચી જશે.

# રાજકોટમાં સેટેલાઇટ બસ સ્ટેશનમાં દુકાનો શરૂ ન થઇ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: રાજકોટના ભાવનગર રોડ પર સેટેલાઇટ બસ સ્ટેશનનું ઉદઘાટન કરવામાં આવ્યું હતું જેને લાંબો સમય વીતી ગયા બાદ હજુ સુધી સેટેલાઇટ બસ સ્ટેશનમાં આવેલી દુકાનોમાં વીજ કનેક્શન આપવામાં નહીં આવતા દુકાનો શરૂ ન થયાની હકીકત પ્રકાશમાં આવી છે.

આ મુદ્દે પીજીવીસીએલના અધિકારીઓ જણાવ્યું હતું કે, એસ.ટી. તંત્રે એજન્સી સાથે ૧૧-૧૧ માસના કરાર કરતા કનેક્શન આપવામાં આવ્યા નથી.

જોકે, બીજીબાજુ રાજકોટ એસ.ટી. ડિવિઝનના કન્ટ્રોલરે અન્ય બસપોર્ટમાં કનેક્શન આપ્યાનું જણાવતા વિવાદ ઘેરો બન્યો છે.

પીજીવીસીએલના સુપરિન્ટેન્ડેન્ટ એન્જિનિયરે જણાવ્યું હતું કે કોઇપણ મિલકતના માલિક હોય તો તેને કનેક્શન આપી શકાય પરંતુ જો મિલકત ભાડે આપી હોય તો ઓછામાં ઓછા બે વર્ષનો કે તેથી વધુ સમયનો કરાર હોવો જરૂરી છે. અન્યથા વીજ કનેક્શન આપી શકાય નહીં.

આ મુદ્દે રાજકોટ એસ.ટી. ડિવિઝનના કન્ટ્રોલરે જણાવ્યું હતું કે, પીજીવીસીએલએ મોરબી, ગોંડલ, જસદણ સહિતના અનેક બસપોર્ટમાં વીજ કનેક્શન આપ્યા છે. આ તમામ બસપોર્ટમાં આવેલી દુકાનોમાં પણ એસ.ટી. તંત્રે ૧૧-૧૧ માસના કરારો કર્યા છે. તો પછી રાજકોટના સેટેલાઇટ બસ સ્ટેશનમાં વીજ કનેક્શન શા માટે અપાતું નથી?